CC-O. Prof. Satya Vr

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ॐ हरिः ।

आचार्य,
श्री रणजीतराज संस्कृत पाठशाला
मोरबी. [सौराष्ट्र]

श्री मते शास्त्रि वर्याय
सत्यव्रताय धर्मते
प्रेम्णा समर्प्यते इदं
पुस्तकं ज्येष्ठ शास्त्रिणा

×

1 APR 1964

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosh

॥ श्रीराजराजेश्वरो विजयते ॥

॥ श्रीगोपालचिंतामणिविजयम् ॥

छायानाटकम्.

महामाहेश्वर भट्ट श्रीमाहेश्वरतनुजनुषा
शंकरलालेन रचितम्.

श्रीकैलासवासिनां प्रख्यातप्रतापवैद्यवर्य विद्वद्वर्य
भट्टश्री विठ्ठलजिदात्मज वैद्यराजश्रीजटाशंकर
शर्मणां पवित्रनामस्मरणाय तत्सन्मित्रमंडलेन. ।

श्रीजामनगरस्थ रा. प्रियतमलालस्य मनोरंजक
मुद्रायंत्रालये मुद्रापयित्वा प्रसिद्धिंनीतम्.

सं. १९९८ वर्षीयकार्तिकशुक्लपूर्णिमायां चंद्रे.

मूल्य रु. १.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha



राजानः सुखिनो भवंतु सततं गोविप्रसंपालनै-
र्विप्रक्षत्रविशोंघ्रिजाश्च सुखिनः संत्वत्र गोरक्षया ।
सद्बोधप्रदकल्पनाः सुकवयः कुर्वंतु ताः सर्वतो-
प्याकल्पं प्रसरंतु सत्करुणया गोपालचिंतामणेः ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kos

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

॥ श्रीराजराजेश्वरो विजयते. ॥

॥ अर्पणपत्रम्. ॥

हे सन्मित्रमणे भिषग्गणमणे श्रीमज्जटाशंकर
श्रीमच्छैलसुतामहेशकरुणासंप्राप्ततत्सन्निधे ।
धैर्यौदार्यदयादिसद्गुणगणान् स्मृत्वा मुहुस्तावकान्
तुभ्यं त्वत्कवितामुपायनपदं नीत्वा कृतार्था वयम् १
सौजन्यं निरुपाधि निर्मलतरां मैत्रीं सखे सौहृदं
वात्सल्यं सदयत्वमुत्तमतमं सौभ्रात्रमत्यद्भुतम् ।
स्मारंस्मारमनन्यतुल्यमखिलं त्वत्सद्गुणानां गणं
तुभ्यं त्वत्कृतमेवनाटकमिदं दत्वा कृतार्था वयम्॥२
भक्तिर्गोष्ठ्यतुला तथैवच सखे गोपालचिंतामणौ
निर्व्याजाविमलाऽचला च भवतश्चिंतामणीशार्चने ।
दृष्टास्माभिरतस्तदीयमहिमोत्कर्षं भवन्निर्मितं
तुभ्यं नाटकमेतदत्रभवते दत्वा कृतार्था वयम् ॥३॥

विज्ञप्तिरियं त्वदीयसहजसद्गुणगणानुभवविक्रीत
स्वांतसर्वस्वस्य त्वदीयमित्रमंडलस्य सप्रेम-
प्रणामपुष्पांजलिसमर्पणपूर्वा.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

॥ श्रीराजराजेश्वरोजयति ॥

श्रीप्रस्तावना.

श्रेयःश्रियेऽस्तुवःसुज्ञाः श्रीसदाशंकरःसदा ।
विदितंचास्तु युष्माकं सद्गुणैकानुरागिणाम्॥१॥
मित्रैः पवित्रैःसच्चित्रचरित्रैरनुवासरम् ॥
श्रीमद्गोकुलगोपालचिंतामणिपरायणैः ॥ २ ॥
महाम्बानगरावासैर्गोरक्षाभ्युदयोत्सुकैः ।
परोपकारकरणप्रवीणैश्च प्रतिक्षणम् ॥ ३ ॥
अर्थितो नाटकं कर्तुं श्रीगोपालमणेर्मुदा ॥
जनोयमसकृन्मंदोप्यमंदस्नेहनिर्भरैः ॥ ४ ॥
श्रीमोंघीबाश्रीरवाजित्पुत्ररत्नेनभूभुजा ॥
श्रीमद्याघ्रजिता जीसी आई इतिपदस्पृशा ॥५॥
प्रेम्णा कृतः स्वप्रजैकश्रेयःप्रियहितैषिणा ॥
श्रीरवाजित्पाठशालाध्यक्षः श्रीमोरबीपुरे ॥६॥
महामाहेश्वरश्रीमद्भट्टमाहेश्वरात्मजः ॥
जनोयमकरोत्स्मृत्वाहृद्यविद्याप्रदौ गुरू ॥ ७ ॥
दयामृतमयात्मानौ श्रीकेशवमहेश्वरौ ॥
तथाश्रीराजराजेशंस्वकीयकुलदैवतम् ॥ ८ ॥
आरंभंनाटकस्यास्यपूर्वंसंवत्सराष्टकात् ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

सविघ्नविप्लुषः सर्वे समारंभा इति स्फुटा ॥ ९ ॥
श्रेयांसि बहुविघ्नानि भवंत्येवेति चापरा ॥
लोके जागर्ति लोकोक्तिस्तस्या एवानुसारतः ॥
नपूर्णतामगाद्विघ्नैर्नाटकंसमुपद्रुतम् ॥ १० ॥
संवद्वेदेषुनंदेंदु १९५४ मितवर्षे पुनश्च माम् ॥
सन्मित्रचिंतामणयः श्रीजटाशंकराह्वयाः ॥ ११ ॥
स्वपुत्ररत्नश्रीचंदूलालस्य सुगुणांबुधेः ॥
कैलासवासिनो नाम पवित्रमजरामरम् ॥ १२ ॥
कर्त्तुमप्रेरयन् पूर्णं तूर्णं कुर्विति नाटकम् ।
नैतावदेवकवितानिर्मितौचसहायताम् ॥ १३ ॥
अकुर्वंस्तेसहृदयाःसदयाग्रसरावराः ॥
तत्साहाय्यप्रेरणाभ्यांगुरुदेवप्रसादतः ॥ १४ ॥
बाणबाणांकभूसंख्यवर्षीयचैत्रमास्यदः ॥
शुक्लायां श्रीनवम्यां तन्नाटकं पूर्णतां गतम् ॥ १५ ॥
तद्विलोक्याखिलं पूर्णसंतोषमभजंत ते ॥
अवदंश्च दयापूर्णहृदयाःसरलाशयाः ॥ १६ ॥
वात्सल्यामृतसंपूर्णाःश्रीजटाशंकराह्वयाः ॥
चिरंजीविचंदुलालापरसंज्ञमिदं सखे ! ॥ १७ ॥
गोपालचिंतामणिसन्नाटकं विदुषांमुदे ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

श्रीध्रुवाभ्युदयं चेदममर्त्यमूलशंकरम् ॥ १८ ॥
मुद्रापयित्वा नेष्यामि प्रसिद्धिपरमां द्रुतम् ॥
इत्युक्त्वा ते गताः श्रीमन्महांधानगरींप्रति॥१९॥
सन्मित्रचिंतामणयस्तेपि हा दैवयोगतः ॥
कैलासवासितां प्राप्ताः सदाशिवपदाश्रयाः॥२०
सर्वेभ्यो बलवद्भ्योपि दैवं हि बलवत्तरम् ॥
कैलासवासिनां तेषां प्रेमप्रेरणया तया ॥ २१ ॥
कयापि प्रेरितंश्रीमत्तदीयं मित्रमंडलम् ॥
तेषां पारोक्ष्यसौहार्दं विधातुं तन्मनोरथम्॥२२॥
पूर्णतां नयति प्रेम्णा परमेण समन्वितम् ॥
मुद्रापयित्वागोपालचिंतामणिसुनाटकम् ॥२३॥
तेन मन्ये धनं मित्रमंडलं न धनं धनम् ॥
नोपकारं च तस्याहं विस्मर्तास्मि कदाचन ॥२४॥
रसेशाचार्यवैद्यश्री मणीशंकरशर्मभिः ॥
वैद्यैःश्रीशुकसंज्ञैश्चश्रीविश्वनाथशर्मभिः ॥ २५ ॥
भ्रातृवात्सल्यविवशाशयैः स्नेहसुधामयैः ॥
कृतं यदत्र साहाय्यं विस्मरिष्याम्यहं न तत्॥२६॥
विश्वबंधुवरझंडुभट्टसत्सूनुनाऽत्रराचितासहायिता
था न तांकथयितुं क्षमोस्म्यहं ताच्छिवाशिवम-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

र्थयेऽनिशम् ॥ २७ ॥

सूक्तिरंजितसमस्तशास्त्रिणा ।
शास्त्रविज्ञमणिहस्तिशास्त्रिणा ॥
दिग्दिगंतगतकीर्तिकौमुदी- ।
केशवार्यगुरुधर्मसूनुना ॥ २८ ॥
या कृताऽत्रमहती सहायिता ।
तां न वक्तुमलमस्मि केवलम् ॥
प्रार्थये तदुदयाय सर्वदा ।
शंकरं सकललोकशंकरम् ॥ २९ ॥
श्रीचंद्रचूडचरणांबुजयुग्मबंधु ।
श्रीप्रेमशंकरविदां तनयेन सद्यः ॥
भाषांतरं रचितमस्य सुनाटकस्य ।
श्रेयःश्रियेभवतु तस्य ततो महेशः ॥ ३० ॥
साहाय्यमत्र रचितं सुजनैश्च यैर्यैः ।
स्वैश्चित्तवित्तवचनैश्च वपुःक्रियाभिः ॥
तेषां सदाभ्युदयदोऽस्तु सदाशिवःश्री ।
शैलात्मजाहृदयवल्लभइंदुमौलिः ॥ ३१ ॥

किं बहुना पल्लवितेनेति विरम्यते सप्रणामसहस्रार्पणपूर्वम्

भट्टमाहेश्वरतनुजनुषा शंकरलालेन.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

॥ श्रीराजराजेश्वरो जयति ॥

यां विना नैकमर्द्धं वाप्यक्षरं लिखितुं जनः ।
शक्तस्तामीशकरुणामनुक्षणमुपास्महे ॥

॥ श्रीहाटकेश्वरो विजयते ॥

શ્રી કૃપાલુ પરમેશ્વરે પોતાની અપ્રતિમ કૃપાલુતાને લીધે સર્વ લોકોને અનેક પ્રકારના લાભ, અનેક પ્રકારનાં સુખ અને અનેક પ્રકારના આનંદ આપવા માટેજ આ જગત્‌માં અનેક પ્રકારનાં રત્નો રચેલાં છે, રચાયછે અને રચાશે.

કેટલાંક રત્નો સ્થાવર હોયછે અને કેટલાંક રત્નો જંગમ હોયછે. સ્થાવરરત્નનાં મૂલ્ય કરતાં લાખ કે ક્રોડગણું અધિક જંગમરત્નનું મૂલ્ય ગણાયછે. જે કાંઇ જંગમરત્નોથી લોકોને લાભ થાયછે તેના લક્ષાંશ લાભને પણ સ્થાવરરત્ન આપી શકતાં નથીજ. અનેક પ્રકારનાં જંગમરત્નોમાં પણ ઉત્તમોત્તમ જંગમરત્ન તે માનવરત્ન ગણાયછે. માનવરત્નથી ઉત્તમ રત્ન કોઇપણ જગતમાં ગણાતુંજ નથી, એકપણ માનવરત્નથી સઘળું કુલ શોભેછે, એકપણ માનવરત્નથી સઘળી જ્ઞાતિ દીપેછે, એકપણ માનવરત્નથી આખું નગર પ્રસિદ્ધિમાં આવેછે અને એકપણ માનવરત્નથી આખો દેશ પ્રખ્યાતિ પામેછે એ કોનું અજાણ્યું છે? ઉપરનાંજ કારણોથી અનેક પ્રકારનાં અન્યરત્નોથી પોતાના ભંડારો ભરપૂર હોવાછતાં રાજાઓ, મહારાજાઓ અને રાજાધિરાજાઓ માનવરત્નોનોજ સંગ્રહ કરવામાં મનવચનકર્મથી ગંભા રહેછે. આવાં માનવરત્નની પ્રાપ્તિ યની એ ઓછા ભાગ્યનું કે ઓછા પુણ્યનું ફલ નથી તેમજ એવાં માન-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વરત્નની હાનિ થવી એ ઓછાં દુર્ભાગ્યનું કે ઓછાં પાપનું ફલ નથી. કોઇ દૈવીકોપથી, કોઇ દુર્દશાના યોગથી કે કાલભગવાનની મહનમતિના મહિમાથી આ ચાલતા દશકામાં એટલે ૧૯૫૦ ની શાલથી આજસુધીમાં અનેક અમૂલ્ય માનવરત્નોને આપણે ખોઇ બેઠા છૈયેં એ ઓછા ખેદની વાત નથી. હવે પરમકૃપાલુ પરમેશ્વર માનવરત્નોજ ચોરી કરવામાં ચુસ્ત રહેલા ચોરને યોગ્ય શિક્ષાએ પોચાડીને પોતાની કૃપાદૃષ્ટિરૂપ અમૃતની વૃષ્ટિથી પાછું જગત્માં માનવરત્નોનું દિનપ્રતિદિન અધિકાધિક અભ્યુદય, અભિવૃદ્ધિ અને અભિસંરક્ષણ કરો એવી અમે દીનબંધુ દયાસિંધુ શ્રી જગદીશ્વર પાસે પ્રણામપૂર્વક પ્રાર્થના કરીયેછૈયે. અને ભક્તવત્સલ ભગવાન્ ઉપરની અમારી પ્રાર્થનાને સફલ કરશેજ એવી આશા છે. તથાસ્તુ.

મિત્રો ! અમેપણ એવાંજ એક માનવરત્નનું ટુંક જન્મવૃત્તાંત લખીને તેનાથી થયેલા અમારાઉપર અનેક ઉપકારોનું કાંઇક આનૃણ્ય પામવા ઇચ્છાયે છૈયે. તે શ્રીમુંબઇનિવાસી સુપ્રસિદ્ધ રા. રા. વૈદ્યરાજ જટાશંકર વિઠ્ઠલજી ભટ્ટ જેનો જન્મદિવસ સંવત્ ૧૯૦૦ના આષાઢ વદિ ૨ જન્મભૂમિ શ્રીજામનગર, જ્ઞાતિ અહિચ્છત્ર પ્રશ્નોરા નાગરગૃહસ્થ યજુર્વેદ, માધ્યંદિની શાખા, ભારદ્વાજ ગોત્ર, ત્રિપ્રવર. (આંગિરસ, બાર્હસ્પત્ય, ભરદ્વાજ.)તેમના પવિત્ર પિતાજી રા.રા. વૈદ્યરાજ ભટ્ટજી શ્રીવિઠ્ઠલજી શ્રી જામનગર મહારાજાના રાજવૈદ્ય હતા. તેમજ પ્રખ્યાત પંડિત હતા અને આયુર્વેદવિદ્યાના તો તે પારંગત હતા. રા. રા. વૈદ્યરાજ ઝંડુભટજી રા. રા. વૈદ્યરાજ બાવાભાઇ અને રા. રા. વૈદ્યરાજ પ્રભુરામ વિગેરે વિગેરે સુપ્રસિદ્ધ વૈદ્યોયે. રા. વિઠ્ઠલજી ભટ્ટ પાસેથીજ આયુર્વેદ વિદ્યારૂપ સંપત્તિ મેળવેલ છે. એટલે વૈદ્યરાજ જટાશંકરભાઇ સુપ્રસિદ્ધ પંડિત વૈદ્યરાજ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શિરોમણિ વિઠ્ઠલજી ભટ્ટજીના પુત્ર થાય. જગત્પ્રખ્યાત વિશ્વદ્વિતૈષિ જગદ્ગાંધર્વ મહારાજાધિરાજશિરોમણિ વૈદ્યરાજ ઝંડુભટ્ટજીના તથા શ્રીરસેશ્વર-ર્મોચાર્ય રસશાલાસ્થાપક રા. રા. વૈદ્યરાજ મણિશંકર ભટ્ટજીના નાના ભાઇ થાય તેજ રા. રા. વૈદ્યરાજ પોપટભાઇ કે જે હાલ શ્રીચૂડા તથા શ્રીવઢવાણ મહારાજાના રાજવૈદ્ય છે તેના અને રા. રા. વૈદ્યરાજ વિશ્વ-નાથભાઇ કે જે હાલ શ્રીમોરબી મહારાજાના રાજવૈદ્ય છે તેના મોટા ભાઇ થાય તે ઉપરથી એ પાંચે ભાઇયો કુલપરંપરાથી આરાધિત શ્રી-આયુર્વેદવિદ્યાદેવીના કૃપાપાત્ર છે એમ સિદ્ધ થાયછે. અમારા સન્મિત્ર રા. રા. જટાશંકરભાઇને સં. ૧૯૦૯ ના વૈશાખ માસમાં યજ્ઞોપવીત આપ્યું હતું, એનો જગત્પ્રસિદ્ધ અને શાસ્ત્રપ્રસિદ્ધ વાત છે કે ચક્ષૂરાગ અથવા તારામૈત્ર એ કોયને કોય સાથે બંધાયછે તે કાંઇ અનિર્વાચ્ય પૂર્વજન્મના સંબંધથીજ બંધાયછે, તેજ પ્રમાણે આ વૈદ્યરાજને શંકરલાલ માહે-શ્વર સાથે અને શંકરલાલ માહેશ્વરને આ વૈદ્યરાજ સાથે અતિશય બા-લ્યાવસ્થાથીજ મૈત્રીભાવ બંધાયો હતો. શંકરલાલનું મોશાલ જામનગ-રમાંજ હોવાથી તેમને પણ જામનગરમાં જટાશંકરભાઇની સાથેજ એકજ દિવસે યજ્ઞોપવીત આપવામાં આવ્યું હતું. યજ્ઞોપવીત આપ્યાપછી વૈદ્યરાજે અને શંકરલાલે પરમપ્રેમાર્દ્ર ભટ્ટજી પ્રેમશંકર ગોકુલજી પાસે અભ્યાસ કરવા માંડયો પણ વચમાં શંકરલાલને મોરબી જવાથી અભ્યાસ અટકી પડયો અને જટાશંકરજીયે સારસ્વત, કુમારસંભવ, કિરાત અને અમ-રકોશ વિગેરેનો અભ્યાસ પ્રેમશંકરજી પાસેજ કરેલ હતો. શંકરલાલે મોરબીમાં પોતાના પિતાજી પાસે અભ્યાસ ચલાવ્યો પણ જટાશંકરથી તે પાછલ રહી ગયા, એટલામાં ૧૯૧૧ ના આષાઢ સુદિ ૧૧ ને દિવસે આપણા વૈદ્યરાજનાં પરમપવિત્ર માયાલુ માતુશ્રી સૂર્યકુંવરે શ્રીકૈલાસ-વાસ કરતાં તેણે પોતાના પરમપૂજ્ય પિતાજીની સેવામાં રાતદિવસ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રહેવા માંડયું અને કાવ્ય વિગેરેનો અભ્યાસ છોડી વૈદ્યવિદ્યાનો અભ્યાસ પિતાજી પાસે કરવા માંડયો. જ્યાં જ્યાં પિતાજીનું પધારવું થાય ત્યાં ત્યાં સાથે જવું થવાથી અભ્યાસ અને અનુભવ અતિ પરિપક્વ થયાં એટલુંજ નહીં પણ પિતાજીની પરમ શ્રદ્ધાથી ભક્તિ કરવાથી પિતાજીના અનેક શુભાશીર્વાદની અને સદ્વિદ્યાની સંપત્તિ આપણા મિત્ર વૈદ્યરાજે મેળવી હતી. સંવત્ ૧૯૧૪ના આષાઢ સુદિ બીજથી જટાશંકરભાઇએ પોતાના પૂજ્ય પિતાશ્રીની આજ્ઞાથી જગત્પ્રખ્યાત વિદ્વચ્ચક્રચક્રવર્તિ શ્રી જામનગરના રાજપંડિત શાસ્ત્રિજી શ્રીકેશવજી મોરારજી પાસે અભ્યાસ કરવા માંડયો. મોરબીવાળા શંકરલાલ કે જે સં. ૧૯૧૨ થી શાસ્ત્રિજી પાસે ભણતા હતા તેનું હવે સહાધ્યાયીપણું થયું માતૃકુલના સંબંધનો પ્રેમ પિતૃકુલના સંબંધનો પ્રેમ, પૂર્વજન્મના સંબંધનો પ્રેમ અને શ્રીગુરૂકુલમાં સહવાસના સંબંધનો પ્રેમ એમ અનેક પ્રકારના પ્રેમથી તે બન્નેનાં હૃદય પરસ્પર અત્યંત બંધાઇ ગયાં હતાં તેમાં વળી ઇશ્વરકૃપાથી અને દૈવીપ્રેરણાથી એક પ્રસંગે વિઠ્ઠલજી ભટ્ટજી, ગાહેશ્વર ભટ્ટજી અને શાસ્ત્રિજી શ્રીકેશવજી સાથે બેઠા હતા ને આ બન્ને મિત્રો તે વખત નલચંપૂ ભણતાહતા તેનો પાઠ લેના ગુરૂશ્રી પાસે બેઠા અને દૈવયોગથી તેદિવસેજ "तस्यच अपर इवात्मा द्वितीयमिव हृदयं मनो वाक्कायकर्ममिरभिन्नः शालंकायनो नाम मित्रं बभूव." એવું વાક્ય આવતાંજ ગુરૂશ્રી આનંદથી બોલ્યા કે પુત્રો! તમે બેય ઉત્તમ મૈત્રીભાવ ધરાવોછો તો યાવજ્જીવિત ઉપર પ્રમાણેજ મૈત્રીભાવ રાખજો. આવું શાસ્ત્રીજીનું વચન સાંભળતાંજ બન્નેના પૂજ્યપિતાશ્રીનાં નેત્રમાં હર્ષાશ્રુ આવ્યાં અને સાથેજ બોલીઉઠયા કે ગુરૂશ્રીની આ આજ્ઞા પ્રમાણ કરી માથે ચડાવીલ્યો અને ઇશ્વરકૃપાથી અને તમારા ગુરૂશ્રીના આશીર્વાદથી તમારી મૈત્રી તમારા ગુરૂશ્રીના કહેવા પ્રમાણેજ યાવજ્જીવિત રહો એવો અમારો

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પણ આશીર્વાદ છે. અને પુત્રો ! તમારા ગુરૂશ્રીના કહેવા પ્રમાણેજ પવિત્ર મૈત્રીધર્મ પાલવાથીજ આ લોક અને પરલોકનું કલ્યાણ છે. ઇત્યાદિ પિતાજી તરફથી વચનો સાંભળી તે બન્ને ગુરૂશ્રીના પગમાં પડ્યા ને ગુરૂશ્રીયે આશીર્વાદ આપ્યો. આ દિવસથી પૂજ્યપિતાશ્રીરૂપ અને વંદનીય ગુરૂશ્રીરૂપ ત્રેતાગ્નિની સાક્ષિથી કેમ જાણે મૈત્રી બાંધી હોય તેવી મૈત્રી તેઓની બંધાણી હતી. જગત્પ્રખ્યાત ઝંડુભટ્ટજી પણ પ્રસંગે પ્રસંગે બોલતા કે મૈત્રી જો કોઇસાથે કરવી તો અગારા ભાઇ જટાશંકર અને શંકરલાલભાઇના જેવી બાંધવી ઇત્યાદિ. તેઓએ પોતાના સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રીજીશ્રી પાસે માઘકાવ્ય, નૈષધકાવ્ય, સિદ્ધાંતકૌમુદી અને ચંપૂ નાટક વિગેરેનો સાથે અભ્યાસ કર્યો. ત્યારપછી જટાશંકરભાઇયે પોતાના પિતાશ્રીની આજ્ઞાથી આયુર્વેદવિદ્યાની ઉત્તમ સંપત્તિ મેળવવા માટે ચરક, સુશ્રુત અને વાગ્‌ભટ વિગેરેનો અભ્યાસ ચલાવ્યો હતો. પોતાની તરફ પરમ ભક્તિ ધરાવનાર પોતાના પ્રિયપુત્રની સદ્‌ગુરૂશ્રીની કૃપાથી ઉત્તમ વ્યુત્પત્તિ જોઇ વિઠ્ઠલજી ભટ્ટને ઘણોજ સંતોષ થયો હતો. સં. ૧૯૧૮ ના આશુ વદિ ૧૩ ને દિવસ મધ્યાન્હે વિદ્વદ્રત્ન વૈદ્યરાજશિરોમણિ ભટ્ટજી શ્રીવિઠ્ઠલજી કૈલાસવાસી થયા તેથી પોતે અપ્રતિમ પિતૃભક્તિવાળા હોવાથી જટાશંકરભાઇ અપાર શોકસાગરમાં મગ્ન થયા પણ ધીમેધીમે શાસ્ત્રસંગ અને સત્સંગના પ્રભાવથી તથા પરમકૃપાળુ સદ્‌ગુરૂશ્રીના સદુપદેશથી શોકને દૂર કરી જગત્પ્રખ્યાત પોતાના મુરબ્બી ભાઇશ્રી ઝંડુભટ્ટજી તરફ તેણે પિતૃભક્તિ કરવા માંડી. સંવત્ ૧૯૧૯ ના પોષ માસમાં શ્રીજામનગરના મહારાજા શ્રીવિભાજીયે શ્રીભાગવતની અષ્ટોત્તરશત પારાયણ કરાવી હતી તે વખતે મહારાજશ્રીયે તથા શાસ્ત્રિજીયે મુખ્યાસનની સર્વ પ્રકારે યોગ્યતા જોઇ આપણા ગિત્ર વૈદ્યરાજને મુખ્યાસન અર્પણ કરી તેનુંજ પ્રમાણ પૂજન કરેલ હતું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આજ વર્ષના ફાગણ વદિ ૪ નેં દિવસ શ્રી જુનાગઢમાં વ્યાસ શ્રી મોરારજીને ઘેર આ અમારા સન્મિત્ર વૈદ્યરાજનું લગ્ન થયું હતું. આ વૈદ્યરાજની બે સ્ત્રિયો ગુજરી જવાથી આ ત્રીજી સ્ત્રી સાથે વિવાહ હોવાથી તેના વડીલભાઇઓએ બહુ ઉત્સાહથી વિવાહની સઘળી શુભ ક્રિયાઓ કરી હતી જે અતિ વર્ણનીય હોવાથી શંકરલાલ ગાહેશ્વરે શ્રી જટાશંકર વિવાહચંપૂ એવા નામનું પુસ્તક રચેલ છે તેમાં સર્વ વર્ણન આપ્યું છે. વૈદ્યરાજ જટાશંકરનાં ધર્મપત્નીનું નામ ગણિકુંવર હતું. તે સ્વભાવનાં સુશીલ, નમ્ર અને સ્વધર્મમાં અત્યંત પ્રીતિવાલાં હતાં. સં ૧૯૨૨ માં વૈદ્યરાજનેં ઘેર કન્યારત્નનો જન્મ થયો જેનું નામ જયાકુંવર પાડયું હતું. સર્વ ગુરૂજનોને સર્વ સ્નેહિઓને અને સર્વ સંબંધિયોને આ પુત્રી રત્નનો જન્મ પણ પુત્રરત્નના જન્મ જેવોજ આનંદ ઉત્સવકારક થયો હતો. આ સમયમાં વૈદ્યરાજના મુરબ્બિ ભાઇ રા. રા. ઝંડુભટ્ટજી તથા રા. રા. મણિશંકર ભટ્ટજીએ શ્રીજામનગરમાં વૈદ્યવિદ્યાની અભિવૃદ્ધિ થવા માટે રસશાળામાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થયેલા ઔષધોનો લાભ સર્વ લોકોને મળે એવા હેતુથી રાજકોટ, મોરબી, જુનાગઢ, ભાવનગર, વઢવાણ, ચૂડા વિગેરે સ્થાનોમાં રસશાલાની શાખાઓ સ્થાપી ત્યાં ત્યાં પોતાનાં યોગ્ય માણસોને રાખ્યાં હતાં તે વખતે અમારા સન્મિત્ર જટાશંકરજીને શ્રીભાવનગરમાં રાખ્યા હતા. ત્યાં તેણે લોકપ્રિયતા થોડા વખતમાં ઘણી મેળવી હતી. સંવત્ ૧૯૨૪ માં રા. રા. વૈદ્યરાજ ઝંડુભટ્ટજી તથા રા. રા. વૈદ્યરાજ મણિશંકરજીએ અમારા સન્મિત્ર આ સદ્‌ગૃહસ્થને શ્રીમુંબઇમાં સ્થાપેલી રસશાળાની શાખાના અધ્યક્ષ કરી રાખવા માટે શ્રીભાવનગરથી બોલાવી શ્રીમુંબઇમાં રાખ્યા અને એ ભાઇની ત્યાંની પ્રજાને અનુકૂલ વર્તણુક જોઇ મુંબઇની શાખા તેમને સોંપી રા. મણિશંકરભાઇ પાછા શ્રીજામનગર આવ્યા. તે સમ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

યથીજ તે શ્રીમુંબઇવાસી થયા હતા શ્રીમુંબઈમાં દેશી વૈદ્યવિદ્યા જાણુનાર એ સમયમાં તે એકજ હતા. તેણે પોતાની ચિકિત્સા કરવાની ઉત્તમ શક્તિથી ઘણું ઘણું લોકોને સારાં કરી દેશી વૈદ્યો ઉપર અને દેશી વૈદ્યોની વિદ્યા ઉપર જે અનાદર હતો તે દૂર કરાવ્યો હતો એટલુંજ નહીં પણ ઘણું ઘણું લોકોને આપણી આયુર્વેદવિદ્યાના ભક્ત કર્યા હતા. પોતાના અપ્રતિમ સૌજન્યથી વિદ્યા, વિવેક અને વિનયસંપન્ન અનેક ડાક્ટરોને, અનેક હકિમોને અને અનેક સદ્‌ગૃહસ્થોને પોતાના પરમમિત્ર કરી લીધા હતા જેઓ સાથે તે ભાઇ નિષ્કપટ મનવચનકર્મથી ભ્રાતૃભાવથી વર્તતા હતા. ઇર્ષ્યાદ્વેષીના પ્રભાવથી સર્વત્ર એવું જોવામાં આવતું અને જોવામાં આવેછે કે એક દરદીને ઘેર અમુક ડાક્ટર, અમુક વૈદ્ય કે હકિમ ઉપાય કરતો હોય ને તે દરદીને ઘેર કોયપણ કારણથી બીજો ડાક્તર બિજો વૈદ્ય કે બીજો હકિમ જાય તો તેને દેખતાંજ પ્રથમ ઉપચાર કરનાર ડાક્ટર વૈદ્ય કે હકિમ બહુ ચીડાઇજાય દરદી ઉપર રોષ કરે છે પણ અમારા વૈદ્યરાજ કૈલાસવાસી જટાશંકરજીમાં એ અપૂર્વ ખુબી હતી કે પોતાપાસે આવેલ દરદીને પોતાના ઉત્તમોત્તમ ઉપાયો આપતાં દૈવયોગથી સારૂં ન થાય તો પોતે ડાક્ટરોને વૈદ્યોને અને હકીમોને બોલાવીને પોતાનાં કુટુંબના માણસને સારૂં કરવા માટે જેટલું અને જેવું પ્રયત્ન કરે તેટલું અને તેવુંજ પ્રયત્ન કરતા હતા. ગતલબ પોતાની પાસે આવેલ રોગિ લોકો ઉપર તે પોતાનાં બાલબચ્ચાં ઉપર જેવું પ્રેમ રાખે તેવું પ્રેમ રાખતા હતા. શ્રીમુંબઇના પરમપ્રખ્યાત પ્રાચીનપુરૂષોમાં અગ્રેસર કૈલાસવાસી રા. રા. વિશ્વનાથ નારાયણ મંડલીકના દત્તકપુત્ર જે સમયે અસાધ્ય મહાવ્યાધિરૂપ મધ્ય સમુદ્રમાં હતા જે સમયે તેના સગાંસંબંધિયો અને સ્નેહિયોયે તેને સારૂં થવાની આશા છોડી દીધી હતી એટલુંજ નહીં પણ તે સમયે ઉત્તમોત્તમ ડાક્તર તરફથી પણ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આવતી સવારે આ પુત્રરત્ન નહીંજ હોય એવું કહેવામાં આવ્યું હતું તે સમયે રા. રા. વિશ્વનાથ મંડલીકના શાસ્ત્રી પાંડુરંગજીયે કહ્યું કે જ્યારે આ બાલકવિષે આપ સર્વ લોકોયે આશા છોડીછે, એટલુંજ નહીં પણ હવેથી કાંઇ ઉપાય પણ કરવાનો નથી એમ આપણા સર્વ હિતૈષિ તરફથી કહેવામાં આવેછે ત્યારે મારી વિનતિ એટલી છે કે જોકે આ ભયંકર સ્થિતિમાં છે તોપણ જામનગરના વૈદ્યરાજ જટાશંકર વિઠ્ઠલજી કે જે મારા પરમમિત્ર છે જેનું એક વર્ષ થયાં હું ઔષધ ખાઉંછું ને જેણે મને એક અસાધ્ય મહાવ્યાધિથી મુક્ત કરેલ છે તેને આ પુત્રને દેખાડીયે તો સારૂં. કારણ પ્રાતઃકાળસુધી કાંઇપણ ઉપાયવિના બેશી રહેવું એ મને ઠીક લાગતું નથી. ઇત્યાદિ શાસ્ત્રી પાંડુરંગજીનું બોલવું સાંભળી જોકે તે સમયે રાત્રિના ૧૨ વાગ્યા હતા તોપણ રા. રા. વિશ્વનાથ મંડલીકે તેજ શાસ્ત્રીને પોતાની ગાડી લૈ તેડવા મોકલ્યા ને શાસ્ત્રી ત્વરાથી આવી આ વૈદ્યરાજને રા. રા. વિશ્વનાથ મંડલીકને ઘેર તેડીજઇ ભયંકર સ્થિતિમાં પડેલ મંડલીકના પુત્રરત્નને દેખાડ્યા હતા. અગારા વૈદ્યરાજે ઇશ્વરનું અને ગુરૂનું સ્મરણ કરી ૧ માત્રા આપી જેથી ઇશ્વરકૃપાથી, ગુરૂકૃપાથી અને પૂર્વજોની પુન્યાઇથી જે સવાર શોકજનક થશે એવું ધારવામાં આવ્યું હતું તેજ સવાર પરમ આનંદજનક થયું ને ક્રમે ક્રમે રા. મંડલીકના સત્પુત્રરત્નને આરોગ્ય પ્રાપ્ત થયું જેને અદ્યાપિ આપણે આરોગ્ય આનંદમાં જોઇએ છઇએ.

તે સમયથી શ્રીમુંબઇમાં આ વૈદ્યરાજની સત્કીર્તિ ઘણીજ વધી ગઇ અને દિનપ્રતિદિન તેની ચડતી કળા થવા લાગી પોતાના મુ૦ ભાઇ વિશ્વહિતૈષિ જગદ્બાંધવ ઝંડુભટ્ટજીની સલાહથી ઉત્તમોત્તમ ડાક્તરોયે અને ઉત્તમોત્તમ હકિમોયે કંટાળીને છોડીદિધેલા દરદિયોને પણ સારા કરવા માટે તે પ્રયત્ન કરવા પાછા રહેતા નહીં એટલુંજ નહીં પણ તેવા

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગરીબ દરદિયેાને ઉત્તમેાત્તમ ઔષધ અને તે પછાડે જે જે ખેારાક ઉત્તમ ખાવેા જોયે તેપણ પેાતાના તરફથી આપતા હતા. આમ કરવાનું કારણ એજ હતું કે તેઓ પેાતાના મુરબ્બિણ ભાઇના કેવાથી સારી રીતે સગજતા હતા કે સર્વ ઠેકાણેથી નિરાશ થયેલ દરદીને જો ઇશ્વરકૃપાથી આપણું ઔષધ લાગુ પડે ને તે જીવતેા રહે તેા તે જેવું બીજું કેાઇપણ પુણ્ય નથી. તેથીજ તેવાં દરદિયેાને માટે તે મનવચનકર્મથી પ્રયત્ન કરતા અને પરમકૃપાળુ પરમેશ્વરની કૃપાથી તેવા તેવા ભયંકર કેસમાં પણ તેને યશ મળતેા હતેા.

તેણે પેાતાની પવિત્ર પુત્રી બેન જયાકુંવરનું લગ્ન સં. ૧૯૩૪ ના ફાગણ માસમાં સુપ્રસિદ્ધ રા. રા. વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામના નાના પુત્ર ડાકટર પેાપટભાઇસાથે ઘણા ઉત્સાહથી કર્યું હતું. સેાભાગ્યવતી બેન જયાકુંવર પેાતાનાં સુશીલ માતુશ્રી મણિકુંવરની ઉત્તમ કેળવણીથી સુશીલ, સરલ અને શાંત સ્વભાવથી શેાભતાં હતાં તથા સદ્વિદ્યાથી દીપી રહ્યાં હતાં. સં. ૧૯૩૭ ના જેઠ વદી ૧૨ બુધવારે આ વૈદ્યરાજને ઘેર પુત્રજન્મ થયેા જેનું નામ ચંદુલાલ પાડવામાં આવ્યું હતું આ સત્પુત્રરત્નના જન્મથી વૈદ્યરાજનાં સઘળાં કુટુંબમાં, વૈદ્યરાજના સઘળા મિત્રેાનાં કુટુંબમાં અને વૈદ્યરાજનાં સઘળાં સ્નેહિસંબંધિયેાનાં કુટુંબમાં આનંદ ઉત્સાહ અને ઉત્સવનેા પાર રહ્યેા નહીં. આમ થવાનું કારણ એ હતું કે સૈા. બેન જયાકુંવરના જન્મપછી તે બેન ૧૬ વર્ષની ઉમ્મરનાં થયાં લાંસુધી તેનાં માતુશ્રીને બીજું બાલક અવતર્યું નહતું અને તેથી સગાંસ્નેહી અને કુટુંબિયેાયે તેને સંતાન થવાની આશા છેાડી હતી પણ પરમકૃપાળુ પરમેશ્વરની કૃપાથી ગુરૂજનેાની આશિષેાથી પૂર્વજોની પુન્યાઇથી સગાં સ્નેહિ સંબંધિ સન્મિત્રેાની અનેક માનતાઓથી અને વિશ્વહિતૈષિ જગદ્‌ગાંધવ ભટ્ટજી ઝંડુભાઇનાં કરેલ શ્રીશિવપૂજનપૂર્વક

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અગણ્ય પુણ્યોથીજ તે પુત્રરત્ન પ્રાપ્ત થયું હતું તેથી પરમ સુખમાં અને પરમ આનંદમાં ૯ વર્ષ નિર્ગમન થયાં. ઇશ્વરકૃપાથી આ વૈદ્યરાજને સુખની પરમ સીમાનો અનુભવ થયો હતો; પણ અસ્તોદયના નિયમ પ્રમાણે સંવત્ ૧૯૪૪ ના કાર્તિક વદિ ૧૦ ગુરૂવારની રાત્રિયે ૧૧ વાગે વૈદ્યરાજની રત્નજેવી પુત્રી જયાકુંવરે બાલવયમાં કૈલાસવાસ કરવાથી વૈદ્યરાજના અંતઃકરણમાં અને તેનાં સઘળાં કુટુંબનાં અંતઃકરણમાં દુઃખ, શોક અને ઉદ્વેગનો પારજ રહ્યો નહીં. સૌ એન જયાકુંવરનું જન્મ ચરિત્ર સાવિત્રીચરિત્રમાં છે તથા સૌભાગ્યવતી જયાકુંવર એવા નામનું રા. રા. ડાકટર પોપટભાઇનાં કરેલ પુસ્તકમાં છે તેથી કોઇ અજાણ્યું નહીં હોય માટે આંહી વિસ્તાર કરવા ધારતા નથી. હજી તે દુઃખનું વિસ્મરણ થયુંજ નહોતું એટલામાં વૈદ્યરાજનાં પવિત્રપની સૌભાગ્યવતી મણિકુંવરે સં. ૧૯૪૬ ના માઘ સુદિ ૮ મંગલવારે સવારના ૭ વાગે કૈલાસવાસ કર્યો. આ વૈદ્યરાજઉપર બીજું દુઃસહ દુઃખ આવી પડયું. સૌભાગ્યવતી મણિકુંવરમાં કેટલાક એવા એવા અપ્રતિમ ગુણો હતા કે જેઓનું સ્મરણ આવવાથી સાધારણ સંબંધિયોને પણ દુઃખ આવ્યા વગર રહેજ નહીં તો પછી નિકટના સંબંધિયોને તો દુઃખ આવે તેમાં કહેવુંજ શું? તે એનના સદ્‌ગુણોનું સંક્ષેપ વર્ણન તેનાં મરણસમયે થયેલા સજ્જનોના શોકોદ્‌ગારના શ્લોકોથી જાણવામાં આવેછે.

अद्यास्मिन् रसवेदनंदवसुधा १९४६ संख्यामितेवत्सरे ।
माघेचाद्यदलेऽष्टमी कुजयुताजाताऽतिदुःखप्रदा ॥
यस्मादत्रजटादिशंकरमहावैद्यांगना सद्गुणैः ।
सौशील्यादिभिरन्विता मणिकुमार्य्याख्या ययौ स्वःपदम् १

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

पातिव्रत्यं तदतिविमलं साऽचला चेशभक्ति- ।
स्तत्सौशील्यं स च गुणगणो हंत हा कोप्यपूर्वः ॥
तन्नैर्मल्यं तदपि मनसो मार्दवं वा तदीयं ।
क्वाद्य स्थाता स्मरहरपदं संगतायांतु तस्याम् ॥ २ ॥
रसनिगमनवक्ष्मा १९४६ संमितेवत्सरेस्मिन् ।
तपसि धवलपक्षे मंगलेवाह्नि याता ॥
शिवपदमिहवैद्यश्रीजटाशंकराणा- ।
महहमणिकुमारीसाह्वया धर्मपत्नी ॥ ३ ॥
उपरतिमुपयाता काप्यहो कृज्ञता सा ।
हृदयविमलता साप्यद्भुता चाद्य शांता ॥
निरवधि च सुशीलं जातमाधारहीनं ।
न्वहह ! मणिकुमार्य्यां शंभुलोकं गतायाम् ॥ ४ ॥
नयविनयविवेकाद्या गुणाःकेऽपि तस्या ।
निजपतिपदभक्त्या क्वाद्य यास्यंति ते ते ॥
गुणिगणमणिवैद्यश्रीजटाशंभुपत्न्यां ।
शिवशिव ! शिवलोकं सांप्रतंसंगतायाम् ॥ ५ ॥
समाप्तं सौजन्यं विलयमपि वात्सल्यमगम- ।
न्निराधारा जाता शिवशिव सतीधर्मसरणी ॥
क्व चास्तामास्थानं सहजमृदुलानां सुवचसां ।

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

प्रजावत्सां सत्सां सपदि गतवत्सां शिवपदम् ॥ ६ ॥

ઉપર લખ્યા પ્રમાણે ઉત્તમોત્તમ અનેક સદ્‌ગુણોથી સુશોભિત પોતાનું અર્દ્ધાંગરૂપ, હૃદયના વિશ્રામરૂપ અને ગૃહના અલંકારરૂપ મનુષ્ય-રત્ન દુર્દશાયે લૈજવાથી દુઃસહદુઃખનો સમય આવ્યો તેમછતાં પણ પો-તાના પ્રિયપુત્રરત્ન ચિ. ચંદુલાલનાં લાલનપાલનપોષણની ચિંતામાં મન જોડી ધીરજ રાખી દુઃખમય સમયના લાંબા દિવસો નિર્ગમન કર્યા. સં. ૧૯૪૭ ના વૈશાખ વદી ૨ ને દિવસ વૈદ્યરાજે પોતાના પ્રિયપુત્ર ચિ. ચંદુલાલને તથા ચિ. શંકરપ્રસાદના પુત્ર ચિ. જુગતરામને સાથે જનોઇ આપ્યું હતું તે વખત ઉત્સાહ, આનંદ અને ધામધૂમ ઘણીજ સારી રીતે કરી હતી અને સં. ૧૯૫૨ ના વૈશાખ વદી ૪ શુક્રવારે પોતાના પ્રિય પુત્રરત્ન ચિ. ચંદુલાલભાઇનો વિવાહ શ્રીજામનગરમાં રા. રા. વ્યાસજી કેશવલાલ આદિત્યરામની પુત્રી સૌ. ગિરિજાકુંવર સાથે કર્યો તે વખત આ વૈદ્યરાજનાં મનમાંથી સર્વ દુઃખોનું વિસ્મરણ થયું અને પરમસુખનો આનંદ ઉછળી રહ્યો. બે વર્ષ ક્ષણની પેઠે પરમ સુખ અને પરમ આનંદના અનુભવમાં નિકળી ગયાં. જોકે વિશ્વવિખ્યાત વિશ્વહિતૈષિ ઋંડુભટ્ટજીનો વાત્સલ્યભાવ સર્વ ભાઇયો તરફ અપ્રતિમ હતો અને સર્વ ભાઇયોનો તેમના તરફ પૂજ્યભાવ, માન્યભાવ અને ભ-ક્તિભાવ અપ્રતિમ હતો પણ ભટ્ટજીયે એકત્રસ્થિતિ કરી સંપ વધારી સંપની ઉન્નતિ એટલે સુધી પોચાડવી કે સોદર ભાઇયો તો શું પણ સોસો પેઢી સુધી કોય જુદા ન થાય, કોઇ અસાધ્યરોગને આધીન ન થાય અને કોઇપણ એકત્રસ્થિતિમાં રહેલ માણસ ૧૦૦ વર્ષની અંદર મૃ યુ ન પામે, પિતા પુત્રનું કે મોટો ભાઇ નાનાભાઇનું મૃત્યુ ન દેખે અને એકત્રસ્થિતમાં રહેલા મનુષ્યોને કરજનું દુઃખ ન રહે, માત્ર રસશાળા

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઉપરજ કરજ રહે અને એકત્રસ્થિતિમાં રહેલાં મનુષ્યરત્નો એવાં પક-વવાં કે તે સર્વ લોકોને વિપત્તિની વેળામાં સહાયભૂત થાય અને સંપ-ત્તિની વેળામાં સલાહકારક થાય ઇત્યાદિ અલૌકિક વિચાર કરી તેને અગ-લમાં લેવા માટે કરજ વધારવું એજ આપણું પરમ શ્રેય છે એમ માની શક્તિઉપરાંત કરજ કરવા માંડયું તે વખત ઉપરના વિચારો ઉત્તમોત્તમ છ ાં અને અલૌકિક છતાં પણ તેની અતિ ગહનતાને લીધે સર્વના મત-ભેદ થઇ ગયા ને એકત્રસ્થિતિ હવે નહીંજ થાય ને થવાનો સંભવજ નથી એવું ગનાવા લાગ્યું. તે વખત ભટ્ટજી કે જે એકત્રસ્થિતિ નહીં થાય અને સંપની વૃદ્ધિ નહિ થાય તો આપણને બીજાં કષ્ટો આવી પડશે એમ દૈવીદૃષ્ટિથી દેખતા હતા તે ઉદાસ થઇ વિલાયત જવા માટે નગ-રથી ચાલીનિકળી ૧૯૨૮ ના શ્રાવણ માસમાં મુંબઇ આવ્યા ને વિલાત જવાની તૈયારી કરવા માંડી તે વખત સાહૃદમૂર્તિ ભ્રાતૃભક્તિધુરંધર અગારા વૈદ્યરાજે એક દિવસ રાત્રિયે પોતાના કાકા પ્રેમશંકર ગોકુલજી તથા પોતાના પ્રિયમિત્ર શંકરલાલ ગાહેશ્વરને પાસે રાખી પોતાના પિ-તાતુલ્ય વડિલ ભાઇની એવી એવી રીતે પ્રાર્થના કરી કે જેથી ભટ્ટજીયે વિલાયત જવાનો વિચાર બ ધ કર્યો ને ભટ્ટજીયે જેટલી જેટલી કલમ લખી તેતે પ્રમાણે વર્તવા માટે વૈદ્યરાજ પ્રતિજ્ઞાપૂર્વક બંધાયા. જોકે ભટ્ટજી દૃઢ વિચારવાળા હતા અને પોતાનો કરેલ વિચાર કોઇપણ પ્રકારે છોડે તેવા ન હતા એનો સર્વના જાણવામાંજ છે, પણ જટાશંકરભાઇયે અને તેના મિત્ર શંકરલાલે અંતઃકરણથી એવોજ નિશ્ચય કર્યો હતો કે જો મુ. કોઇ પ્રકારે પોતાનો વિલાયત જવાનો વિચાર ન ફેરવે તો આપણે પણ બે જણાયે સાથે જવું પંણ તેને એકલાને જવા ન દેવા તેથી છેવ-ટમાં જટાશંકરભાઇયે કહ્યું કે જો વિલાયત જવું એજ ઉત્તમ છે તો પછી આપને બેયને સાથે તેડીજવામાં શું હરકત છે ? માટે અમે બેય

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આપની સાથે આવીશું જ. આપને એકલા કદીપણ જવા દેશું જ નહીં. અમે જાણીયે છૈયે કે આપ સ્વધર્મના દૃઢ ભક્ત છો. આપને વિલાયત જવાનું પ્રયોજન ગાત્ર "परिम्लाने माने मरणमथवा दूरगमनं" એ વાક્ય પ્રમાણે અમે આપની આજ્ઞા પ્રમાણે નથી વર્તતા તેથી ઉદાસ થઇ આ પ્રકારનો ત્યાગ કરવા ઇચ્છોછો તેમજ કરવા ગરજી હોયતો અમને સાથે લઇ જાવા. એટલું બોલતાં તો મૃદુલતર હૃદયવાળા જટાશંકરભાઇની આંખમાંથી અશ્રુધારા પડવા લાગી અને હૃદય ભરાઇ આવવાથી બોલવું બંધ થયું તેમજ ભટ્ટજીના નેત્રમાં પણ અશ્રુ પડવા લાગ્યાં અને પ્રેમશંકરજીયે કહ્યું કે જે સૌહૃદરસ શ્રીરામચંદ્રજીને વિષે ભરત લક્ષ્મણ અને શત્રુઘ્નનો શાસ્ત્રમાં વાંચેલ છે અને જે સૌહૃદરસ શ્રીયુધિષ્ઠિર વિષે તેના ભાઇયોનો શાસ્ત્રમાં વાંચેલ છે તેવોજ સૌહૃદરસ આ વખતે જટાશંકરભાઇના હૃદયમાં ઝલકી રહેલ છે માટે તેના અંતઃકરણને સંતોષ કરાવવા આપે આપનો વિચાર મહત્વવોજ જોઇએ શંકરલાલે કહ્યું કે શ્રીહર્ષચરિત્રમાં શ્રીહર્ષે પોતાના પિતાતુલ્ય મોટા ભાઇને જે વચનો કહ્યાં છે તે આ વખતે જટાશંકરભાઇનાં વચનો સાંભળતાં મુને યાદ આવેછે. જે નીચે પ્રમાણે છે.

निवर्तनादेशेन दूरप्ररूढप्रणयपीड इव प्रोवाच देवो हर्षः। कमिवदोषं पश्यत्यार्यो ममानुगमनेन? यदि बाल इति नितरां नत्याज्योस्मि। रक्षणीय इति भवद्भुजपंजरं रक्षास्थानम्। अशक्त इति क्व परीक्षितोऽस्मि? संवर्धनीय इति वियोगस्तनूक रोति। अक्लेशसह इति स्त्रीपक्षे निक्षिप्तोस्मि। सुखमनुभवत्विति त्वयैव सह तत्पयाति। महानध्वनःक्लेश इति विरहोऽ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

विषह्यतरः। कलत्रं रक्षत्विति श्रीस्ते निस्त्रिंशेऽधिवसति। पृष्ठतस्तिष्ठत्विति तिष्ठत्येवप्रतापः। राजकमनधिष्ठितमिति तत्सुबद्धमार्यगुणैः। न बाह्यसहायो महत इति व्यतिरिक्तामिव मां गणयति। प्रलघुपरिकरः प्रयामीति पादरजासि कोऽतिभारः? द्वयोर्गमनमसांप्रतमिति मामनुगृहाण गमनाज्ञया। कातरो भ्रातृस्नेह इति सदृशो दोषः। काचेयमात्मंभरिता भुजस्यते यदेकाकी क्षीरोदफेनपटलपांडुरममृतमिव यशः पिपासति? अवंचितपूर्वोस्मि प्रसादेषु। तत्प्रसीदत्वार्यो नयतु मामपीत्यभिधाय क्षितितलविनिहितमौलिः पादयोरपतत् ॥

અર્થ—શ્રીહર્ષના મોટા ભાઇ રાજ્યવર્દ્ધને જે વખતે યુદ્ધમાં જવાની તૈયારી કરીને શ્રીહર્ષને ઘેર રહેવા કહ્યું તે વખતે પોતાના ભાઇએ કરેલ પાછા વળવાના હુકમની અત્યંત પ્રણયપીડા થવાથી શ્રીહર્ષે કહ્યું કે આપ મને આપસાથે આવવામાં કયો દોષ જુવોછો? જો બાળક છે એમ જાણી સાથે ન લઇજાતાહો તો બાળક છું માટેજ ત્યાગ ન કરવો જોઇયે, રક્ષા કરવા લાયક છે માટે ઘેર રાખવા ધારતા હો તો આપનું ભુજપંજરજ રક્ષાસ્થાન છે, અશક્ત છે એમ ધારી સાથે ન લઇજાતાહો તો આપે કયાં મારી પરીક્ષા કરીછે, વધારવા લાયક છે માટે ઘેર રાખવા ધારતા હો તો આપનો વિયોગજ મુને દુર્બલ કરશે, કલેશને સહન કરી શકે તેવો નથી એમ ધારતા હો તો આપ મને સાપક્ષમાં નાખોછો, જો આંહી સુખનો અનુભવ કરો એવું ધારતા હો તો સુખ આપની સાથેજ આવેછે, રસ્તામાં કલેશ અસહ્ય છે એમ ધારતા હો તો આપનો

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વિરહ અત્યંત અસહ્ય છે, શ્રીની રક્ષા કરે એમ ધારતા હો તો આપની તલવારમાંજ શ્રી રહીછે પછવાડે કોકે રહેવું જોયે એમ ધારતા હો તો આપનો પ્રતાપ પછવાડે રહ્યોજ છે, રાજાઓ વશ થયેલા નથી એમ ધારતા હો તો આપના ગુણોથી તેઓ બંધાયાજ છે, મોટાઓને બીજાની સહાયતા જોઇએ નહીં એમ ધારતા હો તો મને આપથી જુદા જેવો ગણો છો, થોડા માણસોથીજ જવુંછે એમ ધારતા હો તો પગની રજથી શું વધારે ભાર થાય તેમછે, એયે જવું એ અયોગ્યછે એમ ગણતાહો તો મનેજ જવાની આજ્ઞા આપી અનુગ્રહ કરો, ભાઇનો સ્નેહ મને કાયર કરેછે એમ ધારતા હો તો મને પણ ભાઇનોજ સ્નેહ કાયર કરેછે. આપના ભુજવિષે એવું શું પેટભરાપણું છે કે ક્ષીરસાગરના ફીણ જેવું અતિ ઉજ્વલ યશરુપી અમૃતને એકલોજ પીવા ઇછેછે, કોય વખત આપે મને કૃપાગાં છેતર્યો નથી તો આ સગયે પણ મારી ઉપર આપ કૃપા કરો ને મને સાથે લઇજાઓ. એમ કહી શ્રીહર્ષ રાજકુમાર પોતાના મોટાભાઇ રાજ્યવર્દ્ધનના પગમાં પડી ગયો. ઇત્યાદિ ઇત્યાદિ.

ઉપરનાં શ્રીહર્ષનાં વાક્યો અને આ વખતે જે જટાશંકરભાઇ આપની પ્રાર્થના કરેછે તે વાક્યોનો અભિપ્રાય એકજ છે. ભ્રાતૃભક્તિ સરખીજ છે અને પોતાના આર્યબંધુના દુઃખની લાગણી પણ સરખીજ છે. માટે જટાશંકરભાઇની આપ તરફની ભક્તિ જોઇ આપે વિલાયત જવાનો વિચાર બંધ કરવો જોઇએ એવી આગારી પ્રાર્થના છે.

વિશ્વહિતૈષિ ભટ્ટજીયે જવાબ આપ્યો કે જટાશંકરભાઇ એટલે દરજ્જે મને રોકવાને માટે કરશે એમ મારા ધારવામાં નહોતું. હું વિલાયત જવા ખુશી નથી હું વિલાયત જવાથી કાંઇ કૃતાર્થતા માનતો નથી અને મને વિલાયત જવાનો કાંઇ મોહ નથી. માત્ર જ્યારે આપણું જે કર્તવ્ય છે તે ન થાય તો પછી આંહી વ્યર્થ બેશી રહ્યા કરતાં વિલાયત

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જ્યા જેકાંઇ દેશહિતગાટે પ્રયત્ન થાય તે કરવામાં જીવિત પૂર્ણ કરવું એવા કારણથી મારો વિચાર ત્યાં જવા થયો તોપણ જ્યારે જટાશંકરભાઇ સર્વ પ્રકારે મારા મતને મળતા થાયછે તો એ વિચાર હું બંધ કરૂંછું. એમ કહી પોતાનું કર્તવ્ય કહીસંભળાવ્યું હતું જેનેમાટે જટાશંકરભાઇયે પરમપ્રેમથી કબુલાત આપી હતી. તે સમયથી ભટ્ટજી જાણતા કે જટાશંકરનો તથા શંકરલાલનો મારાતરફ ભક્તિભાવ કાંઇ જુદાજ પ્રકારનો છે. તેથી જ્યારે જ્યારે કાંઇ પોતાનું કર્તવ્ય કરવાનો વેગ આવતો ત્યારે તે જટાશંકરભાઇને અને શંકરલાલને બોલાવી પોતાના ભાઇયોની તથા કુટુંબિયોની સભા ભરી તેમાં પોતાના દૈવી વિચાર પ્રકટ કરતા હતા. તેજ પ્રમાણે સંવત્ ૧૯૫૪ ના ગાધ માસમાં વિશ્વહિતૈષિ ઝંડુભટ્ટજીને જ્યારે રા. રા. પ્રભાશંકર દલપતરામની તબિયત સુધારવા ત્યાંના મહારાજાશ્રીયે શ્રીભાવનગરમાં રાખ્યા હતાં ત્યારે ભટ્ટજીયે શ્રીભાવનગરમાં પોતાના ભાઇયોની સભા કરી હતી તે વખત આ વૈદ્યરાજ જટાશંકરભાઇ પણ ભાવનગર પોતાના સોદર ભાઇયોના સમાગમના સુખનો અનુભવ લેવા ગયા હતા. સર્વ ભાઇયો મલી કેટલાક સદ્વિચારો કર્યા. ત્યારપછી વિશ્વહિતૈષિ ભટ્ટજીયે જટાશંકરભાઇને કહ્યું કે હવેથી આપણે બે ભાઇયે તો સાથેજ રહેવુંછે, તેથી પોતાના પિતાતુલ્ય મુ. ભાઇને સંતોષ કરવા તેની આજ્ઞા માન્ય કરી શ્રીભાવનગરમાંજ બેય ભાઇ ઘણા આનંદથી સાથે રહ્યા. રા. રા. પ્રભાશંકરભાઇ કે જે ભટ્ટજીવિષે પરમ ભક્તિ ધરાવેછે તેઓને પણ આ બન્ને ભાઇયોનો સહવાસ રહેવાથી ઘણોજ આનંદ થયો, એ વાત તો કોઇની અજાણી નથી કે વિશ્વહિતૈષિ ભટ્ટજી આયુર્વેદમાં લખેલ "स्वार्थबुद्धिः परार्थेषु पर्याप्तमिति सद्भूतम्" એ વાક્ય પ્રમાણેજ વર્તન રાખતા હતા તેથી નડીયાદમાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કોઇ દરદી ગહાવ્યાધિગ્રસ્ત હોવાથી તેનો તાર આવતાં ભટ્ટજીએ જટાશંકરભાઇને કહ્યું કે હું નડીઆદ થઇ શ્રીજામનગર આવીશ ને તમે જુનેગઢ થઇ જામનગર જજો. એ પ્રમાણે મુ. ભાઇની આજ્ઞા થવાથી જટાશંકરભાઇ જુનેગઢ થઇ જામનગર આવ્યા. પોતાના પિતાતુલ્ય પવિત્ર આર્યભાઇ હવે થોડા દિવસમાં આંહી આવશે એવી રાહ જોવા લાગ્યા એટલામાં સંવત્ ૧૯૫૪ ના વૈશાખ વદી ૫ ગંગલવારે દિવસના ૯ વાગે વિશ્વહિતૈષિ જગદ્‌ગાંધર્વ મહાશયશિરોમણિ રા. રા. વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીએ શ્રીનડીઆદમાંજ કૈલાસવાસ કર્યો તે દુઃખદ ખબર તારથી તે દિવસેજ બપોરે જામનગરમાં આવ્યા આ વજ્રપાત જેવા દુઃખદ ખબરથી આખા ગામમાં દિલગિરી ફેલાઇ રહી. ભટ્ટજીના કુટુંબમાં તો દુઃખનો પારજ રહ્યો નહીં ને અમારા મિત્ર વૈદ્યરાજ જટાશંકરજીને તો પોતાના આર્ય ભાઇઉપર અપ્રતિમ ભક્તિ હોવાથી તેના અંતઃકરણમાં તો દુઃખનો દરિયોજ ઉછળી પડયો હતો. આ દુઃખ આ સમયે આ કુટુંબમાં અતિ અસહ્ય હતું. ભટ્ટજીના ઉત્તરક્રિયામાં સર્વ સ્નેહિ સંબંધિયોનો મોટો સમુદાય થયો હતો. કેટલાક તાર અને કેટલાક દિલગિરીના પત્રો ભટ્ટજીના ગુણાનુવાદ વાંચતાં વાંચતાં અને સાંભળતાં આ વૈદ્યરાજનું હૃદય ભરાઇ આવતું અને આંખમાંથી અશ્રુની ધારાઓ પડતી હતી. કનિષ્ઠબંધુઓએ પોતાના જ્યેષ્ઠબંધુપ્રત્યે કેવી ભક્તિ રાખવી જોઇએ તે શીખવાનું તે વખતની જટાશંકરભાઇની મનની અને તનની સ્થિતિ ઉપરથી હતું. એ કાર્યના છેલા દિવસે શ્રીરસેશ્વરમાચાર્ય રા. રા. વૈદ્યરાજ મુ. ભાઇ શ્રી મણિશંકર ભાઇએ શ્રીધન્વંતરિધામમાં પોતાના ભાઇયોની આગે અતિ નિકટના સંબંધિયોની સભા કરી હવે પછી કેમ વર્તવું તેવિષે સદ્વિચાર ચાલતાં કેટલાંક ભાષણો થયા પછી અમારા અતિ મૃદુલ હૃદયવાળા વૈદ્યરાજે કહ્યું કે મુ. મણિભાઇને બે પુત્ર છે

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રિય ભાઇ પોપટભાઇને બે પુત્ર છે, પ્રિય ભાઇ વિશ્વનાથભાઇને ત્રણ પુત્ર છે. તો હું પણ એમ માનું છું કે મારે પણ બે પુત્ર છે. એટલે ચિ. શંકરપ્રસાદભાઇ મારા મોટા પુત્ર છે ને ચિ. ચંદુલાલ મારો નાનો પુત્ર છે. આવાં વચનો બોલતાં તે ભાઇનું હૃદય ભરાઇ આવ્યું ને બોલવું બંધ કર્યું હતું. તેટલામાં સભા સગાસ થઇ અને એક ગાણસે જટાશંકરભાઇને કહ્યું કે આપ ઠીક બોલ્યા છો પણ કેટલાકના મનમાં એમ લાગ્યું કે એ ભાઇને સર્વ ભત્રીજાઉપર સમાન પ્રેમ રાખવો જોઇએ, અમુકજ મારો પુત્ર છે એમ કેવાની જરૂર નહોતી. જટાશંકરભાઇએ જવાબ આપ્યો કે જેના મનમાં ઠીક ન લાગ્યું હોય તેનું તે જાણે પણ હું તો ઇશ્વરપાસે માગું છું કે ચિ. શંકરપ્રસાદને મેં મારો પુત્ર છે એવું જેવા વખતમાં કહ્યું છે તેનો વખત મને ઇશ્વર ફરી ન દેખાડે એટલું બોલતાં ગદ્‌ગદ વાણી થવાથી બોલી ન શકાયું. ગતલણ કે સર્વ ભાઇયો ચિરંજીવી રહે ને તે સર્વને આરોગ્ય આનંદમાં મેલીને હું જાઉં એવું ઇચ્છું છું.

એ પ્રમાણે મુ. ઝંડુભાઇના જવાથી સર્વને અત્યંત દુઃખ શોક અને ઉદ્વેગ હતો પણ જ્યારે સં. ૧૯૫૪ ના જેઠ વદી ૧૨ બુધવારે સવારમાં વૈદ્યરાજ જટાશંકરભાઇના પ્રાણપ્રિય પુત્ર ચંદુલાલે માત્ર ત્રણ દિવસના જવરથી આ નિઃસાર સંસાર છોડી શ્રી કૈલાસતરફ પ્રયાણ કર્યું તે વખતે જે દુઃખ જે ઉદાસી અને જે સંતાપ જ્ઞાતિમાં જ્ઞાતિમાં કુલમાં કુટુંબમાં દેશમાં અને વિદેશમાં ફેલાયાં તે લખ્યા શકાય તેમ નથી. આ સમયે આ વૈદ્યરાજને તો જગત જંગલજેવું થયું, જન્મ નિષ્ફાલ જેવું થયું અને જીવિત ભાર જેવું થયું. દિશાઓ સર્વ તેને શુન્ય જેવી દુઃખકારક અને સંતાપકારક જણાવા લાગી. જ્યાં જ્યાં તે દુઃખદાયક વજ્રપાત જેવા ખબરો પોહોંચ્યા ત્યાં ત્યાં સર્વ સગાંસંબંધિઓ દુઃખ અને શોકમાં ગરક થતાં હતાં તે સાથે હવે જટાશંકરભાઇની કેવી દશા થઇ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હશે તે ચિંતામાં વિશેષ મગ્ન થતાં હતાં. એજ પ્રમાણે મોરબીમાં, મુ-
ંબામાં અને ભાવનગરમાં તથા રાજકોટમાં સર્વ બહુ ચિંતામાં હતાં તે-
ટલામાં તે ભાઇનાજ હાથનો લખેલ પત્ર આવ્યો તેમાં લખેલ હતું કે
જગદ્‌બાંધવ નિશ્ચિંતૈષિ મુ. ઝંડુભાઇરૂપ રક્ષાગણિ જવાથી, એક જં-
ગમ ગઢ પડી જવાથી, મોટી ઢાલ ખશી જવાથી, અને ઉત્તમ છત્ર પડી
જવાથી ભાઇ ચંદુલાલરૂપ રત્ન આપણા હાથમાંથી કાલભગવાને લઇ
લીધું છે. એ બાબતમાં આપણે નિરૂપાય છઇયે. હું તમને કેવી રીતે
તે બાબતમાં ધીરજ આપું તેમને કાંઇ સુઝતું નથી પણ તે સાથે તમે
મારી પણ ચિંતા કરતા હશો કે એનું શું થયું હશે તે ચિંતા દૂર થવા
હું મારી સ્થિતિ લખું છું કે શ્રી ધન્વંતરિધામમાં ભરાયેલી ભાઇઓની
સભામાં હું જે બોલ્યો હતો તે પ્રમાણે જોકે મારા નાના પુત્ર ચંદુલાલ
ભાઇએ કૈલાસવાસ કર્યોછે તે અસહ્ય દુઃખ છે તોપણ મારા જ્યેષ્ઠ પુ-
ત્ર ચિ. શંકરપ્રસાદભાઇના મુખ સામું જોઇ હું ધીરજથી શોકમય સ-
મય નિર્ગમન કરૂંછું માટે મારાવિષે તમારે કાંઇજ ચિંતા કરવીજ
નહીં એ પ્રમાણે લખેલ હતું. આ ઉપરથી સભામાં કહેલું વચન ઉપ-
ચારનું ન હતું પણ ખરાં અંતઃકરણનુંજ હતું એમ સિદ્ધ થાય છે. એવી
મહા અસહ્ય વિપત્તિમાં પણ તે વૈદ્યરાજે પૂર્ણ ધીરજ રાખી દુઃખમય
દિવસો નિર્ગમન કર્યા પણ પોતાના શિરછત્ર મુ. ભાઇ ઝંડુભાઇના અને
પોતાના પરમપ્રિય પુત્ર ચંદુલાલના વિયોગથી તેને છ મહીનામાં મહા-
વ્યાધિ થઇ આવ્યો જેથી સર્વ સ્નેહિ સંબંધીઓએ વૈદ્યરાજના જીવિ-
તની આશા છોડી હતી પણ તેના પ્રખ્યાત ત્રણ ભાઇઓએ ઉત્તમોત્તમ
દૈવી અને માનુષી ઉપચારોથી અને ધન્વંતરીની કૃપાના આશ્રયથી એ
મહાવ્યાધિથી તેને મુક્ત કર્યા હતા. જટાશંકરભાઇ તે વખત ગાત્ર
એટલું બોલતા હતા કે હવે જીવવાનું પ્રયોજન નથી પણ ગાત્ર ભટ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જીનું વાર્ષિક કાર્ય નિર્વિઘ્ને થઇ જાય તો પછી મને કાંઇ ઇચ્છા નથી. એટલુંજ નહીં પણ પોતાનું દિલ કરી પોતાનું સર્વસ્વ ચિ. શંકરપ્રસાદ ઝંડુભાઇને સોંપી દેવા પોતાના ભાઇયોને વિચાર જણાવ્યો ને તેનાં સર્વ ભાઇયોયે કહ્યું કે જે તમે દિલ કરેલ છે તેથી અમે ઘણા પ્રસન્ન છૈયે. તમારૂં અંતકરણ જેમ પ્રસન્ન રહે તેમ કરવામાં અમારૂં અંતઃકરણ પ્રસન્ન છે. આવાં ત્રણે ભાઇયોનાં વચનોથી વૈદ્યરાજ બહુ સંતોષ પામ્યા હતા. તે મંદવાડથી વૈદ્યરાજે અન્ન જમવું છોડી દઇ માત્ર દુધનોજ આહાર કરતા હતા. આવોજ ભયંકર મંદવાડ તેને ૧૯૩૨ ના કાર્તિક વદી ૬ ગુરૂવારે મેડીયેથી પડીજવાથી આવ્યો હતો ને ૧૫ દિવસ સુધી બેભાનસ્થિતિમાં રહ્યા હતા તે વખત પણ તેના ચારે ભાઇયોયે બહુ બહુ પ્રયત્નથી સાજા કર્યા હતા. બટજીની વર્ષી કરી જ્યારે વૈદ્યરાજ જટાશંકરભાઇ શ્રી મોરબીમાં આવ્યા ત્યારે રા. રા. વિશ્વનાથભાઇયે રા. રા. જટાશંકરભાઇને ૪-૫ મહિના રોકયા ને ઘણીજ ભક્તિ કરી તેનાં મનને સંતોષ કરાવ્યો હતો. એ સમયમાં ઘણો વખત શાસ્ત્રવિચાર અને કવિતાના વિચારમાં પોતાના પરમપ્રિય મિત્ર શંકરલાલ ગાહેશ્વરની સાથે કાઢયો હતો. તે વખતે ચિરંજીવી ચંદુલાલ એવું ઉપનામ ગોપાલચિંતામણિનું કરી તે નાટક છપાવવું એવો વિચાર નક્કી કરેલ અને અગર મૂલશંકર એવું ઉપનામ ધ્રુવાભ્યુદયનું કરી તેપણ છપાવવું એમ વિચાર કરેલ. ઉપરનાં બેય નાટક તેઓ આદિથી અંત સુધી વાંચી બહુ સંતોષ પામ્યા હતા તેમજ બીજાં પણ જેટલાં અપૂર્વ નાટકો, કાવ્યો, અને કથાઓ શંકરલાલનાં રચેલાં હતાં તે બધાં વાંચી ગયા હતા ને પરમ સંતોષ પામ્યા હતા. તેટલામાં શ્રીભાવનગરથી રા. રા. પ્રભાશંકરભાઇયે ઘણા આગ્રહથી તેડાવવાથી તે ભાઇ ભાવનગર ગયા ને ત્યાં ૨ માસ રહી મુંબઇમાં જોકે પોતાને ગમતું નહતું તોપણ તેના મનમાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્રી રસશાળાને કરજથી મુક્ત કરવી એની બહુ ઉત્કંઠા હતી ને મુંબઇ-માંથીજ તે કાગ થઇ શકે એમ મનમાં નિશ્ચય હોવાથી તેઓએ મુંબ-ઇમાં રહેવું ધારેલ હતું આશરે ૨–૩ માસ મુંબઇમાં રહ્યા ત્યાં તેને પ્ર-થમ જે ઉદરનો વ્યાધિ હતો તે પાછો થયો ને દિનપ્રતિદિન તે દરદનું બલ વધવા લાગ્યું એટલે સર્વ લોકોએ શંકરપ્રસાદભાઇને બોલાવવાનું કહ્યું પણ મુંબઇમાં તે વખત મરકી હોવાથી તેણે કહ્યું કે હું દીવાળી પછી નગર જવાનો છું. ચિ. શંકરપ્રસાદને આંહી બોલાવવા નહીં. એમ બેચારફેરે સ્નેહિ સંબંધિયોયે કહ્યું ને તેણે ના પાડી ત્યારે તેને કહ્યાવિનાજ શંકરપ્રસાદભાઇને તેના ભાણેજ ચિ. ત્રંબકલાલ વિ છગનલાલ શાસ્ત્રી-જીયે તાર કર્યો કે રા. રા. જટાશંકરભાઇની તબિયત બગડતી જાયછે પણ મરકીને લીધે તમને મુંબઇ તેડાવતા નથી ને પોતે દેશમાં આવવા વિચાર કરેછે પણ તેનું શરીર દેશમાં આવીશકે તેવું નથી. તેથી રા. શંકરપ્રસાદ ઝંડુભટ્ટજી એકદમ મુંબઇ ગયા ને રાજકોટ, મોરબી, ચૂડા ને વઢવાણ પત્રદ્વારા ખબર આપતા ગયા કે મુ. જટાશંકર કાકા ગાંદા છે એવો તાર આવવાથી હું મુંબઇ જાઉંછું. આ ખબરથી સર્વ ચિંતાગ્રસ્ત થયા ને તેને રોગમુક્ત થવા માટે જામનગરમાં રસેશ્વરધર્માચાર્ય મણિશંકરભાઇયે, વઢવાણમાં પોપટભાઇયે, મોરબીમાં વિશ્વનાથભાઇયે અને બીજે પણ જ્યાં જ્યાં જે જે સગાં હતાં ત્યાં ત્યાં તેઓએ રુદ્રાભિષેક, મહામૃત્યુંજયજપ, ત્ર્યક્ષરમૃત્યુંજયના સંપુટથી ગાયત્રીજપ અને સંપુટ ચંડીપાઠો કરાવવા માંડ્યા કેટલાકોયે ઇશ્વરપ્રાર્થના કરવા માંડી. તે સમ-યમાં તે ભાઇને રોગમુક્ત થવા માટે જે શ્રીમૃત્યુંજયની સ્તુતિ તે ભા-ઇની કરવામાં આવીછે તથા તેના મિત્ર તરફથી કરવામાં આવીછે તે બે વસ્તુ નીચે લખેવી છે, તેથી જાણવામાં આવશે. રા. શંકરપ્રસાદભાઇ મુંબઇ કાર્તિક શુદી ૧૦ શુક્રવારની સવારમાં પોહોંચ્યા જેનું મુખ જોતાંજ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અતિ કોમલ મનવાળા વૈદ્યરાજનું હૃદય ભરાઈ આવ્યું. નેત્રમાંથી અ-
શ્રુની ધારાઓ પડવા લાગી ઘડીએક કાંઇ બોલી ન શક્યા. તેજ પ્રમા-
ણેજ પોતાના પિતાતુલ્ય કાકાની ઉપર પ્રમાણેની સ્થિતિ જોઇ શંકરપ્ર-
સાદભાઇના નેત્રમાંથી પણ અશ્રુની ધારા પડવા લાગી અને હૃદય ભ-
રાઇ આવવાથી કાંઇજ બોલી શક્યા નહિ. ઘડી પછી જટાશંકરભાઇએ
શંકરપ્રસાદભાઇને કહ્યું કે તમે આવ્યા એટલે હવે મારે મુંબઇમાં રહેવું
નથી કારણ આંહી ગરકી છે, તો તૈયારી કરો એટલે આંહીથી પ્રથમ
મોરબી જઇએ ને ત્યાંથી જામનગર જાશું. શંકરપ્રસાદભાઇએ કહ્યું કે આ-
પની ઇચ્છાપ્રમાણે કરવા હું તૈયારછું. ગરજી હોય તો આજ સાંજેજ
ગાડીમાં બેશિયે માયાલુ જટાશંકરભાઇએ જવાબ આપ્યો કે તમે છેક
જામનગરથી આવ્યા છો બે રાત્રિના ઉજાગરા છે ને આજેજ રાત્રિએ
ચાલશું તો તમે માંદા થઇ આવશો માટે એક દિવસ વિશ્રામ લઇ સર્વ
આંહીનું કામ પહોંચીલ્યો ને કાર્તિક શુદી ૧૩ ચંદ્રવારે આપણે આંહીથી
ચાલશું ઇત્યાદિ વાતો કરી સંતોષ પામ્યા. શંકરપ્રસાદભાઇ આવવાથી
સર્વ સગાં સંબંધિયો મળવા આવવા લાગ્યા. રા. રા. વૈદ્યરાજ પ્રભુરામ
તથા તેમના પુત્ર રા. રા. ડાક્તર પોપટભાઇ શંકરપ્રસાદભાઇને મળ્યા
ને પુછ્યું કે શું કરવું ધારોછો? શંકરપ્રસાદભાઇએ મુ. કાકાશ્રીનો અભિ-
પ્રાય કહીસંભળાવ્યો, વૈદ્યરાજ પ્રભુરામે તથા વૈદ્યરાજ પોપટભાઇએ કહ્યું
કે શરીર હવે દેશમાં જઇશકે તેવું નથી. માટે દેશમાં જવાનો વિચાર નહિ
કરશો. શંકરપ્રસાદભાઇએ કહ્યુકે જેમ સર્વ કહેશો તેમ કરીશ. પણ કા
ર્તિક શુદી ૧૨ થી વિશેષ પ્રકૃતિ વૈદ્યરાજની નબળી થઇ તેથી દેશમાં
જવાનો વિચાર બંધ કરી દાનપુણ્ય રૂદ્રાભિષેક શ્રીભાગવતના પાઠ વિ-
ગેરે બ્રાહ્મણો પાસે કરાવવા માંડયા અને પોતાનું જે કાંઇ કર્તવ્ય હતું
તે વિ. શંકરપ્રસાદને કહિ વૈદ્યરાજ જટાશંકરે નિશ્ચિંત થઇ પરમકૃપાળુ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પરમેશ્વરમાં મન જોડી દીધું હતું. સં. ૧૯૫૭ ના કાર્તિક શુદી ૧૩ ઉપરાંત ૧૪ ચંદ્રવારની રાત્રિના ૯॥ નવા વાગે વૈદ્યરાજ જટાશંકરભાઇએ સાંસારિક સર્વ દુઃખોથી મુક્ત થઇ શ્રીકૈલાસવાસ કર્યો હતો. આ વૈદ્યરાજે વર્ષ ૫૬ માસ ૩ અને દિવસ ૨૭ નું આયુષ્ય ભોગવ્યું હતું ને તેમાં ઉપર પ્રમાણે સુખદુઃખનો અનુભવ કર્યો હતો. જન્મચરિત્ર લખવાનો હેતુ એવો છે કે ઉત્તમ પુરૂષોનાં ચરિત્રો વાંચી તે પ્રમાણે વર્તવાથી લોકો સુખી થાય અને ઉત્તમ પુરૂષોની ઉપર આવીપડેલી વિપત્તિયોને તથા ઉત્તમ પુરૂષોને મળેલાં સુખોને જોઇને લોકો વિપતિવેળામાં વ્યગ્ર ન થઇજાય અને સંપત્તિવેળામાં ઉછૃંખલ ન થઇજાય માટે તેનાં અનુકરણીય સદ્‌ગુણો ટુંકામાં નીચે લખ્યું છું. આ સદ્‌ગૃહસ્થ કૈલાસવાસી રા. રા. વૈદ્યરાજ જટાશંકરભાઇમાં માતૃભક્તિ, પિતૃભક્તિ અને ગુરૂભક્તિ અદ્‌ભુત હતી ભાતૃવાત્સલ્ય અપ્રતિમ હતું, કુટંબવાત્સલ્ય અનુપમ હતું, મૈત્રીધર્મ અલૌકિક હતો, ઉદારતા, દયાલુતા અને સરલતા નિઃસીમ હતાં, પોતાનાં સગાંસ્નેહિ અને સંબંધિયોગાં બગતા બેહદ હતી, તેણે પોતાનાં જીવનનાં વર્ષોગાં સત્પુત્રોયે ગાયાલું ભાતાજી પ્રત્યે તથા પવિત્ર પિતાજીપ્રત્યે, સચ્છિષ્યોયે પોતાના દયાલુ સદ્‌ગુરૂપ્રત્યે, સત્કુલમાં ઉત્પન્ન થયેલા નાનાભાઇયોયે પોતાના મોટા ભાઇયોપ્રત્યે અને મોટા ભાઇયોયે પોતાના નાનાભાઇયોપ્રત્યે, સદ્‌ગૃહસ્થોયે પોતાની ધર્મપત્નીપ્રત્યે અને સન્મિત્રોયે પોતાના સન્મિત્રોપ્રત્યે તથા સગાંસ્નેહિ સંબંધિયોયે પોતાનાં સગાંસ્નેહિ સંબંધિયોપ્રત્યે કેમ વર્તવું જોઇયે તે પોતે પોતાનાં હૃદયરુપ પ્રિયમિત્ર શંકરલાલ માહેશ્વર સાથે મલી રચેલા ગ્રંથોથી કહી બતાવેલ છે. એટલુંજ નહીં પણ પોતે તે પ્રમાણે વર્તી કરી બતાવેલ છે તે કોનું અજાણ્યું છે? એના હૃદયની કોમલતા એટલી બધી હતી કે કરૂણરસનું કાવ્ય કે કથા સંપૂર્ણ તો નજ વાંચી શકે પણ કરૂણરસનો એકપણ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્લોક વાંચતાંજ તેનું હૃદય ભરાઇ જતું ને આંખમાંથી અશ્રુની ધારાઓ પડવા લાગતી તેવું અમે ઘણી વખત નજરે જોયેલ છે. એમનામાં ઉત્તમોત્તમ અને સર્વને ગ્રહણ કરવાલાયક સદ્‌ગુણો એ હતા કે તે પોતાના ભાઇયોમાટે પોતાના મિત્રો માટે અને પોતાનાં સગાંસંબંધિયો માટે પોતાનું સર્વસ્વ આપી દેતાં પણ સમય આવ્યે સંકોચ પામે તેવા ન હતા. પોતે ગમેતેવાં અસહ્ય દુઃખમાં મગ્ન હોય તોપણ બીજાનાં દુઃખોને દૂર કરવામાટે મનસ્વચનકર્મથી મદદ કરવામાં કટાળો પામતા નહીં અને પોતાની પાસે આવેલા દરદીયોની ઉપર જેવો પ્રેમ હોય તેવો પ્રેમ રાખી તનમનધનથી તેઓને સારાં કરવા પ્રયત્ન કરતા હતા. આ છેલ્લા ત્રણ ગુણો તેમના પિતાતુલ્ય આર્યબંધુ કૈલાસવાસી રા. રા. વૈદ્યરાજ ઝંડુભટ્ટજીયે પોતે જીવતાંજ કેમ જાણે પોતાના પરમપ્રિય નાના ભાઇ જટાશંકરભાઇને વારસામાં બક્ષીસ કરેલ હોય એમ અમો માનિયે છીયે. પરમકૃપાળુ પરમેશ્વર એ વૈદ્યરાજ જટાશંકરભાઇના તેવા તેવા સદ્‌ગુણો સામું જોઇ શ્રીકૈલાસમાં તેના અજર અને અમર આત્માને પરમાનંદમાં મગ્ન રાખો અને કૈલાસવાસિ તે પિતાપુત્રનાં યશઃશરીર આ શ્રીગોપાલચિંતામણિવિજય નાટકની સાથે શ્રીપરમેશ્વરની કૃપાથી નિરંતર અજર અને અમર રહો. તથાસ્તુ

લી વૈદ્યરાજ જટાશંકર વિઠ્ઠલજીનું—

પરમઉપકૃત મિત્રમંડળ.



CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આંહી રા. રા. વૈદ્યરાજ જટાશંકરભાઇની માંદગીની વખત થયેલાં શ્રીમૃત્યુંજય દેવનાં બે સ્તોત્રો, કૈલાસવાસી ચંદુલાલનું મરણ થવાથી થયેલ શોકોદ્‌ગારની કવિતાનું પત્ર તથા કૈલાસવાસી જટાશંકરભાઇનું મરણ થયા પછી થયેલ શોકોદ્‌ગારની કવિતાનું પત્ર તેના સદ્‌ગુણોનું સ્મરણ કરાવવામાં ઉપયોગી થશે એમ માની નીચે છાપિયે છેયે.

श्रीमच्छैलसुतायुतार्द्धवपुषे स्वर्लोककल्लोलिनी- ।
कल्लोलामलमौक्तिकावलिलसच्छ्रीमौलये श्रीमते ॥
चंद्रोद्भासितशेखराय भगवंस्तुभ्यं नमस्कुर्महे ।
श्रीमृत्युंजय पाहि पाहि मम सन्मित्रं जटाशंकरम् ॥ १ ॥
अस्यल्यायुषमप्यनन्यशरणं चक्रेऽत्र कल्पायुषम् ।
मार्कंडेयमुनीश्वरं भव भवत्पादांबुजैकाश्रयम् ॥
दीनानाथदयानिधान भगवन् या ते दयादृक् तया ।
श्रीमृत्युंजय पाहि पाहि मम सन्मित्रं जटाशंकरम् ॥ २ ॥
दृष्ट्वा संयमनीश्वरं तु महिषारूढं प्रचंडायुधं ।
पूजांते शिवलिंगमेव भयतश्चार्लिंग्य मूर्छां गतम् ॥
आविर्भूय ततो निहत्य च यमं योऽरक्ष आर्तं शिशुम् ।
श्रीमृत्युंजय पाहि स त्वमिह ते भक्तं जटाशंकरम् ॥ ३ ॥
गंधर्वेंद्रसुतां स्वजीवितपतिं श्रुत्वाऽप्तमृत्युं मृतां ।

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

नागस्याश्वतरस्य भक्तिभरतः संप्राप्तजीवां व्यधात् ॥
गौरीनाथ मदालसां पशुपते या ते दयादृक् तया–श्रीमृत्युं.४
शंभो द्वादशवर्षमात्रपरमायुष्यं नरेंद्रात्मजं ।
रुद्राध्यायशताभिषिक्तभगवत्पादोदकप्रोक्षितम् ॥
तं दीर्घायुषमस्तदुःखमकरोद्यातेदयादृक् तया-श्रीमृत्युं०।५।
संसारार्णवतारिणी स्वजनतासंतापसंहारिणी ।
विश्वापद्विनिवारिणी जनमनश्चिंतासमुत्सारिणी ॥
कारुण्यामृतकोमलाऽमलतरायातेदयादृक्तया–श्रीमृत्युं० ६
एकस्मिन् कलशं करे मणिमयं पीयूषपूर्णं वह ।
ह्यन्येनामृतवर्षिणा करुणया सिंचन् रुजार्तान् जनान् ॥
मृत्यून्निर्दलयन् पदापि च गदानुन्मूलयन् दुर्मदान्-श्रीमृ.७
पापानां गणनैव नास्ति सुकृतं स्वप्नेऽपि नैवाहतं ।
भक्त्याऽकारि तवार्चनं च न मया तन्नावलोक्याखिलम् ॥
आलोक्य प्रणतप्रियत्वमचलं मृत्युंजय त्वं च ते–श्रीमृ०८
शंभो विश्वहितैषिभद्रकरुणाशंभोरनन्योपमां ।
त्वद्भक्तिं च परोपकारपरतां चानन्यतुल्यां दयाम् ॥
आलोक्यापि च तावकंस्वजनतावात्सल्यमद्भुतं–श्रीमृ०९
रोगार्ताः कति रक्षिता न भवता पापग्रहार्ताः कति ।
प्रेतार्ताः कति कष्टसाध्यतरदुर्व्याध्याधिमग्नाः कति ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

जित्वा मृत्युमपीह देव करुणासिंधो तथैवाप्यमुं ।
श्रीमृत्युंजय पाहिपाहि मम सन्मित्रं जटाशंकरम् ॥ १० ॥
माता नस्त्वं त्वमसि च पिता त्वं गुरुस्त्वं पतिस्त्वं ।
त्वं सर्वस्वं त्वमसि च सुहृत्त्वं विपत्कालबंधुः ॥
इत्थं ज्ञात्वा मदयहृदय श्रीमहेशार्तबंधो ।
मृत्युं मृत्युंजय जय जटाशंकरं पाहि चामुम् ॥ ११ ॥
माहेश्वरात्मजनुषोर्द्धशशांकमौलेर्दासस्यवर्यगुरुकेशवधर्मसूनो
एषा कृतिर्मम जटाशिवमित्रमौलेर्मृत्युंजयेशपदयोःकुसुमां-
जलिः स्तात् ॥ १२ ॥

महाराजश्रीरवाजित्पाठशालैकशास्त्रिणा ।
कृता शंकरलालेन श्रीमन्मृत्युंजयस्तुतिः ॥ १३ ॥
मुनिशरनंदक्ष्मा १९५७ मितवर्षीयेकार्त्तिकेमासे ।
शुक्लदलैकादश्यां मित्रारोग्याय निर्मितास्ति शनौ ॥

॥ श्रीमृत्युंजयस्तोत्रं द्वितीयम् ॥

मृत्युंजयस्त्वमसि यो विदितस्त्रिलोक्यां ।
मृत्युं विजित्य भुवि येन निजा अनेके ॥
संरक्षिताः स इह दीनदयार्णवः श्री– ।
मृत्युंजय प्रणतपालक पालयास्मान् ॥ १ ॥
स्वल्पायुषोऽपि भगवन् शरणागतांस्त्वं ।

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

कल्पायुषः करुणया कृतवाननेकान् ॥
स त्वं दयामृतमयाशय ईश्वरः श्रीमृत्युंजय प्रणत० ॥ २ ॥
यस्त्वं कृपामृतघनः स्वकृपाकटाक्ष– ।
धाराभिराभिरभिषिच्य निजान् समस्तान् ॥
मृत्योर्विमोचयसिसत्वमिहाशुतोषो–मृत्युंजयप्रणत० ॥३॥
यस्यप्रभोतवदयामृतपूरपूर्ण संवीक्षणक्षणपरक्षणएवसर्वे ।
रोगाःप्रयांतिविलयंसउमापतिस्त्वं–मृत्युंजयप्रणत० ॥४॥
यः संस्मृतोऽपि सकृदार्तिधरैर्नरैस्त्वं ।
सद्यः क्षिणोषि करुणेक्षणतस्तदार्तीः ॥
सर्वाः स एव भगवंस्त्वमिहेंदुमौले–मृत्युंजय प्रणत० ॥५॥
मर्त्यो विभेति न सदार्तिगदाकरेभ्यो ।
मृत्योरपीह कवलीकृतसर्वलोकाद् ॥
यंत्वामुपास्य स उमारमणस्त्वमीशो–मृत्युंजयप्रणत० ॥६॥
यस्मिंस्त्वयि क्षणमुमारमणे मनः स्वं ।
प्रेम्णा निवेश्य मनुजा मनुजापकास्ते ॥
मृत्योर्भयंव्यतितरंति महेश स त्वं–मृत्युंजयप्रणत० ॥७॥
त्वं जन्ममृत्युजलधेरनिवारणीय– ।
व्याध्याधिनक्रझषचक्रकरालचक्रात् ॥
दत्त्वादयादृगवलोकलयावलंबं ।

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

मृत्युंजय प्रणतपालक पालयास्मान् ॥ ८ ॥
कालव्यालकरालवक्त्रकुहरे लीनं विहीनं गुणै–।
दीनं मीनमिवातिपीनमतुलैः पापैरधीनं रुजाम् ॥
शंभो शंकर कालकाल करुणापीयूषपूर्णाब्धे ।
श्रीमृत्युंजय पाहि पाहि भगवंस्त्वं मां त्वदेकाश्रयम्॥ ९ ॥
विश्वापत्तिहरैः समस्तजगतां श्रेयस्करैः सर्वदा ।
स्वीयोद्धारधुरंधरैर्निरुपमानंदार्पणे तत्परैः ॥
वीक्ष्य स्वैः करुणाकटाक्षनिकरैः प्रेमामृतांभोधरैः ।
श्रीमृत्युंजयपाहिपाहिसहसात्वंमांत्वदेकाश्रयम् ॥ १० ॥
मार्य्यः संति सहस्रशोऽतिभयदा हा संसंख्यागदा ।
आधीनां च शतानि संति कवलीकर्तुं समस्तं क्षणात् ॥
त्वत्तोऽन्योस्ति न रक्षकस्त्विह ततो विश्वैकरक्षामणे ।
श्रीमृत्युंजयपाहिपाहिनिखिलंविश्वेशविश्वं निजम् ॥११॥
उन्मूल्य ज्वरसंघमाशु सकलानुच्छिद्य चान्यान्गदान् ।
कासश्वासशिरोर्त्तिशूलकृमिरुक्शोफोदरार्शोमुखान् ॥
निःशेषामयराजमप्यतिबलंनिष्पीड्यसद्योबलात् ।
श्रीमृत्युंजय पाहिपाहि निखिलं विश्वेश विश्वं निजम् ॥१२॥
आरोग्यं वितरायुरप्यनुपमं त्वं देहिदेहि प्रभो ।
निस्सानंदसमूहमर्पय महादारिद्र्यमुन्मूलय ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

संतापान् शमयाशुतोष भगवन् शापान्सपापांश्च नः ।
श्रीमृत्युंजय पाहिपाहि निखिलं विश्वेश विश्वं निजम् ॥१३॥

श्रीविष्ठलात्मजनुषोर्द्धशशांकमौले-
र्दासस्य वर्यगुरुकेशवधर्मसूनोः ।
एषा कृतिर्मम तु शंकरलालबंधो-
र्मृत्युंजयेशपदयोः कुसुमांजलिःस्तात् ॥ १४ ॥

मुनि शरनन्दक्ष्मामित १९५७ वर्षीय कार्त्तिक मासे ।
शुक्लदलेऽनंततिथौ चंद्रे मृत्युंजयस्तुतिर्विहिता ॥१५॥

कैलासवासि भाई चंदुलालना वियोगजन्य शोकोद्गारपत्र.

सौजन्यसुधासिंधवः सन्मित्रमणयः श्रीजटाशंकरशर्माणः-
यद्यपि सत्पुत्ररत्नविरहानलज्वालाकुलानां श्रीमतामुपरि यत्किमपि तद्विषयकलेखनं तत्क्षते क्षारायतएव तथापि पूरोत्पीडे तडागस्य परीवाहः प्रतिक्रियेति न्यायेन हृदयोद्गारमिमं लिखित्वा सत्पुत्र-विरहदुःखदूनमपि वः स्वांतं पुनर्दुःखयत्ययंजनस्तत्क्षंतव्यम् ॥

पापैः सर्वैः क्षलितमधुना दुर्दशा चागता मे ।
भ्रष्टं भाग्यं सुकृतमखिलं चाद्य मन्ये प्रशांतम् ॥
यत्सत्पुत्रः श्रवणसदृशः श्रीजटाशंकराणां ।

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

मन्मित्राणां पदमुपगतः शांकरं चंदुलालः ॥१॥
वर्षे वेदशरांकभू १९५४ परिमिते ज्येष्ठस्य कृष्णेदले
द्वादश्यां बुधवासरेऽतुलगुणो मानुष्यमुक्तामणिः
लावण्यैकनिधिः सुशीलसरलत्वौदार्यरत्नाकरः ।
प्राप्तः श्रीशिवमंदिरं स्वसुकृतैः श्रीचंदुलालाभिधः२
संवद्वेदशरांकभूपरिमिते वर्षेऽतिदुःखप्रदे ।
ज्येष्ठे मासिपरे दले बुधयुते हाहा तिथौ द्वादशे॥
मत्सन्मित्रजटादिशंकरसुतः सौशील्यलीलालय-
श्चंदूलाल उमासहायशरणो यातः पदं शांभवम्३
वर्षे श्रीमन्मुनिगुणनवक्ष्मा १९३७ मिते प्राप्तजन्मा
वैशाखस्योत्तरदलगते द्वादशीशुक्रवारे ॥
यस्त्वद्यावध्यखिलमकरोन्नः कुटुंबं सुखाढ्यं ।
सोऽयं त्वद्याखिलमपि कुलं मज्जयत्यापदब्धौ ॥४॥
सौंदर्यसिंधुराखिलः परितोपि शुष्कः ।
सौहार्दरत्ननिकरः प्रविकीर्ण एषः ॥
सा नम्रता च सहजापि हताऽद्य मन्ये ।
हा हा गते शिवपदं प्रियचंदुलाले ॥ ५ ॥
कस्यापरस्य वचनानि मनोहराणि ।
स्वल्पाक्षराण्यपि गभीरतरार्थवंति ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

श्रुत्वा प्रमोदमुपयास्यति मानसं नो। हा हा.६
संगीतमद्य कुरुते श्रुतिमूलशूलं।
वाद्यध्वनिः कटुरिव प्रविभाति कर्णे॥
सर्वे रसा विरसतामधुना प्रयाता। हा हा.७
आनंदयंति नयनानि न केपि भावा।
घ्राणं न तर्पयति नः किल कोपि गंधः॥
आनंदयंति रसनां न रसाश्च केपि। हा हा.८
नो नाटकानि न कथा न कथानकानि।
नो भारतं च कविताऽऽदिकवेर्न दिव्या॥
शोकं तु नः शिथिलतां प्रभवंति नेतुं। हा हा.९
रुद्राभिषेकनिकरैः प्रजपैर्मनूनां।
श्रीपार्थिवेश्वरसहस्रसमर्चनैश्च॥
लब्धं हि रत्नमधुनाऽपहृतं विधात्रा। हा हा. १०
हे मित्रवर्य किमहं तु लिखामि धैर्यं।
धार्यं त्वयेति नहि तल्लिखनावकाशः॥
वज्रः स्फुटेदपि च हाप्यचलोपि रुद्यात्। हा हा.।
अस्मासु शंकरपदं समुपागतेषु।
यच्चंदुलालकरणीयमिहाति शोकात्॥
तद्वज्रतुल्यहृदया वयमेव कुर्मो। हा हा. १२

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

यो दुःखितं परमपीह जनं न शक्तः ।
संबीक्षितुं सकरुणां न कथां प्रवक्तुम् ॥
धर्तासि धैर्यमिह सोऽद्य कथं कथं त्वं। हा हा.१३
सन्मित्ररत्न सदयं हृदयं त्वदीयं ।
नैसर्गिकीं च परदुःखसदुःखतां ते ॥
तां तां परोपकृतितत्परतां च कालो ।
नालोक्य हाऽहरदयं प्रियचंदुलालम् ॥ १४ ॥
बुद्धिर्न बोधपदवीमवलंबते मे ।
कुत्रापि शांतिमुपयाति न हंत चेतः ॥
भग्नं मनोरथशतं मम हा समग्रं ।
કરે કર્મો ભૂંડાં, નર અધમનો ભારજ ધરી;
બહુ પીડા પાગી, કૃશ થઇ મુખે હા હરિ કહી,
રૂવે આંસુ પાડી, નિશદિન અરે ભારતમહી.

(થોડીવાર જોઇને) હા વત્સે ભારતભૂમિકે! શો આ તારી દશાનો ફેરફાર.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શાર્દૂલવિક્રીડિત.

જયાં પૂર્વે સહુ બ્રાહ્મણો પણ અરે, ગોભક્તિવાળા હતા,
રાજાઓ સહુ ધેનુરક્ષણ કરી, સદ્ધર્મને પાળતા;
વૈશ્યો ગોધનવાન શૂદ્રકરથી, ગોમાતસેવા થતી;
ગોપીડાકર લોકથી ભરતભૂ, તે આજ થાયે છતી.

ભારતભૂમિ–(રૂદન કરતાં) હે માતાજી! કેવળ ગોપીડા કરનારથીજ નહિ પણ ગોહિંસા કરનારનરપિશાચસમૂહથી વિંટાયેલી આ ગંદભાગ્યવાળી પુત્રી છે એમ જાણવું.

સરસ્વતી—વત્સે! ગોહિંસા કરનાર નરોથી વિંટાયેલી છું એમ કેહેતાં તેં મારા મનમાં એક બીજો ભય ઉત્પન્ન કરેલ છે કે શું જગત્માં સર્વ પ્રાણિનું કલ્યાણ કરનારી દેવી "સર્વભૂતદયા" નથી?

ભારતભૂમિ—(નિઃશ્વાસ નાખતાં) હા! અત્યારે સર્વભૂતદયાની વાત પણ કયાં છે! તે તેજોહારાજ સત્યયુગની સાથેજ તેનો વિરહ સહન ન થવાથી જાણે સ્વર્ગ લોકને શોભાવેછે.

સરસ્વતી—(સખેદ.)—

શિખરિણી.

નથી શાંતિ કયાંયે, નહિ જગતમાં દાંતિ પણ હા,
નથી પુષ્ટિ તુષ્ટિ, હરિ હરિ વિના ભૂતજ દયા;
અભાવે તેઓના, ક્ષમ કરિ જનોનાં ગનવિષે,
દયાના સિંધુ શ્રી, પરમ શિવ આવીજ વસશે?

વત્સે! સર્વભૂતદયા સ્વર્ગમાં ગયા પછી પરમેશ્વર પ્રસાદના પાત્રપણાના સાધનરૂપ સામ્રાજ્યનું સિંહાસન કોણે શોભાવ્યું?

ભારતભૂમિ—હે માતાજી! સર્વભૂતદયાનાં પવિત્ર ચરિત્રવાળાં પુત્રી, "અહિંસા" એ પોતાની માતાનું સિંહાસન શોભાવ્યું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સરસ્વતી—એ બહુ સારૂં થયું. આપણને પ્રિય થયું. પછી ?

ભારતભૂમિ—પછી ત્રેતાયુગના આરંભથી માંડી દ્વાપરયુગના અંત સુધી તેણે પોતાનું સામ્રાજ્ય સુખ ભોગવ્યું અને તેણે ઘણા દેવો, દાનવો અને માનવોને પરમેશ્વરના પ્રસાદરૂપ અમૃતના પાત્રપણાંને પોચાડયા.

સરસ્વતી—સર્વભૂતદયાની પુત્રી અહિંસાને તે બટેછે. પછી પછી ?

ભારતભૂમિ—ત્યારપછી કરાલકલિકાલના આગમન સમયને જોઇને જરાજર્જરિત થયેલાં તે "અહિંસા" એ પોતાની બાલક પણ પુત્રી "ગોરક્ષા" ને જગત્‌ની રક્ષા કરવાને પોતાનાં સામ્રાજ્ય સિંહાસન ઉપર અભિષેક કરી દ્વાપરયુગની સાથેજ પોતાના લોકગાં જવું સ્વીકાર્યું.

સરસ્વતી—હા વત્સે ! હમણાં અહિંસાથી પણ તું તજાયેલી છે ?

ભારતભૂમિ—તેમાં શું કહેવું ? એમજ છે.

સરસ્વતી— શિખરિણી.

અહિંસા જાવાથી, જગતપર હિંસાજ વધશે,
પછી તે પોતાના, અતિશય પ્રભાવે પ્રકટશે ;
અધર્મે જીતેલો, પ્રબલ બલથી, ધર્મ સબળે,
ન જાણું કયાં જાશે, હરિ હરિ હવે સ્થાન ન મળે.

ભારતભૂમિ—હે માતાજી ! જે આપ શંકા કરોછો તે હાલ થવા માંડયું છે. ભગવતી અહિંસાના પરલોકપ્રયાણ સમયનેજ હિંસાએ પોતે પોતાની વિજયયાત્રાના પ્રયાણનું શુભ મુહૂર્ત્ત ગણ્યું અને પ્રબલ બલવાળી તે હિંસાએ થોડાજ સમયમાં સકલ દિક્‌ચક્રવાલને પોતાને વશ કરી લીધું.

સરસ્વતી—વત્સે ! વત્સા ગોરક્ષાની હમણાં શી ખબર છે ?

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભારતભૂમિ—હે માતાજી ! મેં કર્ણપરંપરાથી સાંભલ્યું છે કે હિંસાનો ચારે કોર નિઃશૂંખલપ્રસાર જોઇને ગોરક્ષા તો પુણ્યારણ્યને શરણ થયેલ છે.

સરસ્વતી—હા ! બાલક અને અશરણ બીજું શું કરે, પછી ?

ભારતભૂમિ—પછી કુમારી ગોરક્ષાનાં દર્શન સુખને કે સુખરૂપ બબ રને ન પામતી, માનથી હીન અને દીન થયેલી હું તેના વિરહ દુઃખથી બહુ લાંબા થયેલા દિવસોને કોઇ પણ પ્રકારે મહાકષ્ટથી કાઢું છું. (એમ કહી રૂદન કરેછે.)

સરસ્વતી—વત્સે ભારતભૂમિ ! ધીરજ રાખ, ધીરજ રાખ. ચાલ આપણે ગામોમાં, બજારોમાં, પુણ્યારણ્યોમાં, શેહેરોમાં, રાજધાનીમાં અને નેહમાં પુત્રી ગોરક્ષાને ગોતીએ.

અનુષ્ટુપ્.

દક્ષા ઉખેડવાને જે, સમૂલ સહુ પાપને ·
ગોરક્ષાની વિના શૂન્ય, જણાયે વિશ્વ આ મને.

ભારતભૂમિ—હે માતાજી ! જેવી આપની આજ્ઞા (એમ કહી ચારેકોર ફરીને) માતાજી ! ગોરક્ષાવિના જગત્ શૂન્ય જણાયછે. ક્યાંય ગોરક્ષા મારી દૃષ્ટિએ આવતી નથી. શું કરૂં ક્યાં જાઉં ? (એમ વિલાપ કરેછે.)

સરસ્વતી—વત્સે ! આ બ્રાહ્મણો છે એમ જણાયછે. તેઓનાં મનમાં જરૂર ગોરક્ષા સંતાયેલી હશે.

ભારતભૂમિ—(સખેદ) હે માતાજી ! હમેશાં સારા ઉપસ્કરના લાભના લોભથી ક્ષોભ પામેલા તેઓ પ્રતિદિવસ ગોનાં દાનો લેછે પરંતુ તે ગાયોને ખડથી પણ પોષણ કરતા નથી તેઓના મનમાં ગોરક્ષા નિવાસ કરે એ અસંભવિત છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સરસ્વતી—(બીજી તરફ જોઇને) પુત્રિ! આ ક્ષત્રિયો છે. જેઓના પૂર્વજો પ્રથમ ગાયો અને બ્રાહ્મણોને માટે પોતાના પ્રાણને પણ છોડી દેતા હતા તેઓના હૃદયમાં ગોરક્ષા હશે.

ભારતભૂમિ—હે દયાગય ચિત્તવાળાં માતાજી! તે કાળતો ચાલ્યો ગયો કે જેમાં ક્ષત્રિયકુળકૈરવ વનના ચંદ્રરૂપ રાજાઓ પોતાનાં પ્રાણોનું અર્પણ કરીને પણ ગાયો અને બ્રાહ્મણોનાં પ્રાણનું રક્ષણ કરતા હતા. હમણાં તો વિષયવિષરસના આવેશથી પરવશ ચિત્તવાળા, ધન લવ લાભના લોભથી ન શોભતા અને વારાંગના વિલાસના લાલચુ તેઓ હાલમાં ગોરક્ષા ક્યાં છે? તે જીવેછે કે નથી જીવતી? એપણ ચિત્તમાં વિચારતા નથી.

સરસ્વતી—(બીજી તરફ જોઇને) વત્સે! આ વૈશ્યો છે. નિઃસીમ દયાના ઉદયમાં સમુદ્રરૂપ તેઓનો સર્વભૂતદયા અને સર્વ જીવ પ્રતિપાલન એ ધર્મ સર્વસ્વ છે. જો જો સ્વધર્મકર્મપરાયણ જેઓ—

વસંતતિલકા.

ઉચ્ચાર કાળ સમ નીકળનાર એવો,
નિઃશ્વાસનો પવન તેથી હલ્કર જીવો;
પામે ન નાશ ગન એમ વિચાર રાખે,
વસ્ત્રેથી ઢાંકો મુખ શબ્દ સમસ્ત ભાંખે

માટે હું જાણું છું કે તેઓનાં હૃદયોમાં નિઃશંક અહિંસા અને સર્વ ભૂતદયાની સાથે અતિ હિતરૂપ તે ગોરક્ષા હોવી જોઈએ.

ભારતભૂમિ—હે માતાજી! **पथिका नैव जानंति जानंति सहवासिनः ॥** "પથિકો કશું ન જાણે, જાણેછે સહવાસિઓ" એ લોકવાણી ખોટી નથી. જેથી આપ પૂજ્ય માતાજી પરિચયના અભાવથી તેઓને અહિંસાપરાયણ, સર્વભૂતદયાપરાયણ અને

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોરક્ષાપરાયણ માનોછો. પરંતુ—

અનુષ્ટુપ્.

તે વૈશ્યો અન્ય જેઓનાં, દયાથી પૂર્ણ ચિત્તથી ;
સર્વભૂતદયાસાથે, અહિંસા ખસતી નથી.

આ તો પશુપાલનવૃત્તિવાળાઓના વંશમાં જન્મેલા છતાં પણ પશુઓનું પાલન કરતા નથી પણ ઉલટું પરંપરાથી પશુઓને હણનારાઓ છે.

સરસ્વતી—(સખેદાશ્ચર્ય) તેઓ પશુપાળવૃત્તિવાળા છતાં પરંપરા-પશુઘ્ન કેવી રીતે છે ?

ભારતભૂમિ—દેવિ ! પશુઘ્ન લોકો તો સાક્ષાત્ પશુઓને હણેછે અને આ વૈશ્યો તો ગાયોને ચરવાનાં ગોચરો, ગાયોને બેસવાનાં સ્થાનકો અને ગાયોને પીવાનાં પાણીનાં તળાવોને ખેતરના લાભના લોભથી ખેડાવેછે તેથી ભૂખ અને તરસથી પ્રાણ છોડતાં પશુઓને પરંપરાથી તે વૈશ્યોજ હણનારા છે, એમ મારો નિશ્ચયછે.

સરસ્વતી—પુત્રિ ! ભૂમિના લોભવાળા તો રાજાઓછે, વૈશ્યો નથી. ત્યારે વૈશ્યોઉપર એ દોષ કેમ નાખેછે ?

ભારતભૂમિ—માતાજી ! તે રાજાઓને તેવા અતિ લોભ કલાકૌશલ્યના શિક્ષાગુરૂ તે વૈશ્યોજ છે, બીજા નથી.

સરસ્વતી—વત્સે ! જીવદયાપ્રતિપાલક તે વૈશ્યો પણ તેવું નીચ કર્માચરણ કેમ કરેછે ?

ભારતભૂમિ—હે જગજ્જનનિ ? પોતાના ઉદરપૂરણને માટેજ તેઓ આપણે રાજ્યના હિતૈષી છીએ એમ જાણી કેટલાંક ગોચરો, દેવને અપાયેલ ખેતરો અને તળાવોને ખેડાવી ખેડાવી આ વર્ષમાં અમે મોટી આવક વધારી આપીછે તથા ગાયો, બલદો, હાથી,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઘોડા ઇત્યાદિ પશુઓને આપેલ વજનથીજ ખડ આપીને આ વર્ષમાં ખર્ચ કમી કરેલ છે એવું કહીને રાજાઓનાં પ્રિયપણાંને સંપાદન કરેછે. હવે દેવિ! એ વિચારવું જોઇયે કે જેઓ પોતાનાં પેટ ભરવાગાટે ગાયોના ઉદરપૂરણનાં સાધનોને હરી લેવામાં તત્પર અંતઃકરણવાળા છે તેઓના અંતઃકરણમાં ગોરક્ષા કેમ નિવાસ કરે? (દીર્ઘ અને ઉષ્ણ નિઃશ્વાસ નાખીને)—

શાર્દૂલવિક્રીડિત.

માતા! બ્રાહ્મણનાં કુળો ફરિફરિ, જોયાં બધાં આદરે,
એ રીતે વળી સર્વ ક્ષત્રિયકુળો, પૂછ્યાં તપાસ્યાં અરે;
જોઇ વૈશ્યપરંપરા ઉદરને, પોતાતણું જે ભરે,
ગોરક્ષા નજરે પડી ન મુજને, આ પ્રાણ જાયે અરે.
(એમ કહી મૂર્ચ્છાથી પડી જાયછે.)

સરસ્વતી—વત્સે! ધીરજ રાખ ધીરજ રાખ. (એમ કહેતાં વસ્ત્રના છેડાથી પવન નાખતાં તેને સંજ્ઞા લાવી ઉઠાડેછે.)

ભારતભૂમિ—(સંજ્ઞા પામીને) હે માતાજી! શા માટે વારંવાર સંજ્ઞા-પ્રદાનથી દુઃસહ દુઃખના અનુભવવાળી મને કરોછો? સાંભળો.

શાર્દૂલવિક્રીડિત.

ગાયો કામદુધા સગસ્ત જગને, આનંદ કંદપ્રદા,
સત્સૌભાગ્ય સમૃદ્ધિદા પ્રતિદિને, સત્પુત્રસૌખ્યપ્રદા;
તેને જે નર સર્વદા હૃદયગાં, ઇચ્છા ધરે પીડવા,
તેનો ભાર સહી સ્વગસ્તકવિષે, ઇચ્છું નહિં જીવવા.
અરે હાય! શું ગોરક્ષા નાશ પામી? હે મા ગોરક્ષા કયાં છો કયાં છો મને ઉત્તર આપ, હા સગસ્ત જગત્ અને ભૂમંડલની રક્ષા કરનાર હે ગોરક્ષા! તારાવિના સંસાર શૂન્ય છે, દિશાઓ શૂન્ય

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છે અને મારૂં અંતઃકરણ પણ શૂન્ય છે. (એમ વિલાપ કરતી ફરીને પડેછે.)

સરસ્વતી--વત્સે ભારતભૂમિ! શું આવાં અત્યંત ખીકણ અંતઃકરણપણાંને ધારણ કરેછે?

વસંતતિલકા.

શું બ્રાહ્મણો ન જગમાં સહુ ધેનુભક્ત,
શું ક્ષત્રિયો પણ બધા નહિ ધેનુભક્ત;
શું વૈશ્ય સર્વ જગમાં નથી ધેનુભક્ત,
છે ધેનુભક્તિથકી આ પુર તો વિરક્ત.

અથવા આ શેહેરનો શો દોષ. શાસ્ત્રસંગ અને સત્સંગના અભાવનોજ આ દોષ છે જેથી આ શેહેરના નરો પણ વાનરોની પેઠે વિવેકહીન થઇને પોતાનાં અત્યાવશ્યક કૃત્યોને પણ ભૂલી જાયછે. આ આખાં ભારતવર્ષને ફરતાં મેં પ્રયાગ ઘણાં શેહેરો, રાજધાનીઓ, ગામો, નેહો, ખેટો (ખેડુઓના રહેઠાણ) અને ખર્વટો (પર્વતની તળેટીમાં વસેલાં ગામો) માં બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, પારસી લોકો, વધારે શું કહું? પવિત્ર ચરિત્રવાળા યવનો પણ ગાયોના પાલનપરાયણ અંતઃકરણવાળા જોયા હતા. માટે ચાલ બીજે સ્થળે જોઇએ. (એમ કહી ભારતભૂમિને હાથ પકડીને ઉઠાડેછે.)

ભારતભૂમિ--(ઉઠીને રૂદન કરતાં) હે માતા સરસ્વતિ!

राज्ञि धर्मिणि धर्मिष्ठाः पापे पापाः समे समाः ॥
प्रजास्तदनुवर्त्तंते यथा राजा तथा प्रजाः ॥

એ લોકવાણી ખોટી નથી જેથી ચારેકોર અસુરોના અવતારરૂપ, સન્માર્ગને ખોદવામાં તત્પર ભૂવર જેવા રાજાઓથી સર્વ નગરો સંકીર્ણ છે અને તેવા રાજાઓથી પાલન થતી પ્રજાઓનાં મન-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

માં ગોરક્ષાનો પ્રવેશ કેમજ સંભવે? માટે આ આપણું ફરવું વ્યર્થ છે એમ મને જણાયછે.

સરસ્વતી--વત્સે! "આર્યોએ વિપત્તિમાં ધીરજ રાખવી" એ રીતે પ્રાચીન બુદ્ધિવાનોએ કહેલું છે તો પુત્રીએ ધૈર્યનું અવલંબન કરીને રહેવું. જો જો અનેક દિશાઓના દેશમાં ફરતાં આપણે અત્યારે મથુરા નામની પુરી પાસે આવ્યાં છીએ, કે જે મથુરા પોતે અદ્વિતીયા છે તોપણ મોક્ષ આપનારી પુરીઓમાં દ્વિતીયા ગણાયછે માટે ચાલ આંહી પણ પુત્રી ગોરક્ષાને ગોતીએ.

ભારતભૂમિ--જેવી માતાજીની આજ્ઞા. (એમ કહી ચારેકોર ફરતાં છેટેથી જોઇને) હે માતાજી! મુખ ઉપર પરમઔદાસ્યનાં દાસ્યપણાંને વહન કરતા, વિષાદના આવેશની નૃત્યલીલાનાં મંદિરભૂત મનવાળા અને શોકાશ્રુના પાણીના પૂરથી પૂર્ણ નેત્રવાળા, ગાયોનાં ધણને આગળ કરીને જેઓએ સેંકડો ગાડાંઉપર અશેષ ધનો સરસામાન નાખેલ છે એવા આ કોણ આ તરફ આવેછે?

સરસ્વતી--પુત્રિ! ચાલ પ્રશ્ન કરીને સર્વ જાણીએ. (કાંઇક આગળ જઇને) હે ભદ્રમુખો, તમો કોણ છો, ક્યાં જાઓ છો અને તમો શા કારણથી મુખ ઉપર ઔદાસ્યને વહન કરોછો એ જાણવા અમે બન્ને પરદેશી ઇચ્છીએ છીએ માટે જો કહેવા યોગ્ય હોય તો કહો.

સર્વ પાંથો--હે દેવિ! યાદવરાજધાની (મથુરા)માં રહેનારા અમે સર્વ યાદવો છીએ અને અત્યારે મથુરા છોડીને બીજે ક્યાંક જવાને ઇચ્છીએ છીએ.

સરસ્વતી--આમ અકસ્માત્ પોતાની નિવાસનગરી છોડવાનું શું કારણ?

સર્વ પાંથો--તે સર્વ અમારામાંના આ વૃદ્ધયાદવ નિવેદન કરશે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સરસ્વતી—(વૃદ્ધયાદવ પાસે જઇને) હે આર્યવર્ય ! કેમ અકસ્માત્ પોતાના કુળની રાજધાની આ નગરીને છોડી તમોએ વિદેશ-પ્રયાણ અંગીકાર કરેલ છે?

વૃદ્ધયાદવ—હે ગહાસતી ! તમે બન્ને અતિ પુણ્યવાળાં અવર્ણ્ય લાવણ્યથી, અમૃતને ઝરતી વાણીથી અને નિષ્પ્રતિમ કાંતિથી કોણ દેવતા હો એમ મારા મનમાં જણાયછે માટે આપને જો કૌતુક હોય તો હું નિવેદન કરૂંછું તે સાંભળો. ગહારાજ ઉગ્રસેનનો શ્રેષ્ઠ ગુણવાળો જ્યેષ્ઠ પુત્ર કંસ છે.

સરસ્વતી—તે જાણવામાં છે. પછી ?

વૃદ્ધયાદવ—એક દિવસ તેને આકાશવાણીએ કહ્યું કે દેવકીનો આઠમો ગર્ભ તને મારશે.

સરસ્વતી—પછી ?

વૃદ્ધયાદવ—પછી કંસે દેવકીનો ચોટલો પકડી ખડ્ગથી મારવા માંડ્યું.

ભારતભૂમિ—હા ધિક્ ! પાપ આરંભ્યું.

સરસ્વતી—વત્સે ! ક્રૂર મનુષ્યો શું અકૃત્ય કરતા નથી ! પછી ?

વૃદ્ધયાદવ—પછી વસુદેવે પોતાના પુત્રો આપવાનું કબુલ કરીને મૃત્યુના મુખમાંથી દેવકીને છોડાવી.

સરસ્વતી—દીર્ઘદર્શી વસુદેવે દેવકીનાં પ્રાણરક્ષણનું સાધન બહુ સારૂં કર્યું. પછી ?

વૃદ્ધયાદવ—પછી સત્યપરિપાલનપરાયણ અંતઃકરણવાળા વસુદેવે પોતાનો પ્રથમ ઉત્પન્ન થયેલો કીર્ત્તિમાન નામનો પુત્ર કંસને આપ્યો.

ભારતભૂમિ—અહો ! વસુદેવે દુઃસહ પુત્રપરિત્યાગનો પરિતાપ સહન કર્યો.

સરસ્વતી—વત્સે ! સાધુ પુરૂષો સત્યનાં રક્ષણમાટે શું શું સહન કરતા

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નથી ? પછી ?

વૃદ્ધયાદવ—પછી કંસે પણ સત્યભંગભીરૂતાને જોઇ પ્રસન્નચિત્ત થઇ.

અનુષ્ટુપ્.

આ કુમાર લઇ જાઓ, તેનાથી ભય ના મને ;
તમારો આઠમો ગર્ભ, છે મૃત્યુરૂપ કંસને.

એમ કહી તે પુત્રને વસુદેવને પાછો આપી દીધો.

સરસ્વતી—તે સત્યનોજ પ્રભાવ. પછી ?

વૃદ્ધયાદવ—પછી એક દિવસ દર્શન દેવાને આવેલા નારદ મુનિને પૂજન કરી પ્રણામ કરીને કંસે પૂછ્યું કે હે ભગવન્ આકાશવાણીએ કહ્યું કે–'દેવકીનો આઠમો ગર્ભ તને મારશે' તો મારો ભાણેજ થઇને પણ મને મારશે તે વિષયમાં મને મોટી શંકા છે.

સરસ્વતી—પછી નારદે શું કહ્યું ?

વૃદ્ધયાદવ—નારદે કહ્યું કે–હે યાદવ કુલાવતંસ કંસ! તું પૂર્વે વિષ્ણુએ હણેલા "કાલનેમિ" નામના દાનવનો અવતાર છો અને દેવકીનો આઠમો પુત્ર વિષ્ણુજ થશે અને તે પૂર્વજન્મનું વૈર સંભારી તને મારશેજ. વળી આ યાદવો તથા નંદ આદિ ગોપાલો એ સર્વને દેવના અવતાર જાણજે. મનુષ્ય જાણીશ નહિ. એમ કહી નારદ આકાશમાર્ગે ચાલ્યા ગયા.

સરસ્વતી—પછી, પછી ?

વૃદ્ધયાદવ—પછી કંસે પોતાના અસુર આદિ સર્વ મિત્રોને નારદનું કહેલું સંભળાવ્યું. તેને સાંભળી તેઓએ "જો એમ હોય તો વિષ્ણુના મૂળને ઉખેડવા પ્રયત્ન કરીએ. ગાયો અને બ્રાહ્મણો એ વિષ્ણુનું મુખ્ય મૂળ છે માટે ગાયો તથા બ્રાહ્મણોને હમેશાં મારવા" એમ નિશ્ચય કરીને કંસની આજ્ઞાથી હિંસા કરવા માંડી.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભારતભૂમિ—માતાજી! "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" એ વાણી ખોટી નથી.

સરસ્વતી—વત્સે! એમજ છે.

વૃદ્ધયાદવ—જ્યાં ગાયો અને બ્રાહ્મણોની હિંસા થતી હોય ત્યાં ક્ષણએક પણ ન રહેવું એમ વિચારી અમે યાદવરાજધાની શ્રી મથુરા છોડી દીધી. આ મથુરા છોડવાનું કારણ ભગવતીને કહ્યું.

સરસ્વતી—આર્ય! તમારાં વચન સાંભળીને અમારૂં મન સંતુષ્ટ થયું છે, હજી લોકમાં ગોરક્ષા અને ગોભક્તિ છે એમ અનુમાન થાયછે.

વૃદ્ધયાદવ—યાદવો જીવતાં તે ક્ષય નહિ પામે.

સરસ્વતી—તેથીજ પ્રતિદિવસ યાદવોની અભિવૃદ્ધિ થાય એમ આશા રાખું છું. આર્ય! તમે હવે તમારા સાથની સાથે જે દેશાંતર જવા ઇચ્છા હોય ત્યાં જાઓ. અમે પણ મથુરા જોવા જઇએ છીએ.

વૃદ્ધયાદવ—જેવી દેવીની આજ્ઞા. (એમ કહી નિકળી જાયછે.)

સરસ્વતી—વત્સે ભારતભૂમિકે! ચાલ આપણે મથુરામાં પણ ગોરક્ષાને ગોતીએ. (એમ કહી ભારતભૂમિસાથે નિકળી જાયછે.)

(ત્યારપછી છપુત્રો અને દેવકીસહિત વસુદેવ પ્રવેશ કરેછે.)

વસુદેવ—(પાર્થિવેશ્વર ચિંતામણિની પૂજા અને અભિલાષાષ્ટક સ્તોત્રનો પાઠ કરીને) પ્રિયે! તમારી પાર્થિવેશ્વરપૂજા પૂર્ણ થઇછે કે નહિ?

દેવકી—પ્રાણનાથ! પાર્થિવેશ્વર અને અભિલાષાષ્ટક સ્તોત્રનો પાઠ પૂર્ણ થયોછે, હવે તો ગોપાલસંતાન મંત્રનો જપમાત્ર બાકી છે.

વસુદેવ—ત્યારે પણ તે જપજ બાકી છે માટે હું પણ તે મંત્રનો જપ કરૂંછું. (એમ કહી તે બન્ને આંખ વીંચીને મંત્ર જપેછે.)

દાસી—(પ્રવેશ કરી સ્વગત) અહો, આ બન્ને તો નેત્ર વીંચીને ધ્યાનમાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બેઠાં છે તે કાંઇ જોતાં કે બોલતાં નથી માટે કુમાર કીર્ત્તિમાનનેજ નિવેદન કરૂં (પ્રકાશ) કુમાર! ઘરાતલનાં કુતૂહલ જોવાને અવતરેલી કોઇ બે દેવતા હોય તેવી બે બ્રાહ્મણીઓ આપણા ઘરનાં આંગણાંને શોભાવેછે અને કહેછે કે–દેવી દેવકી સાથે સપરિવાર વસુદેવનેજ જોવા માટે અમે બે આવેલ છીએ. હવે જેવી કુમારની આજ્ઞા.

કીર્ત્તિમાન—અહો! મોટું ભાગ્ય. (એમ કહી ઉભા થઇ તુરતજ આંગણામાં જાય) હે માતાજી! હું કીર્ત્તિમાન પ્રણામ કરૂંછું.

બન્ને બ્રાહ્મણી—પુત્ર કીર્ત્તિમાન! દિગંત વિખ્યાત કીર્ત્તિવાળો થજે.

કીર્ત્તિમાન—હે માતાજી! ઘરની અંદર પણ અમારાં ઘરોને આપ આપના ચરણકમલરજના સ્પર્શથી પવિત્ર કરશો.

બન્ને બ્રાહ્મણી—વત્સ! બાલક છતાં પણ તારા વિનયથી સંતુષ્ટ છીએ. (એમ કહી ઘરની અંદર પ્રવેશ કરે છે.)

કીર્ત્તિમાન—(આસન નાખી આપીને) હે માતાજી! ક્ષણવાર આંહી બેસી અમારાં ઘરને કૃતાર્થ કરો. મંત્રજપ સંભામ થયા પછી મારાં માતપિતા આપની સંભાવના કરશે.

બન્ને બ્રાહ્મણી—જેમ વત્સ કહેછે. (એમ કહી બેસેછે.)

એક બ્રાહ્મણી—(ચારે તરફ જોઇને) અહો! બાલક છતાં પણ આ સર્વે (બાલકો) બાલ્યભાવસુલભા ચપલતાને છોડી દઇ પૂજાના ઉપસ્કરની સામગ્રી તૈયાર કરેછે.

બીજી—અગણ્ય પુણ્ય વિના આવાં પુત્રરત્નો મળતાં નથી.

પ્રથમા—(ફરી બીજી તરફ જોઇને) હે માતાજી! કામધેનુ જેવી આ ગાયને જોઇને પ્રમોદામૃતના પૂરમાં મારૂં મન નિમગ્ન થયુંછે

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કીર્ત્તિમાન—હે માતાજી! આ ગાય મારાં માતપિતાને પરદેવતાની પેઠે નિત્ય પૂજ્ય છે. જપની સમાપ્તિ કર્યાપછી તેઓ તેનું પૂજન કરશે.

બન્ને બ્રાહ્મણી—તેને જોઇને અમંદાનંદનો અનુભવ કરશું.

દેવકી વસુદેવ—(જપ સમાપ્ત થયે નેત્ર ઉઘાડીને અદૃષ્ટપૂર્વા બન્ને સ્ત્રીઓને જોઇ તુરત ઉભાં થઇ સરસ ચંદન, પુષ્પ અને અક્ષતથી પૂજા કરીને) હે માતાજી! આપ કોણ છો, ક્યાંથી પધારોછો અને આ દાસના ઉપર બન્ને ભગવતીની શી આજ્ઞા છે એ નિઃશંક થઇને ફરમાવો. (એમ કહી હાથ જોડી ઉભાં રહેછે.)

બન્ને બ્રાહ્મણી—હે વત્સ! અમે બન્ને પરદેશી છીએ નાના દિગ્દેશના દર્શન પ્રસંગથી આ યદુરાજધાની મથુરામાં આવ્યાં છીએ. અસંખ્ય પુણ્યવાળાં મનુષ્યોથી સંકીર્ણ પણ આ નગરીમાં ઘણા સુજ્ઞ અને બહુજ્ઞ પુરૂષો પાસેથી તમો બન્ને દંપતીની નિષ્પ્રતિમસત્યપાલનમાં પ્રીતિને, નિર્નિમિત્તા ધર્મશીલતાને અને અનન્ય સામાન્યા ભગવદ્ભક્તિને કાનેથી સાંભળી આ નેત્રોથી પણ સર્વ પ્રત્યક્ષ જોવાને આ તમારા મંદિરમાં આવેલ છીએ અને જેવું સાંભળ્યું હતું તેવું સર્વ જોઇ અમારાં અંતઃકરણમાં બહુ સંતોષ થયોછે.

વસુદેવ—(દેવકીને) પ્રિયે!—

અનુષ્ટુપ્.

આ મૂર્ત્તિધારિણી બ્રાહ્મી, સંપત્ સુખતણી ઝરી;
ક્ષમા મૂર્ત્તિમતી આ છે, નથી પાગર સુંદરી.

બન્ને બ્રાહ્મણી—(સાશ્ચર્યં સ્વગત) અહો! શું આપણને ઓળખ્યાં અથવા તેનાં વિવેકવચનો ધ્રુણાક્ષર ન્યાયથી લાગુ પડ્યાંછે? (પ્રકાશ) વત્સે દેવકી! તેં જે આ પાર્થિવેશ્વર પૂજન આદિ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સત્કૃત્ય કરાયછે તે કોના ઉપદેશથી અને કયા ઉદ્દેશથી કરાયછે તે જાણવાની અમને ઉત્કંઠા છે.

દેવકી—હે માતાજી! જોકે પોતે કરેલાં સુકૃતનું સંકીર્તન પોતેજ કરેલ હોય તો તે સુકૃતિઓનાં સુકૃતના ક્ષયનું કારણ થાયછે એમ સંભળાયછે તો પણ આપ જને ભગવતીની આજ્ઞાથી નિવેદન કરું-છું. કેમકે આપ જેવાં મહાસતીઓની આગળ નિરભિમાનપણાંથી નિવેદન કરેલ સુકૃત ક્ષીણપણાંને પામતું નથી પણ શ્રદ્ધા સંપત્થી વિશિષ્ટ શિષ્ટજનોએ કરેલાં અનુમોદનથી ઉત્પન્ન થયેલ અનન્ય સામાન્ય શ્રદ્ધાના અભ્યુદયથી પ્રતિદિવસ ઉદય પામતું તે સુકૃત અવધિ વિનાની અભિવૃદ્ધિનેજ પામેછે એમ હું માનુંછું.

બન્ને બ્રાહ્મણી—વત્સે! તારી સ્વભાવસિદ્ધ શ્રદ્ધાજ તારાં સુકૃતની અભિવૃદ્ધિ કરવાને જાગેછે માટે નિઃશંક થઇ નિવેદન કર.

દેવકી—હે ભગવતી! મારાં પાણિગ્રહણના મહોત્સવ સમયે આકાશ-વાણીએ કંસને કહ્યું કે "દેવકીનો આઠમો ગર્ભ તને મારશે."

બન્ને બ્રાહ્મણી—પછી પછી?

દેવકી—પછી તે આકાશવાણીને સાંભળી મને મારવાને તૈયાર થયેલા કંસથી મારા પ્રાણનાથે મારાં પ્રાણરક્ષણમાટે મારા પુત્રો આપ-વાનું અંગીકાર કરીને મૃત્યુના મુખમાંથી મને છોડાવી.

બન્ને બ્રાહ્મણી—તારા પતિનાં સૌજન્યને ધન્ય છે, પછી?

દેવકી—સત્પુત્રરત્નો તો દેવોને પણ દુર્લભ છે. તેવાં અમૂલ્ય પુત્રરત્નોને મારાં પ્રાણરક્ષણમાટે મારા પ્રાણનાથે મૃત્યુને આપવાની પ્રતિજ્ઞા કરી તે દાંપત્ય પ્રેમની પરિસીમા તે મહાભાગે પ્રકાશિત કરેલ છે પરંતુ મને ભંદભાગિનીને ધિક્કાર છે કે જે પ્રાણથી પણ અધિક રક્ષણકરવા યોગ્ય પુત્રોના પ્રાણને અર્પણ કરવાનું અંગીકાર કરીને

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જીવું છું. આ રીતે અનુતાપથી તપ્ત અંતઃકરણવાળીએ (મેં) કોઇ દિવસ કૃપા કરી ઘેર પધારેલા ભગવાન્ નારદ મુનિને પુછ્યું.

અન્ને બ્રાહ્મણી—પુત્રિ! તેં શું પુછ્યું?

દેવકી—હે ભગવન્! સત્પુત્રનું મુખદર્શન તો દેવોને પણ દુર્લભ છે એ વાત જગત્પ્રસિદ્ધ છે જેથી સત્પુત્રની પ્રાપ્તિ થાય અને પ્રાપ્ત થયેલ સત્પુત્રોનું સંરક્ષણ થાય તેવા કોઇ પણ સારા ઉપાયનો આ આપની પુત્રીને સદુપદેશ કરીને આ દીન આપની પુત્રીને કૃતાર્થ કરશો એમ આશા રાખું છું.

અન્ને બ્રાહ્મણી—ઠીક પુછ્યું, પછી?

દેવકી—હે માતાજી! મારી પ્રાર્થના સાંભળ્યા પછી તુરતજ "વત્સે સત્પુત્રને અર્પણ કરનાર, અને પ્રાપ્ત સત્પુત્રનું સંરક્ષણ કરનાર જગત્માં ત્રણ ઉત્તમ સાધન છે. ૧ હમેશાં શ્રી પાર્થિવેશ્વર ચિંતામણિનાં સમર્ચનપૂર્વક અભિલાષાષ્ટકનો પાઠ કરવો. ૨ હમેશાં શ્રી ગોપાલચિંતામણિના મંત્રનો સહસ્ત્ર જપ કરવો અને ૩ હમેશાં સકલ કામનાને આપનાર કામદુધાની પરમપ્રીતિથી પૂજા કરવી; આ ત્રણ સાધનમાંથી એક સાધન કરી જેની સર્વ ઇચ્છા પૂર્ણ થયેલી છે એવી તું સત્પુત્રરત્નવતી થઇશ." એમ કહી નારદ મુનિ આકાશમાર્ગે ચાલ્યા ગયા.

અન્નેબ્રાહ્મણી—વત્સે! ભગવાન્ નારદે ત્રણે લોકોત્તર સાધન બતાવ્યાં. પછી પછી?

દેવકી—સત્પુત્રપ્રાપ્તિમાં ઉત્સુક હોવાથી મેં તો વિશુદ્ધ શ્રદ્ધાથી ત્રણે સાધનો એક સાથેજ કરવા માંડ્યાં.

સરસ્વતી—તે પણ સારૂં કર્યું. પછી?

દેવકી—પછી તે ત્રણે સાધનરૂપ કલ્પવૃક્ષનાં આ સત્પુત્રરત્નરૂપ ફળો

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અમારાં સ્વાંતને સંતોષ ઉપજાવેછે.

સરસ્વતી—વત્સે! વિશુદ્ધ શ્રદ્ધાથી કરેલાં સુકૃતો કોઇ દિવસ નિષ્ફલ થતાં નથી.

દેવકી—હે માતાજી! એ રીતે નારદે ઉપદેશ કરેલાં ત્રણ સાધનોથી સત્પુત્રની પ્રાપ્તિ અને તેનું રક્ષણ થયું.

સરસ્વતી—તેમાં પણ નૃશંસ પુરૂષોના સમૂહમાં અવતંસરૂપ કંસથી રક્ષણ થયું તે વિશ્વને વિસ્મય કરે તેવો તે ત્રણે સાધનોનોજ મહિમા છે એ નિર્વિવાદ છે.

ભારતભૂમિ—વત્સે! તારો સમય વ્યતીત થાયછે માટે ગાયનું પૂજન કર. અમે પણ તે જોઇને જઇશું.

દેવકી—જેવી દેવીની આજ્ઞા (એમ કહી વસુદેવની સાથે ગાયની પૂજા કરેછે.)

દેવકી વસુદેવ—(ચંદન, અક્ષત અને પુષ્પોથી પૂજા કરી ફૂલની માળા અર્પણ કરી આરતી ઉતારી પ્રદક્ષિણા કરી હાથ જોડીને ગાયની પ્રાર્થના કરેછે.)

શાર્દૂલવિક્રીડિત.

માતઃ કામદુઘે સ્વભક્ત જનને સર્વાર્થ સિદ્ધિપ્રદે,
વારંવાર કરૂં તને નમન હું સત્પુત્રસૌખ્યપ્રદે;
આરાધી તુજનેજ વંધ સઘળા સત્પુત્રવાળા થયા,
રંકો રાજસમાન, અજ્ઞજન તે જ્ઞાની નથી શું થયા?

સરસ્વતી—વત્સે ભારતભૂમિકે! આ બન્નેનો ગોભક્તિમાં કેવો ઉદ્રેક (અતિશય) છે તેને જો.

ભારતભૂમિ—હે માતાજી! જેવી ભક્તિ છે તેવુંજ ફલ તે બન્નેએ અનુભવાયછે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(વળી દેવકી વસુદેવ પ્રાર્થના કરેછે.)

શાર્દૂલવિક્રીડિત.

શું કલ્પદ્રુમનાં વનેથી અથવા ચિંતામણીના ગણે,
કિંવા સ્પર્શમણિથી આ જગતમાં કલ્યાણ કોનું બને ;
જેને તું જનનિ પ્રસાદસુમુખી પુણ્યે અગણ્યે થશે,
તેના મંદિરમાં સદૈવ સઘળાં કલ્પદ્રુમાદિ હશે.

વળી પણ

પીને શ્રી યમુનાતણું જલ સખા વૈડૂર્યકાંતિતણું,
ખાઈ નીલમણીસમાન ખડને, આનંદથી ત્યાં ઘણું ;
કાંઠાના વનને પવિત્ર પદના, સંચારથી ત્યાં કરી,
સાંજે તો સુખ આપશો નયનને, એ પ્રાર્થના માહરી.

દેવકી— (જમણી આંખ ફરકવાથી.)

દ્રુતવિલંબિત.

કનકનૂપુર બે પગમાં ધરી, કનક સાંકળ કંઠ વિષે ધરી;
નયન હર્ષ કરી મુજને ફરી, તુરત ધેનુ ગળો મુદથી ભરી.

નાથ ! અત્યારે આ કામદુઘાને વનમાં મોકલવા મારૂં મન માનતું નથી.

વસુદેવ—પ્રિયે ! ગાયોને વનમાં સ્વેચ્છાસંચાર જેવી પુષ્ટિને કરેછે તેવી પુષ્ટિ ઘરમાં રહેવાથી તેઓને કદી થઇ શકતી નથી માટે તેને વનમાં મોકલવીજ જોઇએ.

દેવકી—જેવી પ્રાણનાથની આજ્ઞા. (એમ કહી ચારૂમતિને બોલાવેછે.)

ચારૂમતિ—(પ્રવેશ કરીને) હે માતાજી ! હું હાજર છું, શી આજ્ઞા છે ?

દેવકી—આ ગાયને યમુના નદીના કાંહામાં વૃક્ષોની છાયામાં મુકીને તુરત આંહી આવવું. (એમ કહી સોનાની સાંકળ તેના હાથમાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આપેછે.)

ચારૂમતિ—ચાલ કાગડુધે! ચાલ. (એમ કહેતાં ધીરેધીરે તેને લઇ જાયછે.)

દેવકી—"કનકનૂપુર બે પગમાં ધરી" (એ શ્લોક ભણતાં અને આંખ-માંથી અશ્રુ પાડતાં બન્ને દેવી (સરસ્વતી અને ભારતભૂમિ) ની પાસે ઉભી રહેછે.)

સરસ્વતી—વત્સે દેવકી! આમ ઉદાસ કેમ થઇ જાયછે?

દેવકી—હે માતાજી! હું નથી જાણતી કે શા કારણથી મારૂં મન ઉદાસ થાયછે. પણ ગાયને વનમાં મોકલી તે ક્ષણથીજ મારી જમણી આંખ ફરકેછે તે એમ જણાવેછે કે કાંઇ અનિષ્ટ જેવું આવશે.

ભારતભૂમિ—પુત્રિ! કાંઇ ચિંતા ન કર. ગોપાલજ તારી ગાયને પાલન કરવામાં પ્રણથી થશે.

ચારૂમતિ—(ઉદ્વેગસહિત પ્રવેશ કરીને) હા! મહારાજ (કંસ) ના અનુચર વૃકાનુજ તથા બકાનુજ મારા હાથમાંથી સોનાની સાંકળ છોડાવીને ભૂમિતલની કામધેનુરૂપ આપણી ગાયને બળાત્કારથી લઇ જાયછે માટે તુરત દોડો, દોડો.

વસુદેવ—(સાંભળીને) અરે ધિક્કાર છે, કોણ મારી ગાયને હાથથી પણ સ્પર્શ કરવા શક્તિમાન છે? (એમ કહેતાં ખડ્ગસહિત નીકળી જાયછે.)

દેવકી—હા! મારી ગાયને કંસના અનુચર બે અસુર બળાત્કારથી લઇ જાયછે! હાહંત, મારા અપશુકને ફળ બતાવ્યું. હવે હું શું કરીશ! અથવા મારા પ્રાણનું અર્પણ કરીને પણ ગાયને છોડાવીશ. હે માતાજી! મને આજ્ઞા આપો, હું હવે પ્રાણનો અદ્વેષાદ્વેષ કરવા જાઉંછું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સરસ્વતી—અમે પણ તારી સાથેજ આવીશું. (એમ કહી સર્વે નિકળી જાય છે.)

પ્રથમ અંક સમાપ્ત.

श्री प्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडूभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्रद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निमातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरं ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોપાલચિંતામણિ નાટક.

અંક બીજો.

(પરિવારસહિત કંસ પ્રવેશ કરેછે.)

કંસ—હે પ્રધાનવર્ય કેશી! તમો સર્વેએ આજસુધી વિષ્ણુના મૂળને ઉખેડવામાટે શું શું કરેલ છે?

કેશી—મહારાજ! દરેક શહેર, દરેક રાજધાની, દરેક ગામ, દરેક નેસ, દરેક ખેટ અને દરેક ખર્વટમાં દેવોને જીતનારા અસુરોને મોકલ્યા-છે. તેઓ પ્રતિદિવસ પોતાના ગુણગૌરવથી કામધેનુની તુલના કરવા યોગ્ય ગાયોને અને શાંત, દાંત સ્વાંતવાળા બ્રહ્મવેત્તા બ્રાહ્મણોને ત્રાસ ઉપજાવેછે, તાડન કરેછે અને મારી નાખેછે.

કંસ—પ્રધાનવર્ય! બહુ સારૂં, તમારા જેવા કારભારીવિના અમારૂં આવું હિત કોણ કરી શકે?

કેશી—આ સર્વ મહિમા મહારાજનોજ છે, વળી મારી બુદ્ધિને અનુસાર બીજું પણ કરેલ છે.

કંસ—તે શું?

કેશી—ગાયોને ચરવાનાં સ્થલો, ગાયોને પાણી પીવાનાં તળાવો અને ગાયોને બેસવાનાં સ્થળો ખોદાવી નાખ્યાંછે. તેઓને છાંયો આપ-નારાં વૃક્ષો મૂળથીજ ઉખેડી નાખ્યાંછે. પાઠશાળાઓ, ધર્મશાળાઓ અને ગૌશળાઓ પડાવી નાખીછે વળી વેદવિરૂદ્ધ વિચારમાં વિચ-રતાં ચિત્તવાળા પાખંડમાર્ગના મોટા પંડિતોના સમૂહને બોલાવી-ને તેઓના ઉપદેશની પરંપરાથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોની બેદરકાં, વેદધર્મમાં અને દેવમાં શ્રદ્ધાને શિથિલ કરી નાખીછે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—(સંતોષ પામીને) હે કેશિન્! આ પણ વિષ્ણુના મૂળમૂત ગાયો અને બ્રાહ્મણોના વિનાશનો બીજો પ્રકાર છે તેથી બહુ ઠીક કર્યું. પછી ?

કેશી—તેથી હું એમ માનું છું કે–થોડા દિવસમાં આપના શત્રુ મહા-વિષ્ણુનું મૂળ ઉખડી જશે.

કંસ—(સહર્ષ) પ્રધાનવર્ય! અત્યારે અકુંઠિત રીતે પ્રસાર કરતી તમારી મતિથી આપણે બન્ને જીવતા રહ્યા.

(નેપથ્યમાં)

હાય માર્યા, માર્યા, મુઆ, મુઆ હાય ક્યાં જાઉં શું કરું!

કંસ—(ઉદ્વેગસહિત સ્વગત) કોણ આ અપશુકનનો પ્રલાપ કરેછે? (પ્રકાશ) અરે કોણ એ ખરાબ વચનો બોલેછે? (એમ કહેતાં ખડ્ગ ઉપાડી ઉભો થાયછે.)

દુર્મુખ—(પ્રવેશ કરીને) શું મહારાજ આંહીજ બેઠા છે, તેમને સર્વ વૃત્તાંત નિવેદન કરૂં. મહારાજ મર્યા, મર્યા, માર્યા, માર્યા.

કંસ—(સરોષ) મૂર્ખ! કોણે માર્યા અને કોણ મર્યા તે સ્પષ્ટ જણાવ.

દુર્મુખ— આપે કહેલા બન્ને વાસુદેવે માર્યા અને મર્યા.

કંસ—(વિશેષ કોપના આવેશથી) ધિક્કાર છે, અરે મૂર્ખ! આ શું બકેછે? કોણ વાસુદેવ અને તેણે મારા કહેલા કયા બેને માર્યા તે સ્પષ્ટ કહે.

દુર્મુખ—(ક્ષણ વાર વિચાર કરી) મહારાજ! ક્ષમા કરો. વસુદેવે કહે-વાને બદલે ભયથી વાસુદેવે એમ મેં કહેલ છે.

કંસ—ઠીક વસુદેવે કયા બેને માર્યા અને મારા કહેલા કયા બે મર્યા તે જલદી કહે.

દુર્મુખ—ક્ષણ વાર વિસામો લઇ કહું છું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—તેમ કર. હું સાંભળવાને આતુર છું.

દુર્મુખ—આપના જાણવામાં છે કે—" હે પુત્રો ! કામધેનુના જેવી જે ગાયને દેવકી હમેશાં પૂજેછે તેનું તમારે અપહરણ કરવું " એમ આપે કહેલા વૃકાનુજ અને બકાનુજ તેનું અપહરણ કરવાને પ્રયત્ન-પરંપરામાં પરાયણ થયા હતા.

કંસ—એ વાત જાણવામાં છે. પછી ?

દુર્મુખ—આજ સુધી તે વિષયમાં તેઓની સઘળી પ્રયત્નપરંપરા નિષ્ફળ હતી એ પણ દેવના જાણવામાં છે

કંસ—હા જાણવામાં છે. પછી ?

દુર્મુખ—આજ સવારે દેવકીએ પૂજન કરીને છોડેલી અને સોનાની સાંકળથી બાંધેલ તે ગાયને યમુનાને કાંઠે લઇ જતી દેવકીની દાસી ચારૂમતિને તેઓએ દીઠી.

કંસ—પછી પછી ?

દુર્મુખ—પછી તેઓ બલાત્કારથી ચારૂમતિના હાથમાંથી છોડાવી લીધેલી તે ગાયને ગોવ્રજસ્થાનમાં લઇ ગયા.

કંસ—ઘણે કાળે પોતાના સ્વામીની ઇચ્છા પૂર્ણ કરવામાંજ એક ધ્યાન આપનાર તે બન્નેએ સ્વામિની ઇચ્છા પૂર્ણ કરી. પછી પછી ?

દુર્મુખ—પછી છાતી કુટતાં ચારૂમતિએ વૃત્તાંત જણાવવાથી વસુદેવે ક્રોધથી તેજ ક્ષણે આવીને એકજ ખડ્ગના પ્રહારથી વૃકાનુજ બકાનુજને યમને ઘેર મોકલ્યા અને પોતાની ગાયને એક પણ અંગમાં ક્ષત થયા વગર પોતાને ઘેર લઇ ગયા. એપ્રમાણે પોતાની ગાયને હરકત કરવાના અપરાધથી ક્રોધ કરીને વસુદેવે માર્યા અને વૃકાનુજ બકાનુજ એ બે મર્યા એ દેવને નિવેદન કરવાનેજ હું આવેલ છું. હવે જેવી દેવની આજ્ઞા.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—(રોષ અને શોકના આવેશસહિત) હા પુત્રો! તમારી પણ આવી દશા થઇ. ધિક્કાર છે, અરે કૃતઘ્ન વસુદેવ! તને ધિક્કાર છે.

કેશી—મહારાજ! વત્સ વૃકાતુજ અને બકાતુજનું મરણ સાંભળીને મારૂં હૃદય ક્રૂજેછે. યદુવંશનો કદી વિશ્વાસ કરવો યોગ્ય નથી. પ્રથમજ મહર્ષિ નારદે કહેલું છે કે સર્વે યદુકુળમાં ઉત્પન્ન થયેલા, દેવના અવતારોજ છે, મનુષ્ય નથી. વસુદેવ પણ તે વંશમાં ઉત્પન્ન થવાથી દેવાંશથી થયેલો અને વિષ્ણુપક્ષપાતી છે એ આપે નિઃશંકજ જાણવું

કંસ—(ખેદસહિત) જેમ અમાત્ય કહેછે તેમજ છે. મેં કલ્પતરૂની બુદ્ધિથી વિષવૃક્ષનું પોષણ કર્યું જે વસુદેવને પોતાનો સંબંધી ગણી રક્ષણ કર્યું.

કેશી—થઈ ગયેલી વાતનો ખેદ કરવાથી શું ફળ છે. પણ હવે પછી યાદવોમાં પ્રિયસુહૃદ્બુદ્ધિ કરવીજ નહિ.

કંસ—પોતાના પ્રમાદનું ફલ ભોગવ્યા પછી ફરીને કેમ પ્રમાદ કરીશ?

કેશી—દુર્મુખ! જા પોતાના કામ ઉપર હાજર થા.

દુર્મુખ—જેવી અમાત્યની આજ્ઞા. (એમ કહી જાયછે.)

કંસ—હે કેશી! વૃકાતુજ અને બકાતુજનો વસુદેવે કરેલો વધ મહા-વ્યાધિની પેઠે પ્રતિક્ષણ મારાં સર્વ મર્મોને ભેદી નાખેછે તેથી હવે—

અનુષ્ટુપ્.

લીધા વિના મને આજ, દુર્મતિ વસુદેવથી;
પ્રાણથી પ્રિય ધેનુ કે, પ્રજાને સુખ તો નથી.

માટે ચાલો વસુદેવના નિવાસમાંજ તુરત જઈએ.

કેશી—જેવી મહારાજની આજ્ઞા. પધારો આ તરફ. (એમ કહી કેશી અને કંસ નિકળી જાયછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(ત્યાર પછી પરિવારસહિત વસુદેવ અને ભારતભૂમિ તથા સરસ્વતી પ્રવેશ કરેછે.)

સરસ્વતી—વત્સ વસુદેવ! પુત્રિ દેવકિ! કામધેનુજેવી આ ગાયના લાભથી બહુ સારૂં થયું.

ભારતભૂમિ—કાળ અને મૃત્યુના મુખમાંથીજ આ ગાયને પુત્રે બચાવીછે એમ હું માનુંછું.

વસુદેવ—આ સર્વ પ્રતાપ આપ બન્ને ભગવતીનોજ છે એમ મારૂં માનવું છે.

દેવકી—હે માતાજી! વધસ્થાનમાં ગયેલી આ ગાયનું પાછું આવવું તે આપ બન્ને ભગવતીના આશીર્વાદથીજ થયુંછે એ નિર્વિવાદ છે.

અનુષ્ટુપ્.

થયું સફલ આ આજ, જન્મ જીવિત માહરૂં ;
પ્રાણુસર્વસ્વ આ ધેનુ, તણાં રક્ષણથી ખરૂં.

(એમ કહી નેત્રમાંથી અશ્રુ પાડેછે.)

કીર્ત્તિમાન—હે માતાજી! આ મારાં માતુશ્રી અત્યંત ભીરૂ સ્વભાવનાં અને મારા પૂજ્ય પિતાશ્રીની નિઃસીમતમ ગોભક્તિભાવમાં પણ અનભિજ્ઞ છે. પરંતુ મારા પૂજ્ય પિતાશ્રી તો,

અનુષ્ટુપ્.

મને, અનુજ સર્વેને, પોતાના પ્રાણને અરે ;
આપી સર્વસ્વ, વા, ભેદ, ગોરક્ષાર્થે નહીં કરે.

સરસ્વતી—વત્સ! તે તો અશક્તનો માર્ગ છે. પરંતુ તારા પિતા તો કાળ, મૃત્યુ અને યમથી પણ ગાયને છોડાવવા શક્તિમાન્ છે ત્યારે બિચારા વૃકાનુજ બકાનુજની તો શું જ વાત કરવી? અમે અગારી આ આંખોથી જોયું કે,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શાર્દૂલવિક્રીડિત.

ધેનુને પકડી જતાં વધ થવા, ગાટે વધસ્થાનગાં,
મ્યાનેથી તલવાર બાર નિકળી, જ્યાં દૈત્યની રાનગાં;
ત્યાંતો આ તુજ તાતની, અસિતણા પ્રૌઢ પ્રહારે કરી,
તેના પ્રાણ અરે બહાર નિકલ્યે, બન્ને ગયા તે મરી.

કીર્ત્તિમાન—માતાજી! મારો કહેલો માર્ગ પણ કેવળ અશક્તનોજ નથી. પરંતુ કદાચિત્ સત્ય પાલવા રૂપ પાશથી બધાયેલા શક્તિવાળાને પણ અવશ્ય અનુસરવો પડેછે.

ભારતભૂમિ—વત્સ! આ તમારૂં બોલવું યથાર્થ છે. વસુદેવજેવા પિતાથી ઉત્પન્ન થયેલો આવા વિચારોમાં વિચરતાં ચિત્તવાળોજ હોય.

દેવકી—હે દેવિ! હજી મારૂં હૃદય કંપેછે કે બકાનુજ અને વૃકાનુજનાં પ્રાણનો નાશ થયો એ વાત શ્રવણ થયા પછી કંસ શું કરશે?

અન્નેદેવિ—પુત્રિ! કાંઇ પણ ભય પામીશ નહિ. આખાં જગત્નું કલ્યાણ કરનારી ગોભક્તિ તારૂં કલ્યાણ કરવાને જાગતીજ છે.

કીર્ત્તિમાન—(જરાહસીને) માતાજી! આગ પાગરથી પણ શું ભય રાખોછો?

અનુષ્ટુપ્.

આવો ભલે કંસ પોતે, કેશી વા યુક્ત કંસથી;
અઙ્ગગાત્ર સહાયેથી, હું જરા ડરતો નથી.

દેવકી—પુત્ર! હું મારાં પ્રાણરક્ષણ માટે ભય પામતી નથી, પરંતુ તારા પિતાએ વૃકાનુજ બકાનુજને મારીને પણ જે ગાયોની રક્ષા કરી છે તેને જો કંસ કે કેશી અપહરણ કરશે તો આપણા સર્વનું જન્મ અને જીવિત નિષ્ફલ થશે એમ હું ભય પામું છું.

કીર્ત્તિમાન—કેમ અમો જીવતાં છતાં એમ થવા સંભવ છે? માટે હે

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

માતાજી! તે વિષયમાં આપે કશી ચિંતા ન કરવી.

અનુષ્ટુપ્.

આવશે કંસ કે કેશી, ગોદ્વેષી અન્ય કોયને ;
પ્રાણને પણ આપીશું, પ્રાણાધિક ન ગાયને.

(નેપથ્યમાં)

અરે કોણ છે. કમાડ ઉઘાડો. મહારાજ કંસ મહાગાલ કેશીની સાથે પધારીને આ ઘરનાં આંગણાંને શોભાવેછે.

દેવકી—(ભય પામીને) હે દેવી! જે શંકા થતી હતી તેજ ભય આવીને ઉભો રહ્યો. હવે શું થશે?

બન્ને દેવી—પુત્રિ! વિકૂલ ન થા. તારી નિષ્પ્રતિમ ગોભાકૃતને જોઇને ગોપાલચિંતાગણિજ તારી સહાયતા કરશે.

વસુદેવ—(ધીરજસહિત ઉઠી કમાડ ઉઘાડીને) અહો! મહારાજ પોતેજ અમારાં ઘરનાં આંગણાંને શોભાવેછે. આજ મારો સારો દિવસ છે. પધારો પધારો મહારાજ!

કેશી—(સ્વગત) આજ મારો નઠારો દિવસ છે એમ કહેવું જોઇયે. (પ્રકાશ) આર્ય! ખોટી વાણીની મધુરતાથી મહારાજ ખેદ પામેછે.

વસુદેવ—તમારા જેવા પાપી કારભારીઓ સર્વત્ર પાપનેજ દેખેછે. આ મારા બોલવામાં ખોટું વાણીનું માધુર્ય શું છે?

કંસ—શામાટે અમાત્યઉપર પણ આમ કોપ કરોછો?

અનુષ્ટુપ્.

વિત્તાશા ધાતુવાદોમાં, મોક્ષાશા કૈલવે થવી;
જગાદમાં પુત્ર આશા, તે ત્રણે વ્યર્થ જાણવી.

આ લોકવાણી ખોટી નથી. અમારા પિતાએ પુત્રની બરાબર લાલનપાલન અને પોષણ કરેલા તમે અમારૂંજ અકલ્યાણ ઇચ્છો-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

છો અને મુખથી કાનને સુખ આપે તેવી વાણી બોલોછો એજ બોટું વાણીનું માધુર્ય.

વસુદેવ—મેં કયારે અને શું મહારાજનું અકલ્યાણ ઇચ્છયું તે બાલ્યાવસ્થાથી આજસુધી પણ મને સ્મરણમાં આવતુ નથી તેથી આપજ તે જણાવશો.

કંસ—જણાવું છું.

વસુદેવ—સાંભળું છું.

કંસ—ગાયો, બ્રાહ્મણો અને વેદ એ ભગવાન્ મહાવિષ્ણુનું મૂળ ખરૂં કે નહિ ?

વસુદેવ—" નહિ " એમ કોણ કહેછે ? તેઓ મહાવિષ્ણુનું મૂળજ છે.

કંસ—જે જે વિષ્ણુનાં મૂળભૂત છે તે તે મારાં અકલ્યાણ કરનાર છે.

વસુદેવ—(આશ્ચર્યના આવેશસહિત) હે ભદ્રમુખ! આ તમને શી ભ્રાંતિ થઇછે ? સર્વ લોકનું કલ્યાણ કરનાર ગાયો, બ્રાહ્મણો અને વેદો તમારૂં અકલ્યાણ કરનાર કેમજ હોય ?

કંસ—વિષ્ણુના મૂળભૂત છે માટેજ. વિષ્ણુ એ મારો પૂર્વજન્મનો વૈરી છે તેથી તેનાં મૂળને ઉખેડવામાટે પ્રવૃત્ત થયેલા અમોને તેનાં મૂળની રક્ષા કરનાર સર્વ માણસ અકલ્યાણ કરનારજ છે.

વસુદેવ—કંસ ! કંસ ! ! આ શો તમારો મતિ વિપર્યાસ ? ગાયો અને બ્રાહ્મણોનું પ્રતિપાલન કરવામાં પરાયણ અંતઃકરણવાળાં યદુકુળો છે એમ જગત્પ્રસિદ્ધજ છે. તેવાં ઉજ્વલ કુળરૂપ સુધાસમુદ્રના સુધાકર (ચંદ્ર) રૂપ તમને આવી ઉલ્વણ વાણીરૂપ વિષનું વર્ષવું એ ઘટતું નથી. વળી તમે જાણોછો કે—

અનુષ્ટુપ્.

સર્વ કલ્યાણ દેનારી, સર્વ દેવોતણું ઘર ;

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વળી ગાયોને પીડતો પાપી, મરે કો નહિ સત્વર.
ગતાયુ વૈદ્યને નિંદે, ગણુકોને ગતશ્રિયો ;
કરે બ્રાહ્મણનો દ્વેષ, ગતઆયુ ગતશ્રિયો.

આ રીતે ભગવાન્‌નું કહેલું તમારા સ્મરણમાં નથી આવતું ?

કેશી—યદુકુળમાં ઉત્પન્ન થયેલાઓને એ બધું ભગવાન્‌નાં વચન વિગેરે માન્ય છે પરંતુ કાળનેમિના નવાવતાર મહારાજને માન્ય નથી. કંસકે તેના તો વિષ્ણુ એ વૈરી છે.

વસુદેવ—હા ! હંત ! દયાસિંધુ વિશ્વબંધુ વિષ્ણુઉપર પણ વૈરીબુદ્ધિ અથવા તમારા જેવા અમાત્યની ગતિને અનુસાર વર્ત્તનારા રાજાઓના ગતિવિપર્યાસમાં શું આશ્ચર્ય ! ઘણુંકરીને રાજાઓના તો પાપપ્રધાન પ્રધાનોજ પહેલા વૈરી છે, બીજા કોઇ નથી. જેઓના સંગથી મંદગતિવાળા અને મંદભાગ્ય રાજાઓ હિતને અહિત અને અહિતને હિત, સત્યને અસત્ય અને અસત્યને સત્ય, પથ્યને અપથ્ય અને અપથ્યને પથ્ય, કૃત્યને અકૃત્ય અને અકૃત્યને કૃત્ય, હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય અને વિષને અમૃત અને અમૃતને વિષરૂપ માનેછે. એ રીતે અનર્થને અર્થ બતાવનારા તમસરખા અધમ પ્રધાનોનું નથી આ લોકમાં કલ્યાણ થતું, કે નથી પરલોકમાં કલ્યાણ થતું, કેવળ લોકના ધિક્કારથી બળતા તેઓ આ લોકમાં અકલ્યાણપરંપરાનો અનુભવ કરી કરીને પરલોકમાં કલ્પસુધી અત્યંત નરકની પીડાની પરંપરાનો અનુભવ કરેછે.

કેશી—(સ્વગત) મહારાજનાં અંતઃકરણને આ ક્ષણવારમાં આર્દ્ર કરશે. (પ્રકાશ) હે વસુદેવ ! પોતાના સ્વામીનું પ્રિય અને હિત પોતાના પ્રાણ આપીને પણ કરવું એ સારા કારભારીઓ અને સારા નોકરોનો સનાતન ધર્મ છે તેથી અમારા ધર્મને અનુસાર મહારા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જના મહા વૈરી વિષ્ણુમાં વિદ્વેષ અને મહાવિષ્ણુનાં મૂળભૂત ગાયો તથા બ્રાહ્મણોનું ઉન્મૂલન કરવામાં અમારો શો દોષ છે ?

વસુદેવ—(સરોષ) અરે મૂઢ ! તને ધિક્કાર છે. પોતાની મૂઢગતિથી મહારાજનુંજ અપ્રિય અને અહિત કરેછે. અથવા તારો શો દોષ? મહારાજનીજ એ મૂઢતા છે કે, જેથી તું સરખા મૂઢ બુદ્ધિવાળા સાથે પોતાના હિતમાટે વિચાર કરેછે અને તારા જેવાનાં ઉપદેશ-વચનોને સાંભળેછે તથા તુંસરખા અધમમાં પણ અધમતમ પ્રધાનોની મતિએ શીઘ્રેણા કનિષ્ઠ ગાર્ગને પણ અનુસરેછે.

કંસ—(સરોષ) બહુ બોલવાની કલ્પના બંધ કરો, બંધ કરો. હું નથી કોઇ પ્રધાનની કે નથી કોઇ બીજાની સલાહથી કાંઇ પણ કરતો, ત્યારે વ્યર્થ પ્રધાનને શામાટે ઠપકો આપોછો ?

વસુદેવ—અહો ભોજરાજ ! હૃદયચક્ષુને ઉઘાડીને કાંઇક જુઓ, જુઓ, શું ક્યાંય ગાયો અને બ્રાહ્મણોની હિંસા હિતકારી સાંભળી કે દીઠી છે ? ? ? વળી ચૌદભુવનના બંધુ દયાસિંધુ મહાવિષ્ણુમાં વિદ્વેષના લેશનો આવેશ પણ કલ્યાણકારી સાંભલ્યો કે દીઠો છે ? ? ? હા ! તમારી હિતાહિત જોવાની કુશળતા ક્યાં ગઇ, ક્યાં સંતાયું તમારું ચાતુર્ય અને ક્યાં ગુમ થયું તમારું નિગમાગમને અનુસરવાપણું? શું ત્રિભુવનને વંદવા યોગ્ય ગાયોનો પણ મહિમા જાણતા નથી ? હે રાજા ! સાંભળો.

અનુષ્ટુપ્.

યજ્ઞનું ફળ છે ગાયો, રહ્યાછે યજ્ઞ ગાયમાં ;
ગાયો ભવિષ્યને ભૂત, રહ્યુંછે સર્વ ગાયમાં.
ગાયો પ્રજાને પાળેછે, પોતાના દૂધ ઘીવડે ;
થાય છે ખેડ પૃથ્વીમાં, તેઓના તનયોવડે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેથી વિવિધ જાતિનાં, ધાન્યને બીજ થાયછે ;
બનેછે યજ્ઞ તેનાથી, હવ્ય ને કવ્ય થાયછે.
વેદો દેવો અને તીર્થો, યજ્ઞોને અર્હુવો સદા ;
રહેછે ધેનુ અંગોમાં, તેથી તે મંગળપ્રદા.

આ પ્રમાણે પ્રાચીન પંડિતો કહેછે તેથી તે ગાયો પ્રતિદિવસ પોષવા યોગ્ય પૂજ્ય અને નમન કરવા યોગ્ય છે.

કંસ—ભલે પ્રાચીન પ્રજ્ઞાવંતો તેમ કહો. મારે તે વચનો પ્રમાણ નથી. તમને ગાયો મંગળપ્રદા છે પરંતુ અમોને તે વિષ્ણુનાં મૂળભૂત હોવાથી અમંગળપ્રદાજ છે તેથી તેઓને હણવાને અમે ઇચ્છીએ છીએ.

વસુદેવ—હા હંત! આ તમારો અતિભૂમિકાએ પોહોંચેલો મતિમોહ શો છે ?

શાર્દૂલવિક્રીડિત.

ગાયો કામદુધા સમસ્ત જગને શાસ્ત્રે કહેલું અરે,
આ ભૂમંડલ સર્વ જેથી સમજો શોભા વિશેષે ધરે ;
જે છે દૈવત આપણું યદુતણા વંશે થયેલાતણું,
હા હા મંગલ મૂર્તિ તેજ, હણવા ઇચ્છે નઠારૂં ઘણું.

કંસ—(સરોષ) ઉપદેશ દેવાની ચતુરાઇને બંધ કર.

અનુષ્ટુપ્.

આપ તું ગાયને શીઘ્ર, પોતાનું શ્રેય જો ચહે;

દેવકી—(સ્વગત) હા! હવે પછી શું થશે. ?

સરસ્વતી—પુત્રિ! ક્રૂર અંતઃકરણવાળા શું નથી કરતા ?

ભારતભૂમિ—માતાજી! એમજ છે.

વસુદેવ (કોપના આડંબરસહિત)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અનુષ્ટુપ્.

નથી હું આપતો કંસ, કરી લે મન જે ચહે.

(એમ કહી ખડ્ગને ગ્રહણ કરેછે.)

કંસ—(સભય સ્વગત) હંત ! આનો કોપ તો અત્યારે અતિભૂમિકાએ પોહોંચ્યોછે, અસ્તુ. ક્ષણવાર વિલંબ કરીને સમયોચિત કરીશ. (પ્રકાશ કેશીતરફ જોઇને) હે કેશી ! જો જો આ વસુદેવનો સુહૃદ્ધર્મ. જે પોતે અપરાધી છે પણ આપણ નિરપરાધીઓઉપર પણ કારણ વિના કોપેછે.

કેશી—(કંસના કાનમાં) એમ એમ.

કંસ—વસુદેવ ! "પુત્રો આપીશ હું આના, જેથી છે ભય તુજને" એમ જે તમે કહેલ છે તે ખરૂં છે કે ખોટું ?

વસુદેવ—તે ખરૂંજ છે.

કંસ—

અનુષ્ટુપ્.

ગાયને દે વિનાવાદે, ત્યારે જો શ્રેય ઇચ્છ તો ;
કીર્ત્તિમાન નથે યુક્ત, પુત્રને આપ તું ન તો.

દેવકી— (સ્વગત) કીર્ત્તિમાનને ધન્ય છે જે ગોરક્ષણના કારણરૂપ થાયછે.

વસુદેવ—નહિ એમ કાંઇ કહેછે (એમ કહી કીર્ત્તિમાનનો હાથ પકડીને) પુત્ર કીર્ત્તિમાન ! સકલ મંગલની કામધેનુ આ ધેનુનાં પ્રાણરક્ષણ માટે તને તારા મામાને સોંપુંછું.

કીર્ત્તિમાન—પિતાજી આ માણસ ગોરક્ષણ કરવામાટે સજ્જ છે.

(એમ કહી ખડ્ગ લઇને ઉભો થાયછે.)

કંસ અને કેશી—(શું આ પ્રથમ પુત્ર આઠમાનું કામ કરશે એમ વિચારતાં સભય અને મૌનજ ઉભા રહેછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કીર્ત્તિમાન—અરે પાપીઓ! હું જીવતાં આ ગાયને ક્રૂર દૃષ્ટિથી જોવાને પણ કોણ શક્તિમાન્ છે? મારો આ કરવાલ ખડ્ગરૂપ બાલસર્પ પાપીઓના પ્રાણુપવનને પીવાને શક્તિવાળો છે.

કંસ અને કેશી—વસુદેવ! વસુદેવ! આ શું?

વસુદેવ—(કીર્ત્તિમાનને બલાત્કારે પકડીને) પુત્ર! પુત્ર! આમ કરવું તને ઉચિત નથી. તારા એમ કરવાથી મારામાં અસત્યવાદીપણું આવી જાય તે મને નરકપ્રવેશનાં દ્વારરૂપ થાય. કેમકે પ્રથમ મેં કંસની પાસે પ્રતિજ્ઞા કરેલી છે કે—" પુત્રો આપીશ હું આના જેથી છે ભય તુજને ; " અને કંસે પણ દેવકીના આઠમા ગર્ભથી મને ભય છે એમ વિચારીને મેં સોંપેલા તમો છએ ભાઇઓને માર્યા નહિ એ કંસનો મારા ઉપર થોડો ઉપકાર નથી. અત્યારે આ ગાયને ન સોંપવાથી કોપેલ કંસ તો "ગાયને અથવા કીર્ત્તિમાનને સોંપી દે" એમ મને આજ્ઞા કરેછે તેથી હું તેને આ ગાયના પ્રાણુને બદલે તારા પ્રાણને સોપું છું માટે શસ્ત્ર છોડી નમ્ર મસ્તકથી તારે મહારાજ આગળ રહેવું.

કીર્ત્તિમાન—હે પિતાજી! એ વૃતાંત હું જાણતો હતો તો પણ આજ ગોભક્તિના આવેશમાં પરવશ થઇ જવાથી એ સર્વ ભૂલી જઇને મેં જે બાલચાપલ્ય કરેલ છે તેને ક્ષમા કરો (એમ કહી ખડ્ગ મ્યાનમાં નાખી કંસપાસે જઇને) મામા! આ ખડ્ગ આપની પાસે મેલ્યું છે અને અસ્ત થયેલા સમસ્ત મનોરથોસાથે આ મારૂં મસ્તક નમાવ્યું છે હવે જેમ ઉચિત હોય તેમ કરો. (એમ કહેતાં મસ્તક નમાવીને તેની પાસે ઉભો રહેછે.)

કંસ—(સરોષ મ્યાનમાંથી તલવાર કાઢીને) જેનું સ્મરણ કરવું હોય તેનું કરી લે, થોડીવાર પછી મરણ પામીશ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કીર્ત્તિમાન—મામા ! કદી પણ ગાયોને પાળવામાં પ્રાણથી શ્રી ગોવિંદ વિસ્મરણ થતાજ નથી. હે માતાપિતા ! મારા મરણથી હૃદયમાં જરા પણ દુઃખ પામશો નહિ. મને મરણનું કશું પણ દુઃખ થતું નથી પણ અત્યારે હૃદયમાં અમંદાનંદ ઉપજેછે. છેવટ હું પ્રણત-જનોનાં પ્રાર્થિતને પૂર્ણ કરનાર શ્રી પરમેશ્વરપાસે પ્રાર્થના કરૂંછું કે—

અનુષ્ટુપ્.

ફરીને જન્મ પામું તો, તમારો પુત્ર હું બની ;
જન્મોજન્મ તજું પ્રાણ, રક્ષાર્થે ગાય વિપ્રની.

(એટલું કહી માતાપિતાને પ્રણામ કરી મૌન ઉભો રહેછે.)

કંસ—અરે વસુદેવ ! વસુદેવ ! ક્ષણવાર વિચાર કરો, વિચાર કરો. પશુને માટે પ્રિય પુત્રને પણ આપતાં લજ્જા નથી થતી ?

વસુદેવ—અમને ગોરક્ષણથી વધારે વહાલો પુત્ર નથી, પત્ની નથી, સર્વસ્વ નથી અને આ જીવિત પણ તેવું પ્રિય નથી.

સરસ્વતી—પુત્રિ ભારતભૂમિ ! બહુ સારીરીતે વધાવી છો વત્સ વસુદેવના હૃદયરૂપ મણિમંદિરમાં ગોભક્તિએ ઉપાસના કરાતી હૃષ્ટપુષ્ટ પુત્રી ગોરક્ષા છે. તેને અલૌકિક નેત્રોથી જોઇને તારા આત્માને કૃતાર્થ કર.

ભારતભૂમિ—હે માતાજી ! દેવી ગોરક્ષાને કુશલ જોઇને કૃતાર્થ છું. પરંતુ તેનું ઉચ્ચાટન કરવાને આ પાપી પ્રવૃત્ત થયોછે એ મોટી ભીતિ છે.

સરસ્વતી—વસુદેવનાં હૃદયમંદિરમાંથી બદ્ધમૂળ થયેલી ગોરક્ષાને ઉખેડવાને આ બિચારો કોણ માત્ર છે ? માટે નિર્ભય થા.

કંસ—(સરોષ) હે કેશી ! કીર્ત્તિમાનનું મસ્તક કાપીને આંહી લઇ આવ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેશી—જેવી આજ્ઞા. (એમ કહી કીર્ત્તિમાનને પકડીને તલવાર કાઢી અંદર જાય છે.)

દેવકી—હા કુલદીપક ! આમ અકાળે કેમ મરણ પામેછે? મારી વાટ જો, હું પણ તારી સાથેજ આવુંછું. (એમ કહેતાં મૂર્ચ્છા પામેછે.)

ભારતભૂમિ અને સરસ્વતી—પુત્રિ દેવકિ ! ધીરજધર, ધીરજ ધર.

દેવકી—(સંજ્ઞા પામીને) હે માતાજી ! મારૂં જીવનસર્વસ્વ ગયું. હવે મારે ધીરજ રાખવાનું કયું સ્થાન છે? ક્રૂર કેશી કીર્ત્તિમાન્‌ને લઈને ગયોછે, હવે તે તેની કેવી દુર્દશા કરશે એમ મારૂં મન કંપેછે.

કેશી—(પ્રવેશ કરીને) મહારાજ ! આપનો હુકમ બરાબર બજાવ્યોછે. આ કીર્ત્તિમાન્‌નું માથું. (એમ કહી કંસના હાથમાં તે મસ્તક આપેછે.)

કંસ—(મસ્તક લઈ વસુદેવને) વસુદેવ ! જુઓ જુઓ, આ ગોરક્ષા અને ગોભક્તિનું ફલ. હજી પણ કંઇક વિચાર કરી ગાયને સોંપી દો.

વસુદેવ અને દેવકી— અનુષ્ટુપ્.

ગાય તો પ્રાણ જાતાંએ, કદી ના આપશું અમે ;
દેવાનાં હોય જે દુઃખો, ભલે તે આપજો તમે.

કંસ— સંગર્દન અને ઋજુ, ભદ્રને ભદ્રસેનને ;
સુષેણને પછી મારૂં, આપો જો નહિ ગાયને.

સરસ્વતી અને ભારતભૂમિ—(દિવ્યદેહ થઈને)

અનુષ્ટુપ્.

હે દેવકી વસુદેવ, ન ડરો ધૈર્યથી રહી ;
ગોપાલ કરશે સારૂં. ગોરક્ષા છોડશો નહીં.

(પછી) કંસને કહેછે.

રે કંસ કર્મચાંડાલ, હણીને એનના સુત ;

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લાજે નહિ જરા દુષ્ટ, ધિક્ તારાં જન્મ જીવિત.
મૃત્યુ છે દેવકીપુત્ર, હરિથી તે થશે ખરૂં ;
શીઘ્ર મોકલીએ તેને, થવાને મોત તાહરૂં.

જો અમે અત્યારેજ ક્ષીરસાગર પાસે પહોંચ્યાં. (એમ કહી આકાશમાર્ગે નીકળી જાયછે.)

કંસ અને કેશી—હા! આ અકસ્માત્ ક્યાંથી આવી પડયો ! (એમ બોલતાં ભયથી ઠેસો ખાતા પડતા બહાર નિકળી જાયછે.)

દેવકી—હા ! દુર્ભાગ્યને લીધે બન્ને દેવી પણ ચાલ્યાં ગયાં.

વસુદેવ—દેવી ! ગાયના પ્રાણની રક્ષા કરવાને પોતાના પ્રાણ આપવાથી ગોલોકમાં અલૌકિક આનંદ પામનાર પણ પુત્ર કીર્ત્તિમાનને લૌકિક દૃષ્ટિથી જલાંજલી દેવાને ચાલો આપણે યમુનાજીમાં જઇએ.

દેવકી—જેવી આર્યપુત્રની આજ્ઞા. (એમ કહીને વસુદેવ અને પુત્રોસાથે નિકળી જાયછે.)

બીજો અંક સમાપ્ત.

श्री प्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडूभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्रद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निमातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरम् ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોપાલચિંતામણિ નાટક.

અંક ત્રીજો.

(વાર પછી ચિંતામાં નિમગ્ન ચિત્તવાળા ઉગ્રસેન પ્રવેશ કરેછે.)

ઉગ્રસેન—(દીર્ઘ અને ઉષ્ણ નિઃશ્વાસ નાખીને) હા! દુષ્ટ પુત્રના કરતાં પુત્રવિનાનાજ રહેવું એ સારૂં છે, મારાં કયાં પાપથી મહા પાપી, આ, ગારો પુત્ર થયો કે જેણે દીન અને દુઃખમાં લીન દેવકીના પણ છએ પુત્રોને કરૂણારહિત થઇને કાળની પેઠે ગારી નાખ્યા. આ કેવો તેના મનનો મોહ, કેવી તેની ક્ષુદ્રબુદ્ધિ અને કેવું તેનું અવિચારિપણું? એ ગારી બુદ્ધિથી સમજાતુંજ નથી. હા! પુત્રોનો નાશ થવાથી દુઃખિત થયેલી પુત્રી દેવકીને જોવાને પણ મારૂં મન શરમાયછે. તેને હું કેમ આશ્વાસન આપી શકીશ? એક પણ પુત્રનું દૈવેચ્છાથી થયેલ મરણ ધીરવીરમાં અગ્રેસર પુરૂષોનાં પણ ધૈર્યને એકદમ છોડાવી દેછે ત્યારે પછી છ પુત્રોનાં અકસ્માત્ પોતાના સંબંધીએ કરેલાં મરણ ધીરજને છેક છોડાવી દે તેમાં શું જ કહેવું? (સ્મરણ થવાથી પાસેજ છે એમ ધારીને) પુત્રિ દેવકિ! પુત્ર વસુદેવ! તમને ધન્ય છે, તમારાં માતા પિતાને ધન્ય છે અને તમારાં જન્મ અને જીવિતને પણ ધન્ય છે કે જે તમોએ જગન્માતા ધેનુના પ્રાણરક્ષણ માટે છએ પુત્રોનાં પ્રાણોને વિકાળ કાળરૂપ સર્પના મુખમાં બલિદાનરૂપે આપ્યાં. કોણ બીજો સ્વપ્નમાં પણ તેમ કરવાને શક્તિમાન્ થાય! (એમ કહેતાં અશ્રુ પાડેછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રતિહારી—(પ્રવેશ કરીને) બારણાપાસે દેવકી આવેલ છે અને કહેછે કે પિતાશ્રીને જોવાને ઇચ્છું છું. હવે જેવો આપનો હુકમ.

ઉગ્રસેન—(સખેદ સ્વગત) હા! પુત્રી દેવકીને મુખ કેમ દેખાડી શકીશ? હે ભગવતિ વસુંધરે! મને તગારા ગર્ભની અંદર લઇ જાઓ, પુત્રના પાપથી દેવકીને મુખ પણ દેખાડવાને હું શક્તિમાન્ નથી. અથવા અત્યારે બીજી શી ગતિ? કોઇ પણ રીતે ધીરજ રાખી દેવકીને મળવું જોઇયે. (પ્રકાશ) પ્રતિહારિ! ઉતાવળથી દેવકીને તેડી લાવ. હું પણ તેને મળવા ઇચ્છું છું.

પ્રતિહારી—જેવી દેવની આજ્ઞા. (એમ કહી બહાર જઇ ફરીને દેવકી-સાથે પ્રવેશ કરેછે.)

ઉગ્રસેન—(છેટેથી દેવકીને જોઇ ઉભા થઇને) આવો પુત્રિ દેવકિ! આવો. મને દર્શન આપો. (એમ કહી પ્રણામ કરેછે.)

દેવકી—બસ બસ, પિતાજી! હુતો આપની ગર્ભરૂપ છું, મારી પાસે આ આપનો અતિ વિવેક શું? (એમ કહી હાથ પકડી તેમને સિંહાસનઉપર બેસાડેછે અને પોતે તેની પાસે બેસેછે)

ઉગ્રસેન—પ્રતીહાર! તારો અધિકાર ખાલી ન રાખ.

પ્રતિહારી—જેવી દેવની આજ્ઞા. (એમ કહી નિકળી જાયછે.)

ઉગ્રસેન—પુત્રિ! પાપી કંસના પાપથી તપેલાં અંતઃકરણવાળો હું ક્યાંય શાંતિ પામતો નથી. હા! સ્મરણમાં આવતાં તેનાં કૃત્યો પણ મને શરમાવેછે. હા! ધિક્કાર છે મારાં વજ્રથી પણ કઠોર હૃદયને, કે જે પુત્રીના છએ પુત્રોનું મરણ સાંભળીને પણ હજાર કટકે ફાટી પડતું નથી. (એમ કહેતાં મૂર્ચ્છા આવતાં પડી જાયછે.)

દેવકી—(સંભ્રમસહિત ઉભાં થઇ વસ્ત્રના છેડાથી પવન નાખેછે.)

ઉગ્રસેન—(સંજ્ઞા આવતાં) પુત્રિ! બસ બસ, શ્રમ ન કર. દુષ્ટ પુત્રનાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દુષ્ટ કૃત્યો જોવાનાં દુઃખોથી બળનાર મને એ દશાજ શાંતિ કરનારી છે, બીજી નથી. (એમ કહેતાં ફરીને અશ્રુ પાડેછે)

દેવકી— પિતાજી! પિતાજી! આ શું કરો છો? આપ જ્યારે આમ ધૈર્ય છોડી દેશો ત્યારે પછી બીજો કોણ મને ધીરજ આપશે?

ઉગ્રસેન—(અશ્રુ લુછીને) પુત્રિ! જાણુંછું, બધું જાણુંછું તથાપિ શું કરૂં? તારા બાલકો વિસ્મરણ થતા નથી.

દેવકી—પિતાજી! થઇ ગયેલ વાતની ચિંતા ન કરો પરંતુ હવેપછીની વાતની! ચિંતા અત્યારે કરવાની છે.

ઉગ્રસેન—હવે પછીની વાતની શી ચિંતા છે તે કહે.

દેવકી—પિતાજી! ગાયના પ્રાણરક્ષણ માટે મરેલા પણ તે મારા પુત્રોને હું મરેલાજ નથી એમ માનુંછું. તેથી તેઓનો શોક કરતી નથી, પણ તેમ છતાંએ કઠોરહૃદય કંસ ફરીને ગાયને લેવા આવશે એનું સંભળાયછે. તો તે વખતે ગોરક્ષણમાટે યુદ્ધ કરતાં તમારા જમાઇ અને મને મારીને ક્રૂર અંતઃકરણવાળો તે કંસ જો ગાયનો વધ કરે તો પછી મૃત્યુને સોંપેલા પુત્રોથી, ગોરક્ષણમાટે મરનાર મારા પતિથી અને મારાથી શું ફળ? તે બધું નિષ્ફળ. માટે મારો ભાઇ કંસ ગોભક્તિ કરનાર અને ગોરક્ષા કરનાર થાય તેવી રીતે પિતાજીએ તેને સદુપદેશ આપવો એવી મારી પ્રાર્થના છે.

ઉગ્રસેન—(દીર્ઘ અને ઉષ્ણ નિઃશ્વાસ નાખીને.) પુત્રિ દેવકિ! કોણ ઉપદેશ સાંભળેછે કે જેને હું ઉપદેશ કરૂં.

અનુષ્ટુપ્.

કંસના કાનને પુત્રિ! સૂયાના સરખો ખુંચે;
ઉપદેશ બધો મારો, સત્સંગ પણ ના રૂચે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શાર્દૂલવિક્રીડિત.

ગાયો બ્રાહ્મણ પીડનાર અસુરો સંગે સદા ચાલતો,
પોતાની કુળજાત યાદવતણાં ચિત્તો સદા બાળતો;
હા હા! બ્રાહ્મણ કામધેનુપર તો તેને ઘણો દ્વેષ છે,
કોને વાત કરૂં અરે હૃદયની ચિત્તે ઘણો કલેશ છે.

તોપણ જ્યાં સુધી મારી બુદ્ધિ ચાલશે ત્યાં સુધી ગમે તે યુક્તિથી તેના હૃદયમાં ગોભક્તિ ઉત્પન્ન થવાનો પ્રયત્ન કરીશ.

દેવકી—પિતાજી! આપની કરેલી તે યુક્તિ સફલ થાઓ. હું હવે કારાગૃહમાં જાઉંછું. કોઇ પણ પ્રકારે બહાર નિકળાયું તેથી પિતાજીને આ વાત કહેવાનેજ આવી હતી. (એમ કહી નિકળી જાયછે.)

ઉગ્રસેન—(સ્વગત) પુત્રી દેવકી તો ગઇ. જે ગાયની રક્ષામાટે છએ પુત્રોને તેઓએ સોંપ્યા તેજ ગાયને જો ક્રૂર કંસ ગ્રહણ કરે તો તેથી વધારે બીજું દુઃખ શું? પણ વિપરીત બુદ્ધિવાળો તે કંસ નિશ્ચે મારાં વચન સાંભળશે નહિ. માટે ગોભક્તિનો ઉદય થાય તેવું કોઇ નાટક બનાવી તે બતાવવાથી કંસના હૃદયમાં ગોભક્તિ ઉત્પન્ન કરવી જોઇયે. તેથી દેવસેવાગૃહમાં બેસી એકાંતમાં સર્વ લખું. (એમ નિશ્ચય કરીને પ્રકાશ) દ્વારપાળ!

દ્વારપાળ—(પ્રવેશ કરીને) આજ્ઞા મહારાજ!

ઉગ્રસેન—દેવસેવાગૃહમાં અત્યારે જવાની ઇચ્છા રાખુંછું માટે તેનો માર્ગ બતાવ.

દ્વારપાળ—જેવી દેવની આજ્ઞા. (એમ કહી) આતરફ પધારો મહારાજ! (એવું કહેતાં રાજાસાથે નિકળી જાયછે.)

(ત્યાર પછી ક્ષીર સાગરને કાંઠે બેઠેલી પૂતના પ્રવેશ કરેછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૂતના—(સ્વગત) મહાગાત્ય કેશી ખરા રાજ્યભક્તિભરના ધુરંધર છે. તેણે વસુદેવને ઘેર આવેલી કોઇ બે દેવતાનાં કંસ પ્રતિ—

અનુષ્ટુપ.

મૃત્યુ છે દેવકીપુત્ર, હરિથી તે થશે ખરૂં ;
શીઘ્ર મોકલીએ તેને, થવાને મોત તાહરૂં.

એવાં દુઃશ્રવ વચન સાંભળી સચિંત થઇને મને એકાંતમાં બોલાવીને કહ્યું કે પુત્રિ પૂતના ! ક્ષીરસાગરમાં શેષશાયી નારાયણ પાસે કોઇ બે દેવતા ગયેલછે અને તેઓ " હે ભગવન્ ! આપે સત્વર દેવકીના પુત્ર થવું " એમ તેને પ્રાર્થના કરશે તેઓનાં વચન સાંભળી નારાયણ પણ પોતે દેવકીના પુત્ર થવાને ઉતાવળ કરશે. તે વખતે તારે લક્ષ્મીનો વેષ લઇ લક્ષ્મી પાસે નહોય ત્યારે કોઇ પણ યુક્તિથી દેવકીના પુત્ર થવામાં મહાવિષ્ણુને વિમુખ કરવા. તેથી હું આંહી આવીછું અને મેં લક્ષ્મીનું રૂપ લીધુંછે. હવે અત્યારે લક્ષ્મીવગરના સમયની વાટ જોઉં (એમ કહી કાંઠાના ઝાડ નીચે બેસેછે.)

(ત્યાર પછી બ્રાહ્મણનો વેષ લેનાર કોઇ અસુર (બક) પ્રવેશ કરેછે.)

બ્રાહ્મણ—(ચારે તરફ જોઇ સ્વગત) બ્રાહ્મણનું રૂપ લેવાનાં પરતંત્રપણાંથી ઘણા વખતથી મેં માછલાં ખાધાં નથી અને આ સ્થલ માણસોવગરનું છે માટે આ તળાવમાં નહાવાના મિષથી માછલાં ખાવાનું સુખ લઉં. (એમ કહી તુરત તલાવમાં ઉતરીને)

નારાયણાય હૃષ્યેડસ્તુ નમોનમસ્તે.

એમ બોલી ડુબકી મારી માછલું ગળીને—

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

सर्वात्मने भगवतेऽस्तु नमोनमस्ते.

એમ બોલી ડુબકી મારી માછલું ગળીને–

श्रीविष्णवे नमइदं मुहुरस्तु तुभ्यं.

પૂતના—(સ્વગત) આ કોઇ વિષ્ણુભક્ત બ્રાહ્મણ છે માટે તેની પાસે જઇ ભગવાનના ઘરની પ્રવૃત્તિ પુછું (એમ કહી પાસે જઈ પ્રકાશ) મહાવિપ્ર ! મહા ભક્ત છો એમ વારંવાર પ્રત્યેક ભગવાનના નામોચ્ચારણથી કંઠ રૂંધાઇ જાયછે તેથી અનુમાન થાયછે.

બ્રાહ્મણ—(ન સાંભલ્યું હોય તે રીતે)

हे कृष्ण कृष्ण भगवन् भवते नमस्ते.

એમ કહેતાં માછલું ખાયછે.

પૂતના—(સ્વગત) બહારના દેખાવથીજ છેતરાણી છું. આ મારો વિજાતીય નથી પણ કોઇ સજાતીય હોય એવો જણાયછે. (પ્રકાશ) અરે ભગવત્સે–વક છો તેથી પુછું છું કે હમણાં ભાગવાનના ઘરની શી પ્રવૃત્તિ છે ?

બ્રાહ્મણ—(ભય અને આશંકાસહિત પાછળ જોઇને) માતાજી ! હું બક નથી પણ પૂતના–ગા બ્રાહ્મણ આનંદથી તમને પ્રણામ કરું છું (એમ કહી પ્રણામ કરેછે.)

પૂતના—(સંભ્રમસહિત) અરે ! બક સેવક ! મને મહાલક્ષ્મીને પણ પૂતના જાણેછે ? તને ધિક્કાર છે. નિકળ અમારાં તળાવગાંથી.

બ્રાહ્મણ—કોણે તને પૂતના કહીછે ? પૂતનાગા બ્રાહ્મણ તમને આનંદથી પ્રણામ કરૂંછું એમ મેં કહ્યું તેનો તેં પૂતના એવો અર્થ ગ્રહણ કર્યો તેથી તે આચારથી ચોકસ તું પૂતના છો એમ મારો

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નિશ્ચય છે.

પૂતના—મેં પણ ભગવત્સેવક છેા એમ કહ્યું ત્યાં હું બક નથી પણ પૂતનાના બ્રાહ્મણ છું એમ કહેતાં તારા તે આચાર અને આહારથી તું પણ ચોકસ બકજ છેા એમ મારો નિશ્ચય છે.

બક—ત્યારે પરસ્પર પોતપોતાના સ્વરૂપને ઢાંકવાંના પ્રયાસની હવે જરૂર નથી. હે મા પૂતના! હું બકજ છું.

પૂતના—ભાઇ! હું પણ પૂતનાજ છું. પણ તારૂં અંહીં શામાટે આવવું થયું છે?

બક—મહામાત્ય કેશીના હુકમથી આંહી હું આવેલ છું.

પૂતના—મહામાત્ય કેશીએ કયા કાર્યના ઉદ્દેશથી તને અહીં મોકલ્યોછે?

બક—નારાયણની પાસે કોઇ બે દેવતા શું પ્રાર્થના કરેછે અને નારાયણ તેને શું કહેછે તેને ભગવાનના ભક્ત બ્રાહ્મણનો વેષ લઇ તું બધું સાંભળી આંહી આવ. એ ઉદ્દેશથી મને મોકલ્યોછે.

પૂતના—(સ્વગત) મહામાત્ય કેશીને તેજ મોટી ચિંતા છે. (પ્રકાશ) પછી પછી?

બક—પછી બ્રાહ્મણનો વેષ લઇ મેં ભારતભૂમિ અને સરસ્વતીનાં સર્વ કરૂણાજનક વચનો સાંભળ્યાં.

પૂતના—પછી પછી?

બક—પછી જેને અત્યંત દયા ઉપજીછે તેવા નારાયણે "તુરત દેવકીનો પુત્ર થઇશ" એવી પ્રતિજ્ઞા કરી.

પૂતના—પછી પછી?

બક—પછી તે બે દેવતા હરણાંજ પોતાને સ્થાનકે ગઇ અને ભગવાન ગોબ્રાહ્મણને થતું દુઃખ સાંભળી ખિન્નપણાંથી નિદ્રા ઉડી ગઇ હતી તે હરણાંજ કાંઇક નિદ્રાસુખનો અનુભવ કરેછે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પૂતના—લક્ષ્મી શું કરેછે ?

બક—લક્ષ્મી તો બ્રાહ્મ મુહૂર્ત છે તેથી ઉઠી સ્નાન કરી સ્ફટિક મણિમય આ મંદિરમાં પોતાના હસ્તકમલથી સ્થાપિત શ્રી લક્ષ્મીનારાયણેશ્વર નામના શ્રી શંકરને પૂજવાને ગયાં. એ પ્રમાણે ત્યાંની પ્રવૃત્તિ છે. હવે તમે કયાંથી આવોછો અને કયાં જાઓછો ?

પૂતના—હું પણ અમાત્ય કેશીની આજ્ઞાથી અહીં આવીછું. જ્યારે લક્ષ્મી પાસે ન હોય ત્યારે લક્ષ્મીનો વેષ લઇ મારે કોઇ પણ યુક્તિથી મહાવિષ્ણુને દેવકીના પુત્ર થવામાં વિમુખ કરવા એવી અમાત્યની આજ્ઞા છે.

બક—ત્યારે આત્યારે ત્યાં જવાનો બરાબર વખત છે. માટે તું તારૂં કાર્ય સાધવા તત્પર થા. હું પણ આ વૃત્તાંત અમાત્ય કેશીને જણાવવાને તેની પાસે જવાને તત્પર થાઉંછું.

(એમ કહી પૂતના અને બક નિકળી જાયછે.)

(ત્યાર પછી મણિમય પલંગમાં સુતેલા અને સ્વપ્નમાં હોય તેવા શ્રીનારાયણ અને મહાલક્ષ્મીના પલંગઉપર બેઠેલી મહાલક્ષ્મીના વેષવાળી માયાલક્ષ્મી (પૂતના) પ્રવેશ કરેછે.

શ્રીનારાયણ—(સ્વપ્નમાં બોલેછે.)

શાર્દૂલવિક્રીડિત.

હે ગંગે યમુને સરસ્વતિ પિયો પાણી યમુનાતણું,
ગોદે ગોમતિ ગૌરિ આ ખડ તમે ખાઓ ખુશીથી ઘણું ;
વિશ્રાંતિ સહુ કાગધેનુ કરશો ભાંડીર નામે વટે,
ધીરે ધીરવરિ ધૂસરે ધવલિકે હે કાલિ કાલાક્ષિકે.

માયાલક્ષ્મી—(સ્વગત) આ ભગવાન્ કોઇ પણ સ્વપ્નને અનુભવેછે. અસ્તુ. ક્ષણવાર ધીરજ રાખી તેને સાંભળું.(એમ કહી ચુપ થઇ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

એસી જાયછે.)

શ્રીનારાયણ—હે સુદામન્! સુદામન્! ચંદ્રપ્રભા દૂર ગઇછે તો જા જા તેને પાછી વાળ, હે સ્તોક! સ્તોક! થોડું થોડું ઇંદ્રનીલમણિના જેવું લીલું ખડ લઇને આ સુરભિને આપ, હે સુબલ! સુબલ! આ બકુલા બહુ ઘાટાં વનમાં ફરીને થાકી ગઇછે માટે તેના પગ ચાંપ. હે અશોક! અશોક! અશોકવૃક્ષની છાયામાં બેઠેલી ગૌરીને તુરત ગારી પાસે લઇ આવ. તે છેટે હોય ત્યારે મને કાંઇ રૂચતું નથી.

માયાલક્ષ્મી—(આવેગસહિત શ્રીનારાયણનું વસ્ત્ર ખેંચીને) પ્રાણનાથ પ્રાણનાથ! સ્વપ્નમાં આવીને પણ કોણ આપને આ પ્રમાણે ભ્રમ કરાવેછે? આંહી તો ચંદ્રપ્રભા, બકુલા, સુરભિ, કે ગૌરી કોઇ પણ નથી. પરંતુ દુર્ઘટ કપટની ઘટનામાં અતિ ચતુર પ્રાણનાથની કપટની ચતુરાઇને આ સ્વપ્ને પ્રકાશિત કરી. હું મિથ્યોપચારચતુર પ્રાણપ્રિયથી ખરેખર છેતરાણી છું.

શ્રીનારાયણ—(બેઠા થઇ વિંચેલી આંખેજ) હા! કાંઇપણ મન વચનથી અગમ્ય રમ્ય ગારૂં સુખ ગયું.

શાર્દૂલવિક્રીડિત.

ગંગે ગોમતિ ગૌરિ કાલિ કમલે કાલિંદિ ચંદ્રપ્રભે,
આનંદપ્રદ સંગ ઉત્તમ મને કયારે તમોથી નભે;
શ્રીદામન્ પ્રિય મિત્ર ગોકુળ અને આ ગોપની સુંદરી,
કયારે હું યમુનાતણો પણ હવે દેખીશ કાંઠો ફરી.

(એમ આંખો વિંચીનેજ બોલેછે.)

માયાલક્ષ્મી—(ફરીને રોષ કરીને) નાથ નાથ! આ શો અલૌકિક પ્રલાપ? જે જાગ્રત્ અવસ્થામાં પણ વિરામતો નથી.

4 *Manoranjak Press.*

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્રીનારાયણ—(નેત્ર ઉઘાડીને ચારેકોર જોઇ લાંબો અને ઉષ્ણ નિઃશ્વાસ નાખીને) પ્રિયે ! નિદ્રાને છોડાવતાં તેં વ્યર્થજ ગાઢ કોધ અલૌકિક સુખ હરી લીધું, પણ પ્રિયાના પ્રેમથી પરતંત્ર માણસ તારો મોટો આ અપરાધ છતાં પણ શું કરે ?

માયાલક્ષ્મી—(અશ્રુધારાની વૃષ્ટિ પાડતાં) આ પાપિણી અપરાધવાળીને તજી દ્યો. અને ચંદ્રપ્રભા આદિ સાથે હજારો વર્ષસુધી વિહાર કરો કે જેઓ સ્વપ્નમાં પણ આપને છોડતી નથી.

શ્રીનારાયણ—પ્રિયે પ્રિયે ! શા માટે આ વ્યર્થજ ક્લેશની પીડાને વહન કરેછે ? હું કાંઇજ બીજું કહું છું અને તું કાંઇજ બીજાજ તર્ક કરેછે. " વિચાર વગર બોલવું એ સ્ત્રીઓનો સ્વભાવ છે " એવી લોકોક્તિ ખરી છે એમ હું માનું છું.

માયાલક્ષ્મી—(સ્વગત) અત્યારે આનો કોપ અતિભૂમિકાને પ્રાપ્ત થયોછે માટે તેનું સાંત્વન કરવું એજ અત્યારે ઉચિત છે. (પ્રકાશ) પ્રાણનાથ ! પ્રાણનાથ ! આ આપના ચરણકમલની દીન દાસીનો આ અપરાધ ક્ષમા કરશો. પ્રાણનાથે સ્વપ્નમાં અનુભવ કરાતાં કેવાં સુખનો ભંગ મેં પાપિણીએ કરેલ છે તે જાણવા ઇચ્છું છું.

શ્રીનારાયણ—પ્રિયે ! તું જાણેછે કે મથુરામાં કંસે મારેલ દેવકીના પુત્ર કીર્ત્તિમાનને જોઇને વિષાદરૂપ વિષના દરિયામાં હુબેલી શ્રી ભારતી અને ભારતભૂમિએ મને પ્રાર્થના કરીછે કે તમે દેવકીના પુત્ર થાઓ.

માયાલક્ષ્મી—તે સર્વ હું જાણું છું. પછી, પછી ?

શ્રીનારાયણ—તેથી મારે ગાયોના રક્ષણમાટે દેવકીના પુત્રપણાને અવશ્ય અંગીકાર કરવું જોઇએ.

માયાલક્ષ્મી—તેમાં શો સંદેહ. ગોરક્ષણ એજ દેવનો પરમ ધર્મ છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પછી, પછી !

શ્રીનારાયણ—પ્રિયે ! તેથી મારે ગોપાલબાલકના વેષથી ગોપાલના બાલકોસાથે ગાયોનું પાલન કરવું જોઇએ.

માયાલક્ષ્મી—તે પણ યુક્ત છે. પછી ?

શ્રીનારાયણ—શ્રી યમુનાને તીરે આ પ્રમાણે હું ગાયો ચારવાનું સુખ અનુભવીશ એમ વિચારતાં સુતેલ મેં તેજ અલૌકિક સુખ સ્વપ્નમાં અનુભવ્યું. તેમાં તે તે ગાયોનાં નામ લેનાર મને, પૂર્ણ સુખ ભોગવ્યું નહિ ત્યાં તેં ઉઠાડયો, હવે વિચારવું જોઇએ કે દેવીએ સ્ત્રીસ્વભાવલઘુતાથી કેવું મારૂં સુખ હરી લીધું ?

માયાલક્ષ્મી—નાથ ! તે મારો મોટો અપરાધ છે. સ્ત્રીઓના નામની સમાનતાથી સ્ત્રીસ્વભાવસુલભ લાઘવતાવાળી મેં તે તે સંજ્ઞાવાળી સ્ત્રીઓમાં આસક્ત ચિત્તવાળા ભગવાનને માનીને રોષથી ઉઠાડયા તે મારાં સ્ત્રીસ્વભાવચાપલ્યને ક્ષમા કરશો.

શ્રીનારાયણ—દેવિ ! ક્ષમા તો કરેલજ છે. શું તે પણ કહેવું જોઇએ?

માયાલક્ષ્મી—પ્રાણનાથ ! ગોરક્ષણ એજ દેવનો પરમ ધર્મ છે એમ નિઃસંશય જાણું છું તોપણ કાંઇ વિજ્ઞપ્તિ કરવા ઇચ્છું છું.

શ્રીનારાયણ—તે શું ?

માયાલક્ષ્મી—દેવ ! ગોરક્ષણમાટે શંખ, ચક્ર, ગદા કે પદ્મ પૃથ્વીમાં અવતરે અને જેવી આપની ઇચ્છા હોય તે પ્રમાણે ગોરક્ષણ કરે.

શ્રીનારાયણ—દેવિ ! તે બીજાં કાર્યો છે કે જે મારા આયુધના અવતારથી કે મારા પાર્ષદોના અવતારથી સાધી શકાયછે, પણ આ કાર્ય તો મારે પોતાનેજ કરવાનું છે.

માયાલક્ષ્મી—(સ્વગત) અહો ! ગોરક્ષણમાં બદ્ધ. આગ્રહપણું (પ્રકાશ) નાથ ! આપની આજ્ઞાથી આપનાં આયુધ કે આપનો

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પાર્ષદ પૃથ્વીમાં અવતરી જેવી આપની ઇચ્છા છે તે પ્રમાણેજ કરવાને શક્તિમાન છે.

શ્રીનારાયણ—મારી આજ્ઞાથી મારાં આયુધનો અવતાર કે મારા પાર્ષદનો અવતાર પણ મારી ઇચ્છાપ્રમાણે કરવા શક્તિમાન્ છે તોપણ ગોરક્ષણ તો પૃથ્વીમાં અવતરીને મારેજ કરવું જોઇએ.

માયાલક્ષ્મી—તેજ નાથનો દુરાગ્રહ છે જે ચૌદ ભુવનના પાલક થઇને પણ કેવળ ગોપાલના બાલકપણાને અંગીકાર કરવાને ઇચ્છોછો.

નારાયણ—ચૌદ ભુવનના પાલકનું પણ ગોપાલન માટે ગોપાલના બાલકપણાનું અંગીકરણ એ ભૂષણ છે, કાંઇ દૂષણ નથી.

માયાલક્ષ્મી—નિશ્ચય એ તો દૂષણજ છે. ભૂષણ નથી. પ્રાણનાથે ચિત્તમાં સારીતાર વિચારવું જોઇયે કે ક્યાં સકલ લોકપાળને લોભાવનાર મહામણિમય આ લોકમાં નિવાસ અને ક્યાં ભૂલોકમાં નિવાસ, ક્યાં નાના પ્રકારના અમૂલ્યતમ સમસ્ત મણિમય અલંકારોના ભારનું ધારવું અને ક્યાં ચણોઠીના પુંજોના ભારનું ધારણ, ક્યાં શંખ, ચક્ર, ગદા અને પદ્મનું ધારણ અને ક્યાં. નેતરની સોટી, શિંગડી અને વાંસળીનું ધારણ, ક્યાં બ્રહ્મા, રૂદ્ર, ઇંદ્ર ઇત્યાદિ દેવોસાથે ગોષ્ઠીરસનો અનુભવ કરવો અને ક્યાં ગાંયડીયા પાગર ગોપાલના બાળકો સાથે ગોષ્ઠીરસનો અનુભવ કરવો, ક્યાં બ્રહ્માંડમંડલનાં પાલનપોષણ અને લાલનની ચિંતા અને ક્યાં કેવળ ગોકુલમાં રહેલ ગાયોનાં કુળનાં પાલનપોષણ અને લાલનની ચિંતા, ક્યાં નાના મણિમય સુવર્ણપાત્રોમાં અમૃતરસથી પણ વિશેષ સ્વાદવાળાં અને લક્ષ્મીના સરખી લક્ષ્મીની સખીઓના કરકમલથી આપેલાં વિવિધ ભોજનો અને ક્યાં માટી, શિલા અને શીંકારૂપ પાત્રોમાં મલિન ગોપીઓના કરપલ્લવથી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પીરસેલાં ખાટાં દહીં અને ભાતનાં ભોજનો, ક્યાં હરિચંદનથી અંગરાગ અને ક્યાં અનેક ગેરૂ વગેરે ધાતુના અંગરાગ, ક્યાં પીતાંબર આદિ અમૂલ્ય હીરનાં વસ્ત્રો અને ક્યાં કાંબળીનાં વસ્ત્રો, ક્યાં હાથી, ઘોડો, પાલખી અને સોનાના રથોથી ફરવું અને ક્યાં પાવલાં વિનાના પગથી ફરવું તથા ક્યાં કલ્પતરૂના નિકુંજમાં ફરવું અને ક્યાં સાજડ, કડાયો, ખજુર, તાલ, તગાલ, હિંતાલ, અને કંદળના સમૂહગાં ફરવું ?

શ્રીનારાયણ—પ્રિયે ! પ્રિયે ! તેં જે જે દૂષણો દેખાડયાં તે તે ગાયોને પાળવામાં પરાયણપણાંથી ને ભૂષણોજ છે, ગાયોના પાળવાથી ભૂતળનિવાસનાં સર્વ દુઃખો એ ને સુખોજ છે અને ગોપાલન વિના વૈકુંઠ નિવાસનાં સુખો છે તે સર્વે દુઃખોજ છે એમ હું ગાતુંછું.

માયાલક્ષ્મી—(સરોષ) જ્યારે વિધિ વિપરીત થાય છે ત્યારે બધું વિપરીત ભાસેછે. શું ક્યારે કોઇ પણ સાર્વભૌમ ચક્રવર્ત્તી રાજા, ગોવાળીયાપણાંને, વિધિનાં વિપરીતપણાંવગર અંગીકાર કરવા ઇચ્છે? જો મારાં વચનોને ગણકાર્યા વગર ગોપાલના બાલકપણાનો અંગીકાર કરશો તો વિષપાન કરીને, ગળાટુંપો ખાઇને કે ભેરવજપ ખાઇને અથવા ચિતામાં પ્રવેશ કરીને હું પ્રાણ તજીશ. શું મહાલક્ષ્મીનો પ્રાણપ્રિય પણ ગોપાલબાલકપણાંને ક્યારે પણ યોગ્ય છે ? (એમ કહેતાં અશ્રુધારાને પાડેછે.)

શ્રીનારાયણ— ગીતિ.

ક્ષીરનિધિ સંબંધે, ગારાં આ ચિત્તરૂપ હંસે જે ;
જાણેલી કલહંસી, વચનવડે તે બકી જણાયેછે.

હા ! ગોરક્ષણથી ઉલટા પક્ષમાં પક્ષપાતવાળી આ સ્ત્રીથી છેતરાયેલો હું નિઃસીમ પશ્ચાત્તાપના પાત્રપણાનો અનુભવ કરૂંછું. (એમ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહેતાં પલંગ ઉપરથી ઉઠેછે.)

માયાલક્ષ્મી—(સ્વગત) હા ! આણે મને બકી એમ જાણી. માટે હવે આંહીથી ખસી જવું એજ યુક્ત છે, નહિ તો ચક્રથી મારૂં માથું કાપી નાખશે. (એમ વિચારી ભાગવા ઇચ્છતી ક્ષણવાર વિચાર કરીને) " ધુણાક્ષર " ન્યાયથી તેમનું આ બોલવું થયુંછે. (પ્રકાશ) પ્રાણનાથ. પ્રાણનાથ ! મારાં વચનનું ઉલ્લંઘન કરીને જો ગોપાલ બાલકપણું અંગીકાર કરો તો તમને મારા પ્રાણથી અધિક પ્રિય ઇષ્ટદેવ પાર્વતીપ્રાણવલ્લભના સોગન છે.

શ્રીનારાયણ—અરે પાપિણિ ! આ પાપપ્રવૃત્તિથી મારી સાથે તને સો વર્ષસુધી અતિ દુઃખ દેનારો વિયોગ થાઓ. (એમ કહી નીકળી જાયછે.)

માયાલક્ષ્મી—હા ! કરેલો પણ મારો સઘળો શ્રમ સાવ નિષ્ફળ થયો. હવે તુરત પલાયન કરવું એજ ઉચિત છે. (એમ કહી નીકળી જાયછે.)

(ત્યારપછી શ્રી લક્ષ્મીનારાયણેશ્વરની સ્તુતિ કરતાં મહાલક્ષ્મી પ્રવેશ કરેછે.)

મહાલક્ષ્મી— વસંતતિલકા.

શ્રી શંકર પ્રણતવત્સલ હે કૃપાળો,
પાળો સદૈવ મમ વલ્લભને દયાળો ;
શ્રી શૈલરાજતનયા હૃદયાધિનાથ !
પાળો મને પણ દયામય દીનનાથ.
દેવાધિદેવ કરૂણાકર દીનનાથ,
ભક્તાભિવાંછિત સમર્પણમાં સમર્થ ;
હે શૈલજાહૃદયવલ્લભ ! હે મહેશ !

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પાળો મને હૃદયજીવિતને હમેશ.

શ્રીનારાયણ—(પ્રવેશ કરી કાન દઇ આશ્ચર્યસહિત) અહો ! આંહી પણ લક્ષ્મી ક્યાંથી ? આવી ગોરક્ષણમાં વિમુખ વૃત્તિવાળી(તે)નું મુખ પણ જોવું નહિ અને ભગવાન્ શ્રી પાર્વતીપ્રાણવલ્લભને પ્રણામ કર્યા વગર જવાય નહિ. અસ્તુ. આંહી ક્ષણવાર ઉભા રહીને તે ગયા પછી શ્રી મહેશ્વરને પ્રણામ કરી દેવકીનાં પુત્રપણાંને પામવામાટે પ્રયાણ કરૂં. (એમ કહી ઉભેછે.)

મહાલક્ષ્મી— વસંતતિલકા.

હે પાર્વતીહૃદય દેવ ! સદૈવ મારી,
પ્રાણેશના પદવિષે દૃઢ બુદ્ધિ સારી ;
થાજો, ન કોય દિન તેહ થકી વિરૂદ્ધ,
છે પ્રાર્થના, તુજ દયાથી રહો વિશુદ્ધ.

શ્રીનારાયણ—(સ્વગત) હું માનુંછું કે આ સ્ત્રી હવે પશ્ચાત્તાપને અનુભવેછે.

મહાલક્ષ્મી— દ્રુતવિલંબિત.

મન મ્રદાશિવ ! આ મુજનું અહો, હૃદયદૈવતદૈવત થઇ રહો ;
વળી સદા મુજ ઉપર તેમની, નજર પૂર્ણ દયાની રહો બની.

નારાયણ—(સ્વગત) આની કોઇ જુદા પ્રકારની પ્રેમાળ વાણી છે.

મહાલક્ષ્મી— વસંતતિલકા.

થાજો સદા વિજય નાથતણો મહેશ,
પામો મહાભ્યુદય, આપ દયા, હમેશ ;
વિશ્વાધિનાથ મુજ નાથતણા વિપક્ષો,
જાજો કપાઇ તુજની કરૂણાથી લક્ષો.
થાજો પ્રકાશ યશ આપ દયાથી નિત્ય,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પ્રાણેશનો શિવ અલૈકિક શુદ્ધ નિત્ય ;
તેનાં પદાબ્જયુગમાં કરજો પ્રણામ,
ઇંદ્રાદિ દેવ પણ નમ્ર થઇ તમામ.

શ્રીનારાયણ—ક્ષણવારમાં આ કોઇ બીજીજ થઇ ગઇ !

મહાલક્ષ્મી—(નેત્રમાં અશ્રુસહિત દંડવત્પ્રણામ કરીને.)

વસંતતિલકા.

આ બાલ્યથી દિવસ આજસુધી તગારી,
જો મેં મનોવચનકર્મથકી પુરારિ ;
આરાધના શિવ ! કરી શુભ ભક્તિ સાથ,
પામો જયાભ્યુદય તો મુજ પ્રાણનાથ.

નારાયણ—(પ્રકાશ)

વસંતતિલકા.

હે ચંદ્રમૌલિ ગિરિજાહૃદયૈકબંધો,
વિશ્વેશ હે પ્રણતવત્સલ વિશ્વબંધો;
જે આપની નજીકમાં હગણાં જણાય,
મારી પ્રિયાનું મન તેવું થજો સદાય.

મહાલક્ષ્મી—(આશ્ચર્ય અને આનંદસહિત) અહો ! શું પ્રાણનાથ પધાર્યા !!! પ્રાણનાથ ! આ આપના ચરણકમલની દાસી આપને પ્રણામ કરેછે.

શ્રીનારાયણ—સદૈવ મારા વિચારથી અવિરુદ્ધ વિચારવાળી થા.

મહાલક્ષ્મી—(સ્વગત) આ આશીર્વાદનો પ્રકાર કોઇ જુદીજ જાતનો જણાયછે. અસ્તુ. ક્રમે કરીને તે જાણીશ. (પ્રકાશ) ભગવન્ હજુ ભગવાન્ સૂર્યનારાયણ ઉદય પામ્યા નથી ત્યાં પ્રાણનાથ ક્યાં પધારોછો ?

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્રીનારાયણ—દેવિ! તમને વિદિત છે કે ગોરક્ષણમાટે દેવકીનાં પુત્રપણાનો અંગીકાર કરી મારે નંદના વ્રજમાં ગોપાલબાલકપણાનો સ્વીકાર કરવોછે.

મહાલક્ષ્મી—પ્રાણનાથ! જો એમ હોય તો મારે પણ શ્રી નંદનંદનરૂપ આપની સેવા કરવાને કોઇ પણ ગોપાલની પુત્રી થવું જોઇએ, માટે મને સાથે આવવાની રજા આપો.

શ્રીનારાયણ—(આશ્ચર્યસહિત સ્વગત) કેમ આ ક્ષણવાર પહેલાં કાંઇ બીજુંજ કહેતી હતી અને હમણાં કાંઇ બીજુંજ બોલેછે! (પ્રકાશ) દેવિ!

અનુષ્ટુપ્.

જો ગોપાલતણા બાલ, થશો પોતે તમે નકી;
તો હું છોડીશ આ પ્રાણ, વિષે કે દોરડી થકી.

એમ પ્રતિજ્ઞા કરનાર તમારાં અસારે આ વચનો આશ્ચર્ય ઉપજાવેછે.

મહાલક્ષ્મી—પ્રાણનાથ! મેં ક્યારે એમ કહ્યુંછે?

અનુષ્ટુપ્.

વારાહી નારસિંહીયે, જે હું પ્રેમે થઇ હતી;
ગોપબાલ થવા તેની, વિરૂદ્ધા હોય શું ગતિ.

એમ ચિંતેશ્વરે સારીવાર ચિત્તમાં વિચારવું જોઇયે.

વસંતતિલકા.

આ બાલ્યથી હૃદયનાથ હજીસુધી આ,
સ્વપ્નેય આપથી નથી અવળી મતિહા;
છે એક આંહીં ગિરિજાપતિ સત્ય સાક્ષી,
શ્રી શંકર પ્રણતવત્સલ જે દયાબ્ધિ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(એમ કહી અશ્રુસહિત નારાયણના પગમાં પડેછે.)

શ્રીનારાયણ—(આશ્ચર્યસહિત સ્વગત) આ શું ! આ કઇ માયા મને પણ મોહ પમાડેછે. (પ્રકાશ) દેવિ ! જો એમ છે તો સર્વજ્ઞ તેજ દેવ મારી ભ્રાંતિને દૂર કરશે.

(નેપથ્યમાં)

અનુષ્ટુપ્.

શ્રી નારાયણ આ આપ, પ્રિયામાં દોષ એ નથી;
એકરૂપ સદા જેહ, મનો વચન કર્મથી.
માયાલક્ષ્મી સ્વરૂપે તે, પૂતના ઓલખતી હતી ;
વિરૂદ્ધ ગોરક્ષણથી, કરવા આપની ગતિ.

શ્રીનારાયણ—(આશ્ચર્યસહિત સ્વગત) સર્વજ્ઞ જગદ્‌ગુરૂ શંકરે મારા મનની ભ્રાંતિને મૂળથીજ ઉખેડી નાખી. (પ્રકાશ)

માલિની.

હર હર હર હા હા ! પૂતના પાપણી તે,
તુજ શયન ખિરાજી તું સ્વરૂપે બનીને ;
કપટ કરી બનાવ્યો દોષને દેખનારો,
હૃદયસગ રમાગાં શું કરૂં છે ન આરો.

(એમ કહેતાં નેત્રમાંથી અશ્રુ પડેછે.)

મહાલક્ષ્મી—પ્રાણનાથ, પ્રાણનાથ ! આ શું કરોછો ? આપનો શો અપરાધ છે ? તે પાપણી પૂતનાનાં વચનોથી ભ્રાંતિ થઇ તેમાં પ્રાણનાથ કાંઇ અપરાધી નથી. પરંતુ તે (પૂતના)જ અપરાધવાળી છે તેથી તે વિષયમાં મને કાંઇ પણ ઔદાસીન્ય નથી. માટે પ્રાણનાથે પણ કાંઇ તે વિષયમાં ઉદાસીનતા રાખવી નહિ.

શ્રીનારાયણ—(નિઃશ્વાસસહિત) પ્રિયે ! કેવળ ભ્રાંતિમાત્રથી અપ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રાધી નથી પણ ભ્રાંતિરૂપ ભૂતનો આવેશ હોવાથી મેં બીજો પણ તગારો મોટો અપરાધ કરેલ છે.

મહાલક્ષ્મી—નાથ! તે શું?

શ્રીનારાયણ—પ્રિયે! ગોરક્ષણ વિરૂદ્ધ અક્ષરો સાંભળી રોષથી.

અનુષ્ટુપ્.

ગોરક્ષણ વિરૂદ્ધાંધ, બુદ્ધે સો વર્ષ છે હદ;
વિયોગ તુજને મારો, થશે દુઃસહ દુઃખદ.

એમ કહ્યું.

મહાલક્ષ્મી—હા! હણાણી છું. જે હું ક્ષણવાર પણ પ્રાણનાથના વિરહના દુઃખને સહન કરવા અશક્ત છું તે સો વર્ષ સુધી પ્રાણનાથના વિરહને કેમ સહન કરી શકીશ? (એમ કહેતાં મૂર્ચ્છાથી પડેછે.)

શ્રીનારાયણ—(આલિંગન સહિત) પ્રિયે! ધીરજ રાખો, ધીરજ રાખો. (એમ કહેતાં વજ્રના છેડાથી પવન નાખેછે.)

મહાલક્ષ્મી—(સંજ્ઞા પામીને) પ્રાણનાથ! શ્રમ લેવા જરૂર નથી. માટે આ, શ્રમથી વિરામ પામો.

શ્રીનારાયણ—આમાં શો શ્રમ છે? હું મારો આ મોટો અપરાધ સંભારી સંભારી લજ્જાના સમુદ્રમાં ડુબી જાઉંછું, હવે ક્યાં જાઉં અને શું કરૂં? (એમ કહી અશ્રુપાત કરેછે.)

મહાલક્ષ્મી—પ્રાણનાથ! શાપ દેવામાં પણ આપનો કાંઇ દોષ નથી પણ મારોજ અપરાધ છે.

શ્રીનારાયણ—તે કેવી રીતે?

મહાલક્ષ્મી—પૂતના માફક રૂપ લઇને પણ ગોરક્ષણવિરૂદ્ધ અક્ષરો બોલવા શક્તિમાન્ થઇ તેજ મારાં કોઇ પૂર્વસંચિત પાપનું પ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રિણામછે. નહિ તો ગારો વેષ લેનારી પૂતનાનું અંતઃકરણ પણ ગોરક્ષણગાં પ્રેમવાળુંજ થવું જોઇએ. માટે પ્રાણનાથે યુક્તજ કરેલ છે.

શ્રીનારાયણ—પતિવ્રતા શિરોમણે! પ્રાણપ્રિયે! તમને એમજ બોલવું શોભે. તમારાં આ સ્વભાવસિદ્ધ સરલપણાંથી હું પ્રસન્ન થયોછું, તેથી જન્મથી અગિયાર વર્ષસુધી તમારી સાથે તેવું સહવાસ સુખ આપીશ કે જેથી તેના સ્મરણના આનંદથી પણ બાકીનાં વિરહનાં વર્ષો ક્ષણની પેઠેજ ચાલ્યાં જશે. વળી તમારો મોટો અપરાધ કરનારી પૂતનાનો પ્રથમજ હું નાશ કરીશ.

મહાલક્ષ્મી—આ મોટો અનુગ્રહ કર્યો. (એમ કહી પ્રણામ કરેછે.)

શ્રીનારાયણ—પ્રિયે! દેવકીના જઠરમાં જન્મ લઇ હું શ્રી ગોકુલમાં શ્રી નંદ યશોદાના પુત્રપણાંને અંગીકાર કરીશ. તેથી તમારે પણ શ્રી ગોકુળમાં વૃષભાનુની પુત્રી થવું. માટે ચાલો પરમેશ્વરને પ્રણામ કરીને આપણે પ્રયાણ કરીએ.

મહાલક્ષ્મી—જેવી પ્રાણનાથની આજ્ઞા (એમ કહી શ્રીનારાયણ સાથે નીકળી જાય છે.)

અંક ત્રીજો સમાપ્ત.

श्री प्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडूभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्रद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निमातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरम् ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોપાલચિંતામણિ નાટક.

અંક ૪ થો.

ગર્ભાંક.

(અગાલ કેશીની સાથે કંસ નાટકશાળામાં પ્રવેશ કરેછે.)

કંસ—કેશિન્! "પ્રિય પુત્ર કંસ! વિદેશીય અપ્સરાઓ ઘણાં સારાં નાટકોને ભજવી બતાવેછે માટે તમારે તેઓનું ભજવેલું એક નાટક જોવું." એવી પિતાશ્રીએ આજ્ઞા કરેલ છે તેથી હું અત્યારે આ નાટકશાળામાં આવેલ છું. પરંતુ શા હેતુથી પિતાશ્રીએ આવી આજ્ઞા કરેલ હશે તે હું જાણી શકતો નથી.

કેશી—(ઉભો થઇને હાથ જોડીને) રાજાધિરાજ! અખિલ અવનીવલયમાં આપનો હિતૈષી અમારા કુટુંબ વગર બીજો કોઇ નથી એ નિઃશંક જાણવું.

કંસ—તે વાત હું જાણુંછું. તેથી શું?

કેશી—તેથી આપના પિતા પણ આપના રિપુપક્ષના પક્ષપાતી છે એમ જાણવું.

કંસ—પિતાશ્રીમાટે એ વાત સંભવતી નથી.

કેશી—જો એમ હોય તો આ નાટકજ તેમના આશયને નિવેદન કરશે કે જે નાટક જોવાને આગ્રહથી મહારાજને આજ્ઞા કરીછે.

કંસ—ઠીક છે, જોઇને વિચાર કરશું. હવે નાટક જોનારા સર્વ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પુરૂષો અને રાજાઓથી આ સ્થલ ભરાઇ ગયું છે માટે નાટક શરૂ કરવાને અપ્સરાઓને આજ્ઞા કર.

કેશી—જેવી દેવની આજ્ઞા. (એમ કહી) સૂત્રધાર !

(એટલું કહેતાં–)

સૂત્રધાર—અમાત્ય ! શી આજ્ઞા ફરમાવોછો ?

કેશી—સર્વ નાટક જોનારાઓ આવી ગયાછે માટે પ્રાસંગિક નાટકનો પ્રારંભ કરો.

સૂત્રધાર—જેવી અમાત્યની આજ્ઞા.

(એમ કહી નેપથ્યતરફ જોઈને) પ્રિયે ! આંહી આવ.

નટી—(પ્રવેશ કરીને) પ્રાણનાથ ! આ હું હાજર છું. મને શું ફરમાવોછો ?

સૂત્રધાર—પ્રિયે ! અભિનવ નાટક જોવાને ઉત્સુક આ સભ્યજનોને સંગીતથી રંજન કર.

નટી—જેવી આર્યપુત્રની આજ્ઞા. (એમ કહી ગાયછે)

માલિની.

જય જય જય પામો બાલ ગોપાલચિંતા—
ગણિ દિન દિન ઇંદ્રોપેંદ્ર રૂદ્રે નમેલ ;
સ્મરણ પથ કરી જે ભક્ત ઇચ્છા ધરેછે,
તુરત નિજજનોની પૂર્ણ સર્વે કરેછે.

કેશી—મંગળાચરણનો શ્લોકજ ગોપાલબાલની ભક્તિપરાયણ આ નાટકને કહેછે.

કંસ—તેમ હોય તેથી પણ શું ?

સૂત્રધાર—પ્રિયે ! ઠીક ગાયન કર્યું. પરંતુ તારી મુખમુદ્રા ઉદાસીન કેમ જણાયછે ?

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નટી—નાથ! આપ જાણોછો કે આ દુષ્કાળના પ્રભાવથી ખોરાક ન મળેલાં પુત્રી અને પુત્રની દીનથી પણ દીન મુખમુદ્રાને સંભારી સંભારી ગાઢું ગન પરગ ઉદાસીને પામેછે.

વસંતતિલકા.

વીંછી, ફણીંદ્ર કરડે વનસિંહ ખાય,
પીડા સગસ્ત પણ આયુધની ખમાય ;
દુઃખો બધાં નરકનાં પણ ભોગવાય,
મોટું ક્ષુધાર્ત્ત શિશુનું નવ જોયું જાય.

(નેપથ્યગાં)—નટી! સાચું કહ્યું, સાચું કહ્યું.

મોટું ક્ષુધાર્ત્ત શિશુનું નવ જોયું જાય.

(એમ ફરીને બોલેછે.)

સૂત્રધાર—પ્રિયે મહીજિત્ નામના રાજાની મહારાણી શૈબ્યાની આ વાણી સંભળાયછે. તેથી ચાલો આપણે હવે પછીનાં કાર્યમાટે સજ્જ થઇએ (એમ કહી નિકળી જાયછે.)

(ત્યાર પછી ખિન્ન થયેલી શૈબ્યાની સાથે રાજા મહીજિત્ પ્રવેશ કરેછે.)

શૈબ્યા— વસંતતિલકા.

વીંછી, ફણીંદ્ર કરડે, વનસિંહ ખાય,
પીડા સમસ્ત પણ આયુધની ખમાય ;
દુઃખો બધાં નરકનાં પણ ભોગવાય,
મોટું ક્ષુધાર્ત્ત શિશુનું નવ જોયું જાય.

(એમ કહેતાં આંખોમાંથી અશ્રુ પાડેછે.)

રાજા—પ્રિયે! તારૂ કહેવું યુક્તજ છે પરંતુ દૈવાધીન વાતગાં શું કરવું ?

શૈબ્યા—નાથ! સર્વ પોતાને આધીનજ છે. દૈવાધીન શું છે?

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રાજા—પ્રિયે ! તારાં આ વચનો સત્યજ છે.

રાજ્યા—અત્યારે પુત્રરૂપ ગણીને પાળેલાં અને લડાવેલ તથા પોષણ કરેલ આ જયસેના અને જયસેન અન્નગાટે અશ્રુપાતસહિત કજીયો કરેછે તે પણ આપણાં કરેલાં પૂર્વ કર્મનુંજ ફળ છે. તેમાં દૈવનો દોષ નથી.

રાજા—(સ્વગત) હા ! મેં પુત્રરૂપ ગણેલાં તે બન્નેનો પણ અન્નગાટે કજીયો થાયછે, હંત ! ત્યારે હવે અભ્યુદયની આશા ગઇ. (પ્રકાશ) દેવિ ! મારૂં અંતઃકરણ તારાં વચનની સત્યતાનો સ્વીકાર કરેછે.

શૈબ્યા—પ્રથમ તો સામ્રાજ્ય રાજ્ય પામેલાં પણ આપણને ઔરસ પુત્રનાં મુખદર્શનસુખનો વિરહ એ શું દૈવકૃત છે ? નથીજ. પરંતુ આપણુંજ પૂર્વકૃત કર્મથીજ થયેલછે. વળી આપણે પુત્રરૂપ ગણેલાં જયસેન અને જયસેના અન્નવિના કજીયો કરેછે તે પણ આપણાં પૂર્વકૃત કર્મનુંજ પરિણામ છે. પ્રજા એજ રાજાની પરમ સંતતિછે તે પણ દુષ્કાળ ભયથી પીડાતી નાશ પામશે એ પણ કરેલાં પૂર્વ કર્મનીજ પરિણતિ છે.

રાજા—એમજ છે. તે બે છોકરાં અત્યારે ક્યાં છે? તેને જોવાની ઇચ્છા રાખુછું.

(ત્યાર પછી જયસેન અને જયસેના પ્રવેશ કરેછે.)

જયસેન—(અશ્રુસહિત) બેન જયસેના ! તુંજ આ પૂળી ખાઇને કાં. ઇક ક્ષુધાની શાંતિ કર.

રાજા—મારા પુત્રને આમજ કરવું ઉચિત છે.

જયસેના—ભાઇ ! હું તે નહિ ખાઉં. તુંજ તેને ખા, પરમ ક્ષુધાથી તારૂં મુખકમલ કરમાઇ ગયુંછે.

રાજા—પુત્રિ ! તેં પણ આ વચનથી મદીયપુત્રીપણું શોભાવ્યુ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જયસેન—બેન જયસેના! તું ભુખી હો ત્યાં સુધી હું આ પૂળી કેમ ખાઉં? નહિજ ખાઉં.

જયસેના—ભાઇ! હું મોટી બેન છું. તે તું નાનો ભાઇ ભૂખ્યો હો ત્યાંસુધી આ પૂળી ખાવાને ઇચ્છા પણ કેમ કરું? ભલે પ્રાણ જાઓ, પણ હું ખાતી નથી. (એમ કહી પૂળીને દૂર ફેંકી દેછે.)

જયસેન—વહાલી બેન! અન્ન એ દેવતા છે માટે તેનો અનાદર કરીએ તો પણ દોષ લાગે, માટે ચાલ તે પૂળી માતુશ્રીને આપી આવીએ. (એમ કહી પૂળી લઇ માતુશ્રી પાસે જઇને) માતુશ્રી! માતુશ્રી! આ પૂળીને ગારાવિના બેન જયસેના ખાતાં નથી અને હું તેના વગર ખાતો નથી એ રીતે અમો બન્નેએ તજી દીધેલી આ પૂળીમાં માતુશ્રીએ આદર કરવો એવી ગારી પ્રાર્થના છે.

રાજા—(સ્વગત) હવે મારી અભ્યુદયની આશા જીવતી થઇછે. (પ્રકાશ) પ્રિયે! અન્નમાટે પણ આ બે છોકરાંનો કજીઓ વખાણવા લાયક અને અલૈાકિક છે. આનો આ આવો કજીઓજ મારાં ભાવી કલ્યાણનું નિવેદન કરેછે.

શૈબ્યા—પ્રાણનાથ! જોકે આ કજીઓ લૈાકિક નથી પણ અલૈાકિક છે તોપણ જ્યાં રાજકુમારની પણ અન્નમાટે આવી સ્થિતિ છે ત્યાં બિચારી આપણી પ્રજાનાં પુત્રો અને પુત્રીઓની અન્નમાટે કેવી સ્થિતિ હશે એ વિચારવું જોઇએ. અને તેવી સ્થિતિમાં ઠપકાનું પાત્ર કોણ છે? તેપણ વિચારવું જોઇએ. (એમ કહેતાં અશ્રુ પાડેછે.)

કંસ—કેશી! કેશી! ઘઉં, ચોખા અને મગની લાખ ગુણી-ઓ મહારાજ મહીજિત્‌ને મોકલો.

કેશી—(ઉભો થઇ હાથ જોડીને) મહારાજ! આ તો નાટક છે.

5 *Manoranjak Press.*

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—એ વાત હું ચુકી ગયો.

રાજા—પ્રિયે ! રાજ્યની આવી દુર્દશા થવાનું કારણ મારો પ્રધાનજ છે

ગીતિ.

પશુધન નહિ ધન ધન તે, અરધું ધન છે, ખરેંજ ધન ધાન્ય;
અતિધન આ ત્રણ જાણો, વિદ્વા, પૃથ્વી, સુમિત્ર જગમાન્ય.

આવા પ્રાચીન બુદ્ધિવાનોની બુદ્ધિથી નિર્ણીત થયેલા નિર્ણયનો અનાદર કરી ત્રાંબું, રૂપું, અને સોનાના કટકાગાંજ માત્ર ધનબુદ્ધિવાળા અલ્પમતિ તે પ્રધાને પ્રતિવર્ષ ઉત્પન્ન થતાં ધાન્યોને વેંહેચી વેંહેચીને મારો દેશ ધાન્યના કણ વગરનો કરી દીધો, અત્યારે તેના લોભના પ્રભાવથી સર્વ પ્રજાનાં નેત્રોથી પડતી અશ્રુ જલની ધારાઓ દેખાયછે પરંતુ કોઇના ઘરમાં ધાન્યની ધારા પડતી દેખાતી નથી, એટલુંજ નહિ પરંતુ હું ક્ષત્રિય છતાં મને દુર્બુદ્ધિ પ્રધાને વૃત્તિથી વૈશ્ય બનાવી દીધો. ક્ષત્રિયકુળશિરોમણિરૂપ મારો પરમ ધર્મ પ્રજાનું પાલન કરવું તેજ છે. મારે ધાન્ય વેંચવાથી થયેલાં ધનસમૂહને ભેળા કરવાથી પ્રયોજન શું ? અત્યારે હવે તે દુષ્ટ પ્રધાનના મેદથી મારી પ્રજાનું પાલન કરવું જોઇયે. (ક્ષણવાર વિચાર કરી નિઃશ્વાસ નાખી અશ્રુ સહિત) દેવિ ! બીજાને ઠપકો શું આપવો? બુદ્ધિવગરનો હુંજ ઠપકાનું પાત્ર છું. બીજો કોઇ નથી. જે મેં પ્રધાનપદને અયોગ્ય પણ તેને પ્રધાનપદે સ્થાપ્યો અને નિર્દયતમ હૃદયવાળા તે પ્રધાનની અનુમતિથી પ્રતિવર્ષ નવા નવા કરોને નાખતાં મેં મારી પ્રજાને ધન, ધાન્ય અને અન્ન વસ્ત્રવગરની કરી નાખી તથા રાક્ષસના અવતારરૂપ તે પ્રધાને ભક્ષણ કરાતી મારી પ્રજાને ધનલવના લાભમાં લોભથી અંધ બુદ્ધિવાળા મેં બકરાંની પેઠે અતિ કરૂણાવાળા વિલાપ કરતી

CC-O, Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પણ જોઈજ નહિ. એટલુંજ નહિ પણ દેવ અને ગોચરસ્થાન, ગાયોને બેસવાનાં સ્થાન અને ગાયોને પાણી પીવાનાં સ્થલો પણ ધનલોભથી તે દુષ્ટે બેડાવી નાખ્યાં તોપણ મારી બુદ્ધિની મંદતાથી આ ગાફેજ અહિત થાયછે એમ મેં ન જાણ્યું. અત્યારે આ થઇ ગયેલી વાતનું સ્મરણ કરી પશ્ચાત્તાપથી બહુ થયું. હવે હું સમજ્યોછું તો બધું ઠીકજ કરીશ. અરે કોણછે ? (એમ કહેતાં)

દ્વારપાલ—(પ્રવેશ કરીને) દેવ ! આજ્ઞા કરો.

રાજા—જા તુરત અતિ વૃદ્ધ અર્થનિધિનાગના કુલક્રમાગત કારભારીને આહીં લઇ આવ.

દ્વારપાલ—જેવી દેવની આજ્ઞા. (એમ કહી ક્ષણવારમાં પાછો આવીને) દેવ ! આ અમાત્ય.

અર્થનિધિ—(પ્રવેશ કરી) દેવ ! જય પામો જય પામો. (એમ કહેતાં પ્રણામ કરેછે.)

રાજા—આર્ય અર્થનિધિ ! આહીં બેસો (એમ કહીને આસન આપેછે.)

અર્થનિધિ—મહારાજ ! બસ બસ. કિંકરપરમાણુરૂપ મારેમાટે બહુ ઉપચારની જરૂર નથી. જે આજ્ઞા કરવાની હોય તે ફરમાવો.

રાજા—આર્ય ! દુષ્ટ અનર્થનિધિના સંગદોષથી મેં મારો સઘળો દેશ ધન અને ધાન્યકણવિનાનો કરી દીધો. પુત્રના જેવી મારી પ્રજા ધાન્યવગર મરણની તૈયારીમાં છે. તો આ મારા ભંડાર અને આ ધરેણાં. વધારે શું કહું ? મારું સર્વસ્વ આપને આપું છું તે બધું આપીને બીજા દેશોમાંથી ધાન્યને કોઇ પણ યુક્તિથી સત્વર સંપાદન કરીને, હું આવું ત્યાં સુધી પુત્રજેવી આ મારી પ્રજાનું તમારે પોષણ કરવું અને મહાપાપી અનર્થનિધિને જેલમાં નાખવો કે જેની બુદ્ધિના પરિણામે મારા દેશની દુર્દશા થઇ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અર્થનિધિ—મહારાજ ! આપે ક્યાં પધારવાનું છે ?

રાજા—હું મારી આ પ્રિયાસાથે ભગવાન્‌શ્રી યમદેવની સંયમિનીપુરી-માં જવા ઇચ્છા રાખું છું.

અર્થનિધિ—શાગાટે આવા વિષમ સમયે ત્યાં જવું છે ? મહારાજ ! આપવિના આ સર્વ લોક નિ.શૃંખલ થઇ જશે. માટે જ્યારે દુ-ષ્કાલ શાંત થાય ત્યારે આપે ત્યાં પધારવું એવી મારી પ્રાર્થના છે.

રાજા—કુલપરંપરાથી અમાત્યપદને પામેલા અને મારા પિતાતુલ્ય આપ જ્યારે લોકવ્યવસ્થા જોવાના છો તેથી એ શંકાજ ઉપજતી નથી એટલે સૂર્યના પુત્ર યમરાજ પાસેથી અત્યારેજ મારે કાંઇ જાણવાનું છે તેથી ત્યાં જાઇશ.

અર્થનિધિ—ત્યારે સુખેથી આપ ત્યાં પધારો. મહારાજનો પ્રતાપજ અત્રે પ્રજાપાલનમાટે રહેછે, આ માણસ તો નિમિત્તમાત્ર છે. તો પણ મહારાજે તેવિષે ચિત્તમાં કશી ચિંતા ન રાખવી.

રાજા—તેવિષે મારું ચિત્ત નિશ્ચિંતજ છે.

અર્થનિધિ—મહારાજ ! અનર્થનિધિને જેલમાં શામાટે નાખવો છે ?

રાજા—આર્ય ! દુષ્ટ બુદ્ધિવાળા તેણે મારા સર્વ દેશને રંકથી પણ રંક દશાને પમાડેલ છે તેથી તેને જેલમાં નાખવો એ બહુજ થોડી શિક્ષા છે. તે પાપી તો પ્રાણાંતશિક્ષાને યોગ્ય છે માટે તેને પ્રા-ણાંતદંડ આપવો જોઇએ.

અર્થનિધિ—(હાથ જોડીને) મહારાજ ! ક્ષમા કરો ક્ષમા કરો. નોકરનો એક અપરાધ ધણીએ સહન કરવો જોઇએ એ આપનો ધર્મ છે.

રાજા—આર્ય ! તેનો એક અપરાધ નથી પણ અનેક છે.

અર્થનિધિ—તેના અનેક અપરાધો હશે તોપણ તેને મહારાજે મારવો ન જોઇએ, કેમકે સર્વ લોકે નિંદેલાં કર્મોથીજ તે હણાએલો છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેને પછી શું મારવો ?

રાજા—જો આપનો એમજ આગ્રહ હોય તો તેને પ્રાણાંતદંડ ન આપવો. પરંતુ મારા આવવા સુધી જેલમાં તો રાખવોજ.

અર્થનિધિ—મહારાજ ! જેને આપે પ્રથમ પ્રધાનપદે રાખેલો તેને તેમ કરવું (જેલમાં રાખવો) તે પણ યોગ્ય નથી માટે જ્યાંસુધી મહારાજનું અત્રે પધારવું થાય ત્યાંસુધી કામવગર તે પોતાને ઘેરજ બેસે તેમ કરીશ. તેથી વધારે શિક્ષા કરવા મારૂં મન ચાલતું નથી.

રાજા—(સ્વગત) અહો ! સજ્જનોની અજાતશત્રુતા કાંઇ અદ્‌ભુત હોયછે. જેથી આ પોતાના પરમ વેરીમાં પણ વેરી છે એવી બુદ્ધી રાખતા નથી એટલુંજ નહિ પણ મેં આજ્ઞા કરી તેમ છતાં પણ તેનું અહિત કરવા ઇચ્છતા નથી. (પ્રકાશ) આર્ય ! જેવી આપની ઇચ્છા હોય તે પ્રમાણે આપે તેવિષે કરવું.

અર્થનિધિ—મહારાજે મારાઉપર મોટો અનુગ્રહ કર્યો.

રાજા—આર્ય ! પ્રજ્ઞાવિષે—(એટલું બોલી આંખમાં અશ્રુ સહિત વિરમેછે.)

અર્થનિધિ—મહારાજ ! આ પ્રજ્ઞા મારાં અહિશ્વર પ્રાણ છે. પ્રાણનું અર્પણ કરીને પણ તેઓને હમેશાં અભયદાનના અનુભવવાળી કરવા યત્ન કરીશ એ મહારાજે નિઃસંશય જાણવું.

રાજા—આર્ય ! આપનાં આ વચનથી મારી સર્વ ચિંતા નિવૃત્ત થઇછે તેથી આ પ્રયાણના પ્રયોગ કરૂંછું. (એમ કહી આકાશમાર્ગે દેવીની સાથે નિકળી જાયછે.)

અર્થનિધિ—મહારાજનો જય થાઓ જય થાઓ. (એમ કહેતાં નિકળી જાયછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(ત્યાર પછી ચિત્રગુપ્તસહિત યમરાજા પ્રવેશ કરીને સિંહાસન-ઉપર બેસેછે.)

યમ—સખે ચિત્રગુપ્ત ! આજે કેટલા પાપીઓ છે ?

ચિત્રગુપ્ત—દેવ ! આજે દશ મહા પાપીઓજ દેવે દંડ દેવાના છે.

યમ—ત્યારે ક્રમ પ્રમાણે તેઓને આંહી બોલાવો.

ચિત્રગુપ્ત—જેવી દેવની આજ્ઞા. (એમ કહી) વક્રતુંડ ! પાપીને લઇ આવ.

વક્રતુંડ—જેવી દેવની આજ્ઞા. (એમકહી બહાર નિકળી ફરીને પાપી સાથે પ્રવેશ કરેછે.)

યમ—(પાપીને જોઇને) ચિત્રગુપ્ત ! જુઓ, આનું શું પાતક છે.

કંસ—કેશી ! આમાં શું જોવાનું છે ? કેવલ મનને ઉદ્વેગ કરનાર બધું દેખાયછે.

કેશી—મહારાજ ! આપનું કહેવું ખરૂં છે, પરંતુ પિતાની આજ્ઞા છે માટે સમાપ્તિસુધી જોવું જોઇયેજ.

કંસ—ના કોણ કહેછે ? જોવાયછે.

ચિત્રગુપ્ત— (ક્ષણવાર પાનાંગાં જોઇને) ભગવન્ ! પૂર્વે આ બેહુ હતો.

યમ—પછી ?

દ્વારપાળ— (પ્રવેશ કરીને) ભગવન્ બારણે ઉભેલા સ્ત્રીસહિત મહીજિત્ નામના રાજા દેવનાં દર્શનની ઇચ્છા રાખેછે. હવે જેવી દેવની આજ્ઞા.

યમ—(આશ્ચર્યસહિત) શું મહીજિત્ મહારાજ બહાર ઉભાછે ? ચિત્રગુપ્ત ! તુરત સ્ત્રીસહિત તેને આંહી લઇ આવ.

ચિત્રગુપ્ત—જેવી દેવની આજ્ઞા. (એમ કહી નિકળી રાજાસહિત પાછા પ્રવેશ કરેછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રાજા—દેવ શ્રીયમરાજનો જય થાઓ જય થાઓ. (એમ કહી પ્રણામ કરેછે.)

યમ—હે પૃથ્વીંદ્ર ! પૂર્ણાભિલાષ થાઓ.

રાણી—કર્મસાક્ષી સૂર્યના પુત્રરત્નને નમન કરૂંછું. (એમ કહી પ્રણામ કરેછે.)

યમ—પુત્રિ ! પવિત્ર પાતિવ્રત્યના પ્રભાવથી પરમ અભ્યુદયને પામ. (ચિત્રગુપ્તને) ચિત્રગુપ્ત ! પવિત્ર ચરિત્રવાળાં આ દંપતિમાટે આસન આપો.

ચિત્રગુપ્ત—જેવી દેવની આજ્ઞા (એમ કહીને સોનાનું સિંહાસન તેને અર્પણ કરેછે.)

રાજા—(યમરાજની આજ્ઞાથી સ્ત્રીસહિત તેના ઉપર બેસેછે.)

યમ—મહારાજ ! પ્રજાપાલનરૂપ સ્વધર્મકર્મને છોડી મહારાજનું આંહી શામાટે આવવું થયુંછે તે જાણવા ઇચ્છુંછું.

રાજા—(હાથ જોડી સિંહાસનથી ઉતરીને) હે કર્મસાક્ષિપુત્ર ! મારી ઔરસ સંતતિ નથી. વળી ઔરસ પુત્રની પેઠે રાખેલી પ્રજા પણ હમણા બાર દુકાળીથી પીડાયછે. આ મારાં કયાં કેવાં પૂર્વ જન્મકૃત દુષ્કૃતનું ફલ છે તે પુછવાને અને કયા સત્કર્મથી ઔરસ સંતતિમુખદર્શનસુખની પ્રાપ્તિ અને મારી પ્રજા સુભિક્ષસુખામૃતસમુદ્રમાં નિમગ્ન થાય એ પુછવાને આપના ચરણકમલપાસે આવેલો છું (એમ કહી દંડવત્ પ્રણામ કરેછે.)

કંસ—કેશી ! મહીજિત્‌ના પ્રશ્નના ઉત્તરથી આપણે પણ ઔરસ સંતતિ પ્રાપ્તિના સાધનને સાંભલશું. પિતાશ્રીએ એટલામાટેજ મને આ જોવાની આજ્ઞા કરીછે એમ હું માનુંછું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેશી—(સ્વગત) હા ! આ નાટક જોવાથી આ ધર્મમાં પ્રીતિ-વાળો થશે અને જો તેમ થશે તો અધર્મપક્ષપાતી અમે હણાયા. (પ્રકાશ) મહારાજ ! મને પણ એમ જણાયછે.

યમ—રાજન્ ! તમારા પ્રશ્નનો ઉત્તર પ્રસંગપતિત આ કાગ સગાસ્ન કરીને આપીશ. સ્વસ્થતાથી સિંહાસનઉપર બેસો.

રાજા—જેની દેવની આજ્ઞા. (એમ કહી તેમ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! આનું કૃત્ય કહો.

ચિત્રગુપ્ત—આ બેહુએ બેડમાં ઉપયોગી જમીનના લાભના લોભથી ગોચરનાં સ્થલો, ગાયોને પીવાનાં તળાવો, અને ગાયોનાં વિશ્રામ સ્થલોને યાવત્જીવિત બેડેલાં છે.

યમ— (સક્રોધ) દુષ્ટ દુષ્ટ ! ગોચરસ્થલનેજ તેં બેડયું ! બીજું કાંઇ ન જોયું ? તે પાપતરુ કર્મથી હજારો નરકની પીડાને હજારો વર્ષ-સુધી ભોગવ. તારું મુખ મને ન દેખાડ.

પાપી—(કંપસહિત આંખમાં અશ્રુ લાવીને રોતો અને વક્રતુંડે ગા-રેલો નિકળી જાયછે.)

બીજો પાપી—(પ્રવેશ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! બતાવો આનાં કર્મ.

ચિત્રગુપ્ત—(પત્રો જોઇને) ભગવન્ ! આ ગારવાડના રાજાનો કાર-ભારી હતો. વૈશ્ય જાતનો છતાં પણ પોતાનાં પેટ ભરવાગાં પરાયણ અંતઃકરણવાળા તેણે બલાત્કારથી ગોચરોનેજ લઇ લઇ બેહુઓને બેડવાને આપ્યાં અને તેથી ઉપજેલ ધનથી આવકમાં વધારો બ-તાવી રાજાનું પ્રિયપણું સંપાદન કર્યું.

યમ—(સક્રોધ) ધિક્કરે! કર્મચંડાળ ! કુલપરંપરાના ધર્મને છોડી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પોતાનાં પેટ ભરવામાટે ગોચરોને લઇ લઇ પોતાના ધણીનું પણ અકલ્યાણ કર્યું ? જા જ્યાં સુધી સૂર્ય ને ચંદ્ર છે ત્યાં સુધી કમથી સર્વ નરકની પીડાને ભોગવ. (યમકિંકરોએ આંસખાથી મરાતો રાડો પાડતો પાપી નિકળી જાયછે.)

ત્રીજો પાપી—(પ્રવેશ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! જલદી બોલો.

ચિત્રગુપ્ત—દેવ ! ગુજરાતમાં રહેનાર આ માણસે પોતાના ખેતરમાં પડેલી ગાયની આંખમાં થોરનું છીર નાખી બલાત્કારે તે ગાયને આંધળી કરીછે.

યમ—(સક્રોધ)

અનુષ્ટુપ્.

ધિક્કાર કર્મચાંડાલ, મુખ દેખાડ ના મને ;
વક્રતુંડ ! અરે આની, હમેશાં ફોડ આંખને.

કેશી—(કંસને) મહારાજ ! અત્યારે આપના પિતાશ્રીનો આશય સમજાયો. આ નાટક દેખાડીને આપને તેઓ ગાયની ભક્તિવાળા કરવાને ઇચ્છેછે.

કંસ— કેશી ! કશી ચિંતા ન રાખ. તેવાં સો નાટકો પણ મને ગોભક્તિવાળો કરી શકે તેમ નથી.

રાજા—પ્રિયે ! આપણા પ્રધાન અનર્થનિધિએ પણ આ સર્વ નરકની પીડાઓ ભોગવવી પડશેજ. કેમકે તેણે યાવત્જીવિત આવાંજ કર્મો કરેલાં છે.

રાણી—તે વાત મને બહુ પ્રિય છે. પરંતુ તેનો સંસર્ગદોષ આર્યપુત્રને સ્પર્શ કરશે એમ મારૂં હૃદય ધ્રુજેછે.

રાજા—પ્રિયે ! ભયં ન રાખ. નીચનીચતમ તેના સંસર્ગદોષને ગટાડ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નાર પ્રાયશ્ચિત ધર્મશાસ્ત્રથી જાણીને તે પ્રમાણે હું કરીશ.

ચોથો પાપી—(પ્રવેશ કરેછે.)

યમ—(સરોષ જોઇને) ચિત્રગુપ્ત ! આ પાપી શું કર્મ કરનાર છે ?

ચિત્રગુપ્ત—ઉજ્જેણમાં આ બ્રાહ્મણે ઉપરકરલાભના લોભથી ગાયોને લઇ પછી તેઓને ખડ પણ ન ખવરાવ્યું તેથી તેઓએ ભૂખ, તરસ, ટાઢ, તડકો વાયુ અને વર્ષાદથી યાવત્જીવિત દુઃખ ભોગવ્યું.

યમ—(રોષના આવેશથી) રે પઠિતમૂર્ખ ! તને ધિક્કારછે. ગોમહિમાને જાણતાં છતાં પણ આંધ થયો ? હવે અત્યારે સ્વકર્મનું ફલ ભોગવ. વજ્રતુંડ ! આ પાપી ભુખ, તરસ, ટાઢ, તડકો, વાયુ અને વર્ષાદનાં અસહ્ય દુઃખોનો યાવત્જીવિત અનુભવ કરો.

પાપી—હા ! મારા બાપરે. (એમ રાડ પાડતો નિકળી જાયછે.)

પાંચમો પાપી—(પ્રવેશ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! આનું પાપ કહો.

ચિત્રગુપ્ત—દેવ ! આણે માતાપિતાની આજ્ઞા સ્વપ્નમાં પણ પાળી નથી, એટલુંજ નહિ પણ ઉલટું પ્રતિદિવસ તેઓનું અંતઃકરણ નાનાપ્રકારના ક્લેશોથી સંતાપ્યું છે.

યમ—(દાંતથી હોઠને દબાવીને) રે નીચ ! કૃતઘ્નશિરોમણિ ! આ પોતાનાં કરેલાં કર્મથી રૌરવ અને મહારૌરવની વેદનાનો અનુભવ કર.

પાપી—હા ! દુઃસંગને લીધે મેં માતાપિતાની સેવા ન કરી. (એમ રૂદન કરતાં નિકળી જાયછે.)

કેશી—મહારાજ ! મારી સંગતિથી આપ માતપિતાની આજ્ઞા પાળતા નથી તે દેખાડવા પિતાશ્રીએ આ નાટક

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જોવાની મહારાજને આજ્ઞા કરી હશે એમ હું માનું છું.

કંસ—આ તમારી કપોલકલ્પના મને નથી રૂચતી.

યમ—બોલાવો બીજી પાપીને.

પેહેલી પાપણી—(પ્રવેશ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! આ પાપણીનાં કૃત્યો કહો.

ચિત્રગુપ્ત—(પત્રો જોઇને) મહારાજ ! આણે કોઇ દિવસ પણ સા-સુસસરાની સેવા સ્વપ્નમાં પણ કરી નથી, સ્વપ્નમાં પણ સત્ય વ-ચન બોલી નથી અને પોતાના પ્રાણનાથના ચરણકમલની સેવા પણ સ્વપ્નમાં કરી નથી. કેવળ નિષ્કારણ હજારો કલેશો કરીને હમેશાં તેઓનાં ચિત્તને સંતાપ્યાંછે અને કુટિલ તથા અત્યંત કડવાં અસત્ય વચનોરૂપ વિષની વિષમજ્વાલાની માલાથી તેઓ-નાં અંતઃકરણોને સદા બાળ્યાંછે.

યમ— અનુષ્ટુપ્.

પાપે ! દુષ્કૃત્યથી તારાં, રે દુરાચારની ધર ;
રહે રૌરવમાં દુષ્ટે, યાવચ્ચંદ્રદિવાકર.

પાપિણી—હા ! દુષ્ટા અસતીની સંગતિથી મેં આગ કર્યું, પરંતુ દુઃખ તો મારેજ ભોગવવું પડશે. (એમ કહેતી નિકળી જાયછે.)

કેશી—દેવ! પિતાશ્રીનો કેવળ મારા ઉપરજ રોષ નથી, પરંતુ મહારાજનાં બન્ને રાણીઓ અસ્તિ અને પ્રાપ્તિ ઉપર પ-ણ રોષ હોય એમ આ પાપિણીનો પ્રવેશજ નિવેદન કરેછે.

કંસ—કેશી ! કુતર્કો કરવાથી બહુ થયું. મને જણાયછે કે, તા-રૂં મન ભ્રાંતિપિશાચીના આવેશથી પરવશ થઇ સર્વ વિપરીતજ જુવેછે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેશી—(સ્વગત) હવે મહારાજ કોપ્યા જણાયછે માટે પ્રતિક્ષણ નજ કહેવું. (પ્રકાશ) મહારાજનું કહેવું બરાબર છે.

બીજી પાપિણી—(પ્રવેશ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! આનાં કૃત્યો નિવેદન કર.

ચિત્રગુપ્ત—દેવ ! જન્મથી માંડી બોલું બોલનારી આ સ્ત્રીએ અત્યંત કડવાં વચનોરૂપ વિષના કોળીઆથી સત્પુરૂષોનાં કુલોને વ્યાકુળ કરેલાં છે અને પોતાના પતિને તથા પોતાના કુલને હમેશાં છેતરેલ છે.

યમ—(ક્રોધ સહિત.)

અનુષ્ટુપ્.

પાપે ! આ પાપથી તારાં, નિવાસ તુજનો બને,
કુંભીપાકે સદાકાળ, મુખ દેખાડ ના મને.

પાપિણી—હા ! બાલ્યથીજ નીચમાં નીચ કુલટાકુળની સંગતિરૂપ વિષલતાના પરિચયનો આ પરિણામ આવ્યો. (એમ કહેતાં રૂદન કરતી નીકળી જાયછે.)

શૈબ્યા—પ્રાણનાથ ! મારૂં મન આ દુષ્ટા સ્ત્રીને યોગ્ય દંડ અપાયો તે જોઈને સંતોષ પામ્યું.

રાજા—દેવિ! ભગવાન્ દંડધર (યમ) યોગ્ય દંડને આપનારજ છે એ લોકપ્રસિદ્ધ છે.

ત્રીજી પાપિણી—(પ્રવેશ કરેછે.)

યમ—ચિત્રગુપ્ત ! આનાં કૃત્યો બતાવો.

ચિત્રગુપ્ત—(પત્રો જોઈને) ભગવાન્ ! આ બેતર સાચવનારીએ બેતરમાં પડેલી અને વેગથી દોડી જતી ગાયોને લાકડીના પ્રહારોથી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તથા પાણાના પ્રહારોથી અતિ નિર્દય થઈને મારેલી છે.

યમ— અનુષ્ટુપ્.

નિર્દયે ! તુજનાં કૃત્યો, નિર્દયેથી નિરંતર ;
મારે નિર્દય હૂતો તે, પીડાને ભોગવ્યા કર.

પાપિણી—હા ! અજ્ઞાનથી કરેલું દુષ્ટ કર્મ પણ અસહ્યતમ દુઃખ દેનાર છે તે મેં અત્યારેજ જાણ્યું. હવે મારે શું કરવું ? (એમ કહેતી નીકળી જાયછે.)

ચોથી પાપિણી—(પ્રવેશ કરેછે.)

યમ—પ્રધાન ! કહો.

ચિત્રગુપ્ત—દેવ ! હુંકારે તુંકારેથી ભરેલાં દુષ્ટ વચનોથી આ સ્ત્રીએ સાસુ, સસરા, નણંદ અને પતિના મનને સંતાપેલ છે.

યમ— અનુષ્ટુપ્.

અત્યંત પાપથી પામી, પીડા નરકની ઘણી ;
પાંચવાર પછી પામે, યોનિને કુતરીતણી.

પાપિણી—હા ! મંદભાગ્યવાળી હું હણાણી છું. આ કેમ ભોગવી શકાશે ? (એમ કહેતાં રૂદન કરતી નિકળી જાયછે.)

(ત્યાર પછી પાંચમી પાપિણી પ્રવેશ કરેછે.)

યમ—પ્રધાન ! આનાં કૃત્યો ઉતાવળથી કહો.

ચિત્રગુપ્ત—દેવ ! આ અનભિજ્ઞા સ્ત્રીએ પ્રતિનિમેષ પોતાના પતિને છેતરીને પરપુરૂષો તરફ પાપદૃષ્ટિઓ કરેલી છે.

યમ— અનુષ્ટુપ્.

દુષ્ટે ! આ દુષ્ટ કૃત્યેથી, હમેશાં આંખ તાહરી ;
ઉખેડશે કાગડાઓ, વજ્રતુંડો ફરી ફરી.
જા તારૂં મુખ દેખાડ નહિ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પાપિણી—હાહંત ! શું કરૂં ? ક્યાં જાઉં ? તે વખતે મને કોઇએ પણ પરપુરૂષમાં પાપદૃષ્ટિનું આવું પરિણામ છે એમ શીખવ્યું નહિ. (એમ રાડો પાડતી નિકળી જાયછે.)

યમ—પ્રધાન ! હવે કોઇ પાપી પુરૂષ કે સ્ત્રી બાકી છે ?

ચિત્રગુપ્ત— દેવ ! નથી. આ કામ સમાપ્ત થયું.

યમ—(મહીજિત્ રાજાને જોઇને) હે રાજન્ ! તમારા અપ્રતિમ પ્રજાપાલનપ્રેમથી સંતુષ્ટચિત્ત હું તમને ન દેખાડવાનું પણ દેખાડું છું.

મહીજિત્—મોટો અનુગ્રહ.

યમ—ચિત્રગુપ્ત ! તે ચિત્રપટ આંહીં લઇ આવો. જે મેં આજથી સો વર્ષ પેહેલાં જેઠ શુદ્ધ આઠમને દિવસે મધ્યાન્હે ચિત્રેલ છે.

ચિત્રગુપ્ત—જેવી દેવની આજ્ઞા. (એમ કહી બહાર નિકળી ફરીને પ્રવેશ કરીને) દેવ! તે આ ચિત્રપટ. (એમ કહી ધર્મરાજના હાથમાં આપેછે.)

યમ—(ચિત્રપટનો વિસ્તાર કરીને) વત્સે શૈવ્યે ! વત્સ મહીજિત્ ! આમાં નજર કરો. શું આમાં દેખાયછે ?

મહીજિત્અનેશૈવ્યા—જેવી દેવની આજ્ઞા. (એમ કહી આદરસહિત જોઇને)

કંસ—(ચિત્રપટ જોઈને) કેશિન્ ! અહો, નિર્જન અરણ્ય જેવું દેખાયછે. આનંદવગરનું છે.

કેશી—મહારાજ ! પ્રારંભથીજ આનંદ આપનાર શું દેખાડયું છે ?

શૈવ્યા—પ્રાણનાથ ! મહારાજ ધર્મરાજની ચિત્રકળામાં અદ્‌ભુત કુશળતા જણાયછે. આ તરફ દૃષ્ટિ કરો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અનુષ્ટુપ્.

તીવ્ર ગ્રીષ્મતણા તાપે, તપ્યું ચોમેર આ વન ;
છાયા નથી, બધાં મ્લાન, પત્ર પલ્લવ સત્ફલ.

રાજા—પ્રિયે ! એગજ છે. આ તરફ પણ નજર કર. આ વનની નદી જેનું નિઃશેષ પાણી સુકાઇ ગયેલ છે અને જે સૂર્યનાં અત્યંત કઠોર કિરણો પડવાથી તપેલી ઝીણી રેતીને લીધે જાણે અંગારાના સમૂહો પાથરેલા હોય તેવા બન્ને કાંઠાવાળી છે તે અતિ સુકાઇ ગયેલાં ખડને લીધે જાણે ઘડપણથી ધોળાં આવી ગયાં હોય તેવી દેખાયછે.

શૈવ્યા—નાથ ! ઝાંઝવાનાં પાણીથી ભ્રાંતગનવાળા, દૂરથી આવતા, તૃષાથી સુકાઇ ગયેલ કંઠ, હોઠ, તાળવું અને જીભવાળા પથિકોને રોકતાં હોય નહિ શું એમ આ જલપક્ષિઓ પક્ષપરિશ્રમણ સંજ્ઞાથી દીનદીન મુખવાળાં થઇને ચારેકોર ઉડેછે.

રાજા—પ્રિયે ! આવા સ્થલમાં તો સો દુકાળીમાં પણ સુકાય નહિ તેવું મોટું તળાવ કરાવવું જોઇએ.

શૈવ્યા—અનર્થનિધિ પ્રધાનૂ જીવતાં એ દુષ્કર છે.

રાજા—તે તો અત્યારે મૃતપ્રાય જાણવો.

શૈવ્યા—તે પોતે બાલે જીવો, પરંતુ તેની દુષ્ટ બુદ્ધિજ મરો.

રાજા—(ચતુરાઇથી જોઇને) પ્રિયે પ્રિયે ! જો જો તુરત વિયાણેલી આ ગાય વાછડાસહિત વિરડામાં રહેલું એક ગાબુસ પી શકે તેટલું પાણી છે તેને પીવાને જતાં કોઇ પાપી પુરૂષ તેને રોકીને પોતે પીયેછે.

શૈવ્યા—પ્રાણનાથ ! આપે ખરૂં કહ્યું. આ ગાય દીન, તરસથી પીડાતી અને આંખમાં અશ્રુ આવી ગયેલાં હોય તેવી જણાયછે. આ પા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પી કઇ જાતનો હશે ?

રાજા—વસ્ત્ર અને આકૃતિથી વૈશ્યમાં કોઇ અધમ હોય તેવું જણાયછે.

શૈવ્યા—એગજ. અનર્થનિધિનો કોઇ સજાતીય હોવો જોઇએ. બીજો કોણ તેવું પાપ કરે ?

રાજા—(સ્મૃતિ લાવીને) પ્રિયે, હું જાણતો નથી કે શા કારણથી આ મારા મનમાં પરમ ઉદાસીનતા થાયછે ?

રથોદ્ધતા.

ક્રૂજતું હૃદય અશ્રુ કળાએ, એય નેત્ર પરિપૂર્ણ ભરાયે ;
તાપ થાય અતિદુઃસહ લાજ, જોઈ ચિત્રપટ આ અહિં આજ.

(એગ કહેતાં મૂર્ચ્છા આવવાથી પડી જાયછે.)

કંસ—આ રાજા અતિ કરૂણાળુ જણાયછે.

કેશી—આ અતિ બીકણ અંતઃકરણવાળો છે એમ કહેવું જોઇએ.

શૈવ્યા—પ્રાણનાથ પ્રાણનાથ ! ધીરજ રાખો ધીરજ રાખો. આ ચિત્ર છે. (એમ કહેતાં વસ્ત્રને છેડેથી પવન નાખેછે.)

રાજા—(સંજ્ઞા લાવીને)

માલિની.

બસ બસ બસ રાખો બંધ આ ચિત્ર જોવું,
નયમય નયનેથી દેખવા છું અશક્ત ;
કંઇ પણ મુજ ચિત્તે થાયછે દુઃખ ભારી,
અહિંથીજ વિરમું છું માફ માગી તમારી.

યમ—રાજન્ ! હવે પછી કંઇ પણ જોવાનું નથી, પણ સાંભળવાનુંજ છે.

રાજા—સાંભળવા તૈયાર છું.

યમ—જે વાણીએ તે તરસી ગાયને પાણી પીતી પોતાના પ્રાણરક્ષણ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

માટે અટકાવી તેજ તું, કોઇપણ પોતાનાં પુણ્યકર્મોથી મહારાજ-
પણાંને પામેલ છો. પરંતુ અસહ્યતમ અનપત્ય (વંધ્યત્વ)તા-
દુઃખનો જે અનુભવ કરેછે તથા પોતાની પુત્રજેવી પ્રજા પ્રતિ-
વર્ષ જે દુર્ભિક્ષથી પીડાયછે તે સર્વ તારાંજ પૂર્વજન્મનાં તે ક-
ર્મનું ફલ છે.

રાજા—ભગવન્! કેવાં સત્કર્મો કરવાથી વેદના મટી જાય તે બતાવો.

યમ—રાજન્! પ્રત્યેક રાજધાની શેહેર, ગામ, ખેટ, ખર્વટ અને નેસો-
માં વિશાળા ગૌશાળા બંધાવો, ગોચરમાટે ખેતરો રાખો; સર્વત્ર
બબે ગાઉઉપર જેની પાસે મોટાં છાયાવાળાં વૃક્ષોની હાર શોભે-
છે એવી પાનીયશાળા (પીયાવા) બંધાવો, પ્રતિદિવસ ગાયોનાં
ધણને દુધપાક, પુડલા, લાડુ, મગજ ઇત્યાદિ નૈવેદ્યો આપો અને
સવારમાં પરમ મંગળ આપનાર ગાયોને ગંધાક્ષત પુષ્પથી પરમ
દેવતાની પેઠે પૂજન કરો. વળી ગાયોને મારવાની વાત તો છેટે
રહી પરંતુ જો કોઇ ગાયોને મારવા માટે લાકડીને પણ ઉગામશે
તેનો પણ હાથ કાપી લેવામાં આવશે એ રીતે સર્વત્ર ઢંઢેરો પી-
ટાવો. તેથી આજ વર્ષમાં સત્પુત્રમુખદર્શન સુખને પામશો અને
તમારા દેશમાં કોઇ દિવસ દુષ્કાળનો ભય નહિ થાય એ નિઃશંક
જાણજો.

રાજા—આપની આજ્ઞા માથે ચડાવુંછું. આજેજ મારા શહેરમાં જઇને
તે સર્વ હું કરીશ. (એમ કહી પ્રણામ કરેછે.)

શૈબ્યા—ભગવન્! મોટો અનુગ્રહ કર્યો. (એમ કહી પ્રણામ કરેછે.)

યમ—પુત્ર! તમારી રાજધાનીમાં જાઓ.

રાજા—જેવી ધર્મરાજની આજ્ઞા. (એમ કહી નીકળી જાયછે.)

કેરી—મહારાજ! જોયું, નોકરનો તર્ક ખરો છે કે ખોટો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—સર્વ જોયું. બાકીનું પણ જોઈને યથાયોગ્ય કરશું.

યમ—ચિત્રગુપ્ત ! વિમાન લઈ આવો.

ચિત્રગુપ્ત—જેની દેવની આજ્ઞા. (એમ કહી બહાર નિકળી ફરી પ્રવેશ કરીને) દેવ ! વિમાન તૈયાર છે.

યમ—(વિમાનમાં બેસીને) વિમાનવર ! શ્રી મથુરાપુરી પાસે શ્રીયમુનાના તીરઉપર સત્વર પોંચાડ.

કંસ—કેશી ! આ શું !! શું યમ મથુરામાં આવેછે?

કેશી—મહારાજ ! આતો નાટક છે, કાંઇ ખરૂં નથી. (ધર્મરાજ ચિત્રગુપ્તસાથે વિમાનમાં બેસી નિકળી જાયછે.)

કંસ—કેશી ! જો નાટકશાળામાંજ નાટકની કળામાં કુશલ અપ્સરાઓએ આ શ્રીયમુના વન અને ઉપવન સહિત દેખાડી.

કેશી—દેવ ! આપે ખરૂં કહ્યું. તે તે સર્વ યમુનાના રમ્ય પ્રદેશો દેખાયછે. (ત્યારપછી માછી લોકો પ્રવેશ કરેછે.)

મુખ્યમાછી—પુત્રો ! જળને ખેંચો, જળને ખેંચો.

સર્વમાછી—(ખેંચેછે અને થોડીવાર વિશ્રામ લઇને) આજ કોઇ મોટો મગર અથવા ઘણાં માછલાં જલમાં પડયાં જણાયછે તેથી બલથી ખેંચીએ છીએ તોપણ તેમાંથી પાણી નિકળતું નથી.

વૃદ્ધમાછી—પુત્રો ! તમે સર્વે ભેળા થઇ બળ કરો. (સર્વ માછી તે પ્રમાણે કરેછે.)

કંસ—કેશી ! મચ્છીમારો માછલાં ગ્રહણ કરવાને આવેલા છે. આ એવો દેખાવ કરેલો છે તેથી આ નાટક કાંઇક રમ્ય લાગેછે.

કેશી—દેવ ! પ્રારંભથી અત્યારસુધી તો આ અપ્સરાઓએ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શું રમ્ય દેખાડયું છે? (ત્યારપછી જલમાં માછલાં-સાથે પડેલા સમાધિસ્થ ચ્યવન મુનિ પ્રવેશ કરેછે.)

સર્વે માછી—(સકૌતુક જોઇને) અરે! આજે તો માણસના આકારનો મત્સ્ય આ કોઇ દિવસ ન આવેલો મળ્યો છે તેથી આનંદ થાયછે. (એમ તાળીઓ પાડી કોલાહલ કરેછે.)

મુનિ—(અતિ કોલાહલથી સમાધિથી જાગ્રત થઇને કોપસહિત) પાપીઓ! શું કોલાહલ કરોછો? આ શું છે?

વૃદ્ધમાછી—(પાસે આવી બરાબર જોઇને) દુષ્ટો! છાના રહો છાના. આ માણસના આકારનું મત્સ્ય નથી, પણ કોઇ તપસ્વી દેખાયછે.

સર્વે માછી—(ભય સહિત છાના ઉભા રહેછે.)

કંસ—કેશી! આ જલમાં મુનિનું આવવું ક્યાંથી થયું?

કેશી—દેવ! મેં એમ પુરાણોમાં સાંભલ્યું છે કે ચ્યવન-મુનિએ પ્રથમ યમુનાનાં જલમાં સાઠહજાર વર્ષ તપ કરેલું છે. ઘણું કરીને તેજ ચ્યવનમુનિ આ હોવા જોઇયે એવો મારો તર્કછે.

મુનિ—રે દુષ્ટો! આ માછલાંને શા માટે પકડયાંછે?

વૃદ્ધમાછી—(ધ્રુજતાં) ભગવન્! અમે મચ્છીમારો છીએ. અમારી એ આજીવિકા છે. આપ અજાણતાં જળમાં પડવાથી પકડાએલા છો તે ક્ષમા કરો. હવે જ્યાં પધારવું હોય ત્યાં પધારો.

મુનિ—પછી આ માછલાંઓની શી દશા થશે?

વૃદ્ધમાછી—તેઓને વેંચીને અમારાં કુટંબનું પોષણ કરશું.

મુનિ—ત્યારે મને પણ વેંચો. હું મારી સાથે રહેનાર આ માછલાંને છોડી ક્યાંય જવાનો નથી.

વૃદ્ધમાછી—મુનિવર્ય! આપને કોણ ગ્રહણ કરે?

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મુનિ—આહીંનો રાજાજ મને ગ્રહણ કરશે. પણ પ્રથમ આ સર્વને છોડી મારા વચનથી તે રાજાને કહો કે યમુનાના જલમાંથી નિકળેલ ચ્યવન તને બોલાવેછે.

વૃદ્ધમાછી—જેવી ભગવાન્‌ની આજ્ઞા. (એમ કહી માછલાંઓને જલમાં રાખી તે નિકળી જાયછે.)

રાજા—(પુરોહિત તથા તે માછી સહિત પ્રવેશ કરીને) ભગવન્! મથુરાનો રાજા હું આપને અભિવંદન કરૂંછું.

મુનિ—રાજન્! દીર્ઘાયુ થા

રાજા—ભગવાન્‌ની (આપની) શી આજ્ઞા છે?

મુનિ—મારૂં મૂલ્ય આ લોકોને આપીને તું મને લઇલે.

રાજા—જેવી મુનિરાજની આજ્ઞા. (એમ કહી માછીને કહેછે) ધીવર! કહે આ મુનિનું શું મૂલ્ય આપું?

મુનિ—મારૂં મૂલ્ય તારેજ કહેવાનું છે. માછીલોકોએ કહેવાનું નથી.

રાજા—ભગવન્! તેગ કરીશ. દશ ગામ (આ મુનિનું મૂલ્ય) આપીશ.

મુનિ—નહિ નહિ. મારી એટલી કિંમત હોય નહિ.

રાજા—ત્યારે સો ગામ આપીશ.

મુનિ—એ પણ મારૂં યોગ્ય મૂલ્ય નથી.

રાજા—ત્યારે એકહજાર ગામ આપીશ.

મુનિ—હું મારી આત્મપ્રશંસા કરવા ઇચ્છતો નથી પરંતુ મારે યોગ્ય કાંઇ અપાય તો ઠીક.

રાજા—ભગવન્! મારૂં સમગ્ર રાજ્ય આપને માટે આ મચ્છીમારોને આપીશ.

મુનિ—રાજન્! તારાં સમગ્ર રાજ્યને પણ યોગ્ય હું નહિ. માટે મંત્રિઓસાથે વિચાર કરીને કાંઇ મારા યોગ્ય આપ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—આ મુનિ નિર્દય જણાયછે. સર્વસ્વ આપનારો રાજા હવે શું કરે ?

કેશી—દેવ ! બ્રાહ્મણો તેવા ક્રૂર સ્વભાવવાળાજ હોયછે. તેથીજ દેવે (આપે) બ્રાહ્મણોનું નિકંદન કરવાને દૈત્યોને આજ્ઞા કરેલછે તે યુક્તજ કરેલું છે.

કંસ—તમારા જેવા મંત્રિનો મંત્રસંપત્નો એ પરિણામ છે.

રાજા—ભગવન્ ગવિજાત ! હવે શું આપવું ? જો આ મુનિ ક્રોધ કરશે તો ત્રિલોકીને પણ બાળી દેવાને તે સમર્થ છે તો તે મને બાળી નાખે તેમાં શું જ કહેવું ? માટે આ સંકટથી મારી રક્ષા કરો. (એમ કહી પ્રણામ કરેછે.)

ગવિજાત—રાજન્ ! ભય ન પામ તે મુનિપ્રવરને હું પ્રસન્ન કરીશ. બ્રાહ્મણો એ અમૂલ્ય અને જગત્પૂજ્ય વસ્તુ છે તેઓનું કશું મૂલ્ય છેજ નહિ. (કાનમાં કાંઇ કહેછે.)

નહુષ—(સહર્ષ મુનિપાસે આવી પ્રણામ કરેછે.)

અનુષ્ટુપ્.

ઉઠો હે ભગવન્ ! આપું, મૂલ્ય હું એક ગાયને ;
મનમાં મેં વિચાર્યું કે, યોગ્ય છે એજ આપને.

(એમ કહી પ્રણામ કરેછે.)

મુનિ— અનુષ્ટુપ્.

આ ઉઠયો યોગ્ય તેં આપ્યું, મૂલ્ય તેથી ખુશી થયું ;
ગાયોના તુલ્ય ના જાણું, પવિત્ર જગમાં કશું.

માછીઓ—(ખેદ સહિત) હા ! હણાયા. આ બ્રાહ્મણે દશ ગામથી ગાંડી સમગ્ર રાજ્ય પણ ન લીધું અને હમણાં કેવલ એક ગાય

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લીધી. હા ! આજનો દિવસ આપણે આ મુનિના પ્રસંગથી દુઃખ આપનારો થયોછે.

કંસ—માછીમારોનું તેવું ભાગ્ય ક્યાંથી હોય કે જેથી મુનિ પોતાના મૂલ્યમાં રાજ્યનો સ્વીકાર કરે.

કેશી—આપનું કહેવું ખરૂં છે. ગચ્છીમારો આટલાનેજ (એક ગાયને) યોગ્ય.

મુનિ—મહારાજ નહુષ ! ગાયોનું માહાત્મ્ય તું જાણેછે તેથી મારૂં મન સંતુષ્ટ થયુંછે બ્રહ્માએ સર્વ મંગલને આપનાર ગાયોને ઉત્પન્ન કરેલછે તે ગાયોનું દર્શન, સ્પર્શન અને પૂજન એ કલ્યાણ પરંપરાને કરેછે. વળી જેઓ ગાયોની ટાઢ, પવન અને તડકાથી રક્ષા કરેછે તેઓ પણ સર્વ દુઃખથી મુક્ત થઇ આત્યંતિક સુખનો અનુભવ કરેછે અને જેઓ ગાયોને ખડ તથા અન્ન આપેછે તે રાજાધિરાજો પુત્ર, પૌત્ર અને પ્રપૌત્રની પરંપરાનાં સુખ જોવાનાં સુખરૂપ અમૃતસાગરમાં નિમગ્ન થાયછે. સાંભળ પ્રાચીન મહર્ષિઓનાં વચનો.

અનુષ્ટુપ્.

ન આપે અગ્નિ હોમેલ, પિતૃ ને દેવ પૂજતાં ;
દિન એક ખરા ભાવે, આપે જે ગાય સેવતાં.
યજ્ઞનું આદિ છે ગાયો, મધ્યને અંત જાણવું ;
ખરૂં અમૃત દેવોનું, દૂધ ઘી ગાયથી થવું.
માટે ગાયો સદા દેવી, હમેશાં પૂજવી અરે ;
કરી જંગમ છે ગાયો, સ્વર્ગની સીડી ઈશ્વરે.

તેથી એક ગાય આ ગચ્છીમારોને આપો.

રાજા—જેવી મુનિવર્યની આજ્ઞા. (એમ કહીને વાછરડાસહિત એક

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગાય ભમાવી) હે ગચ્છીમારો! આ મુનિનું આ મૂલ્ય ગ્રહણ કરો (એમ કહીને આપેછે.)

વૃદ્ધ મછીમાર—પુત્રો! જન્મથી માંડી આજ સુધી મેં આ અવસ્થા પાપથી કાઢેલી છે તેથી જો તમારી સંમતિ હોયતો આ બ્રાહ્મણ નેજ આજ આ ગાય આપું.

સર્વે માછીઓ—આર્ય! અમે ખુશીથી અનુમોદન આપીએ છીએ માટે ઇચ્છાનુસાર કરો.

વૃદ્ધ માછી—ભગવન્! આપ સરખા ભવ્ય પુરૂષોનું દર્શન, સ્પર્શન, ભાષણ અને સ્મરણ એ પવિત્ર કરનાર છે એમ અમે સાંભળ્યું છે. આજે તે સર્વ આપની સાથે અમારે થયું છે. તો હવે આ ગાયનું ગ્રહણ કરીને અમને કૃતાર્થ કરશો એવી આજ્ઞા રાખીએ છીએ.

મુનિ— અનુષ્ટુપ્.

કરું ગ્રહણ હું ગાય, થયા છો મુક્ત કિલ્બિષો;
કાઢેલાં માછલાં સાથે, નિષાદો સ્વર્ગમાં જશો.

(એમ કહી ગાયને ગ્રહણ કરેછે.)

માછીઓ—અમારા ઉપર મોટો અનુગ્રહ કર્યો. (એમ કહી દંડવત્પ્રણામ કરેછે.)

મુનિ— અનુષ્ટુપ્.

જે મેં કાંઇ કર્યું પુણ્ય, મનોવચનકર્મથી;
દુઃખાર્ત્ત જંતુઓ સર્વે, તેથી થાઓ સદા સુખી.

(એમ કહી સૂર્યને પ્રણામ કરેછે.)

આકાશમાં શાર્દૂલવિક્રીડિત.

છો તું ધન્ય મુનીંદ્ર હે ચ્યવન છે ધન્યા દયા તાહરી,
ધન્યો ગોગહિમા જણાય જગમાં જેના પ્રસાદે કરી;

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આખે જન્મ કરેલ પાપ તજીને સત્પુણ્યથી પામશે,
આશેહે અમરાવતી, જલચરો સાથે બધા ધીવરો.

(એમ કહેતાં ચિત્રગુપ્તસહિત યમરાજા વિમાનથી ઉતરેછે.)

યમ—ભગવાન્ ચ્યવન! ગોપ્રદાનના પુણ્યના પરિપાકથી પાપરહિત આ ધીવરોને સ્વર્ગમાં લઇ જવા માટે આવેલ છું માટે મને ત્યાં જવાની રજા આપો.

ચ્યવન—ભગવાન્ ધર્મરાજ ! સર્વ કુટંબ સાથે આ ધીવરોને સ્વર્ગમાં લઇ જાઓ એવી મારી પ્રાર્થનાછે.

યમ—" પ્રાર્થનાછે " એમ ન કહેવું પરંતુ " મારી એવી આજ્ઞા છે " એમ કહેવું જોઈએ. જેવી આપની આજ્ઞા છે તેમ કરવા તૈયાર છું.

ચિત્રગુપ્ત—ભગવાન્ ! આ ધીવરોનાં કર્મોની શી ગતિ કરવી ?

યમ—મિત્ર ચિત્રગુપ્ત ! એમ લખોકે " શ્રી યમુનાને કિનારે સાઠહજાર વર્ષોસુધી તપ કરીને બાહાર નિકળેલા મુનિવર્ય ચ્યવનને શ્રીયમુનાને કાંઠે રહેનારા આ લોકોએ શ્રદ્ધાથી એક ગાય આપી તેના અગણ્ય પુણ્યથી આ લોકોનાં અગણિત પાપો પણ નાશ પામી ગયાં. "

ચિત્રગુપ્ત—(તેવીજ રીતે લખીને) ભગવન્ ! આ જલચરોનાં કર્મો છે તેનું શું કરવું ?

યમ—ચિત્રગુપ્ત ! "મહામુનિ ભગવાન્ ચ્યવનના અનુગ્રહથી તથા સહવાસના પ્રભાવથી આ સર્વ માછલાં પોતપોતાનાં કર્મથી મુક્ત થયાં." એમ લખો.

ચિત્રગુપ્ત—જેવી દેવની આજ્ઞા. (એમ કહીને તેવીજ રીતે લખીને બતાવેછે.)

યમ—(તે જોઇને તેના ઉપર પોતાની સીલ મારેછે.) આ ધીવરો

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સહકુટુંબ આવો (એમ કહી તેઓને વિમાનમાં બેસાડી ચ્યવનને પ્રણામ કરી) ભગવન્! હું જવાની રજા લઉંછું.

ચ્યવન—જાઓ, આપનો માર્ગ કલ્યાણરૂપ થજો. (ધર્મરાજા માંછી લોકો અને જલચરોને વિમાનમાં લઇનિકળી જાય છે.)

નહુષ—ભગવન્! બ્રાહ્મણોનો મહિમા અપ્રતિમ છે કે જેમના એક ક્ષણના સમાગમથી પાપપુષ્ટ મચ્છીમારો પણ સ્વર્ગમાં ગયા.

ચ્યવન—રાજન્! આ કંઇ મારો મહિમા નથી પણ જગદ્વંદ્ય ગાયોનોજ મહિમા આપ જાણો.

અનુષ્ટુપ્.

ગાયો પ્રદક્ષણી કાર્યા, વંદનીયા હમેશ છે;
મહા કલ્યાણ દેવાને, બ્રહ્માએ સરજેલ છે.

ઇત્યાદિક ભગવાન્ વ્યાસે ગાયોનો બહુ બહુ મહિમા કહેલ્યછે.

નહુષ—ભગવન્! આપની કૃપાથી તે મહામુનિ વેદવ્યાસે કહેલો મહિમા આજે મેંનજરે જોયો.

ચ્યવન—રાજન્! તારૂં શું પ્રિય કરૂં?

નહુષ—ભગવન્ આપની કૃપાથી મત્સ્યો અને ધીવરો સ્વર્ગમાં ગયા અને મારો પણ યશ વિનાશ ન પામ્યો તેથી બીજું શું પ્રિય હોય? તોપણ આપની કૃપાથી એમ થાઓ કે,

વસંતતિલકા.

ગાયોનું પૂજન સગસ્ત જને કરાય,
પ્રેમેથી ગાય મુજ દેશવિષે પળાય;
ભક્તિ થજો વિમલ ગાય વિષે અગારી,
જે ભક્તનું સકલ ઇચ્છિત આપનારી.

ચ્યવન—રાજન્ તેમ થાઓ (એમ કહી નિકળી જાયછે)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નહુષ—ભગવન્ ગવિજ્ઞત ! આપની કૃપાથીજ સપરિવાર અમારૂં રક્ષણ થયુંછે માટે આપના ચરણકમલની રજથી મારી રાજધાનીને પણ પવિત્ર કરો.

ગવિજ્ઞત—જેમ મહારાજને રૂચે તે રીતે કરવા તૈયાર છું (એમ કહી રાજા સહિત નિકળી જાયછે)

સૂત્રધાર—અહો ભોજકુલમંડલના મુકટરૂપ કંસ ?

શાર્દૂલવિક્રીડિત.

શ્રી ગોરક્ષણમાં પરાયણ થજો વિપ્રો ધરાધીશ્વરો,
વૈશ્યો શૂદ્ર જનો અને ઇતર સૌ ગોભક્તિને આદરો;
તેને આપ, થજો સહાય હરણાં જે સર્વ ભૂમીશ્વર,
તેથી કામદુધા સુરક્ષિત તમે ગાયો થજો સત્વર.

એવી અમારી પ્રાયના છે. (એમ કહી પ્રણામ કરેછે.)

કેશી—મહારાજ ! જોયું નાટક, મેં પ્રારંભમાંજ જે કહ્યું હતું તે ખરૂં કે નહિ તે આપે વિચારવું જોઇએ.

કંસ—(સક્રોધ ઉભો થઇને) અરે દુષ્ટાઓ ! અપ્સરાઓ ! ભાગો આંહીથી, મારા પૂર્વના વૈરી વિષ્ણુનાં મૂળભૂત ગાયો અને બ્રાહ્મણોની ભક્તિ કરાવવા તમે પ્રયત્ન કરો છો એમ મે જાણ્યું, મારા શહેરની બાહાર નિકળી જાઓ નહિતો પ્રાણાંતદંડના પાત્રપણાને પામશો.

કેશી—મહારાજ ! ક્ષમા કરો ક્ષમા કરો આ લોકો નિરપરાધ છે તેઓએ તો કોઇની પ્રેરણાથી આ નાટક કરી બતાવ્યું છે.

કંસ—(સ્મરણ લાવીને) મારા પિતા પણ મારાંજ અહિતની ઇચ્છા રાખેછે, માટે મારે આ ખડ્ગથી તેને મારવા જોઇયે

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(એમ કહી ઉભો થાયછે.)

દ્વારપાળ—(પ્રવેશ કરીને) દેવ! દેવકીને બાલકનો પ્રસવ થયો. હવે જેવી આપની ઇચ્છા. (એમ કહી પ્રણામ કરે છે).

કંસ—કેશી! જા મારા પિતાને જેલખાનામાં નાખ. હું પણ ઉતાવળથી દેવકીના આઠમા ગર્ભને હણવા જાઉંછું

કેશી—જેવી દેવની આજ્ઞા. તે આપના પિતાને મેં બાંધેલા-જ જાણો. (એમ કહી નિકળી જાયછે.)

કંસ—કેશી ગયો. હું પણ ઉતાવળથી દેવકીના સુવાવડના ઘ-રતરફ જાઉં. (એમ કહી ઠેસું ખાતો મુકુટ પડી જતાં નિકળી જાયછે.)

અંક ચોથો સમાપ્ત.

श्रीप्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडूभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्रद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निमातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरम् ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોપાલચિંતામણિ નાટક.

અંક ૫ મો.

(ઉદ્વેગવાળો કંસ પરિવાર સહિત પ્રવેશ કરેછે.)

કંસ—કેશી ! દેવો પણ અસત્ય વચન બોલનારા છે એમ મેં આજેજ જાણ્યું.

કેશી—મહારાજ ! કેવી રીતે ?

કંસ—પામર તે દેવોએ " દેવકીનો આઠમો ગર્ભ તને મારશે " એવું બોટું જ કહેલું જેને ભરોંસે મેં અત્યંત ક્રૂરતર ગણુસોએ કરવા જેવું ભાણેજોને મારવારૂપ કામ કર્યું. દેવકીએ તો આજે અર્ધ રાત્રિએ પુત્રીને જન્મ આપ્યો.

કેશી—મહારાજ ! પુત્રી છે તેનો વિશ્વાસ ન કરવો. તે પણ મારવીજ જોઇયે. કેમકે બહુ ગાયાવી વિષ્ણુ કોઇ પણ પ્રકારે આપનો વધ કરશેજ.

કંસ—કેશી ! તારૂં કેહવું સત્ય છે તેથીજ મેં દીનદીના અને અત્યંત કરૂણ રૂદન કરતી પણ દેવકીના હાથમાંથી ખેંચી બે પગથી ઝાલીને તે બાલકીને છીપર ઉપર પછાડી, તેટલામાં તો મારા હાથમાંથી નિકળી જઇને તુરત આકાશમાં કોઇ અષ્ટભુજા દેવી દેખાયાં.

કેશી—(આશ્ચર્ય સહિત)એ શું આવીપડ્યુ ! ! પછી પછી ?

કંસ—પછી દિવ્ય અલંકારો, દિવ્ય વસ્ત્રો, દિવ્ય અંગરાગો અને દિવ્ય પુષ્પોની માળાને ધારણ કરનારાં તે અષ્ટભુજા દેવીએ મને કહ્યું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેશી—દેવ! શું કહ્યું?

કંસ— અનુષ્ટુપ્.

" શું મને હણતાં મંદ, થયો છે તુજ અંતક;
ગમે ત્યાં પૂર્વનો શત્રુ, હણે ના દીનને વૃથા. "

મને એ રીતે સરોષ બોલીને તે આકાશમાંજ અંતર્હિત થઇ ગયાં.

કેશી—રાજન્! તે આપનો પૂર્વ શત્રુ ઉત્પન્ન થયો છે તોપણ આપને કશો ભય નથી. કેમકે દેવો લડાઇથી ભીરૂ અને ક્ષેમશૂર છે એ વાત આપનાથી અજાણી નથી.

રથોદ્ધતા.

શું કરે હરિ અને વળી શંભુ, શું ચિરંતન મુનિજ સ્વયંભૂ;
પામરો અગર અન્ય આપને, દુઃખ, શૌર્ય સહ ધૈર્ય યુક્તને.

તોપણ જરા જેટલા પણ શત્રુની ઉપેક્ષા ન કરવી એવી નીતિછે માટે વિષ્ણુનાં મૂળનું ઉન્મૂલન કરવા પ્રયત્ન કરીએ.

કંસ—સાધુ અમાત્ય વર્ય! સાધુ. ભલે તેમ કરો.

કેશી—રાજન્! તેમજ કરીશ, પરંતુ બકી અને બકાસુરને મેં ભગવાન્‌નાં મંદિર પ્રત્યે મોકલ્યાંછે તે બન્નેએ ત્યાંની શી હકીકત મેળવીછે તે જાણીને પછી તેને યોગ્ય કરશું.

બક—(પ્રવેશ કરીને) મહારાજ અને અમાત્યનો જય થાઓ જય થાઓ. હું બક આપને પ્રણામ કરૂંછું

કંસ—આવ બક! તું કુશળ છો?

બક—દેવનાજ પ્રસાદથીજ.

કેશી—સંભારતાંજ આવ્યો તેથી મારૂં મન અત્યંત પ્રસન્ન થયું. બોલ શું હકીકત મેળવી છે?

બક—દેવ! અમાત્ય! આંહીથી ગયેલી તે બન્ને દેવીઓમાં એક ભૂદેવી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અને બીજી ભારતીદેવી હતી.

કેશી—પછી પછી ?

બક—તે બન્નેએ દેવકીના પુત્ર થવાને પ્રાર્થના કરાયેલા પરમેશ્વરે તેની પ્રાર્થના અંગીકાર કરી એ સર્વ વૃત્તાંત ભગવાન્‌ના ભક્તનો વેષ ધારણ કરનાર મેં જાણ્યું.

કેશી—તે ભગવાન્‌નો ઉત્સાહ ભંગ કરવા માટે મેં મોકલેલી પૂતનાને તેં ક્યાંય દીઠી કે નહી ?

બક—અમાત્ય! અચ્છોદ તળાવમાં હું નહાવા ઉતરેલ હતો. ત્યાં મેં તેને દીઠી હતી અને તે ભગવાન્‌નાં મંદિરમાં ગયેલછે, હું ધારૂંછું કે તેપણ હમણાંજ આવવી જોઇએ.

પૂતના—(પ્રવેશ કરીને) મહારાજ અને અમાત્યનો જય થાઓ.

કંસ—આવ પૂતના ! આવ તું કુશળ છે ?

પૂતના—દેવના પ્રસાદથી કુશળ છું

કેશી—પુત્રિ ! તેં ભગવાનની શી ખબર મેળવી ?

પૂતના—આર્ય અમાત્ય વર્ય ! આપની આજ્ઞાથી મેં ક્ષીરસાગરમાં જઇને માયાલક્ષ્મીરૂપ લઇને ભગવાન્‌ને બહુ બહુ કહ્યું કે—તમારે અવતાર ન લેવો. તોપણ તેણે મારૂં વચન માન્યું નહિ. વળી ક્યાંય યમુનાના કાંઠા પાસે તે ગોપાલબાલપણાંને અંગીકાર કરશે એમ મેં ભગવાન્‌ના બોલવા ઉપરથી નિશ્ચય કરેલ છે. હવે જેમ દેવની મરજી.

કેશી—(આંખો વીંચી થોડીવાર વિચાર કરીને) દેવ ! હું એમ માનું-છું કે વસુદેવે દેવકી પુત્રને કોઇ ગોપને ઘેર પોચાડ્યો અને તેની પુત્રીને તે આંહી લઇ આવ્યો.

કંસ—(જરા હસીને) કેશી ! તારી ભ્રાંતિતો અતિ ભૂગિકાને આ રૂઢ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

થઇ જણાયછે. બેડીમાં નાખી જેલમાં પૂરેલા અને રાત્રિ દિવસ અપ્રમત્ત ચોકીવાળાઓએ ચોકી કરાતા વસુદેવનું બાહાર નિકળવું કેમજ સંભવે ? માટે એવી આકાશ પુષ્પના જેવી કલ્પના કરવા જરૂર નથી.

કેશી—(ઉદ્વેગ સહિત સ્વગત) રાજ સેવારૂપ પિશાચીને ધિક્કાર છે કે જે રાત દિવસ સેવકોનું રૂધિર પીએછે પ્રયત્ન પરંપરાથી સેવા કરાતાં છતાં પણ જે કયારે પણ યશ આપતી નથી પરંતુ અપયશના મોટલાને તો પગલે પગલે આપેછે. આ પ્રસંગે મારે મારા પિતાનેજ ઠપકો આપવા જેવુંછે કે જેણે બાલક પણથીજ મને આવા હિતા હિતને ન જાણનારા રાજાની સેવામાં યોજ્યો હવે બીજી શી ગતિછે ? પોતે કરેલાં કર્મનુ ફળ જીવતાં સુધી પોતેજ ભોગવવું જોઇએ, (પ્રકાશ) મહારાજ ! આપ ઠીક કહોછો. આ મારી વૃદ્ધ પણાને લીધે ભૂલ થતી હતી. હવે પછી મહારાજની શી આજ્ઞાછે ?

કંસ—દેવીએ જે કહ્યું કે " તારો પૂર્વ વૈરી કયાંય જન્મ્યોછે " તેની પ્રતિ ક્રિયા આજ કરો.

કેશી—નાથ ! એ વિષયમાં આપે કશી ચિંતા ન રાખવી. પૂતનાના કેહવા પ્રમાણે યમુનાના કાંઠા ઉપર કયાંય ગોપ કુટંબમાં તેણે ઉત્પન્ન થવું જોઇએ. માટે યમુનાના કાંઠાની આસપાસ હમેશાં દશ દિવસની અંદરનાં તથા દશ દિવસ ઉપરનાં બાલકોને શેહેર, ગામડા, ને સેા, અને આકરો (ખાણો) માં મારવાં, અને બ્રાહ્મણો તથા ગાયોની હિંસા તો પ્રથમથીજ કરવા માંડીછે, તેથી વિષ્ણુની નિર્મૂલતા અવશ્ય થશે એમ મારી મતિછે.

કંસ—અમાત્ય ! તમે સાચું કહ્યું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેશી—પૂતના ! દશ દિવસની અંદરનાં તથા ઉપરનાં બાલકોને મારવાને તું જા.

પૂતના—જેવી અમાલની આજ્ઞા. (એમ કહી નિકળી જાયછે.)

કેશી—અરે બકાસુર ! તૃણાવર્ત્તાસુર ! શકટાસુર ! વત્સાસુર ! વ્યોમાસુર ! અઘાસુર ! અને વૃષભાસુર ! તમો સર્વ શેહેર, ગામડાં, ઘોષ, વ્રજ અને આકરોમાં બાલકોને મારવામાટે પોતેપોતાની ઇચ્છાનુસારરૂપ લઇને મહારાજની ઇચ્છાને પૂર્ણ કરો. આ મહારાજ, તમારી કરેલી સહાયતાને કદી પણ ભૂલશે નહિ. બ્રાહ્મણો અને ગાયોને પ્રત્યેક રસ્તે પીડા કરવી. કેમકે તે બન્ને વિષ્ણુના મૂળભૂતછે એ તમારૂં અજાણ્યું નથી.

સર્વ દૈત્યો—(એકદમ ઉભા થઇને) આર્ય ! આપની આજ્ઞાનુસાર કરવા માટે અમોને ગયેલાજ આપ જાણો. (એમ કહી પ્રણામ કરી સર્વ નિકળી જાયછે.)

કેશી—મહારાજ ! આ સર્વ ગયા, તેઓ અવશ્ય સર્વત્ર તુરત જન્મેલ બાલકોનો ક્ષય કરશે. હવે બીજો મહારાજનો શો હુકમ છે ?

કંસ—કેશી ! મહારાજ ઉગ્રસેનનું તમે શું કર્યું. ?

કેશી—મહારાજની આજ્ઞા થઇ કે તુરતજ તેને પગોમાં બેડીઓ નાખી જેલમાં દાખલ કરી દીધેલ છે.

કંસ—બહુ સારૂં કર્યું. હવે મારૂં નિષ્કંટક રાજ્ય થયું. એટલે હવે દેવના અવતાર રૂપ યાદવોને પીડીશ. તેથી મારા પિતાના પક્ષપાતી સર્વ યાદવોને પકડવાને તું જા.

કેશી—જેવી દેવની આજ્ઞા. (એમ કહી નિકળી જાયછે.)

કંસ—(મનમાં) કેશી ગયો તેથી હું પણ મારા પરમ મિત્રો બાણાસુર, ભૌમાસુર અને જરાસંધ આદિના અનુમતિપત્રદ્વારા યાદવો-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ને પકડીને ઉખેડી નાખવા પ્રયત્ન કરૂં. (એમ કહી આકાશમાર્ગે નિકળી જાયછે.)

(ત્યાર પછી નારદ અને કંસ પ્રવેશ કરેછે.)

કંસ—હે મહામુનિ ! દેવો પણ ખોટાં વચનોની રચનાથી માણસોને મોહ પમાડેછે એમ મેં આજેજ જાણ્યું.

નારદ—રાજન્ ! તે કેવી રીતે ?

કંસ—દેવોએ કહેલું કે-દેવકીનો આઠમો ગર્ભ તને મારશે. તે ખોટું જ થયું. વળી દેવોના વચનોપર વિશ્વાસ લાવી મેં દેવકીના પુત્રોને વ્યર્થજ માર્યા, એમ હવે ચિત્તમાં ખેદ થાયછે.

નારદ—(સ્વગત) હમણાં દેવોનો પક્ષ ન લેવો. (પ્રકાશ) વત્સ ! દેવપણું કાંઇ જાતિઉપર આધાર રાખતું નથી કે નાતઉપર આધાર રાખતું નથી. પરંતુ તે સદ્‌ગુણોઉપરજ આધાર રાખેછે. તેથી જેઓ સદ્‌ગુણવાળાછે તેજ દેવો અને જેઓ સદ્‌ગુણવિનાના છે તે અસુરો જાણવા.

કંસ—મુનિરાજે સત્ય કહ્યું.

નારદ—વત્સ ! તારા સર્વ હજુરીઓ ક્યાં ગયેલા છે ?

કંસ—દેવર્ષિ ! દેવકીએ પ્રસૂતા પુત્રીને પગેથી ઝાલીને મેં જ્યાં છીપર-ઉપર પછાડી તેટલામાં તો તે કોમ અષ્ટભુજા દેવી થઇને—

" શું મને હણતા મંદ, થયોછે તુજ અંતક ;
ગમે ત્યાં પૂર્વનો શત્રુ, હણે ના દીનને વૃથા.

એમ કહીને અંતર્હિત થઇ ગયાં.

નારદ—(આશ્ચર્યની પેઠે દેખાવ કરીને) રાજન્ ! દેવીનાં વચનોથી જ્યાંય તારો પૂર્વનો શત્રુ ઉત્પન્ન થયો એતો નિશ્ચય થાયછે. પછી પછી ?

કંસ—એમજ. તેથીજ શહેર, ગામડાં, ખેટ, ખર્વટ, ઘોષ અને વ્રજોમાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મેં મારા નોકરો કે જેઓએ રમતમાં પણ દેવોને મારી નાખેલ છે એવા અસુરોને મોકલ્યાછે. તેઓ સર્વત્ર દશ દિવસની અંદરનાં તથા દશ દિવસ ઉપરનાં બાલકોને ખાઇ જશે અને ગાયો તથા બ્રાહ્મણોની હિંસા કરશે તેથી વિષ્ણુની નિર્મૂલતા અવશ્ય થશે.

નારદ—(સ્વગત હસીને) જ્યારે વિધિ વિપરીત હોય ત્યારે બધું વિપરીતજ ભાસે છે, એ લોકવાણી ખોટી નથી. (પ્રકાશ) રાજન્! અપરાહિતકરી બુદ્ધિ તને કોણે આપી?

કંસ—મુનિવર્ય! પરમ હિતૈષી અગાસ કેશીએજ.

નારદ—વત્સ! ત્યારે તો તારો પૂર્વવૈરી હતપ્રાય એમ નિશ્ચય જાણવું.

કંસ—તેમાં શી શંકાછે? દેવકીને પુત્રી ઉત્પન્ન થઈ તેને આજ અગિયાર વર્ષ થઇ ગયાં અને બારમા વર્ષનો આ બીજો મહિનો ચાલેછે.

નારદ—રાજન્! તારો પરમ હિતૈષી કેશી અત્યારે ક્યાં ગયોછે?

કંસ—ભગવન્! બલવિનાના પણ વૈરીની ઉપેક્ષા ન કરવી તેથી વિષ્ણુનું મૂળ ઉખેડવાને અને પ્રથમ ગયેલા મારા નોકરોની ખબર કાઢવાને તે ગયેલ છે. તે ગયાને આજે પાંચમો દિવસ જાયછે. પણ મને તો તેના વિના પાંચ વર્ષ જેવા તે દિવસો ગયાછે. હવે તે પરમહિતૈષી અમાત્યને હું ક્યારે મળીશ અને અમાત્ય કુશળછે તથા પ્રથમ ગયેલા મારા પરમહિતકારી સર્વ નોકરો ક્યાંછે તે સર્વ પરાવરજ્ઞોમાં પ્રમુખ આપ ભગવાન્તાજ મુખથી જાણવા ઇચ્છું છું.

નારદ—(સ્વગત) આ જીવશે ત્યાં સુધી ગાયો, બ્રાહ્મણો અને દેવોને પીડા શાંત નહિ થાય ઘટે તેને તુરત મહાપરાધી કરી ભગવાનના વધ્યપણાનું પાત્ર કરૂં (પ્રકાશ) રાજન્! આ વિષય જ્યોતિર્વિદોનો છે તોપણ તારા આગ્રહથી પંચાંગપત્ર જોઇને જેમ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેમ કહીશ. (એમ કહીને પંચાંગપત્ર પ્રસારીને જુવેછે.)

કંસ—(જોઇને) ભગવન્! આ આપનું તો પંચાંગપત્ર વિચિત્ર જણાયછે આમાં તો વિઘ્નવૈરી દેવ (ગણપતિ) નથી અને લક્ષલાભયુક્ત સિદ્ધિ, બુદ્ધિ પણ નથી.

નારદ—રાજન્! ગાયો અને બ્રાહ્મણોની પીડામાં પ્રવૃત્ત થયેલાઓનું કુશલ પ્રશ્ન જોવામાં વિઘ્નવૈરીદેવનું કાંઇ પણ પ્રયોજન નથી અને લક્ષલાભયુક્ત સિદ્ધિ બુદ્ધિ તો તેઓનાથી ભયથીજ દૂર ભાગી જાયછે. વળી દેવના વૈરિ તગારે દેવોથી શું પ્રયોજન છે?

કંસ—સારૂં મુનિવર્ય! સારૂં નિર્દૈવત પંચાંગજ મને ગમેછે.

નારદ—(સ્વગત) જેવું તને ગમે છે તેવુંજ તુરત તારૂં પંચાંગ થશે. (પ્રકાશ) તેથીજ તેવું પંચાંગ તારી પાસે પસાર્યું.

કંસ—તેવો બીજો કોણ ઇંગિતજ્ઞ હોય? (ફરીને સારી રીતે જોઇને) ભગવન્! તિથિ, વાર, યોગ, કરણ અને નક્ષત્રો પણ આ પંચાંગમાં દેખાતાં નથી.

નારદ—તે પંચાંગ તો જ્યોતિષીનુંજ. અમારૂં નહિ. વળી તે પણ તેની અધિષ્ઠાત્રી દેવતા છે તેથી તેઓનું તારી પાસે કાંઇ જરૂર નહિ. વધારે શું કહેવું.

વસંતતિલકા.

તે વાર, યોગ, તિથિને કરવુંજ શું છે?
નક્ષત્રથી કરણથી પણ કાર્ય શું છે?
જે જાણવાની મરજી મનમાંહિ રે'શે,
ભૂપાલ! સર્વ તુજને મુજ પત્ર કેશે.

કંસ—મારે થયેલી વાત જાણવાનું પ્રયોજન છે, બીજું કાંઇ કામ નથી

નારદ—ત્યારે પૂછો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—આંહીથી પ્રથમ ગયેલી પૂતનાની શી પ્રવૃત્તિ છે તે જુઓ.

નારદ—(એક પાનું ફેરવીને બતાવે છે.)

કંસ—(જોઇને)

વૈતાલિય.

અતસીસમ કાંતિવાન છે, બહુ કૂણા કર પાદ રક્ત છે ;
શિશુ તે સ્તન ધાવતાં ગરી, પડી આ હે મુનિ કોણ સુંદરી.

નારદ—રાજન્! આતો નિમિત્તમાત્ર જોવાનું છે, તમે પુછ્યું કે પૂતનાની શી પ્રવૃત્તિ છે, તેથી પત્રમાં જોતાં કોઇ સ્ત્રી મરેલી છે. તેથી પૂતનાનાં કોઇ બાલકે પ્રાણ પીધાં છે એવું અનુમાન થાયછે.

કંસ—ભગવન્! આ કાંઇ અનુમાન નથી, પણ ખરેખરી પૂતનાજ છે. હા! સકલ પૃથ્વીનાં બાલકોનાં રક્તપાનમાં વ્યસનવાળી! તારૂં રક્તપાન આ બાલકે કર્યું, હા! દૈવને ધિક્કાર છે. (એમ કહી નિસાસો નાખેછે.)

નારદ—રાજન્! વિદ્વાનો થઇ ગયેલી વાતનો શોક કરતા નથી.

કંસ—(ધીરજ ધરીને) મુનિરાજ! આપનું કહેવું ખરૂંછે. આગળ દેખાડો.

નારદ—(બીજું પત્ર ફેરવેછે.)

કંસ—અહો! કોઇ મહોત્સવ થતો દેખાયછે, એક તરફ ગોપો આનંદસહિત અલંકારો પહેરીને ચારે કોર ફરેછે, બીજી તરફ ગોપીઓ નાચતી, ગાતી, અને ક્રીડા કરતી આનંદમાં નિમગ્ન દેખાયછે. (બીજી તરફ જોઇને આશ્ચર્યસહિત)

વસંતતિલકા.

સૂતેલ તેજ અહિં બાલક ઘોડીઆગાં,
જાગી જતાં મૃદુલ પાય ઉલાળવાગાં ;

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભાંગી ગયું શકટ પાત્રભર્યું વિચિત્ર,
શું આ કહે સમજવું મુનિવર્ય ચિત્ર.

નારદ—હું એમ ધારૂંછું કે ગાડાંમાં પેઠેલો કોઇ અસુર હોવો જોઇએ.

કંસ—(યાદ લાવીને) હા સ્મરણ થયું, આતો શકટાસુર ગાડાની પાસેજ પ્રાણરહિત થયો દેખાયછે. હા શકટાસુર! તારીપણ આ દશા થઇ? મુનિવર્ય! તેથી પણ આગળ બતાવો.

નારદ—જે તારી અભિરૂચિ. (એમ કહી આગળ બતાવેછે.)

કંસ—(જોઇને) હા! હું હણાયો.

શિખરિણી.

પડયો પૃથ્વીમાથે બહુ ચડી તૃણાવર્ત્ત ગગને,
બધાં અંગો ભાંગ્યાં અસુરરહિત એ સત્વર બને;
અરે તેના માથે ભયરહિત આ બાલક ફરે,
હસેછે નાચેછે મુજ મરણનો એ ભય કરે.

(એમ કહી આંખમાંથી આંસુ પાડેછે.)

નારદ—(સ્વગત) એ તારૂં અનુમાન સત્યજ છે. (પ્રકાશ) રાજન્! ધીરજ રાખ ધીરજ રાખ.

કંસ—મુનિ આગળ બતાવો.

નારદ—જેવી તમારી ઇચ્છા. (એમ કહી બતાવેછે)

કંસ—(જોઇને આશ્ચર્યસહિત) મુનિવર્ય! આ શું! બગાસું ખાતાં આ બાલકના મુખમાં નિખિલ વિશ્વ દેખાયછે. હું જાણુંછું કે આ આ બાલક કોઇ ઇંદ્રજાલ બતાવનારો છે. આ તેની માતાપણ ભયભીત થયાં હોય એમ જણાયછે.

નારદ—રાજન્! એમજ છે.

કંસ—(આગળ જોઇને)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઉદ્ગીતિ.

દહિંની દોણી ભાંગી, માખણનો ચોર ભાગે આ;
લઈ લાકડી હાથે, પાછળ દોડેલ તેહની માતા.

(આગળ જોઈને) અહો! આ ચપલ બાલકને અબળા ગોપીએ આંહી પકડયો અને નોંઝણેથી ખાંડણીઆસાથે બાંધ્યો. માટે હે મન! તું નિર્ભય થા. અત્યારે આ બાલકનું બલ દેખાઇ રહ્યું.

નારદ—(સ્વગત) મૂર્ખ! આતો પ્રેમથી બંધાયાછે. નોંઝણેથી નહિ. (પ્રકાશ) રાજન્! તારૂં કહેવું ખરૂં છે.

કંસ—મને આગળ જોવાની ઇચ્છા વધેછે, માટે દેખાડો.

નારદ—(પત્રને ફેરવેછે.)

કંસ—(જોઈને) વૈતાલિય.

યમલાર્જુનની વચે જતાં, વચગાં ખાંડણીઓ થઇ જતાં;
થડમાંથી પડેલ ઝાડ બે, બલ આ ક્યાંથી અનંત, બાલકે.

(ફરીને જોઈને) અહો કોણ બે દેવ આ બાલકની સ્તુતિ કરેછે. (વળી આગળ જોઇને) અહો! ઘણું વાછડાનાં યૂથોને યમુના નદીના કાંઠા ઉપર ગોપના બાલકો ચરાવેછે તેમાં પણ બે, ગોપોમાં શ્રેષ્ઠ આ બાલકોનાં વિચિત્ર ચરિત્રો દેખવામાં આવેછે.

નારદ—એમજ છે.

કંસ—હજુ આગળ બતાવો.

નારદ—ભલે જેવી તારી ઇચ્છા. (એમ કહી પત્રને ફેરવેછે.)

કંસ—અહો! આ શું?

અનુષ્ટુપ્.

વત્સના પુંછડાંસાથે, પકડી પાછલા પગ;
પછાડી કોઠની ગાયે, મારે તોપણ નિર્મદ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કેમ આ વત્સપાલક બધને વત્સમારકપણાને અંગીકાર કરેછે ? (ચતુરાઇથી જોઇને) અહો જાણવામાં આવ્યું. આ વાછડો નથી પણ વાછડાને આકારે વત્સાસુર મૃત્યુને પામ્યો એમ જણાયછે. હા ! વત્સ વત્સાસુર ! તું પણ અગારેમાટે આ દશાને પામ્યો ? (એમ કહી રૂદન કરેછે.)

નારદ—રાજન્ ! આમ અત્યંત બીકણપણું તમને શોભતું નથી.

કંસ—(ધીરજ ધરી નેત્રમાંથી આંસુ લુછને) ભગવન્ આગળ જોવાને હું તૈયાર છું.

નારદ—આ પણ વિચિત્ર ચિત્ર જુઓ.

કંસ—(સાદર જોઇને.)

વસંતતિલકા.

હાહા બકાસુર અહિં વળી બાલકે આ,
ચાંચેથી ચીરી બલવાન હણ્યો અરે હા ;
આનંદથી કુસુમવૃષ્ટિ સુરો કરેછે,
ગોપાલબાલક બધા સ્તુતિ ઓચરેછે.

તેઓ બધાને હું મારૂં. (એમ કહી ઉભો થવા જાયછે.)

નારદ—આ તો ચિત્ર છે.

કંસ—અહો ! એ તો હું ચુકી ગયો. હા ! બકાસુરની પ્રવૃત્તિ પણ કુશળ નથી એમ અનુમાન થાયછે.

નારદ—રાજન્ ! સંપૂર્ણ જોયા પછી વિચાર કરશું.

કંસ—મુનિવર્ય ! આપનું કહેવું યુક્ત છે. પાનું ફેરવો.

નારદ—તેમજ. (એમ કહી પત્ર ફેરવેછે.)

કંસ—(જોઇને) આ એક યોજનના વિસ્તારવાળો મહાસર્પ (અજગર) ની આકૃતિ જેવો સુંદર પર્વત છે, તેની આ સુંદર ગુફા છે, તે-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

માંથી આનંદસહિત નિકળીને આ ગોપબાલકો આશ્ચર્યસહિત પીતાંબર ધરનાર આ બાલકને પૂર્ણ પ્રેમાશ્રુની વૃષ્ટિ પાડતી દૃષ્ટિઓથી જુવેછે, એ શું છે? (નિપુણ જોઇને) હંત! આ કાંઇ પર્વત નથી પરંતુ સર્પના આકારવાળો અઘાસુર પ્રાણરહિત થઇને પડ્યોછે. સખે! તું પણ બકાસુર અને પૂતનાની પછવાડે ગયો અને તારાથી પણ આ ગોપાલબાલક જીતી શકાયો નહિ. અથવા ગાયો અને ગોકુળ સહિત આ ગોપાલબાલકને ગળી જવાથી તેં તો સર્વ મારૂં કાર્ય કર્યું, પરંતુ મારા મંદ ભાગ્યના મહિમાથી આ ચપલ ગોપાલબાલકે તે સર્વ નિષ્ફલ કર્યું

નારદ—આ તરફ પણ નજર કરો.

કંસ—હે મુનિ! મારી દૃષ્ટિ બાલનાર આ ચિત્રછે. આ પાપીઓ અઘાસુરને મારીને અમંદાનંદ પામીને યમુનાને કાંઠે દહીંને ચોખા ખાયછે.

(ફરીને જોઇને) વાછડાઓને આકાશમાર્ગે હરી લેતા વિધાતાએ તેઓનાં ભોજન સુખમાં વિઘ્ન પાડ્યું.

નારદ—જેમ રાજા કહેછે તેમજ છે.

કંસ—(ફરીને જોઇને) ભગવન્! આંહીથી વાછડાં અને ત્યાંથી વત્સ પાલકો (ગોપ બાલકો) ને હરી જતા બ્રહ્માએ ભૂલી ન જવાય તેવું મારૂં સાહાય્ય કરેલ છે.

વૈતાલિય.

કવલ હાયવિષે લઇને ફરે, પ્રતિવને યમુનાતટમાં અરે,
સ્વજન, વત્સ વિયોગ દુખી કરે, પ્રતિગિરિ પ્રતિકુંજ ભમ્યા કરે.
તેથી મારૂં ચિત્ત પ્રસન્ન થાયછે.

નારદ—રાજન્! આ તરફ નજર કરો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—(જોઇને ઉદ્વેગ સહિત) હાહંત! આ ગોપાલબાલકનો કોઇ અપ્રતિમ પ્રતાપ જણાયછે.

વસંતતિલકા.

તે ગોપ બાલક અને વળી વાછડાંને,
આપી નમાવી નિજ ચાર કિરીટ આને ;
આગે ક્ષમા વિનયથી વિધિ મોહ પામી,
આ બાળમાં હરિથકી ન જણાય ખામી.

નારદ—એમજ છે. આ તરફ નજર કરો.

કંસ—(આશ્ચર્યસહિત જોઇને)

વસંતતિલકા.

આ નાગની શતફણાપર વારવાર,
નાચે ધરી ચરણ નિર્ભય આ કુમાર ;
નાગસ્ત્રિઓ પ્રણયથી પ્રણમી કહેછે,
સ્વપ્રાણનાથ પરિરક્ષણને ચહેછે.

ભગવન્! દેવર્ષિ! આ નાગ કોણ છે?

નારદ—રાજન્! તે આ કાલિય નાગ છે.

કંસ—અહો! જે નાગોનો અંત કરનાર ગરૂડથી પણ બીતો નથી તેને પણ આ બાલકે આ દશાને પમાડયો!

નારદ—રાજન્! તેમાં શો સંદેહ, આ પણ જુઓ.

કંસ—(જોઇને)

વસંતતિલકા.

ભાંડીર નામ વડથી નહિ દૂર જાતાં,
આ કોઇ બાલક લઇ હદપાર થાતાં ;
બેઠેલ બાલક બધે પણ મૂઢ મારે,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વજ્રે હણેલ ગિરિતુલ્ય ગરેલ હા! રે!

(નિપુણ જોઇને) હા! આ તો ગયપુત્ર પ્રલંબાસુર હોય એમ જણાયછે. વત્સે! કેમ તારી પણ આ દશા?

નારદ—કંસ! કંસ! ખેદ કરો નહિ આ તો ચિત્ર છે. બીજી તરફ પણ જુઓ.

કંસ—(જોઇને) ભગવન્! આ તાલનું વન છે તે ગધેડારૂપ, પ્રાણરહિત, અસુરોથી વ્યાપ્તછે, એવું દેખાયછે. શું મારા મિત્ર ધેનુકાસુરને પણ જ્ઞાતિ અને બાંધવ સહિત આ ગોપ બાલકોએ મારી નાખ્યો? જેથી ગાયો અને ગોપ સહિત આંહી હર્ષથી તેઓ વિહાર કરેછે. (થોડે છેટે જોઇને) અહો! આ ગોપાલ બાલકની, ગાયોઉપર ઘણી ભક્તિ છે જેથી આંહી અખિલ ગોધનને ખાઇ જતા દાવાનલને પણ—

અનુષ્ટુપ્—" જે ગાયોમાં ખરી ભક્તિ, જે તેઓ પ્રાણથી પ્રિય;
ગાયો જે મુજ સર્વસ્વ, ગાયો જે મુજ દૈવત.
તો દાવાનલ આ લીન, મુજના મુખમાં થજો;
સર્વ આ ગોપ ગાયોને, અગ્નિથી ભય ના થજો "

એમ કહી નિઃશેષ દાવાનલને પણ આ બાલક પી ગયો, આ ચમત્કાર અદ્‌ભુત છે આ ગોપાલબાલક મારો પરમ શત્રુ છે કે જે દુઃસહ દુઃખોને પણ સ્વીકારીને વિષ્ણુનાં મૂળભૂત ગાયોની રક્ષામાં દીક્ષિત હોય એમ જણાયછે.

નારદ—આ જુઓ.

કંસ—(જોઇને) મુનિવર્ય!

શાર્દૂલવિક્રીડિત.

મેઘે વ્યાપ્ત થયું બધું નભ અહો થાયે બહુ વીજળી,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વૃષ્ટિનાં જળથી જણાય ન મહી નીચી ન ઉંચી વળી ;
ગોપી ગોપ ફરે અહીં તહિં, ધરી છાતીસમાં બાલને,
વર્ષાથી દુખ પામતા નિકળવા ઇચ્છે સુખે કાળને.

રથોદ્ધતા.

ગાયનાં ધણ કરે પલાયન, વૃષ્ટિથી થરથરે બધાં જન ;
કયાં જવાથી વરસાદ ના નડે, એ ઉપાય નહિ કોયને જડે.

ઇંદ્રે મને મોટી સહાયતા કરીછે.

નારદ—તેમાં શો સદેહ ? પણ આ તરફ પણ જુઓ.

કંસ—(જોઇને આશ્ચર્યસહિત) હા ! આ શું ?

મંદાક્રાંતા.

દીઠું દુઃખે રૂદન કરતું ગામ આબાલ તેથી,
હાથે ધારી ગિરિવરવડે સઘ ગોવર્ધનેથી ;
આનંદોના જલનિધિવિષે મગ્ન સૌને કરેછે,
રક્ષા થાતાં અભય થઇને ગોપ ગોપી ફરેછે.

(ફરીને જોઈને) એટલુંજ નહિ, પણ—

વસંતતિલકા.

આ ઇંદ્ર તે સભયવિસ્મય અત્ર આવી,
પ્રેમે પડ્યો ચરણમાં શિરને નમાવી ;
પોતે કરેલ અપરાધવડે ડરેછે,
છોડી સ્વગર્વ સઘળો સ્તુતિ ઓચરેછે.

(આગળ જોઇને) એટલુંજ નહિ પણ સુવર્ણના સિંહાસનઉપર તેજ ગોપાલબાલકને બેસાડીને ઇંદ્ર પોતે કામધેનુના દુધથી અને ઐરાવત હાથીની સુંઢે ઉપાડેલ ગંદાકિનીનાં જલથી અભિષેક કરેછે. હા હંત ! આ શો કાળનો ફેરફાર ! જેમાં દેવો પણ ગોપા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લબાલકની સેવામાં પરાયણ થાયછે.

નારદ—આ પણ જોવા લાયક છે તે જુઓ.

કંસ—(જોઇને સાશ્ચર્યાનંદ સ્વગત)

મંદાક્રાંતા.

શી આ માયા કયમ કરી થયો એક પોતે અનેક,
સૌંદર્યેથી નિરતિશય છે મેઘથી શ્યામ છેક ;
લાવણ્યેથી નિજ મુખતણા ચંદ્રકાંતિ હરે તે,
ગોપી વૃંદો સહ નિરૂપમા રાસલીલા કરેછે.

સત્યછેકે—ચક્રવર્તિ રાજાઓ પણ આ પરમાનંદના પારાવાર (સમુદ્ર) ના એક બિંદુનો પણ અનુભવ કરી શકતા નથી. (પ્રકાશ) ભગવન્ ! આવો નિર્મર્યાદ આ ગોપાલબાલક પ્રચંડ દંડની પાત્રતાનો અનુભવ કરશે.

નારદ—વત્સ ! આતો ચિત્ર છે. આ બીજું પણ જો.

કંસ—(જોઇને.) **માલિની.**

વૃષ અતિ બળવાળો ગર્વથી અંધ પુષ્ટ,
હય પણ વ્રજને છે દુઃખ દેનાર દુષ્ટ ;
નિજ જન ભય જોઇ બાલ સામા થયા છે,
યમસદનવિષે તે હાય બન્ને ગયા છે.

(બારીક નજરથી જોઇને) હા હંત ! શું વૃષાસુર અને કેશી એ બન્ને પણ આ બાલકથી વિનાશ પામ્યા ? સખે કેશિન્ ! કેશિન્ ! આ શી તારી વિપરીત દશા ? (ઓગ કહેતાં મૂર્ચ્છા આઇ પડેછે.)

નારદ—રાજન્ ! ધીરજ રાખ, ધીરજ રાખ.

કંસ—ભગવન્ ! આ દુષ્ટ ચિત્રકાર કોણ છે ? જેણે આવાં ખોટાં ચિત્રો ચિતરેલાં છે. તે ચિત્રકાર મારાથી પ્રાણાંતદંડનું પાત્ર છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નારદ—રાજન્! આ કાંઇ ખોટાં ચિત્રો નથી. પરંતુ ખરેખરાંજ ચિત્રો છે તેથી ચિત્રકારનો કશો અપરાધ નથી.

કંસ—મહામુને! શું બધાં ચિત્રો ખરેખરાં છે? ત્યારે તે ગોપાલબાલક ક્યાં છે? જેણે મારા સર્વ પુરૂષોને મારેલા છે.

નારદ—(સ્વગત) ગાયો અને બ્રાહ્મણોના હિસાબમાં પ્રવૃત્ત થયેલો આ કંસ જેમ તુરત યમરાજનો અતિથિ થાય તેમ કરવું જોઇએ. (પ્રકાશ) રાજન્! આ કંઇ ગોપાલબાલક નથી પણ દેવકીનો આઠમો પુત્ર છે તેને તારાથી બીતા વસુદેવે પોતાના મિત્ર નંદને ઘેર ગુપ્તરીતે રાખેલ છે, અને તેની કન્યાને આંહી લઇ આવ્યા જે અષ્ટભુજા આકાશ માર્ગે સ્વર્ગમાં ગઇ. તેથી દેવો અસત્ય બોલનારા નથી એમ તારે નક્કી જાણવું.

કંસ—(સ્મરણ લાવીને) હા! કેશીએ પણ પોતાની બુદ્ધિથી આજ તર્ક કરેલ હતો પરંતુ મેં તેનાં વચનો સાંભળ્યાં નહિ, હંત હંત!! કેશિન્! કેશિન્! તારા જેવો મંત્રી મને ક્યાંથી મળશે? (એમ કહેતાં રૂદન કરેછે.)

નારદ—(સ્વગત) એટલાગાટેજ જ્યાં મંત્રી ગયો ત્યાંજ તારે પણ તુરત જવું. (પ્રકાશ) રાજન્! ધીર પુરૂષે થઇ ગયેલી વાતનો શોક ન કરવો જોઇએ.

કંસ—(કોપ કરી ઉઘાડી તરવાર લઇને) ધિક્કારે વસુદેવ! તને ધિક્કાર છે. હવે તું નથી. (એમ કહી મારવા દોડેછે.)

નારદ—(ઉભા થઇને) રાજન્! આ કર્તવ્ય નથી. વસુદેવને મારવાથી તેનો પુત્ર આંહી આવશે નહિ. પણ વસુદેવ જીવતા હશે તો પિતૃસ્નેહથી અવશ્ય તે આંહી આવશે. માટે તેને હમણા મારવા ન જોઇએ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—મુને ! સાચું કહોછો. દેવકી અને વસુદેવને બેડીમાં નાખી તેના પુત્રોને મારીશ.

નારદ— રાજન્ ! હવે હું જાઉંછું. આ પત્રે તને જે અપેક્ષિત હતું તે સર્વ જણાવ્યું હવે પછી મહારાજની મનોવૃત્તિજ પ્રમાણછે. (એમ કહી નિકળી જાયછે.)

કંસ—ભગવાન્ ! નારદ પણ ગયા. તેણે સર્વ વૃતાંત બરેબરૂં જણાવી ને મારો બહુ ઉપકાર કરેલો છે.

વસંતતિલકા.

સંબંધીઓ પણ અરે વસુદેવજેવા,
થાયે ઘણા કુટિલ વાઙ્મન કર્મ એવા ;
અંતે જણાય પણ પાપ અવશ્ય તેનું,
છાના કુરોગસમ છે પરિણામ જેનું.

બાવતુ. ચાણૂરઆદિની સાથે વિચાર કરી વસુદેવના પુત્રોને બોલાવવા અક્રૂરનેજ મોકલીશ (એમ કહી નિકળી જાયછે.)

અંક પાંચમો સમાપ્ત થયો.

श्रीप्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडूभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्रद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निमातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरम् ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોપાલચિંતામણિ નાટક.

અંક ૬ ઠ્ઠો.

(ત્યાર પછી રામ અને કૃષ્ણ જેની સેવા કરેછે એવા અક્રૂર પ્રવેશ કરેછે.)

અક્રૂર—પુત્રો! ઘણા સમયથી થયેલો મારો મનોરથ પૂર્ણ થયોછે.

શ્રીકૃષ્ણ—આર્ય! અમારાં માતપિતાનું તથા સર્વ યાદવોનું કુશળ છે?

અક્રૂર—કંસ જીવતાં યાદવોની કુશળતાની આશા પણ ક્યાંથી?

બળભદ્ર—આર્ય! શું પોતાના વંશજોની સાથે પણ પાપી કંસ વિદ્વેષ કરેછે?

અક્રૂર—વત્સ! નારદના ઉપદેશથી તે સર્વ યાદવોને દેવોના અવતારો માનેછે, મનુષ્ય ગણતો નથી, અને પોતે પોતાને કાળનેમિનો અવતાર માનીને કાળનેમિને પૂર્વે વિષ્ણુએ હણેલો તે આફેરે પણ દેવકીને ઘેર જન્મેલા વિષ્ણુથીજ હણાશે એવો નિશ્ચય કરી વિષ્ણુનાં મૂળભૂત ગાયો તથા બ્રાહ્મણો અને વિષ્ણુભક્ત યાદવોને અત્યંત પીડા કરેછે.

શ્રીકૃષ્ણ—આર્ય! આપનું અત્ર પધારવું શા ઉદ્દેશથી થયુંછે, તે જાણવા ઇચ્છુંછું.

અક્રૂર—વત્સ! ગઇ કાલે આવેલા નારદે તગારૂં સર્વ ચરિત્ર કંસને જણાવ્યું તેથી કોપેલા કંસે "ધનુર્યાગ જોવાના મિષથી આંહી લાવેલા રામ, કૃષ્ણને કુવલયાપીડ હાથીથી અને ચાણૂર આદિ મલ્લોથી મારીશ" એમ નિશ્ચય કરીને તમને બોલાવવાબાટે મને

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હુકમ કર્યો છે, દેવકી અને વસુદેવને ફરીને બેડીમાં નાંખ્યાં છે અને પોતાના પિતા ઉગ્રસેનને પણ કારાગારવાસી કરી દીધાછે તથા ગાયો, બ્રાહ્મણો અને યાદવોને પ્રતિક્ષણ પીડેછે. વળી દશ હજાર ગાયોને અધર્મથી ભેળી કરીછે તેઓનું શું કરશે તે મારી બુદ્ધિથી કાંઇ સમજાતું નથી.

શ્રીકૃષ્ણ—આર્ય! મારે અવશ્ય ત્યાં આવવું પડશે.

વસંતતિલકા.

માબાપનું નિગડબંધન દુઃખકારી,
છે ઉગ્રસેન સહુ યાદવ દુઃખી ભારી;
હાહા! વ્યથા નવ કરે પણ દુઃખ થાય,
ગાયોનું પીડન સુણી બળથી કરાય.

માટે આર્ય! યશોદાનંદને મથુરા જવા માટે પ્રાર્થના કરીએ.

બલદેવ—એમજ. તેઓની સંગતિવિના એક પગલું ભરવાને પણ આપણે શક્તિમાન્ નથી.

અક્રૂર—તમારૂં કહેવું ખરૂં છે, ચાલો જઇએ. (એમ કહી નિકળી જાયછે.)

(ત્યારપછી બે ગોપી પ્રવેશ કરેછે.)

ચંદ્રભાગા—સખિ વિશાખા! મેં સાંભળ્યું છેકે-અતિક્રૂર અક્રૂર આપણ સર્વના હૃદયસર્વસ્વ શ્રી નંદનંદનને મથુરા લઇ જનાર છે.

વિશાખા—મેં પણ એમ સાંભળ્યુંછે.

ચંદ્રભાગા—શું તે બાબતમાં શ્રી વૃષભાનુની પુત્રી આદિ ગોપીઓ પણ કાંઇ પ્રતિકાર નહિ કરે? તેમ માતા યશોદા કે પિતા નંદ પણ તેને રોકશે નહિ?

વિશાખા—અયિ ચંદ્રભાગે! શ્રી રાધા આદિ સર્વ ગોપીઓએ મથુરા

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ન જવા માટે તેવી તેવી પ્રાર્થના કરી કે જેથી વજ્ર પણ ફાટી પડે અને પર્વત પણ રોવા માંડે. તેમ માતા યશોદા અને પિતા નંદરાયે પણ બહુ બહુપ્રકારે ના પાડી ત્યારે શ્રી નંદકુમારે કહ્યું કે– નિરવધિ વત્સલરસ પીયૂષના પૂરથી પૂર્ણ મનવાળાં હે માતપિતા! અને પરમ પ્રેમપીયૂષથી પૂર્ણ સ્વાંતવાળી અહો ગોપીઓ! હું તમારા સર્વની સંગતિ વગર મથુરા જઇશ નહિજ તેથી નિશ્ચિંત થઇ ઉદ્વેગના વેગને છોડીને આ નવા આવેલ અતિથિપણાથી વિષ્ણુરૂપ તાત અક્રૂરના મનને વિનોદ થવા માટે આજ રાત્રિએ નાટકકળામાં કુશળ અપ્સરાઓએ કરાતું નાટક તમારે સર્વેએ જોવું ત્યારપછી જેવી તમારી સંગતિ હશે એમજ કરીશ.

ચંદ્રભાગા—આ વચનોથી શ્રીકૃષ્ણ મથુરા જવાથી પરાઙ્મુખ થયા હોય એમ મને ભાસેછે. પછી પછી?

વિશાખા—તેથી હું અત્યારે માતા યશોદાની આજ્ઞાથી સર્વ ગોપીઓને નાટક જોવાનું આમંત્રણ કરવાને જાઉંછું.

ચંદ્રભાગા—ભલે જા, હું પણ નંદરાયના પરમ મિત્ર ઉપનંદને ઘેર જઇને આ વૃત્તાંત નિવેદન કરૂં (એમ કહી બન્ને જાયછે.)

(ગર્ભાંક.)

(ત્યાર પછી સર્વ ગોપસહિત નંદ, સર્વ ગોપીઓથી વિંટાયેલાં યશોદા અને રામ, તથા શ્રીકૃષ્ણ સહિત અક્રૂર પ્રવેશ કરેછે.)

શ્રીકૃષ્ણ—શ્રીદામન્! નાટક જોવાને આવેલ સર્વ ગોપ એને ગોપીઓથી સભામંડપ ભરાઇ ગયોછે. માટે નાટકનો પ્રારંભ કરવાને સૂત્રધારને આજ્ઞા કર.

શ્રીદામા—જેવી દેવની આજ્ઞા. (એમ કહીને સૂત્રધારને)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સૂત્રધાર ! નાટકનો આરંભ કરો.

સૂત્રધાર—જેવી ભગવાનના મિત્રની આજ્ઞા. (એમ કહી નેપથ્યતરફ જોઇ) પ્રિયે ! આંહી આવ.

નટી—(પ્રવેશ કરીને) આર્યપુત્રની શી આજ્ઞાછે ?

સૂત્રધાર—પ્રિયે ! ભગવાન્ શ્રીકૃષ્ણની આજ્ઞાથી " ગોભક્ત્યુદય " એ નામનું નાટક કરવાનું છે તો આ સમાજમાં આવેલાં મનુષ્યોનાં મનને પ્રસંગાનુકૂલ સંગીતથી રંજિત કર.

નટી—જેવી આર્યપુત્રની આજ્ઞા. (એમ કહી ગાયછે.)

વસંતતિલકા.

કલ્યાણ થાય ધનધાન્ય સુપુત્ર રત્ન,
આનંદ દે નિખિલરોગ હણે અયત્ન ;
ધર્માર્થ કામ વળી મોક્ષ અહો કરેછે,
ગોભક્તિથી ઉદય શું અવશિષ્ટ રે'છે.

નેપથ્યમાં—સાચું સૂત્રધારપ્રિયે ! સાચું. (એમ કહી) " ગોભક્તિથી ઉદય શું અનશિષ્ટ રેછે. " (એમ કહેછે)

સૂત્રધાર—(આશ્ચર્ય સહિત) પ્રિયે ! કાલયવનના નગરમાં રહેનારી સ્ત્રીઓનો સમૂહ ગોત્રિરાત્રિવ્રતનિમિત્ત પોતે પૂજેલી ગાયને નદીને કાંઠે લઇ જાયછે તેઓનો આ ગીતધ્વનિ સંભળાયછે માટે ચાલ આપણે હવે પછીનાં કર્ત્તવ્યમાટે સજ્જ થઇએ. (એમ કહી નિકળી જાયછે.)

(ત્યાર પછી ગંધ, અક્ષત, અને પુષ્પોથી પૂજેલી સુવર્ણનાં ઝાંઝર, સોનાનાં શિંગડાં, અને સોનાની સાંકળવાળી ગાયની પાછળ જતો સ્ત્રીઓનો સમૂહ પ્રવેશ કરેછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શાર્દૂલવિક્રીડિત.

માતઃ કામદુધે સદા નગન આ ભાવે તને કીજીએ,
માતા તાત સુદૈવ દૈશિક બધું તુંને અમે માનીએ;
તું સર્વસ્વ અમારૂં પાલન કરે પ્રેમે હમેશાં અહો,
તારી પૂર્ણ દયાળ દૃષ્ટિ સહુને માથે હમેશાં રહો.

ત્રોટક.

અયિ કામદુધે જનની જગમાં, તુજના સમ તુંજ ધરાતળમાં;
નિજ ભક્તજનોરથ પૂર્ણ થવા, અતિ નિશ્ચલ છે તુજ વત્સલતા.

સ્ત્રીઓ— પદ.

નગન કરૂં કામદુધા માતા, જેના ગુણો દેવ બધા ગાતા—નગન૦
માતા તાત દૈવતછો ધારૂં, આપો ફળ પૂજનથી સારૂં.
પાલન કરો પ્રેમે અમારૂં— નગન કરૂં૦
નથી કયાંય વત્સલતા તેવી, ભક્તોમાથે આપ રાખો જેવી,
પામે પુત્ર આપ ચરણ સેવી— નગન કરૂં૦

સર્વગોપ—અહો! આ સ્ત્રીઓની ભક્તિ બહુ છે.

સર્વગોપીઓ—ગોમહિમાનું ગીત શ્રવણેંદ્રિયને સંતોષ ઉપજાવે છે.

નંદ—કાલયવનના પુરમાં પણ આવી ગોભક્તિ છે એ પરમ વિસ્મયનું કારણ છે.

અક્રૂર—આર્ય! ધર્મચર્યામાં એક કંસરાજ્યવિના સર્વત્ર પ્રજાને સ્વતંત્રતા હોયછે.

સ્ત્રીઓ—(ફરીને ગાયછે.)

પદ.

જ્યારે ગાજી આપ દયા થાયે, નિર્ધન રંક ક્ષણમાં બને રાયે,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મૂર્ખો સારાં કાવ્ય રચી ગાયે— નગન કરૂં૦
દિલીપરાયે આપ સેવા કીધી, આપે તેની ભક્તિ જાણી લીધી,
તુરત તેને ફલસિદ્ધિ દીધી— નગન કરૂં૦
ગાજી આપ રમ્યવને જાશો, નીલાં ખડ પેટ ભરી ખાશો,
નિર્મલ જલ પીને સુખી થાશો— નગન કરૂં૦
સાંઝે પાછાં અત્ર આવો જ્યારે, દર્શન લાભ રાજી થશું ત્યારે,
પૂજન અમે કરશું ઘણે પ્યારે— નગન કરૂં૦

શિખરિણી.

અયેમાતઃમાતઃ સુરભિ! સુખ દેનાર તમને,
પરપ્રેમે સેવી ક્ષણુપણ જનો શું નહિ ઘને;
અપુત્રો, સત્પુત્રો ધનરહિત તે ઉત્તમ ધનો,
મહામૂર્ખો, વિદ્યામૃત રસ ભરેલા કવિજનો.

વસંતતિલકા.

માતા જગજ્જનનિ રમ્ય વને પધારી,
સ્વેચ્છાથી પાન કરી નિર્મલ મિષ્ટ વારિ;
ખાઇ સુનીલમણિ નીલ ઘણાં તૃણોને,
આનંદ દર્શન લાભ કરશો અમોને.

યશોદા અને નંદ—અહો! સાક્ષાત્ કામધેનુજેવી આ ગાય આપણુનાં નેત્રને આનંદ કરેછે.

ગોપ અને ગોપીઓ—આ સ્ત્રીઓના જેવી ગોભક્તિ કોના મનોરથને પૂરે નહિ!!!

નેપથ્યમાં— વસંતતિલકા.

લોકો વિલંબ તજી સત્વર દૂર ભાગો,

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ક્રોધાંધ સિંહ નિજપંજર તોડી ભાગ્યો ;
વિકાળ રૂપ ધરી આ તરફેજ આવે,
તેણે કર્યું ગ્રહણ તો નહિ કો બચાવે.

સ્ત્રીઓ—હાય હાય ! હવે શું કરવું. અને ક્યાં જવું ? કોણ હવે પ્રચંડ પંચાનનથી આ ગાયની રક્ષા કરશે ! ! (ત્યારપછી પ્રચંડતર નખવાળો કેસરીસિંહ પ્રવેશ કરેછે.)

નંદ અને અક્રૂર—(એકદમ ખડ્ગ ઉપાડી સક્રોધ થઇને) ધિક્ રે પાપ ! આ ગાયનો રસ્તો છોડી દે, નહિ તો મુવો જાણજે.

શ્રીકૃષ્ણ—આર્ય ! આ તો નાટક છે.

નંદ અને અક્રૂર—એ અમે ચુકી ગયા. (એમ કહીને બેસી જાયછે.)

(સ્ત્રીઓ સર્વે જુદા જુદા રસ્તાગાં દોડીને નિકળીજાયછે.)

યશોદા—ગોપીઓ ! આ ગાય અને તેની ભક્તિવાળી સતીઓનું શું થશે એ ચિંતાથી મારૂં હૃદય કંપેછે.

ગોપીઓ—દેવિ ! કશી ચિંતા ન કરો. ગોભક્તિજ તેઓની રક્ષા કરશે.

(ત્યારપછી પાશગાં બાંધેલ ગાય, નર્મદા અને કાળચંડ નાગનો વ્યાધ પ્રવેશ કરેછે.)

નર્મદા—(અશ્રુસહિત હાથ જોડીને) ભાઇ કાળચંડ ! તારી પ્રાર્થના કરૂંછું. આ સર્વ દેવમયી ગોમાતાને છોડીદે.

કાળચંડ—શું આ તારી માતા છે ? તું સ્ત્રી છો, તેની ગાય માતા કેમ હોય ?

નર્મદા—કેવળ મારીજ નહી પણ સર્વ જગત્‌ની પણ આ માતા છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કાલચંડ—ગાય એ પશુજાતિછે અને તેથી તે આખા જગતની મા-
તા હોય એમ કેમજ સંભવે ?

નર્મદા—અરે કાળચંડ ! સાંભળ.

દિંડી.

વિના ગોરસો ન હવ્ય કવ્ય થાય, હવ્ય કવ્ય વગર યજ્ઞ ટળી જાય ;
યજ્ઞના અભાવથી ન થાય વૃષ્ટિ, વિના વૃષ્ટિ કહે કેમ ટકે સૃષ્ટિ.
તે થકીજ હવ્ય કવ્ય જેથી થાય, માત જગતતણી ગાય તે ગણાય ;
ભક્તમનોરથો નિત્ય પૂરનારી, ધેનુ કામધેનુરૂપ લે વિચારી.
પૂજનાર વંદનાર પાળનાર, અને જરૂર પરમ ક્ષેમ ધારનાર ;
એમ સર્વ ધર્મશાસ્ત્રમાં જણાવ્યું, સુખદ પદ સમગ્ર મુનિજને
ગણાવ્યું.

માટે હું પ્રાર્થના કરૂંછું કે તારા અને તમામ જગતના કલ્યાણને વારતે આ જગન્માતા ગાયને છોડીદે.

કાળચંડ—તે તારાં સર્વ વચનો તો આર્યપ્રજાને માન્ય છે. અમે તેવાં વચનોને સાચાં માનતા નથી.

નર્મદા—ભલે તે વચનો તમને માન્ય ન હો પરંતુ જે લાભમાટે તેં આ ગાય ગ્રહણ કરેલ છે તેનાથી બમણું કે ચોગણું ધન લઇને આ ગાયને છોડીદે.

કાળચંડ—ચોગણું ધન કોણ આપશે ?

નર્મદા—શંભુશર્મા મારા સસરા અને શિવશર્મા મારા પિતા છે. તેથી ચોગણું કે તેથી પણ વધારે મારા કહેવાથી તેઓ તને આપશે.

કાળચંડ—સર્વ તારાજેવા વિચારવિકલ ન હોય કે જેઓ નિરર્થક પશુ-
માટે ચોગણું ધન આપે.

નર્મદા—જો તારા ચિત્તમાં વિશ્વાસ ન હોય તો લે આ તારાઓના સ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મૂક જેવો સુંદર નિર્મલ હાર, મહામૂલ્ય રત્નનાં બાજુબંધની જોડી અને અનેક રત્નોથી જડિત આ બે ઝાંઝર. પરંતુ આ ત્રિભુવનજનની કામદુધા ગાયને છોડી દે. (એમ કહી અંગમાંથી સર્વ આભરણો ઉતારી તેની પાસે રાખેછે.)

કાળચંડ—હું કાંઇ ધનનો અભિલાષી રાંક નથી. મારે મહારાજનાં આપેલાં ઘણાં આભૂષણો છે.

કર્કશા—અરે મૂર્ખા આ ગાયથી શું છે, આ રત્નનાં ઘરેણાં લઇને આને છોડી દે.

કાલચંડ—રાંડ, રાંડ! તુંજ મૂર્ખ છો. એ કાંઇ ગાયનું મૂલ્ય નથી.

નર્મદા—દાસવર્ય! જો એ ગોમૂલ્ય ન હોય તો તુંજ જે મૂલ્ય કહે તે આપીશ.

નંદ—વ્યાધની નિષ્ઠુરતાને ધિક્કાર છે.

અક્રૂર—આવા પાપી લોકોથીજ આપણી ભારતભૂમિ દુર્દશાને પામી.

ગોપીઓ—નર્મદાને ધન્ય છે કે જે કાલના જેવા કાળચંડથી પણ બીતી નથી

ગોપ—ધિક્ રે કર્મચાંડાલ કાલચંડ! તું કોણ કે જે પ્રણયથી પ્રાર્થના કરતી બ્રાહ્મણનાં પુત્રીને પણ ન ગણકારી ગાયને પાશમાંથી છોડતો નથી. આ તું નથી જાણજે. (એમ કહી લાકડીઓ લઇને ઉભા થઇ જાયછે.)

બલભદ્ર—સુદામ રતોક આદિ મારા પ્રિય મિત્રો! ક્રોધ કરવાની જરૂર નથી. આ તો નાટક છે.

ગોપ—એ તો અમે ચુકી ગયા. (એમ કહીને ફરીને બેશી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

જાયછે.)

કાળચંડ—તું ગાયના મૂલ્યમાં બીજું શું આપી શકીશ ?

નર્મદા— મંદાક્રાંતા.

શોભાવાળાં, ઘર અનુપમો ક્રોધપંક્તિ સમગ્ર,
ગ્રામો ક્ષેત્રો, મુજ પતિતણાં ને પિતાનાં સમગ્ર ;
આપું તે હું સકલ તુજને કેમ સંદેહ લાવે ?
છોડી ધેનું કઠિન તુજના પાશથી જો બચાવે.

એટલુંજ નહિ પણ જીવતાંસુધી એ તારો ઉપકાર હું ભૂલીશ નહિ.

કાળચંડ—મારે તારાં ગામો, ખેતરો, કોષો કે સર્વસ્વથી કશું પ્રયોજન નથી. મારે પણ તે બધું મહારાજના પ્રસાદથી છે. માંસ વેંચનારા અમોને માંસની જરૂર છે

નર્મદા—દાસવર્ય ! જો એમ હોય તો.

રથોદ્ધતા.

ખર્ગથી પ્રથમ મારીને મને, બાલચંદ્રસરખાજ બાલને ;
માંસ પ્રાપ્ત કરી પાશથી અને, છોડ લોકતણી ગાત ગાયને.

એવી મારી તને પ્રણામસહિત પ્રાર્થના છે. (એમ કહેતી વ્યાધના પગમાં પડેછે.)

ગોપીઓ—(સ્નેહાશ્રુ સહિત) ધન્ય છો. નર્મદા ધન્ય છો.

કાળચંડ—શું વૃથા પ્રલાપ કરેછે ? મહારાજ કાલચંદને જાણે છે ?

નર્મદા—જાણુંછું. તે આ નગરીના અધિપતિ છે.

કાળચંડ—ત્યારે તેમને માટે મેં આ ગાયને પકડીછે. મહારાજ કાંઈ રાક્ષસ નથી કે તે મનુષ્યનું માંસ પણ ખાય, માટે તું ચાલી જા. નહિ તો તારા દેખતાં મારા નોકરો આ ગાયનો વધ કરશે. કાળ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

યવનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને કોણ શક્તિમાન છે? માટે ભાગી જા, ભાગી જા.

નર્મદા—(આંખમાં અશ્રુસહિત હાથ જોડીને) ભાઈ કાળચંડ! પ્રથમ મનેજ તારા નોકરો મારી નાખો, એવી મારી પ્રાર્થના છે.

કાળચંડ—એમ કદિ બનવાનું નથી, માટે જા, પાપિણિ! જા.

નર્મદા—(ફરીને પ્રણામસહિત) ભાઇ, ભાઇ! ક્ષમા કર; ક્ષમા કર. અલંકારોથી, સર્વસ્વથી, મારા પ્રાણુથી અને છેવટ મારા પુત્રના પણ પ્રાણુથી જો આ ગાય તારાથી છોડી ન શકાતી હોય તો આ ગાયને છોડવાનો બીજો કોઇ ઉપાયછે કે નથી? જો હોય તો તે જણાવ અને જો બીજો કોઇ ઉપાય નજ હોય તો હું જીવતાં તારા નોકરો આ ગાયને મારવાને શક્તિમાન નથી. તને અને તારા આ બે ત્રણ અનુચરોને મારીને હું પછી મારાં પ્રાણ છોડીશ ત્યાર પછી જે થવાનું હશે તે થાશે એમ નિઃશંક જાણવું. (એમ કહી કછોટો વાળી તેનીજ ઉઘાડી તલવાર લઇ લેછે.)

કાળચંડ—(સ્વગત) કોપેલી આ સ્ત્રી કાલિકા જેવી જણાયછે. તે જરૂર બે ત્રણ કે પાંચ માણસોને મારવાને શક્તિવાળી છે. તેણે જીવવાની આશા છોડી દીધી જણાયછે. હવે શું કરવું? (ક્ષણવાર વિચાર કરીને) નર્મદા! નર્મદા! રાજાની આજ્ઞા પ્રમાણે ચાલનાર મારાઉપર તારે રોષ કરવો ઉચિત નથી. જો ઉપાયનેજ પુછતી હો તો એકજ બીજો આ ગાયને છોડવાનો ઉપાય છે.

નર્મદા—જણાવ, શો ઉપાયછે?

કાળચંડ—હું કહીશ. પણ તું તે સ્વીકારીશ નહિ.

નર્મદા—હું જરૂર તે પ્રમાણે કરીશ. નિઃશંક થઇને કહે.

કાળચંડ—(સ્વગત) અહો પતિવ્રતાનો કેવો પ્રભાવછે મનથી પણ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આના ઉપર પાપ કરવાને શક્તિમાન્ થવાતું નથી ત્યારે વચનથી કે શરીરથી તો કેમજ શક્તિમાન્ થવાય? (પ્રકાશ) નર્મદે! જો તું મારા ઘરમાં ભોજન કર તો આ ગાયને હું છોડી દઉં.

નર્મદા—(સ્વગત) હા! કયાં બ્રાહ્મણ કુળમાં જન્મ અને કયાં આ નીચમાં નીચ, જન્મથી આજ સુધી અસંખ્ય ગોવધ કરનારના ઘરમાં ભોજન? અસ્તુ. આ લોકમાતા કામધેનુ મારૂં કલ્યાણ કરશે. (પ્રકાશ) ભાઈ કાળચંડ! જો એમજ તારો આગ્રહ છે તો આ ગાયના પાશને કાપી નાખ અને તે નિર્ભય થઇને ખડ ખાઓ અને પાણી પીયો. હું તારે ઘેર જમવાને તૈયાર છું.

કાળચંડ—(હર્ષસહિત ગાયના પાશ કાપીને તેને ખડ અને પાણી આપેછે.)

કર્કશા—રે મૂર્ખાધિરાજ! તને ધિક્કાર છે. મહામૂલ્ય મણિનાં ઘરેણાં છોડીને ઘરક્ષેત્ર અને ગામોને છોડીને અને તેના પતિનું સર્વસ્વ છોડી આ શું માગ્યું? તેથી તને શો લાભ? (એમ કહેતી હાથપગના પ્રહારથી તેને મારેછે.)

ગોપ—આ નર્મદાનો કોઈ અદ્‌ભુત ગોભક્તિ છે.

ગોપીઓ—નર્મદાએ આ બીજાથી ન થઇ શકે તેવું કબુલ કર્યું.

નંદ અને અક્રૂર—કાલયવનનાં રાજ્યમાં અધિકારી જનોના અંધાપાને ધિક્કારછે કે—જેથી આવી રીતે નિરપરાધી પ્રજા પીડા પામેછે.

કાળચંડ—મૂર્ખાધિરાજની દીકરી તું જ છો. મૂર્ખ! હું મૂર્ખ નથી. આ બ્રાહ્મણી પોતાનો ધર્મ છોડી આપણે ઘેર ભોજન કરશે તેજ પરાર્ધ સોનામહોરના લાભથી પણ અધિક લાભ છે તે તું નથી જાણતી તેથી આમ બકબકાટ કરેછે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નર્મદા—કાળચંડ ! હું આજ એકાંતમાં છાનાગાના તારૂં અન્ન નહિ ખાઉં. તારા નોકરદ્વારા કાલયવનને નિવેદન કર જેથી તે મહારાજ સહકુટુંબ, મારા સાસુસસરાને અને મારા માતપિતાને તેમજ મારા પ્રાણનાથ, અને બીજા પણ પ્રખ્યાત પંડિતોને સાથે લઈને આંહી આવે. તેઓ સર્વ જોતા હોય તેમ હું તારા ઘરનું રાંધેલ ખાઇશ.

કાળચંડ(સહર્ષ) અહો ! એ તો અમને બહુ પ્રિય છે. (એમ કહી ચિઠ્ઠી લખીને મહારાજને આમંત્રવાસારૂ દૂતના હાથમાં આપેછે.)

દૂત—(સ્વગત) હવે હું આ મહાકાળીના હાથમાં રહેલી વિકરાળ તરવારરૂપ વ્યાલના મુખમાંથી છુટયો. (પ્રકાશ) જેવી તમારી આજ્ઞા. (એમ કહી નિકળી જાયછે.)

અક્રૂર—અહો ! નર્મદાનું ધર્મશાસ્ત્રમાં પણ પ્રવીણપણું છે.

નંદ—એમજ. છાના રાખેલાં પુણ્ય પાપ હમેશાં વૃદ્ધિને પામેછે અને તેને પ્રસિદ્ધ કરવાથી તે ક્ષય પામેછે, એમ ધારીનેજ તેણે બહુજનસમક્ષ તારૂં અન્ન ખાઈશ એમ કહેલ છે.

ગોપીઓ—યશોદે ! આ કેવળ કમલસરખી કોમલાંગી, કોમલ-સામોક્તિજ બોલવામાં કુશલ નથી પણ નિગ્રહમાં પણ પ્રવીણ હોય એમ જણાયછે.

યશોદા—તેમાં શો સંદેહ ? આણે જ્યારે ક્રોધથી મહાકાલીજેવી વિકરાલતાને અંગીકાર કરી હાથમાં કરાલ કરવાલ ગ્રહણ કર્યો ત્યારે દુષ્ટ કાળચંડની આંખો પણ ફાટી રહી.

રાધા—તેનું ધૈર્ય, શૌર્ય અને ધર્મધુરંધરપણું જોઇ પરમેશ્વર

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેનો અભ્યુદય કરો.

નેપથ્યમાં—મહારાજ કાલયવનનો જય થઓ, જય થાઓ.

સર્વ—(સંભ્રમસહિત જુએછે.)

(ત્યારપછી સકુટુંબ શંભુશર્મા અને શિવશર્મા તથા દયાશંકર અને બીજા શિષ્ટ પુરૂષો અને મંત્રિઓસહિત કાલયવન પ્રવેશ કરેછે.)

કાલયવન—(સિંહાસનઉપર બેસીને) હે શંભુશર્મા ! શિવશર્મા ! દયાશંકર ! મંત્રિઓ અને શિષ્ટ પુરૂષો આંહી તમો સૌ બેસો.

સર્વ પુરવાસિઓ—જેવી મહારાજની આજ્ઞા. (એમ કહી બેસેછે.)

કાળચંડ—મહારાજ ! મહારાજ ! આ મારો પરમ ભાગ્યોદય છે જેથી મહારાજ પોતાના ચરણકમલથી મારા ઘરનું આંગણું શોભાવેછે.

કાલયવન—કાળચંડ ! જે મારા કારભારીઓએ, સાગંતોએ, મંત્રિઓએ સેનાપતિઓએ અને કોશાધિપતિએ તથા પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓના અધિકારીઓએ આજસુધી નથી કર્યું તે તેં આ વખતે કરેલું છે કે એક બ્રાહ્મણીને પોતાના ધર્મથી છોડાવી. તેથી તું મને પ્રિયથી પણ વધારે પ્રિય છો.

કાળચંડ—તે આપનો અનુગ્રહ છે.

કાલયવન—પુત્રિ નર્મદે ! તારે કહેવાનું હોય તે કહે

નર્મદા—(ઉભી થઇને) અહો માન્ય મહારાજ ! અહો પૂજ્ય માતપિતા ! અહો સેવ્ય સાસુસસરા ! પ્રાણ સર્વસ્વ પ્રાણનાથ અને સર્વ પુરવાસીઓ ! મંદભાગ્યવાળી હું મારૂં વૃત્તાંત કહું છું તે સાંભળો. આજે ગોત્રિરાત્રવ્રતની સમાપ્તિનિમિત્તે તે વ્રતની કરનારીઓ અમે સર્વ આ ગાયને વનમાં ચોકલવા માટે સીગોડાસુધી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તેની પાછલ ચાલતી હતી, રાજ ચોવટાગાં અમે આવ્યાં લાં અકસ્માત્ રાજાનો સિંહ પાંજરાગાંથી છુટીને લાં આવ્યો. સિંહનો શબ્દ સાંભળીને મારી સર્વ બેહેનો આ ગાયને છોડીને જુદીજુદી શેરીઓમાં દોડી ગઇ. આ ગાય પણ ત્રાસથી તરલ નેત્રવાળી થઇ અને મારા હાથમાં રહેલી સાંકળ વછોડાવીને ભાગી ગઇ. ત્યારપછી હું સર્વસ્વ હરાઇ જવાના ભયથી અને કંપથી તેનાં પગલાંની પાછળ ચાલી જ્યાં ચાંહી આવુંછું ત્યાં પાશમાં બાંધેલી આ ગાયને મારવાને ઉગામેલા આયુધવાળા આ કાળચંડને તેના નોકરોસહિત મેં દીઠો, તેને જોઇનેજ મારા મનમાં જે ભય, જે દુઃખ અને જે ઉદાસીનતા તથા જે વિષાદ થયો તે કહેવાને હું શક્તિમાન્ નથી. પછી કોઇ પણ રીતે ધીરજ ધારીને પાપિષ્ઠ કાળનો પ્રતીકાર કરવાનેગાટે આ કાળચંડની મેં પ્રાર્થના કરતાં તે ધરેણાંઓ આપવાથી, ઘર, ગામ અને ખેતરો આપવાથી, મારા સસરાનું સર્વસ્વ આપવાથી, મારા પિતાનું સર્વસ્વ આપવાથી, મારાં પ્રાણ આપવાથી, અને આ મારા બાલકનાં પ્રાણ પ્રદાનથી પણ ગોવધ કરતાં અટક્યો નહિ તેથી આ પ્રચંડ તરવારને હાથમાં લઇ " રે કાળચંડ ! આ ગાયને છોડવાનો કોઇપણ ઉપાય છે ? જો હોયતો કહીદે. નહિતો તને અને તારાં આ માણસોને તારીજ તરવારથી મારવાને તૈયાર છું. મારાં પ્રાણ ગયાપછી જે થવાનું હોય તે થાઓ." એમ મારા કહેવાથી તેણે કહ્યું કે–"જો તું મારા ઘરમાં ભોજન કર તો આ ગાયને છોડી દઉં, નહિતો કોઇ પણ પ્રકારે છોડનાર નથી. " તેથી આ ગાયધેનુની રક્ષામાટે તેનું અન્ન ખાવાને હું તૈયાર થઇછું તે આપ સર્વના જાણવામાં આવો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

સિવ—(નેત્રમાંથી આંસુ પાડતાં) ધન્ય છે, પુત્રી નર્મદા ! તને ધન્ય છે.

કાલયવન—પુત્રિ ! બ્રાહ્મણનો ધર્મ છોડી આનું અન્ન ખાતી તને ગા-રી ખરી પુત્રીની પેઠે પાળીશ, લડાવીશ અને પોષણ કરીશ.

નર્મદા—મારો આ પ્રયાસ તેટલામાટે નથી.

નંદ—કાલયવનનેધિક્કાર છે જે નર્મદાની આવી ગોભક્તિ જોઇને પ્રસન્ન થઇ " તારૂં અન્ન ખાધા વગર પણ આ ગાયને છોડી દે " એવી કોમલ, મીઠી, અને રસવાળી આજ્ઞા કાળચંડને કરતો નથી.

અક્રૂર—જો એમ કહેતો તેનું કાલયવનપણું શું ?

રાધા—(સ્વગત) નર્મદાને ધન્ય છે જે ગાયના પ્રાણની રક્ષામાટે અકૃત્યને પણ કૃત્યની પેઠે કરવાને હર્ષથી પ્રવૃત્ત થઇછે.

કાલયવન—કાળચંડ ! ઉતાવળ કર અને જે ભક્ષ્ય ભોજ્ય હોય તે લઇ આવ.

નર્મદા—હે સાસુ સસરા અને માત પિતા ! મેં તમારી પૂજા નથી કરી, ભક્તિ નથી કરી, પણ ઉલટું બાલપણાંથી વારંવાર તમારી આ-જ્ઞાનું ઉલ્લંઘનજ કરેલ છે તેની ક્ષમા કરશો એ મારી છેલ્લી પ્રણા-મસહિત પ્રાર્થના છે.

શંભુશર્મા અને શિવશર્મા—(અશ્રુસહિત) પુત્રિ ! શોક ન કર. તેં આ ગાયની પ્રાણરક્ષા કરવાથી કુલીન સ્ત્રીને કરવાનું બ-ધું કરેલું છે.

નર્મદા—(માતા અને સાસુને) હે માતાજી ! આ બાળક હવે તમને ભળેછે. માટે તેનું પાલન પોષણ અને લાલન તમારે કરવું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

માતા અને સાસુ—પુત્રિ! ચિંતા ન કર. આ બાલક અગારો બહિશ્ચર પ્રાણ છે. વળી આ તારી અપ્રતિમ ભક્તિ તેનું સર્વદા કુશલ કરશે.

નર્મદા—પ્રાણનાથ! કામદુધાના પ્રાણરક્ષણગાટે અકૃત્યને પણ કૃત્યની પેઠે આચરતી હું આપના ચરણકમલની પરિચર્યામાં અયોગ્યપણું-ને પામીશ, તોપણ આપનાં ચરણકમલને ગાઢું મન સ્વપ્નમાં પણ ભૂલશે નહિ અને જન્માતરે પણ આપનીજ સહધર્મચારિણી (પત્ની) થઇશ.

દયાશંકર—પ્રિયતમે! તમેતો શ્રી ગોમાતાના પ્રાણનું રક્ષણ કરતાં બન્ને કુળનો ઉદ્ધાર કરેલછે અને કુલીન કાંતાને કરવાનાં સર્વ કૃત્ય કરે-લાં છે માટે ઉદાસીનતાને છોડી દો. આ કામદુધાજ તમારા મ-નોરથો પૂર્ણ કરશે.

(ત્યારપછી વસ્ત્રથી ઢાંકેલ પાત્ર લઇને નોકર પ્રવેશ કરેછે.)

નોકર—મહારાજ! આ ભોજન.

કાલચંદ—આ ટેબલઉપર રાખ.

નોકર—જેવી મહારાજની આજ્ઞા. (એમ કહી ટેબલઉપર ભોજનપાત્ર રાખેછે.)

કાળચંડ—નર્મદા! આંહી આવીને આ ખા.

નર્મદા—(સ્વગત) હા! હવે શું કરવું? અથવા આ કામદુધાજ મારો ધર્મ રાખશે.

(પ્રકાશ) વૈતાલિય.

કરીજે મન વાક્ય કર્મથી, તુજ સેવા અવિ ધેનુ ધર્મથી;
કર તો કરૂણા કરી તથા, ન બને જીવિત જન્મ આ વૃથા.

(એમ કહી ગાયને પ્રણામ કરીને, પુરવાસિઓને) અહો પુર-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વાસિઓ ! ગાયના પ્રાણરક્ષણગાટે સર્વસ્વનો ત્યાગ, પ્રાણનો ત્યાગ, પુત્ર, મિત્ર, કલત્રનો ત્યાગ અને ધર્મનો ત્યાગ, પણ ગણુવો નહિ એમ વિચારી હું આપ સર્વની સમક્ષ સ્વધર્મ છોડી આ અન્ન આવાને ઇચ્છું છું.

પુરવાસિઓ—પુત્રિ નર્મદા ! તું સ્વધર્મ છોડતી નથી પણ તેનું રક્ષણ કરેછે તેથી અમો ખુશી થઇયે છીએ.

નર્મદા— અનુષ્ટુપ.

અભક્ષ્ય પણ છે ભક્ષ્ય, બચે જો ગાય આ અહીં ;
અભક્ષ્ય છે બધાં ભક્ષ્ય, જેથી ગાય બચે નહીં.

(એમ કહી હાથકપરનું વસ્ત્ર ઉપાડી લેછે.)

શાર્દૂલવિક્રીડિત.

(દ્રાક્ષા, દાડિમ, આમ્ર, જંબુ, કદળી, કેળાં ફળોથી ભર્યું,
લોકોની વચમાં બધા નિરખતાં તે ઠામ શોભી રહ્યું;
પાત્રો દૂધભરેલ સર્વ નિરખી હર્ષાશ્રુથી નર્મદા,
જાણે કામદુધા પ્રસન્ન થઇને ટાળી બધી આપદા.)

કાળચંડ-(જોઇને સક્રોધ) અરે મૂઢ, મૂઢ ! આ શું લાવ્યોછો ?

નોકર—જે તમે આજ્ઞા કરી હતી તેજ લાવ્યોછું. માંસોદનથી ભરેલ પાત્ર અને મદ્યથી ભરેલ પાનપાત્રો.

કાળચંડ—અંધ ! જો જો ક્યાં છે માંસોદન અને સુરાપાત્રો.

નોકર- (જોઇને) અહો આશ્ચર્ય છે. કર્કશાએજ મને તે આપેલું અને આ શું થઇ ગયું ?

કાળચંડ—(ક્રોધથી) રે ધુતારા ! ગોટુ ગોલ નહિ, તેં નર્મદાતરફ પક્ષપાત કરેલ છે, તે તું જીવતો નહિ રહે. (એમ કહી પકડ મારેછે)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કાલચવન—કાળચંડ ! થઇ ગયેલી વાત પૂર્ણ કર. બીજું પાત્ર લઇ આવ.

કાળચંડ—કર્કશા ! તુંજ રસોડામાંથી માંસોદન અને મદિરાપૂર્ણ પાનપાત્રો લઇ આવ.

કર્કશા—જેવી પતિની આજ્ઞા. (એમ કહી ભોજનપાત્ર લઇ આવી નર્મદાપાસે મુકેછે.)

નર્મદા—" કરિજો મન વાણી કર્મથી " (એમ ફરીને બોલીને પાત્ર ઉપરનું વસ્ત્ર લઇ લેછે ત્યાં પાત્ર ફલોથી ભરેલું અને પાનપાત્રો (પ્યાલાઓ) દુધથી ભરેલાં થઇ જાયછે.)

કાળચંડ—(કોપ કરીને) રે પાપિણી ! કર્કશા ! તું ખરેખરી કર્કશાજ છે, જે નર્મદાના પક્ષપાતથી તારા પતિનું વચન પણ નથી કરતી. તેથી આજે જીવવાની નથી. (એમ કહી લાકડીથી પ્રહાર કરેછે.)

કર્કશા—અરે પાપી ! નિરપરાધી મને શામાટે મારેછે ? તું પણ આજ જીવતો નહિ રહે. (એમ કહી સામું મારવા ધાંડેછે.)

કાલચવન—કાળચંડ ! તું કોઇનો વિશ્વાસ ન રાખ. તુંજ રસોડામાં જઇ માંસોદન અને મદ્યનાં પાત્રો લઇ આવ અને ઉભાહુંજ તે પાત્ર નર્મદાને આપ.

કાળચંડ—જેવી દેવની આજ્ઞા. (એમ કહી માંસોદન અને સુરાપાત્રો લઇ આવી સર્વને દેખાડેછે.)

કાલચવન—(કાળચંડના હાથમાંથી લઇને) પુત્રિ નર્મદા ! લે આ ગ્રહણ કર.

નર્મદા—પ્રભુના પિતા મહારૂદ્રની જેવી આજ્ઞા (એમ કહી) " કરિજો મનવાણિકર્મથી " (એમ પ્રકાશીને બોલીને પાત્ર લેતા જાયછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કાલયવન—(આશ્ચર્યસહિત) અહો ! આ શું આશ્ચર્ય ! જેમ જેમ નર્મદા મારી પાસે આવેછે તેમ તેમ—

વૈતાલિય.

સઘળાં ફળ માંસ થાયછે, મદિરા તે પણ દૂધ થાયછે ;
અપરાધ ન નોકરે કહો, અપરાધી નથી કર્કશા અહો.

આ તો કાંઇ નર્મદાનોજ પ્રભાવ છે. (એમ કહી નર્મદાને પ્રણામ કરેછે)

કાળચંડ—નર્મદા ! ગાયને હું છોડીશ નહિ. કારણકે તું "ભોજન કરીશ" એવી પ્રતિજ્ઞા લઇ ઇંદ્રજાલ કરેછે. જેથી માંસ પણ ફલરૂપ થઇ જાયછે અને મદ્ય પણ દૂધરૂપ થાયછે. તેથી તારા દેખતાંજ ગાયને હણુંછું. (એમ કહી ખડ્ગ ગ્રહણ કરેછે.)

નર્મદા—(કાળચંડનો હાથ પકડીને) અરે મૂઢ ! હૃદય વિનાના ! દેખતાં છતાં આંધળો કેમ થઇ ગયોછે ? આ ઇંદ્રજાલ નથી. આતો આ કામધેનુનોજ પ્રભાવ છે. જે મારો ધર્મ સાચવવા મારી પ્રાર્થનાથી માંસને ફલ કરેછે અને મદ્યને દૂધ બનાવેછે. તે મારી પ્રાર્થનાથી સિંહનું રૂપ લઇને તમ સર્વને ખાઇ જવાને પણ શક્તિવાન છે પરંતુ સર્વભૂતદયાથી આર્દ્ર હૃદયવાળી હું તેમ કરવા ઇચ્છતી નથી. એવા પ્રભાવવાળી કામદુધાઓનું પણ પાલન પોષણ અને લાલન થવાને બદલે તારા હાથથી હનન થાયછે તે તારા જેવા બીજો કોણ પાપી, કોણ ક્રૂર, અને કોણ કૃતઘ્ન છે ? તારી બુદ્ધિ, જન્મ અને જીવિતને ધિક્કાર છે. રે મૂઢ ! ચિત્તમાં જરા વિચાર કર, વિચાર કર, જે આ ગાય જેને તું મારી નાખે છે તોપણ તને તે વૃત્તિ આપીને નભાવેછે. તે શું તને તું તેઓનું પાલન, પોષણ અને લાલન કરે તો વૃત્તિને ન આપે ? જો હજુ પણ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તને મારા વચનઉપર વિશ્વાસ ન હોય તો આ પ્રત્યક્ષ તેં નજરે જોયેલા ગોગાતાના પ્રભાવમાં પણ કેમ મૂઢપણું ધારણ કરેછે ? મહાદુર્લભ આ મનુષ્યજન્મ પામીને તેં શું સુકૃત્ય કરેલ છે ! હાય હાય ! તારૂં જન્મ અને જીવવું નિરર્થક છે. માટે હવે પછી પણ તારૂં પોતાનું હિત કેમ થાય તેનો વિચાર કર, વિચાર કર.

કાળચંડ—(સ્વગત) આ નર્મદા સત્ય કહેછે. મેં મારૂં જન્મ અને જીવિત પાપી કર્મથી નિષ્ફલ કરેલ છે માટે તેવાં અકૃત્ય કરવાથી હવે બહુ થયું. (પ્રકાશ) માતા નર્મદા નર્મદા !

વસંતતિલકા.

તું છો ગુરૂ પરમ દૈવત તુંજ મારૂં.
માતા અને વળી પિતા પણ તુંજ ધારૂં ;
સર્વસ્વ છો વિનયથી પ્રણમું સદાય,
જન્માંધતા તુજતણાં વચનોથી જાય.
પાશો બધા મુજતણા અહિં નાશ થાઓ,
ને સર્વ આયુધતણી પણ રાખ થાઓ ;
હું શિષ્ય છું તુજતણો કરવું હવેથી,
ગાયોતણું સેવન સદા શુભ થાય એથી.

નર્મદા—જો એમ છે તો તારી કલ્યાણની પરંપરા થવાની જાણું.

કાલયવન—(સિંહાસનથી ઉભો થઈને)

વસંતતિલકા.

હે નર્મદે ! સતિ શિરોમણિરૂપ તું છું,
આ ગાયને વળી તને વિનયે નમું છું ;
કોપ હવે ન કરશે કરૂણાવિનાની,
ગાયોપરે નજર આ મુજ દંડ માની.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(એમ કહી નર્મદાના પગમાં પડેછે.)

નર્મદા—મહારાજાધિરાજ! હવે આપની પરમ અભ્યુદયની વૃદ્ધિ થશે.

નંદ અને અક્રૂર—પુત્રી નર્મદાની ગોભક્તિકલ્પલતા ફલિત થઇ.

ગોપીઓ—દેવિ નર્મદા! બહુ સારૂં થયું.

ગોપ—શું તેવી ગોભક્તિ કોઇ દિવસ નિષ્ફલ જાય?

નર્મદા—(સાસુ સસરા અને માતા પિતાને પ્રણામ કરેછે.)

સાસુ સસરા અને મા બાપ—(આંખમાં અશ્રુસહિત) પુત્રિ! નિઃસીમતર સૌભાગ્યપરંપરાનો અનુભવ કરજે.

કાલયવન—પુત્રિ નર્મદા! આ ગાયને લઇને વિવિધ વાદ્યો અને ગીતોથી રસ્તે ચાલતાં તારાં ભુવનને શોભાવ. અમે પણ બહુ તારા ઘરનાં આંગણાસુધી આવશું.

નર્મદા—મહારાજ! આપની પુત્રીરૂપ ગને અતિ ઉપચાર કરવાથી બહુ થયું. જો તેવી આપની મારા ઉપર પ્રીતિ હોય તો.

વસંતતિલકા.

ગ્રામે પુરે નગરગાં વળી દેશગાંય,
વાણી ક્રિયા વચનથી ન પીડાય ગાય;
જે આપ છો મુજતણું હિત ઇચ્છનાર,
સાદો પડાવી સહુના મનગાં ઉતાર.

કાલયવન—પુત્રિ! જેવી તારી ઇચ્છા છે તેવી રીતે ઢોલ પીટાવી સાદ પડાવીશ. વળી આવું તારૂં પરમ પવિત્ર ચરિત્ર જોઇ સંતોષ પામીને પુત્રાબુદ્ધિથી તને સો ગાય ઇનામમાં આપુંછું. (પ્રધાન તરફ જોઇને) અહો પ્રધાનો અને સર્વ મનુષ્યો! તમો સર્વ ગીતવાદિત્રના અવાજોસાથે ગાયસહિત પુત્રી નર્મદાને તેને ઘેર પ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હોંચાડો.

પ્રધાનો અને પુરવાસિઓ—જેવી મહારાજની આજ્ઞા.

કાળચંડ—અયે નર્મદા! તારા સદુપદેશનું અનૃણીપણું તો સુવર્ણથી ભરેલ સમુદ્રપર્વત પૃથ્વી આપવાથી પણ થઇ શકે તેવું નથી. તોપણ મારા મનના સંતોષમાટે તું આનો સ્વીકાર કરીશ એમ આશા રાખું છું (એમ કહીને રત્નાવલી પગમાં મૂકેછે.)

નર્મદા—ભદ્રમુખ! આ, મને પ્રીતિ કરનારી નથી તેથી આ અને મારા અલંકારો પણ હું તારા પુત્રને આપું છું. મારી પ્રીતિ કરનાર શું છે તે તું જાણેછે તેથી તેવું કાંઇ આપીશ તો હું બે હાથે તેનું ગ્રહણ કરીશ.

કાળચંડ—(ક્ષણવાર વિચારી) માતા નર્મદા! આજથી હું આ નીચમાં પણ નીચ ધંધાને છોડી દઉંછું. તેથી મારા વંશજો પણ સર્વ ગાયોની સેવા કરશે એવી મારી પ્રતિજ્ઞા છે.

નર્મદા—(હર્ષાશ્રુ સહિત) ભદ્રમુખ! તેં મને લાખો રત્નાવલી આપી એમ હું માનુંછું.

(નેપથ્યમાં ગીતવાદિત્રના શબ્દો સંભળાતાં સર્વે આનંદ સહિત ઉભાં થાયછે.)

નર્મદા—સર્વનું પરમ કલ્યાણ થાઓ. (એમ કહી નિકળી જાયછે.)

કાલયવન—દેવી નર્મદા ગયાં. હવે હું પણ તેમના કહેવા પ્રમાણે સાદ પડાવું. (એમ કહી નિકળી જાયછે.)

શ્રીકૃષ્ણ—(સિંહાસનથી ઉભા થઇને) હે માતા પિતા! ગોપ અને ગોપીઓ! બ્રાહ્મણની પુત્રી નર્મદાએ પણ એક ગાયની રક્ષા માટે શું કર્યું તે તમો સર્વેએ જોયું. હમણાં પાપી કંસે અન્યાયથી ભેળી કરેલી અને મારવા માટે

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

બાંધેલી દશ હજાર ગાયોની રક્ષા કરવામાટે મારે ત્યાં જવું કે નહિ તે હવે તમોજ કહો.

યશોદા અને નંદ— અનુષ્ટુપ્.

વત્સ ! ગોરક્ષવા માટે, વત્સે સત્વર ત્યાં જવું ;
ગોરક્ષા તુજની રક્ષા, કરશે એમ જાણવું.

ગોપીઓ—હે શ્રીકૃષ્ણ ! આ મોહોટો અનુગ્રહ છે.

શાર્દૂલવિક્રીડિત.

હે શ્રીકૃષ્ણ તમે સદૈવ અમને છો પ્રાણથી વલ્લભ,
થાશે દુઃસહ વિપ્રયોગ મળવું થાવું હવે દુર્લભ ;
તોયે વિનવિએ સુસત્વર તમે ગાયોની રક્ષા કરો,
ગોરક્ષા કરશે તમારી સઘળે રક્ષા સુખે સંચરો.

શ્રીકૃષ્ણ—ગોભક્તિની ધોંસરી ધારણ કરતી તમો સર્વનું એમજ બોલવું શોભેછે.

ગોપ- શાર્દૂલવિક્રીડિત.

હે સન્મિત્ર શિરોમણે વળિ જગદ્ગોપાલચિંતામણિ,
ચેતશ્ચંદન નંદનંદન કરો રક્ષાજ ગાયોતણી ;
તારીસાથ અમો બધા પણ અરે વૃદ્ધો બધા આવશે,
શું આંહી રહીને ઉદાસ સઘળા તારા વિયોગે થશે ?
એટલુંજ નહિ પણ ગોરક્ષણરૂપ પોતાનો સ્વધર્મ પાળવામાટે તેઓ તથા અમો સર્વ તમારી સાથે આવવાને ઇચ્છાએ છીએ.

શ્રીકૃષ્ણ—(સંતોષસાથે) તે, મને બહુ પ્રિય છે. હે શ્રીદામા ! સવાર પડવા આવ્યુંછે તેથી પૂજ્યપિતાશ્રી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આદિ વૃદ્ધોને ગાડામાં બેસાડો તમે આગળથી મથુરા જાઓ. ત્યાં અમે પણ રથમાં બેસી ત્યાં આવીએ છીએ.

શ્રીયશોદા અને નંદ—અહો અપ્સરાઓ! ચમત્કારવાળાં તમોએ ભજવેલ આ નાટકથી અમારાં મન પરમ પરિતોષને પામેલછે. (એમ કહીને તેઓને ઇનામો આપેછે.)

અપ્સરાઓ—(પ્રણામ સહિત તેને લઈને નીકળી જાયછે.)

ગોપીઓ—અયિ પ્રાણસર્વસ્વ! ફરીને થોડા સમયમાં દર્શન આપવાનો અનુગ્રહ કરશો એવી અમારી પ્રાર્થના છે (એમ કહી નિકળી જાયછે)

શ્રીદામા—અર્ય મુગ્ધમીઓ! ગાડાંઓ તૈયાર છે માટે સત્વર બેસી જાઓ, બેસી જાઓ.

નંદ આદિ સર્વ ગોપવૃદ્ધો—સન્મિત્ર અક્રૂર અને પુત્ર બલભદ્ર તથા શ્રી કૃષ્ણચંદ્ર! અમે જઇએ છીએ. (એમ કહી નિકળી જાયછે.)

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—માતાજી આ અમારો આપને પ્રયાણસમયનો પ્રણામ છે. (એમ કહી યશોદાને પ્રણામ કરેછે.)

યશોદા—પુત્રો! તમારો માર્ગ કલ્યાણકારી થજો.

બન્ને ભાઇઓ—પૂજ્ય માતાજીનો આ આશીર્વાદ એજ અમારો રક્ષામણિ છે (એમ કહી નીકળી જાયછે.)

અક્રૂર—માતા યશોદા! પુત્રની પેઠે રાખેલા આ અક્રૂરનો પ્રયાણપ્રણામ છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

યશોદા—વત્સ! તમે રસ્તામાં કુશળ રહેા. આ બન્ને પુત્રોનું કુશળ તમારે આધારે છે, (એમ કહેતાં આંખમાંથી અશ્રુ પાડેછે.)

અક્રૂર—માતાજી! જગતની રક્ષામાટે દીક્ષા લીધેલા આ બન્નેની આપે કશી ચિંતા ચિત્તમાં કરવી નહિ. (એમ કહી નિકળી જાયછે.)

યશોદા—રેાહિણિ! રથમાં બેસીને અક્રૂરસાથે બન્ને પુત્રેા ગયા. હવે તે રથ, રથની ધ્વજા કે રથની ધૂલ પણ દેખાતી નથી. તેથી તેઓનું મંગલ થવા સર્વ મંગલેાના અધીશ્વર શ્રીશંકરને તેમનાં મંદિરમાં જઇ પ્રાર્થના કરીએ.

રોહિણી—પ્રિયસખી! ઠીક કહેાછેા. ચાલેા આપણે શ્રીમહેશ્વરના મંદિરમાં જઇએ. (એમ કહી નીકળી જાયછે.)

છઠ્ઠો અંક સમાપ્ત.

श्रीप्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडूभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्रद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निर्मातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरम् ॥

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોપાલચિંતામણિ નાટક.

અંક ૭ મો.

(ત્યાર પછી ઉદ્વેગવાળો કંસ અને ચાણૂર પ્રવેશ કરેછે.)

ચાણૂર—મહારાજ! આપની શી આજ્ઞા છે?

કંસ—સખે! મેં સાંભળ્યું છે કે ગદુગમાં આવેલા વસુદેવના પુત્રે અપરાધ વિના એક રાજના ધોબીને મારી નાખ્યો.

ચાણૂર—મેં પણ એમ સાંભળ્યું છે પછી?

કંસ—પછી ધનુર્યાગના સ્થલમાં આવીને ત્રણતાલના જેટલું ઉંચું ધનુષ પણ રમતમાં ભાંગી બે કટકા કર્યા.

ચાણૂર—(ખેદ સહિત) એ તેણે બહુ બાલચાપલ્ય કર્યું. પછી પછી?

કંસ—પછી તેના રક્ષકોને અને મેં મોકલેલા બીજા હજારો યોદ્ધાઓને પણ એક મુહૂર્ત્ત માત્રમાં માત્ર તે ધનુષના કટકા રુપ હથીયારથી બલભદ્ર અને કૃષ્ણચંદ્રે મારી નાખ્યા એ વાત સાંભળી મને નિદ્રા આવતી નથી.

ચાણૂર—આ તેઓનું નિઃશૃંખલ બાલચાપલ્ય તેઓનેજ નિઃસીમ પશ્ચાત્તાપના પાત્ર પણાનો અનુભવ કરાવશે. પછી પછી?

કંસ—તેથી કાલે સવારમાં હજાર હાથીના બળવાળા કુવલયાપીડ નામના હાથીપાસે તેને મરાવીશ. પણ કદાચિત્ તેથી છુટી જાયતો તમો બેના બરોબરીઆ કોઇ નથી તેઓએ મલ્લયુદ્ધમાં તેને મારવા એવો મારો હુકમ છે.

ચાણૂર—(સ્વગત) હાય! આપણો પણ કાળ આવ્યો. (પ્રકાશ) મહા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

રાજ ! આ વિષયમા કશી ચિંતા ન રાખો. તમારું ગાર્યું છે એમ જાણો. (એમ કહી નિકળી જાયછે.)

કંસ—ચાણૂર ગયો તેથી હું પણ સુવામાટે શયનગૃહમાં જઉં. (એમ કહી નીકળી જાયછે.)

(ત્યાર પછી નંદ તથા બલભદ્ર અને શ્રીકૃષ્ણ પ્રવેશ કરેછે.)

નંદ—પુત્રો ! આજે તમારે મહારાજ કંસની પાસે આવવું નહિ.

બલભદ્ર અને શ્રીકૃષ્ણ—શા માટે ન આવવું ?

નંદ—મેં સાંભળ્યું છે કે—તમોને મારવા માટે કુવલયાપીડ નામના મદો-न्मत्त हाथीने सज्ज करेल छे, अने वज्र जेवा अप्रतिम मल्लो પણ તમને મારવા સારૂ તૈયાર થઇ રહેલ છે.

બલભદ્ર અને શ્રીકૃષ્ણ—આર્ય! ત્યારે પ્રથમ આપ સર્વ જજો, અને અમો પછી આવશું.

નંદ—પછી પણ ન આવવું એવી મારી પ્રાર્થના છે.

બલભદ્ર અને શ્રીકૃષ્ણ—પિતાજી ! અમારા ત્યાં આવ્યા વિના દશ હજાર ગાયો દુઃખમુક્ત કેમ થશે તે આપે વિચારવું જોઇએ.

વળી.

વસંતતિલિકા.

ગોભક્તિ જો જનમથી મનમાં ધરી છે,
તો શું મદાંધ કરશે અમને કરી તે ;
મલ્લો વળી પ્રબળ બાહુ બળેથી લક્ષો,
રક્ષાગણિ સમજવો શુભ ધેનુ રક્ષા.

નંદ—પુત્રો ! જો કે બાલપણથી પ્રાણથી પણ વધારે પાળેલી ગોરક્ષા એ તમારા રક્ષાગણિરૂપ જાગેજ છે તોપણ મારૂં મન ધીરજથી સ્થિર રહી શકતું નથી (એમ કહી અશ્રુપાત કરેછે.)

શ્રીકૃષ્ણ—પિતાજી પિતાજી ! આપ ? ધીરજ અને બુદ્ધિના ભંડારરૂપ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આપ પણ જ્યારે ધીરજ છોડી દેશો ત્યારે પછી અમે બાલકો કેમ ધરી શકીશું ? માટે આપે તો ધીરજ રાખીને આગ સર્વ બાલકોને ધીરજ આપવી જોઇએ. હવે મારો ગત સાંભળો.

અનુષ્ટુપ્.

માતા, પિતા અને ભાયો, જે, મને પ્રિય પ્રાણથી ;
પ્રાણને ધેનુ રક્ષાર્થે, છોડ્યાંગાં દયા નથી.

નંદ—પુત્ર ! તને ધન્ય છે, તને ધન્ય છે.

બલભદ્ર—અહો ! પિતાશ્રી !

ગીતિ.

ગોરક્ષાભ્યુદયાર્થે, જૂનાં બહુસંગ જીવિતને ગોનું ;
અન્યતણી શી વાર્તા, જે છે સુખરૂપ જીવનારાનું.

નંદ—વત્સ ! શ્રીકૃષ્ણના મોટા ભાઇને એમજ બોલવું યોગ્ય છે. તોપણ-

શિખરિણી.

તમો એ પુત્રો ક્યાં, કમલ સરખા કોમલ અરે,
અને ક્યાં તે હાથી, પ્રબલ મદથી મત્તજ ખરે ;
હવે શું ત્યાં થાશે, હ્યમ હૃદય આ ધીરજ ધરે,
કહું કોની પાસે, સુતવિરહ મને મૂર્ચ્છિત કરે.

(એમ કહેતાં મૂર્ચ્છા પામી પડી જાયછે.)

શ્રીકૃષ્ણ તથા બલભદ્ર—પિતાજી ! ધીરજ ધરો ધીરજ ધરો. (એમ કહેતાં વસ્ત્રથી પવન નાખે છે.)

નંદ—(ક્ષણ વારમાં સંજ્ઞા પામીને) પુત્રો !

અનુષ્ટુપ્.

ધન, ધાન્ય અને રાજ્ય, યશોદાને અને મને,
ગાયોને બહુને ગારો, એ છે અરજ કંસને.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(એમ કહેતાં ફરીને મૂર્ચ્છા પામેછે.)

શ્રીકૃષ્ણ—આર્ય ! અતિભૂમિગત વત્સલ ભાવ પિતાશ્રીને પીડેછે હવે અત્યારે શું કરવું ?

બલભદ્ર—કૃષ્ણ ! કૃષ્ણ ! ચિંતા ન કરો. તાત અક્રૂરનેજ તેડી લાવો તેઓ પિતાશ્રીને ધીરજ આપશે.

શ્રીકૃષ્ણ— શ્રીદામન્ ! જા આર્ય અક્રૂરને તેડી લાવ.

શ્રીદામા—જેવી પ્રિયમિત્રની આજ્ઞા. (એમ કહીને તુરત જાયછે.)

નંદ—(સંજ્ઞા પામીને) હા ! પ્રિયમિત્ર અક્રૂર ! અમને આંહી લઇ આવીને આ શું કર્યું ? (એમ પ્રલાપ કરેછે.)

(ત્યાર પછી શ્રીદામાની સાથે અક્રૂર પ્રવેશ કરેછે.)

અક્રૂર—(સંભ્રમસહિત) કેમ આ ધીરજનો સાગર પણ સુકાણો ?

શ્રીકૃષ્ણ— આર્ય ! એ પુત્રવાત્સલ્યનોજ પ્રભાવ છે.

અક્રૂર—આર્ય ! ધીરજ ધરો.

નંદ—(નેત્ર ઉઘાડીને) અહો ! મારો પ્રિયમિત્ર અક્રૂર આંહી આવેલ છે ?

" ધન ધન્ય અને રાજ્ય " (એમ ફરીને બોલેછે.)

અક્રૂર—આર્ય ! ચિત્તને સ્થિર કરીને મારાં વચન સાંભળો.

નંદ—હા હવે હું સ્થિર થયોછું માટે કહો.

અક્રૂર—તમો દંપતીના એકજ પુત્ર શ્રીકૃષ્ણને તથા વસુદેવ રોહિણીના એક પુત્ર બલભદ્રને રથથી આંહી લઇ આવતાં મારા મનમાં પણ તમારી પેઠેજ ચિંતા થઇ, તેમાં પણ પ્રયાણ વખતે શ્રીયશોદા, રોહિણી અને વ્રજ સ્ત્રીઓની તે તે દશા જોઇને, ભલે રોષથી આવિષ્ટ થઇ કંસ મને સ્ત્રી, પુત્ર, મિત્ર અને પરિવાર સાથે મારી નાખે પરંતુ આ, કમલની પાંખડી જેવા કોમલ અંગવાળા, અંધ (દંપતી) ના નેત્રરૂપ અને નિર્ધન (દંપતી)ના ધનરૂપ, બન્ને બા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લકોને નૃશંસ કંસની પાસે ન લઇ જવા એમ વિચાર થયો, પણ વળી જો આને નહિ લઇ જઇએ તો આગળ ગયેલા નંદ, આદિની શી દશા થશે અને દશ હજાર ગાયોની આ શ્રી ગોપાલચિંતામણિરૂપ કૃષ્ણ વિના કોણ રક્ષા કરશે ? એ વિચારમાં ચિત્ત જવાથી ધીરે ધીરે કેમે કરી મધ્યાહ્ને શ્રી યમુનાને કાંઠે આવ્યો.

નંદ—ચિંતામાં નિમગ્ન થયેલાની મંદ ગતિ થાય એ ઘટેછે. પછી ?

અક્રૂર—પછી જે થવાનું હોય તે થાઓ પણ આંહી મધ્યાહ્ને સંધ્યા કરી શ્રી રામકૃષ્ણને પાછા ગોકુલમાં મુકી આવવા અને નંદ આદિ ગોપોઓ ગૌશાળાના દરવાજા પાસે ઉભા રહીને પોતાના પ્રાણથી ગાયોના પ્રાણ બચાવવા એ નિશ્ચય કર્યો.

નંદ—અક્રૂર! અક્રૂર! તમને ધન્યછે. બહુ સારો વિચાર કર્યો. પછી પછી ?

અક્રૂર—પછી " પુત્રો! તમે આ રથમાંજ બેસી રહો. હું મધ્યાહ્ને સંધ્યા કરીને તુરત આવીશ. " મેં એમ કહેલા તે બે પુત્રોએ " આર્ય! આપની આજ્ઞાથી અમે રથમાંજ બેસી રહીશું. રથની નીચે નહિ ઉતરીએ, તેથી નિશ્ચિંત પણે સંધ્યા કરજો " એમ મને કહ્યું.

નંદ—તેઓએ તે યોગ્ય કહ્યું. પછી ?

અક્રૂર—પછી શ્રીયમુનામાં મેં ડુબકી મારી ત્યાં તે બાલ્યે ભાઈયોને વસ્ત્રાલંકાર સહિત પાણીની અંદર મેં દીઠા.

નંદ—એ તેઓની બાલ્યબુદ્ધિ કહેવાય. પછી ?

અક્રૂર—પછી " અહો બાલપણની ચપલતા બહુ બલવતી છે " એમ વિચારી ઝટ પાણીમાંથી બાહાર નિકળી રથની ચિંતાથી રથના ઉપર મેં જ્યાં નજર નાખી ત્યાં જેમ પ્રથમ મેં રથમાં બેસાડ્યા

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

હતા તેનીજ રીતે તે બે ભાઇયો રથમાંજ બેઠા હતા.

નંદ—(સ્વગત) એ આશ્ચર્યની વાત. (પ્રકાશ) પછી?

અક્રૂર—પછી "મારી ભ્રાંતિજ આગાં હપકાનું પાત્ર છે. આ વિનય-સંપન્નશિરોમણિ બને ભાઇયો કેમ અવિનય લેશને પણ આચરે?" એમ મનમાં નિશ્ચય કરી ફરીને અઘમર્ષણ કરવાસાટે મેં શ્રી-યમુનામાં ડુબકી મારી ત્યાં તેજ પાણીમાં ભગવાન્ શેષશાયીનાં પરિવારસહિત મને દર્શન થયાં.

નંદ—મિત્રમણે! રામકૃષ્ણનું દેખવું તો રામકૃષ્ણાકાર વૃત્તિ હોવાથી તમને ઘટેછે. પરંતુ ભગવાન્ શેષશાયીનું અતર્કિતજ તમને દર્શન થવું એ આશ્ચર્યછે પછી પછી?

અક્રૂર—પછી રોમાંચિત થયેલ અને હર્ષાશ્રુવર્ષયુક્ત નેત્રયુગલવાળા મેં પ્રણયસહિત અંજલિ બાંધી મારી બુદ્ધિપ્રમાણે સ્તુતિ કરી. તેને સાંભળી પ્રસન્ન થયા હોય એમ જણાતા તે ભગવાન્ પરિ-વાર સહિત અંતર્હિત થયા અને હું પણ મધ્યાહ્ન કૃત્યને પોંચી રામકૃષ્ણ બેઠા હતા ત્યાં રથપાસે ગયો.

નંદ—અહો! પ્રિયમિત્રનું ભાગ્યશાળીપણું. પછી?

અક્રૂર—પછી રથમાં બેઠેલા અને આ વાત જાણતા હોય તેવા તે બન્ને ભાઇયોએ મને પુછ્યું કે—આર્ય! આટલી થોડી વારમાં આપે આ-કાશમાં, પૃથ્વીમાં કે પાણીમાં કાંઇ અદ્ભુત દીઠું હોય એવું અમને ભાસેછે તેના ઉત્તરમાં મેં કહ્યું કે સર્વ અદ્ભુતના સાગરરૂપ ત-મો બન્નેને દેખતાં મેં શું અદ્ભુત નથી દીઠું? આમ કહીને મન જેવા વેગવાળા રથથી તેઓને લઇને હું ગયુરામાંજ આવ્યો.

નંદ—તેથી તમારો શો નિશ્ચય છે?

અક્રૂર—મારો નિશ્ચય સાંભળો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

અનુષ્ટુપ્.

નારાયણ ગણું કૃષ્ણ, રામને શેષ જાણવા;
સ્વેચ્છાથી જન્મ લીધોછે, ગોપીડાને મટાડવા.

તેથી સો હાથીઓ, હજાર ગલ્લો, અને દશ હજાર કંસોથી પણ આ તમારા બન્ને બાલકને ભય નથી એમ નિશ્ચય કરી વયોવૃદ્ધ ગોપગણથી વિંટાયેલા તમે મારી સાથેજ રાજ દરબારમાં આવો અને આ બે તમારા પુત્ર રામકૃષ્ણ પોતાના સમાન વયવાળા ગોપસાથે પાછળથી આવે એવો મારો મત છે.

નંદ—અહો પ્રિયમિત્ર! આ આપનું કહેવું યથાર્થ છે. મેં પણ તેનો કોઇ દિવ્ય પ્રભાવ, પશ્ચિમ દિશાના પતિ વરૂણના ઘરથી પાછા આવતાં વયોવૃદ્ધ સર્વ ગોપસાથે શ્રીગોલોકને નજરે જોતાં, અનુભવેલ હતો પણ તે અત્યારે વિસ્મરણ થયું હતું. હવે ચાલો આપણે નિશ્ચિંત ચિત્ત થઇને ત્યાં જઇએ. (એમ કહી નંદ અક્રૂર અને વૃદ્ધ ગોપસાથે નિકળી જાયછે.)

બલભદ્ર—ભાઇ! પિતાજી તો આર્ય અક્રૂર અને વૃદ્ધ ગોપસાથે ગયા. હવે આપણે શું કરવાનું છે?

શ્રીકૃષ્ણ—આર્ય! શ્રી ગોપેશ્વરનાં દર્શન પૂજન વિના મારા મનને શાંતિ નથી, માટે ક્યાંય પણ શ્રીપાર્વતીપ્રાણવલ્લભની પૂજા કર્યા પછી કર્ત્તવ્ય કરશું.

બલભદ્ર—વત્સ! મેં એમ સાંભળ્યુંછે કે આટલાગાં નજીકજ "શ્રી યાદવકુલેશ્વર" નામના શંકરનું મંદિર છે.

શ્રીકૃષ્ણ—જો એમ હોય તો ત્યાં જઇને પરમ કૃપાળુ પરમેશ્વરનું પૂજન કરી પછી રાજા પાસે જઇશું.

બલભદ્ર—વત્સ! મને પણ તે વાત બહુ પ્રિય છે, માટે ચાલો ત્યાં જ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ઇએ. (એમ કહી સગાન વયના ગોપ સાથે બલભદ્ર અને શ્રીકૃષ્ણ નિકળી જાયછે.)

(ત્યાર પછી કેદખાનામાં રહેલાં વસુદેવ અને દેવકી તથા પાછલથી સક્રોધ કંસ પ્રવેશ કરેછે.)

વસુદેવ—દેવકિ! બલભદ્ર અને કૃષ્ણ નંદાદિ ગોપ સાથે અત્રે આવ્યા અને તેણે ધનુષ્ ભાંગ્યું એમ મેં સ્વપ્નમાં જોયું.

દેવકી—નાથ!

શિખરિણી.

અહો ક્યાં તે પુત્રો કમળસરખા કોમલ બહુ,
ગહા મોટું એવું ધનુષ પણ ક્યાં વજ્રસરખું;
શિરીષોનાં પુષ્પે સુ કહિન શિલાખંડન અહો,
કદી ક્યારે થાયે પ્રિયતમ! મને આપજ કહો.

તેથી સ્વપ્નથી આપનું અંતઃકરણ છેતરાયું જણાયછે.

વસુદેવ—અસ્તુ. શ્રી ગોરક્ષાજ આપણનું કલ્યાણ કરશે.

નેપથ્યમાં—અરેરે મંદમતિ! હજી સુધી તારી ગોરક્ષામાં શ્રદ્ધા શિથિલ નથી થઇ? વિચાર વિચાર કે ગોરક્ષાએ તારૂં શું કલ્યાણ કર્યુંછે?

વસુદેવ—આ કંસના જેવો અવાજ સંભલાયછે.

દેવકી—(સભય) હા! હવે પછી શું થશે!!

વસુદેવ—ચિંતા ન કર. ભગવતી ક્ષીરદુધાજ આપણનું શરણ છે.

કંસ—(પ્રવેશ કરીને) વસુદેવ! વસુદેવ! ગહાપરાધની પરંપરાને કરનાર પણ તારાઉપર નિકટ સંબંધને લીધે મારૂં હૃદય સ્નિગ્ધ થાયછે. તેથી આ છેલ્લું મારૂં વચન સાંભળ.

વસુદેવ—(ઉભા થઇને) અહો મહારાજ! આંહી આંહી બિરાજો. (એમ કહીને આસન આપેછે.)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—(આસનઉપર બેસીને) વસુદેવ ! તારા છ પુત્રો અને એક પુત્રી નાશ પામ્યાં, યાવજ્જીવિત જ્ઞાતિસંબંધી અને બાંધવોનાં વિયોગનાં દુઃખથી દુઃસહ એવો બેડીખાનામાં નિવાસ અનુભવ્યો, શરીરે વળિયાં પડી ગયાં, માથામાં ધોળાં આવી ગયાં, મોઢામાંથી દાંતો પડી ગયા, તોપણ તારો દુરાગ્રહ છોડતો નથી ? આ તારી કેવી મૂર્ખતા છે ?

વસુદેવ—મહારાજ ! તમારાં પાંડિત્યના કરતાં મારી એ મૂર્ખતા પણ કલ્યાણ કરનારી છે.

કંસ—અકલ્યાણ કરનારી છે એમ કહે. નંદને ઘેર રાખેલા તારા બે પુત્ર રામ અને કૃષ્ણ બાંહી ગયા કાલ આવેલા છે, જેણે મારા ઇષ્ટદેવ શંકરનું ધનુષ ભાંગ્યું અને તે ધનુષની રક્ષા કરનાર અનેક માણસોને મારી નાખ્યા. એવા મહાપરાધને પણ ન ગણકારી હું તને પ્રાર્થના કરૂંછું કે—તારી ગાય મને આપ જેથી સર્વ દુઃખથી મુક્ત થઇને સુખપરંપરાનો અનુભવ કર.

વસુદેવ—હું અને દેવકી જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી એ વાત બનવાની નથી. ગોરક્ષા કરતાં આવેલી દુઃખપરંપરા પણ મારે સુખપરંપરારૂપજ છે.

કંસ—(સરોષ) અરે કોણ છે ? મુસળ લઇ આવો, જેવડે આ બન્ને દુષ્ટનાં મસ્તકને ભેદીને પછી ગાયને લઇ લઇશ.

દુર્મુખ—(પ્રવેશ કરીને) દેવ ! આ મુસળને ગ્રહણ કરો. (એમ કહી મુસળ (સાંબેલું) આપે છે.)

કંસ—(તુરત ગ્રહણ કરીને સોનાના વલયથી શોભતું અને લોહીથી ભીનું જોઇને) દુર્મુખ ! દુર્મુખ ! ક્યાંથી આ લાવ્યો ?

દુર્મુખ—દેવ ! 'તુરત મુસળ લઇ આવ' એમ આપે આજ્ઞા કરવાથી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

મેં રંગમંડપમાંથી લીધું છે. અને બીજું પણ તેવુંજ એક મુસળ ત્યાં પડેલ છે.

કંસ—(સ્વગત) હા! દશહજાર હાથીનાં જોરવાળો કુવલયાપીડ કૃષ્ણે મારી નાખ્યો. હવે ચાણૂર અને મુષ્ટિક એ બેજ વસુદેવના પુત્રોને મારવા બાકી રહ્યા.

દુર્મુખ—મહારાજ! વિચાર ન કરો. બન્ને પણ હવે પછી આના બેજ પ્રહારથી જીવતા રહેશે નહિ.

કંસ—(સ્વગત) આ વાણી બીજું અપશકુન થાય છે. (પ્રકાશ) મૂર્ખ! કોણ બન્ને હવે પછી જીવતા નહિ રહે.

દુર્મુખ—હું તો એમ કહું છું કે—આ મુસળના એકજ પ્રહારથી વસુદેવ અને દેવકી એ બન્ને જીવતાં રહેશે નહિ માટે મારો. વિલંબ કરોમાં.

કંસ—દુર્મુખ! અત્યારે નહિ મારું. ચાણૂર અને મુષ્ટિકની વજ્ર સરખી મુઠીઓની પ્રહારપરંપરાથી મરેલા પોતાના પુત્રોને જોઇનેજ તેઓ જીવશે નહિ તેથી મુસળ મારવાની શું જરૂર? માટે આને લઇને મલ્લમંડપમાં આવ. (એમ કહી નિકળી જાયછે.)

દુર્મુખ—આર્યે! રાજાની આજ્ઞાનુસાર આપ બન્નેએ તુરત મલ્લમંડપમાં આવવું જોઇએ.

દેવકી—હાય! હવે પછી શું થશે એમ મારું હૃદય કંપેછે.

વસુદેવ—પ્રિયે! તું જાણેછે કે—

અનુષ્ટુપ્.

ગો વિપ્ર ગુરૂ પૂજનો, કર્ત્તા કોઇ કદી નર;
દુર્ગતિને નથી પામ્યો, માટે તું ધૈર્યને ધર.

દેવકી—એ વાત જાણુંછું તોપણ સ્ત્રીસ્વભાવસુલભ ભયને લીધે ચુકીગઇ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દુર્મુખ—પરસ્પર વાતો કરવાથી વિલંબ કેમ કરો છો ? મહારાજ કંસ કાલક્ષેપને સહન નહિ કરે.

વસુદેવ—(સ્વગત)

અનુષ્ટુપ્.

જો ગને ગાયની રક્ષા, વાંલી છે પ્રાણથી વધુ ;
કરો કુશલ કલ્યાણ, ગૌરીશ, રાગ કૃષ્ણનું.

(પ્રકાશ) દુર્મુખ! ચાલ જઇએ. (એમ કહી દેવકીવસુદેવ દુર્મુખ-સાથે નિકળી જાયછે.)

(ત્યાર પછી ઉદ્ધિગ્નકંસ પ્રવેશ કરેછે.)

કંસ—(સ્વગત) હા ! ચાણૂર, મુષ્ટિક, અરિષ્ટ, શલ અને તોશલને તે રામકૃષ્ણે મૃત્યુ પમાડયા, હવે શું કરવું ? (ક્ષણવાર વિચાર કરી) ગાયો અને બ્રાહ્મણો એ વિષ્ણુનાં મૂળ છે તેને ઉખેડી નાખવાથી વિષ્ણુનું ઉન્મૂલન થવું સહેલ છે એમ અમાત્યશિરોમણિ કેશીનો મત હતો માટે પ્રથમ વિષ્ણુનાં મૂલનેજ ઉખેડી નાખવાં. (પ્રકાશ) અરે કોણ બારૂં માણસ છે ! (એમ બોલાવેછે)

કૃષ્ણ—(પ્રવેશ કરીને) આ હું આપનો હાજર છું.

કંસ—(જોયા વિનાજ) પ્રથમ રામ કૃષ્ણને મારી નાખ, ત્યાર પછી વસુદેવ દેવકીને અને ત્યાર બાદ નંદાદિક ગોપોને પણ વધસ્થાનમાં લઇ જા.

કૃષ્ણ—(સ્વગત) અહો ! મારા મામાની પાપમાં કેવી પ્રિયતા છે ? (પ્રકાશ) અહો ! મૂળને કેમ ભૂલીને (એમ અર્ધ બોલતાં)

કંસ—સાબાશ, વત્સ ! સાબાશ. મારાથી વિષ્ણુનું મૂળ ભૂલાયું તે તેં ઠીક સંભારી દીધું. પ્રથમ ગાયો અને બ્રાહ્મણોને મારવા. તેથી નાશ પામેલ વૃક્ષની પેઠે પોતાની મેળેજ નિર્મૂળ થયેલ વિષ્ણુ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

નાશ પામશે.

શ્રીકૃષ્ણ—(સ્વગત) અહો! આનું રોષના આવેશથી વિવશપણું ઘણું છે. જેથી પાસે ઉભેલા પણ મને આ ઓળખતો નથી અને મારૂં કહેવું પૂરૂં સાંભળતો નથી (પ્રકાશ) અરે હું કહું છું કે અખિલ કલ્યાણનાં મૂળરૂપ અહિંસાને ભૂલીને હિંસાનેજ કલ્યાણકારી કેમ સગજેછે ?

કંસ—(પાછળ જોયા વગર) તું અહિંસાનો ખરે પક્ષપાતી પારકો છતાં મારા માણસના જેવું બોલેછે.

શ્રીકૃષ્ણ—હું પારકો નથી. તમારો છું અને તમારૂં કલ્યાણ ઇચ્છનાર છું.

કંસ—તુરત બોલ કે મારા માણસોમાં તું કોણ છે ? જે બોટી પંડિતાઇથી મને ઉપદેશ આપવા ઇચ્છેછે.

કૃષ્ણ—જો એમ ગરજ છે તો સાંભળો.

કંસ—સાંભળું છું.

શ્રીકૃષ્ણ— અનુષ્ટુપ્.

ચાણૂર, મુષ્ટિકારિષ્ટ, શલતોશલ અંતકૃત્ ;
હાથીને મારનારો હું, શ્રીકૃષ્ણ ગોકુલપ્રિય.

જે તમારા ભાણેજ્જ ઓમાં આઠમો છું.

કંસ—(ભયના આવેગસહિત સ્વગત) આંહી સાતમા મંચકુપર શ્રીકૃષ્ણ ક્યાંથી આવ્યો ? (પ્રકાશ) આવ કૃષ્ણ ! આવ, મને બથ ભરીને મળ.

શ્રીકૃષ્ણ—પરમપ્રેમથી આલિંગન કરીશ.

કંસ—ક્યારે ?

શ્રીકૃષ્ણ—જ્યારે તમારી ગાયો અને બ્રાહ્મણો ઉપર પૂર્ણ ભક્તિ થશે ત્યારે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—ત્યારે તો " બીજા જન્મમાં " એમજ કહે.

શ્રીકૃષ્ણ—(સ્વગત) અહો દુરાગ્રહમાં આનું ગ્રસ્તપણું કેવું છે ? (પ્રકાશ) મામા ! મામા ! ગાયો અને બ્રાહ્મણોના ભક્તિજ તમારૂં કલ્યાણ કરનારી છે તેઓની સાથે વિરોધ એ કલ્યાણકારી નથી.

કંસ—હું જાણું છું કે તું વિષ્ણુરૂપ છો, તે પોતાના મૂળને દૃઢ કરવા પ્રયત્ન કરેછે.

શ્રીકૃષ્ણ—મામા ! ગાયો અને બ્રાહ્મણોની ભક્તિ એ કેવળ મારૂંજ મૂળ છે એમ નથી પરંતુ સમસ્ત બ્રહ્માંડનું પણ એજ મૂળ છે માટે તમારે પણ એ તમારૂં પોતાનું મૂળ છે એમ જાણી ગાયો અને બ્રાહ્મણોઉપર ભક્તિ રાખવી. અથવા ગાયોઉપર ભક્તિની વાત તો એક બાજુ રહી પરંતુ અન્યાયથી હરી લીધેલ દશ હજાર ગાયોને શા માટે પીડોછો ? હું વધારે શું કહું,-

અનુષ્ટુપ્.

મારાં, પિતાનાં, માતાનાં, નંદાદિ સર્વ ગોપનાં ;
પ્રાણ, પૈસાવડે યાચું, પ્રાણોને સર્વ ગાયનાં.

કંસ—એમ કદી બનશે નહિ, પેહેલાં ગાયોનાં પ્રાણ, પછી તમો બન્ને ભાઇઓનાં પ્રાણ અને ત્યારપછી દેવકીવસુદેવ તથા નંદાદિકનાં પ્રાણોને હરીશ.

શ્રીકૃષ્ણ—(સ્વગત) આ કંસ સામ, દામ અને ભેદથી સાધ્ય નથી, માટે અહીં નિગ્રહ યુક્ત છે (પ્રકાશ) મામા ! મામા ! ફરીને પ્રાર્થના કરૂંછું કે-

જો હોય જીવવું તારે, ઇચ્છા જો " રાજ્ય ભોગવું " ;
છોડી દે ગાયને તો તું, નહિ તો મૃત્યુ પામવું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કંસ—કૃષ્ણ! કૃષ્ણ! હું કાંઇ બકી (પૂતના) કે બક નથી, હું તો કંસ છું. મારી પણ પ્રાર્થનાને સાંભળ.

જો હોય જીવવું તારે, ઇચ્છા જો "સુખ ભોગવું";
પૂજેલી દેવકીએ તે, ગાય સત્વર આપ તું.

શ્રીકૃષ્ણ—(સક્રોધ) અમે જીવતાં યાદવકુલનાં કલંકમાટે એ ગાયને આપશું નહિ.

કંસ—અમે પણ જીવતાં સુધી ગાયોને છોડશું નહિ.

શ્રીકૃષ્ણ—ત્યારે હવે યુદ્ધ એજ આપણું શરણ છે.

કંસ—યુદ્ધમાટે મારો કરાલ કરવાલ (ખડ્ગ) સજ્જ છે.

શ્રીકૃષ્ણ—મારી પણ તગ સરખા પાગરપરમાણુને મર્દન કરવામાં ચતુર ચપેટા તૈયારજ છે.

કંસ—ત્યારે યુદ્ધને યોગ્ય ભૂમિમાં જઇએ.

શ્રીકૃષ્ણ—બન્ને તગારી છેલ્લી ઇચ્છાને રોકવી નહિ. ચાલો ગંચથી નીચે ઉતરીએ. (એમ કહી શ્રીકૃષ્ણ અને કંસ નીકળી જાયછે.)

(ત્યારપછી કંસની સ્ત્રીઓ અસ્તિ અને પ્રાપ્તિ તથા બીજી બાજુથી વસુદેવ, દેવકી અને દુર્મુખ પ્રવેશ કરેછે.)

અસ્તિ—હા! પ્રાણનાથ! ક્યાં ગયા! આ તમારી પ્રિયતમાને પ્રતિ-ઉત્તર પણ કેમ નથી આપતા?

પ્રાપ્તિ—હા! જીવિત વલ્લભ! જ્યાં આપને જવાની ઇચ્છા હોય ત્યાં અમને સાથે આવવા આજ્ઞા આપો.

દેવકી—નાથ! સ્ત્રીઓનો વિલાપ સંભળાયછે, તેથી મારૂં હૃદય કંપેછે.

વસુદેવ—એમજ, તેમાં પણ રાજદ્વારમાં સ્ત્રીઓનો વિલાપ એ કાંઇ. અમંગલને જણાવેછે તોપણ ધીરજ રાખીને ક્ષણવાર તેને સાંભળી નિશ્ચય કરીએ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દેવકી—જેવી આર્યપુત્રની આજ્ઞા.

અસ્તિ—હા ! યદુકુળરૂપ સુધાસમુદ્રના ચંદ્ર ! હા ગોબ્રાહ્મણને પાલનાર ગોપાલચિંતામણિ ! હા યશોદાનંદનંદન ! હા દેવકીપુત્ર ! વસુદેવ હૃદય સર્વસ્વ શ્રીકૃષ્ણ ! (એમ કહેતાં)

દેવકી—હાય હણાણી છું. વત્સ શ્રીકૃષ્ણનુંજ કાંઇ અહિત સંભલાયછે.

મંદાક્રાંતા.

હા હા વત્સ, દ્વિજ સુર અને ગાયની પ્રાણની હે,
રક્ષા કર્ત્તા વિકટ મુજનું જીવવું તું વિના છે ;
(એમ કહેતાં મૂર્ચ્છા ખાઇ પડી જાયછે.)

વસુદેવ—અંધારૂં છે, સકલ જગમાં કૃષ્ણ સૂર્યાસ્ત થાતાં,
હા હા ! મારાં કયમ હજુ નથી દેહથી પ્રાણ જાતાં.
(એમ કહેતાં મૂર્ચ્છા ખાઇ પડી જાયછે.)

દુર્મુખ—(સખેદ) આર્ય ધીરજ ધરો ધીરજ ધરો. (એમ કહી વસ્ત્રથી પવન નાખેછે)

દેવકી—(સંજ્ઞા પામીને) ભદ્રમુખ ! શા માટે અમોને તેં સંજ્ઞા (ભાન) પાછી આપી ? મહાદુઃખરૂપ આ સંજ્ઞાથી તો અમોને બેભાનની વધારે સુખકારી હતી.

અસ્તિ—ભાણેજા ! ભાણેજા ! પોતના માગાને પણ આમ નિર્દયપણે મારતાં તારા હૃદયમાં દયા ન ઉપજી ? હા પ્રાણનાથ ! ભોજકુલભૂષણ ! ગદોન્મત્ત દશહજાર હાથીના બળવાળા તગારી, નિર્બલ બાલક ભાણેજથી આવી દશા થઇ ! (એમ કહેતાં મૂર્ચ્છા ખાઈ પડેછે.)

પ્રાપ્તિ— વૈતાલિય.

હૃદય પ્રિય કંસ ભૂપને, પરલોકે ક્ષણમાં તમો જતે ;

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વિધવા મથુરા અને અમે, જગ આખું પણ શૂન્ય આ સમે.

(એમ બોલતાં મૂર્ચ્છા ખાઇ પડી જાયછે.)

વસુદેવ—(સાશ્ચર્ય) દેવિ ! કાંઇજ ખાજુંજ સંભળાયછે.

દેવકી—હા ! મારા ભાઇ કંસનું કાંઇ અનિષ્ટ સંભળાયછે. (એમ કહી મૂર્ચ્છા ખાઇ પડી જાયછે)

દુર્મુખ—(સ્વગત) હા ! મહારાજ કંસને શ્રીકૃષ્ણે યમપુરીમાં મોકલ્યા. માટે હવે આંહીથી હરિણની પેઠે ભાગવું એજ ઉચિત છે. નહિતો મહારાજનો કિંકર ગણીને મને પણ શ્રીકૃષ્ણ યમપુરીમાં મોકલશે (એમ કહી ભાગી જાયછે)

વસુદેવ—પ્રિયે દેવકી ! ધીરજધર ધીરજધર. " ભવિતવ્યતા બલવતી છે " એ તારાથી અજાણ્યું નથી.

દેવકી—(સંજ્ઞા પામીને) પ્રાણનાથ ! એ બધું જાણું છું. તથાપિ " ભ્રાતૃ વાત્સલ્ય " મને પીડા કરેછે.

શાર્દૂલવિક્રીડિત.

ભાઇ કંસ ? મહીમહેંદ્ર મુકુટાલંકારરત્નાવળી,
સદ્દીપાવળીથી હમેશ પગને, જેને થતી આરતી ;
અહોરે તજી રાજપાટ સઘળા સ્નેહી સગાંને અરે,
ક્યાં ચાલ્યો તુજના વિના રહીં હવે આ દેવકી શું કરે ?

(એમ કહી પડી જાયછે.)

વસુદેવ—(સ્વગત) અહો દેવકીનું ભ્રાતૃ વાત્સલ્ય ! (પ્રકાશ) દેવકી ! હવે વિલાપ બંધ કર અને યમપુરના અતિથિ થયેલા મહારાજની આ રાણીઓની આશ્વાસના કર.

અસ્તિપ્રાપ્તિ—(સાંભળીને) અહો શું બનેવી વસુદેવ અને પૂજ્ય દેવકી આંહી આવેછે ? હા ! આ દેખી શકાશે નહિ. ભાઇના શોકથી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

તપેલાં આર્યા દેવકીની કેમ આશ્વાસના કરી શકીશું ? (એમ કહી મૂર્ચ્છા ખાઇ પડી જાયછે.)

દેવકી—વત્સે અસ્તિ ! વત્સે પ્રાપ્તિ ! ધીરજધરો ધીરજ ધરો. નિયતિનો નિયમ દુર્લંઘ્ય છે. રોવાથી, માથાં પછાડવાથી કે હજારો વિલાપ કરવાથી પણ મૃત્યુ પામેલા પ્રાણીને માણસો ફરીને દેખતાં નથી એ લોકપ્રસિદ્ધ છે.

વસુદેવ—પુત્રીઓ! અતિ રૂદન કરવું બંધ કરો વિપત્તિમાં આર્ય કુલીન કામિનીઓએ ધીરજ રાખવી જોઇએ એ કાંઇ તમારૂં અજાણ્યું નથી.

અસ્તિપ્રાપ્તિ—આર્યે દેવકી ! આર્ય વસુદેવ ! અસ્તિ–પ્રાપ્તિના પ્રણામનો સ્વીકાર કરો. આપને અગારા પ્રાણનાથ મહારાજ કંસે આપેલાં તે તે કષ્ટોથી આપને મોહું દેખાડવા પણ અમે સમર્થ નથી.

દેવકી–વસુદેવ—પુત્રિઓ ! એ વિષયમાં કદિપણ ચિત્તમાં કાંઇ વિચાર કરવો નહિ પ્રાચીન પ્રજ્ઞાવાન મહાત્માઓના નિશ્ચયને સાંભલો.

ઉપજાતિ.

ન દુઃખ કિંવા સુખ કોઇ દેછે.
આપે ગણે અન્ય કુબુદ્ધિ એ છે;
તેથી અમારાં કૃત્યોએજ અમોને દુઃખ આપેલું છે કાંઇ મહારાજાએ આપ્યું નથી. માટે તે વિચારને છોડી દઇને મહારાજનાં પારલૌકિક કૃત્યો કરવાને તત્પર થાઓ.

અસ્તિપ્રાપ્તિ—જેવી આર્યની આજ્ઞા. (એમ કહી નિકળી જાયછે.)

વસુદેવ—મહારાજા કંસની પટરાણીઓ ગઇ. હા ! તેઓની વિધવા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

વસ્થા જોવાનું દુઃખ મને બહુ લાગેછે

દેવકી—એમજ. નાથ! જે પ્રથમ સર્વ શૂરસેન દેશનાં નાથપણાંને ભોગવીને અત્યારે અનાથપણાને ભોગવશે તેથી વધારે બીજું શું દુઃખ છે?

વસુદેવ—પ્રિયે દેવકી! મારી આંખ હવે સકલ લોકની દૃષ્ટિના સુધાં જનરૂપ શ્રીકૃષ્ણને તથા બલભદ્રને જોવાની ઉત્કંઠા રાખેછે.

દેવકી—પ્રાણનાથ! મારૂં મન પણ તેઓને કાંઇ કહેવાને ધરેછેછે.

વસુદેવ—શું કહેવાને ધરેછેછે?

દેવકી—જન્મથી દુઃખી પરમપવિત્ર આર્ય ઉગ્રસેનને બંધનમાંથી છોડી રાજ્યાસન ઉપર તેનો અભિષેક કરવો.

વસુદેવ—સારૂં દેવિ! સારૂં. એટલુંજ કહેવાનું છે કે બીજું કાંઇ તમારે કહેવાનું છે?

દેવકી—બીજું પણ કાંઇ કહેવાનું છે.

વસુદેવ—તે શું?

દેવકી—નાથ! દીન અને અનાથ અસ્તિ તથા પ્રાપ્તિનો મનોરથ પૂરવો એમ કહેવાનું છે.

વસુદેવ—શ્રીકૃષ્ણ અને બલભદ્રની માતાને તેવી દયાર્દ્રતા શોભેછે.

(ત્યાપછી બંધનમુક્ત ઉગ્રસેનસાથે શ્રીકૃષ્ણ અને બલભદ્ર પ્રવેશ કરેછે.)

શ્રીકૃષ્ણ—આર્ય! આ આર્ય ઉગ્રસેનને બેડીમાંથી મુક્ત કર્યા, હવે માતપિતાને બંધનમાંથી મુક્ત કરીએ.

બલભદ્ર—એમજ, એ આપણું કર્તવ્ય છે.

ઉગ્રસેન—પુત્રો! હજીસુધી તેઓને છોડયાં નથી? ચાલો મલ્લમંડપમાંથી જવાને રસ્તેથી કારાગૃહમાં જઇએ.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—જેવી આર્યચરણની આજ્ઞા. (એમ કહી ચા-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

લવા ગાંડેછે.)

ઉગ્રસેન—(મલ્લગંડપગાંજ તેઓને જોઇ સહર્ષ.) પુત્રો! જુઓ.

અનુષ્ટુપ્.

મૂર્તિમાન ખરાં બીજાં, શ્રદ્ધા ધર્મ સમાન જે;
તમારાં પૂજ્ય આ આંહી, દેવકી વસુદેવ છે.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—(હર્ષાશ્રુ સહિત)

દ્રુતવિલંબિત.

સુકરણાયુત્ માત અને પિતા,
પ્રબલ પુણ્ય વડે વરસો જતાં;
સુદિન આજ ગણાય ગહેશ્વરી,
શિવસગાં નિરખ્યા નજરે કરી.

દેવકી અને વસુદેવ—(હર્ષ, આશ્ચર્ય અને વિરમયથી સ્તબ્ધની પેઠે ઉભાં રહે છે)

ઉગ્રસેન—વત્સ વસુદેવ! વત્સે દેવકી!

ઉપજાતિ.

સ્વરૂપધારી શિવના પ્રસાદ,
સુભાગ્ય કલ્પદ્રુમ છે અબાદ;
ચિંતામણિ સુંદર શ્વેત-કૃષ્ણ,
પુત્રો તમારા અહિં રામકૃષ્ણ.

દેવકી અને વસુદેવ—(આનંદાશ્રુ પાડી બન્નેને આલિંગન કરી સ્વગત)

અનુષ્ટુપ્.

બાલ કલ્પલતા જલ, છાયાતલ નિષેવવું;
સુધાસિંધુનિષે સ્નાન, પુત્રાલિંગન માનવું.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

(પ્રકાશ) આર્ય મુરબ્બી ! આપનાં પુણ્યનો અને આશીર્વાદનો આ પ્રભાવ છે કે જેથી રામ અને કૃષ્ણને અમો અત્યારે કુશળ દેખી-એ છીએ.

ઉગ્રસેન—તમોએ પ્રાણથી પણ અધિક રક્ષણ કરેલી ગોરક્ષાનોજ એ પ્રભાવ જાણવો.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—(માત પિતાના પગમાં બેડી જોઇને સખેદ) અહો માત પિતા ! અમોને ધિક્કાર છે કે જેને માટે આપે આવાં દુઃસહ દુઃખો વેઠ્યાં, અરે કોણ છે આંહી ? કાપી નાખો આ બેડીને.

વસુદેવ—વત્સ ! હમણા બેડી ત્રોડવી યોગ્ય નથી.

શ્રીકૃષ્ણ—કેમ ?

વસુદેવ—વત્સ ! પ્રથમ કંસે બાંધેલી દશહજાર ગાયોને છોડો, પછી અમને છોડજો.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—એ વાત અમને બહુ પ્રિય છે. યદુવંશ મુક્તા મણિરૂપ આપ માત તાતને એમજ શોભેછે. ભલે એમ કરીએ અરે કોણ છે ? મહારાજ ઉગ્રસેનની આજ્ઞાથી કંસે બાંધેલી દશ હજાર ગાયોને છોડી દો.

દેવકી અને વસુદેવ—પુત્રો ! કેવલ તે ગાયોને છોડવાને અમો નથી ઇચ્છતાં પણ સર્વ ગાયોને શણગારીને નાના ગોત્રવાળા ઉત્તમ સુ-પાત્ર બ્રાહ્મણોને દેવાને ઇચ્છીએ છીએ.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—જેવી આપની ઇચ્છા હોય તેવી રીતે કરવા તૈયાર છીએ.

ઉગ્રસેન—પુત્રો ! એ બહુ સારૂં ધારેલ છે.

વસુદેવ અને દેવકી—અત્યારે શ્રીયમુનાને કાંઠે જઇને સુપાત્ર બ્રાહ્મ-ણોને ઉપરકર સહિત તે ગાયોને આપીએ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શ્રીકૃષ્ણ અને બલભદ્ર--અહો માતા પિતા! આ તરફ પધારો. (એમ કહી તેઓના હાથ ઝાલી નિકળી જાય છે.)

ઉગ્રસેન—બન્ને પુત્રો દેવકી વસુદેવ સાથે શ્રીયમુનાકાંઠે ગયા, હવે હું પણ સર્વ ગાયોને સોનાનાં શિંગડાં, સોનાની સાંકળ અને સોનાનાં ઝાંઝર સહિત તથા વાછડાંઓ સહિત ત્યાં મોકલાવું (એમ કહી નિકળી જાયછે.)

(ત્યાર પછી સરસ્વતી અને ભારતભૂમિ પ્રવેશ કરે છે.)

સરસ્વતી—વત્સે ભારતભૂમિ! વધાવી છો. ઘણે દિવસે તારો મનોરથ સફલ થયોછે.

ભારતભૂમિ—માતાજી! એ આપનોજ પ્રભાવછે. જો પરમ પૂજ્ય આપે પ્રણતજનોના પારિજાતરૂપ પરમેશ્વરને પ્રાર્થના ન કરી હોત તો આવો સારો દિવસ કદી ન આવત એ નિર્વિવાદ છે.

સરસ્વતી—પુત્રિ! હવે પછી તારી શી ઇચ્છા છે?

ભારતભૂમિ—માતાજી તે સમયે પુત્ર મરણનાં દુઃખથી દુઃખી પુત્રી દેવકીની દીનમાં દીન મુખમુદ્રા હજી મારી નજર પાસેથી ખસતી નથી. માટે હવે અત્યારે શ્રીકૃષ્ણનાં મુખચંદ્રનાં દર્શનથી થયેલ અનન્ય સામાન્ય સુખના સમુદ્રમાં નિમગ્ન થએલ દેવકીને જોવા ઇચ્છું છું.

સરસ્વતી—પુત્રિ! દેવકી તો અત્યારે શ્રીકાલિંદીના તટઉપર પોતાના પતિસહિત બ્રાહ્મણોને ગાયોનાં દાન કરે છે. એમ મેં ગંધર્વને મોઢેથી સાંભળ્યું છે.

ભારતભૂમિ—માતાજી! ત્યારે ત્યાં જઇને દેવકીનાં મુખદર્શનનું સુખ લઇએ.

સરસ્વતી—પુત્રિ! ચાલો તેમ કરીએ. (એમ કહી થોડીવાર ફરી પાછાં

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આગળ જોઇને) પુત્રિ ! તું વધાવી છો વધાવી છો !

શાર્દૂલવિક્રીડિત.

જો આ શ્રીવસુદેવ ઉન્નત મને ગોભૂહિરણ્યો નકી,
આપે બ્રાહ્મણને, સુપૂજન કરે તે સર્વનું દેનકી ;
શ્રદ્ધાથી વળી રામ કૃષ્ણ સહુનાં ધોઈ પગો હાથથી,
તે પાદોદકને સ્વમસ્તકપરે ધારે ઘણા ભાવથી.

ભારતભૂમિ—આપણી આંખોનાં અહોભાગ્ય છે. કે જેણે અત્યારે પ્રણુ તજન પારિજાતરૂપ શ્રીનંદનંદનનાં દર્શન કર્યાં. માટે ચાલો તેની પાસે જઇએ.

સરસ્વતી—જેવી પુત્રીની ઇચ્છા. (એમ કહી આગળ જઇને) વત્સે દેવકી ! વત્સ વસુદેવ ! તમારૂં કુશલ છે ? કોઇ વખત પરિચિત. આ માણસને સંભારોછો ?

વસુદેવ અને દેવકી—(સહર્ષ ઉભાં થઇને) દેવી ! તમોને નમન કરીએ છીએ. આપ બન્ને ભગવતીનાં દર્શનથી અમો આત્યારે કૃતાર્થ થયાં છીએ. અગ્યાર વર્ષ પહેલાં આપનું દર્શન થયું હતું. આજે આવો સારો દિવસ આપની કૃપાથીજ અમોને મળ્યોછે. (એમ કહેતાં પ્રણામ કરેછે.)

સરસ્વતી—પુત્ર ! તે ગોરક્ષાનોજ પ્રભાવ છે.

ભારતભૂમિ—ભગવતી સરસ્વતી સત્ય કહેછે.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—માતાજી ! અમે પ્રણામ કરીએ છીએ.

સરસ્વતી અને ભારતભૂમિ—એતો ઉલટું થાયછે. કેમકે સર્વને વંદવા યોગ્ય આપ બન્ને ભાઇઓ છો. વળી અમારી બન્નેની પ્રાર્થનાથી બહુ બહુ અતિ દુઃખોને અનુભવી આ ગોરક્ષાને આપેજ પુનરૂજ્જીવિત કરેલી છે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગોરક્ષા—(પ્રવેશ કરીને) ભગવતી ભારતી અને ભારતભૂમિ સત્ય કહેછે.

શાર્દૂલવિક્રીડિત.

જે હું નિષ્ઠુરચિત્ત પામર જને પીડા ઘણી પામતી,
નિંદાનાં વચનો સદૈવ શુણતી દુઃખી અતિશે થતી;
જાણે જીવ વિનાની દુર્બલ અને દીના બનેલી ખરી,
છાની સજ્જનચિત્તમાં રહીં, તમે તે આજ પુષ્ટા કરી.

(એમ કહી શ્રીકૃષ્ણના ચરણકમલમાં દંડવત્પ્રણામ કરેછે.)

શ્રીકૃષ્ણ— શાર્દૂલવિક્રીડિત.

જેની પૂર્ણ દયાથી વત્સ બકને જીત્યો વળી કેશિને,
દાવાગ્નિ વળી શંખચૂડ કરીને જીત્યા બધા મલ્લને;
જે ઉન્મત્ત હજાર હાથી સરખો જીત્યો જતે કંસને,
ગોરક્ષા સુખ આપજો ભગવતી આ વિશ્વમાં સર્વને.

(એમ કહી શ્રીકૃષ્ણ અને બલભદ્ર પ્રણામ કરેછે.)

ગોરક્ષા—અહો ભગવન્! આ વિપરીત કહેવાય. તોપણ લોકસંગ્રહાર્થ આપ બન્ને આમ કરોછો તો કહું છું કે આપ બન્નેનો હમેશાં અભ્યુદય થાઓ.

દેવકી અને વસુદેવ—અહો! સાક્ષાત્ ભગવતી ગોરક્ષાએ દર્શન આપ્યું તે આપણું મહદ્ભાગ્ય! (એમ કહી પ્રણામ કરેછે.)

ગોરક્ષા—પુત્રરૂપ થયેલા પરમેશ્વરથી પરમ સુખની પરંપરાનો અનુભવ કરો.

સરસ્વતી—વત્સે ગોરક્ષે! તારું કુશલ છે?

ગોરક્ષા—(ઉઠીને) અહો માતાજી સરસ્વતી! હું પ્રણામ કરૂંછું. આપની કૃપાથી મારું કુશળ છે.

સરસ્વતી—વત્સે! આ ભારતભૂમિ તારા વિના આ આખા જગતને

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

શૂન્યજ દેખતી હતી, અને જીવિત છોડવાની ઇચ્છા કરતી હતી.

ગોરક્ષા—માતા ભારતભૂમિ! આંહી આવી મને બાય ભરીને મળો.
(એમ કહી પોતે આનંદાશ્રુસહિત મળેછે.)

વસુદેવ—માતા ગોરક્ષા! આ બે દેવી-ની સાથે આપને શું સંબંધ? તે જાણવા ઇચ્છુંછું.

ગોરક્ષા—આર્ય!

અનુષ્ટુપ્.

આ છે શ્રી ભારતી દેવી, આ છે ભારતભૂમિકા;
તેની દયાથી હું જીવી, ગોરક્ષા દીનબાલિકા

દેવકી અને વસુદેવ—(સાનંદાશ્ચર્ય) માતા ભારતિ અને માતા ભારતભૂમિ! પ્રયાગ પણ દર્શનદાનથી કૃતાર્થ કરીને અમને આશ્વાસના આપીને ગયેલાં આપ બન્ને ભગવતીએ અત્યારે અગિયાર વર્ષે ફરીને દર્શન આપ્યું તેથી હું એમ જાણુંછું કે આપ બન્ને દેવીએજ અમારૂં કલ્યાણ કરેલ છે.

સરસ્વતી—વત્સ! આ તમારા નિર્મલ હૃદયમંદિરમાં રહેલી ગોરક્ષાએજ તમારૂં સર્વ કલ્યાણ કરેલ છે.

ગોરક્ષા—મારૂં પણ કલ્યાણ તે બન્નેએ કરેલ છે.

શ્રીકૃષ્ણ—અયિ! માતાપિતા! હવે આપના પગમાં બંધન છે તે અમને દુઃખ ઉપજાવેછે. માટે તે બંધન કાપવામાટે અમને આજ્ઞા કરો.

બલભદ્ર—શ્રીકૃષ્ણનું કહેવું ખરૂં છે.

ઉગ્રસેન—પુત્રો! તમારી વાત સાચી છે.

વસુદેવ—પુત્રો! જેણે આપણા પરમ ઉપકારી છે અને જેઓએ આપણાં દુઃખસાથે દુઃખ ભોગવ્યું છે તેઓને દુઃખથી મુક્ત કરી

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પછી મારે બંધનમુક્ત થવું છે.

ગોરક્ષા—આર્ય વસુદેવની કૃતજ્ઞતાવાળી બુદ્ધિને ધન્ય છે.

સરસ્વતી—વસુદેવ! યદુવંશભૂષણરૂપ તમારૂં આ આચરણ ભૂષણરૂપ છે.

ભારતભૂમિ—આર્ય! આપના જેવા નરરત્નોથીજ હું રત્નગર્ભા કહેવાઉંછું.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—પિતાજી! કહો કોણ કોણ આપણા પરમ ઉપકારક છે તેઓનું આનૃણ્ય પ્રથમ પામવું જોઇયે.

વસુદેવ—આ આર્ય ઉગ્રસેનજી, જેમણે આપણેસારૂ રાજ્યભ્રષ્ટપણું, તથા કેદમાં રહેવાનું દુઃખ ભોગવ્યુંછે, તેઓને ફરીને રાજ્યાભિષેક કરી રાજ્યાસને બેસાડવા.

શ્રીકૃષ્ણ—આ આપની આજ્ઞા કરીજ છે એમ જાણો. હવે બીજું ફરમાવો.

વસુદેવ—મારા બહિશ્ચર પ્રાણરૂપ, પરમમિત્ર, બીજું હૃદય હોય તેવા નંદગોપ આપણા પરમ ઉપકારી છે માટે તેમનો બદલો વાળવો જોઇએ. (હારપછી સર્વ ગોપસહિત નંદ પ્રવેશ કરેછે.)

નંદ—અહો! મારા મૂર્તિમાન હૃદયરૂપ મિત્ર વસુદેવને આજે મળીશ, તેથી સોનાનો સૂર્ય ઉગ્યોછે (જરા આગળ જઈને) અહો! દેવકી અને રામકૃષ્ણસહિત વસુદેવ આંહીજ બેઠાછે. ઠીક હું સાંભળું કે શો પ્રસંગ ચાલેછે? (એમ કહીને થોડે છેટે ઉભા રહેછે.)

શ્રીકૃષ્ણ—અયિ પિતાજી! અમારો નિશ્ચય સાંભળો.

વસુદેવ—સાંભળુંછું.

શ્રીકૃષ્ણ— અનુષ્ટુપ્.

જન્મદાયિ તમે માત, તાત છો વાત તે ખરી;

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

પણ પાળક છે તાત, માત નંદવ્રજેશ્વરી.
તેઓને કેમ ભૂલશું !

બલભદ્ર—યાવજ્જીવિત એ ગાતાપિતાનો ઉપકાર ભૂલાય તેમ નથી.

નંદ—(સ્વગત) બલભદ્રને તો એમ બોલવું યોગ્ય છે પરંતુ શ્રીકૃષ્ણનાં એ વચનો મને મોહ ઉપજાવેછે.

વસુદેવ—તેથી તેઓપણ યાવજ્જીવિત અગારી પેઠેજ તગારાથી પુત્ર-સુખને ભોગવો એવી મારી પ્રાર્થના છે.

નંદ—

ઉપજાતિ.

છો ધન્ય છો ધન્ય સુમિત્રરત્ન, શ્રીશૂરસેનાત્મજ ! પુણ્યપુંજે ;
દેખું તમોને જય પુત્રયુક્ત, સમસ્ત શત્રુંજનથી વિયુક્ત.

વસુદેવ—પ્રિયમિત્ર ! સ્મરણ કરતાંજ આવ્યા તેથી દીર્ઘાયુષી છો. (એમ કહી ગાઢ આલિંગન કરેછે.)

અનુષ્ટુપ્.

ગંદારમકરંદોનાં, બિંદુ છંટાય અંગને ;
કિંવા પીયૂષલહરી, લાગેછે અંગમાં મને.

(એમ કહી બન્ને હર્ષાશ્રુ પાડતા ઉભા રહેછે.)

શ્રીકૃષ્ણ—યાવજ્જીવિત ઉપકાર ભૂલાય નહિ એવાં આપ અગારાં માતાપિતા છો.

બલભદ્ર—શ્રીકૃષ્ણ બરૂં કહેછે.

નંદ—તમારૂં ગંભીર વચન મને ભમાવેછે. શું આમ કહીને તમારૂં મન મને છોડવા ઇચ્છેછે ? (એમ કહી રૂદન કરેછે.)

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—આર્ય ! નહિ નહિ સ્વપ્નમાં પણ એ શંકા ન કરવી.

વસુદેવ—આપનાજ આ બન્ને પુત્રો છે. અમે તો જન્મ આપનરા

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ગાત્ર છીએ.

ગોરક્ષા—આર્ય શ્રીકૃષ્ણ! બલભદ્ર! અનેક ગોપીઓસંગે અનેકરૂપે રાસક્રીડા કરનાર અથવા બ્રહ્માથી સ્તંબપર્યંત સર્વ ચરાચર પ્રાણિઓની અંદર અને બહાર ચારે તરફ પ્રકાશતા આપને વસુદેવ અને નંદને ઘેર પુત્રસુખ આપવું તે શો શ્રમ આપનાર છે?

શ્રીકૃષ્ણ—ગોરક્ષે! તમારૂં વચન હું સ્વીકારૂંછું તેથી તે બન્નેના ઘરમાં નિવાસ કરીને તે બન્નેના ચિત્તને સંતોષ ઉપજાવીશ.

બલભદ્ર—ગોરક્ષે! શ્રીકૃષ્ણે અનુસરેલી સરણીએ હું પણ અનુસરીશ.

નંદ અને વસુદેવ—આ પરમ અનુગ્રહ કર્યો.

ગોરક્ષા—તેથી તમારો હું ઉપકાર માનુંછું.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—માન્ય માતાપિતાજી! હવે પછી આપની શી આજ્ઞા છે?

દેવકી અને વસુદેવ—(આંખમાંથી અશ્રુ પાડતાં) પુત્રો! તમને જોઇને, ગાયનાં પ્રાણ બચાવવા માટે મરેલા (કંસે મારેલા) તમારા છ સહોદર મોટા ભાઇઓનું અત્યારે અમોને સ્મરણ થાયછે, અને તેઓને જોવાને અમારી આંખો ઇચ્છા રાખેછે.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—જો માતાપિતાની એવી ઇચ્છા છે તો આ શ્રીગોરક્ષાચિંતામણિ પાસેજ છે.

અનુષ્ટુપ્.

પૈસા અને પ્રાણથી એ, ગોરક્ષા હોય જો પ્રિય;
તો અમારા છએ ભાયો, જીવીને આંહિ આવજો.

(એમ કહી ગોરક્ષાને પ્રણામ કરેછે.)

કીર્ત્તિમાનઆદિ છએ ભાઇઓ—(આકાશમાર્ગથી ઉતરીને) ઘણેકાળે આજ માતાપિતાના ચરણકમલનાં દર્શન થાયછે. (એમ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહી માતપિતાના પગમાં પડેછે.)

દેવકી અને વસુદેવ—(હર્ષાશ્રુસહિત સર્વનું આલિંગન કરી) પુત્રો! ભગવતી ગોરક્ષાને પ્રણામ કરો કે જેના પ્રતાપથી તમોને આજ જીવતા દીઠાછે.

કીર્ત્તિમાન્ આદિ છએ ભાઈઓ—પોતાના ભક્તજનોનું રક્ષણ કરવાની દીક્ષામાં ચતુર ભગવતી ગોરક્ષાને નમન કરીએ છીએ. (એમ કહી પ્રણામ કરેછે.)

ગોરક્ષા—પુત્રો! ચિરંજીવ રહો, ચિરંજીવ રહો. તમારા નાના ભાઇના બન્ને હાથરૂપ કલ્પતરૂની છાયાથી તાપરહિત તમો ચિરંજીવ રહો. વળી ગોરક્ષાની પણ રક્ષામાં ચતુર તમારા ભાઇઓનેજ પ્રણામ કરો.

સર્વે ભાઈઓ—(શ્રીકૃષ્ણની પાસે જાયછે.)

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—(પ્રેમથી આલિંગન કરેછે.)

સરસ્વતી—અહો કલ્યાણપરંપરા! ધન્ય છે.

ભારતભૂમિ—વિજયવતી ગોરક્ષાનો અભ્યુદય થયે શું દુર્લભ છે?

શ્રીકૃષ્ણ—માતાપિતા! હવે પગની સાંકળ કાપવામાં કાંઇ વિલંબ છે?

દેવકી—પુત્રો! મારા ભાઈ કંસની આ બે રાણીઓ પોતાના પ્રાણનાથના મરણથી દુઃખિત થયેલ છે તેથી તેઓનો મનોરથ પૂરવોછે.

શ્રીકૃષ્ણ—માતાજી! આપની આજ્ઞાથી અત્યારે કોઇને કાંઇ ન અપાય એવું નથી તેથી મારી માગીઓ ખુશીથી જે ઇચ્છા હોય તે માગે.

અસ્તિ અને પ્રાપ્તિ—(પ્રવેશ કરી હાથ જોડીને) ભદ્રમુખ ભાગિનેય! કેશિ આદિ દુષ્ટજનોના સંસર્ગથી, પાતકસમૂહરૂપ અંધકારે અંધ થયેલા અમારા પ્રાણનાથે જે જે પાપો કરેલાં છે તે સર્વ પાપથી અમારા પતિ મુક્ત થાઓ એ માગીએ છીએ. (એમ

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

કહી આંખમાં અશ્રુ લાવી પ્રણામ કરેછે.)

શ્રીકૃષ્ણ—મામીઓ! તમારૂં અજાણ્યું નથી કે આ કરાલ કલિકાળમાં એક ગોરક્ષાજ સર્વ કામનાઓને પૂરનારી છે, તેથી તમે તે ગોરક્ષાનો અભ્યુદય કરનાર કાંઇ પણ કાર્ય કરો

અસ્તિ અને પ્રાપ્તિ— વસંતતિલકા.

જે છે સુવર્ણનિધિ કંસતણા ભરેલ,
માણિક્ય મૌક્તિક સુરત્ન અમે ધરેલ;
તે સર્વ પોષણ થવા દ્વિજધેનુસારૂ,
સર્વસ્વ અર્પણ અમે કરીએ અમારૂં.

(એમ કહી શ્રીકૃષ્ણના ચરણકમલમા જલ મુકેછે.)

નેપથ્યમાં— ઉપજાતિ.

શ્રીકૃષ્ણ! ગોપાલનબદ્ધબુદ્ધે, દયાંબુધે! હું તમને નમુછું;
ગોબ્રાહ્મણો ને તમ સત્કૃપાથી, વૈકુંઠમાં જાઉં વિમાન આથી.

સર્વ—(આશ્ચર્યસહિત) અહો! કંસના જેવોજ મેઘગંભીર શબ્દ સંભળાય છે. (એમ કહી ચારેતરફ જુવેછે.)

કંસ—(વિમાનમાં બેસીને)

મંદાક્રાંતા.

ક્યાં હું પાપી નિરવધિ મહાપાતકોથી ભરેલ,
ક્યાં વિષ્ણુનું અનુપમ અહો સ્થાન પુણ્યે પમાતું;
તે હું પામ્યો અતુલ સુખને આપતું એ પ્રતાપ,
ગાયો વિપ્રો વળી તમતણો હું તમોને નમુંછું.

(એમ કહી આકાશમાર્ગે ચાલ્યો જાયછે.)

સર્વ—(આનંદસહિત જુવેછે.)

અસ્તિ અને પ્રાપ્તિ—ભગવન્! મોટો અનુગ્રહ કર્યો.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

દેવકી અને વસુદેવ—પુત્રો ! (એમ અર્ધ બોલતાં) શ્રી પરમેશ્વર ! (એમ કહેતાં) .

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—માન્ય માતાપિતાજી ! આપના મુખકમલમાં પ્રથમ કહેલું છે તેજ સંબોધન શોભેછે. માટે તેમજ બોલવું.

દેવકી અને વસુદેવ— અનુષ્ટુપ્.

હવે આ પગની કાપો, શૃંખલા અતિદુઃખદા ;
કર્યો કૃતાર્થ પુત્રોએ, અમે પૂર્ણમનોરથ.

શ્રીકૃષ્ણ અને બલભદ્ર—(સહર્ષ ઉગ્રા થઇને પોતાને હાથેજ તે સાંકળોને કાપી નાખેછે.)

સરસ્વતી—પુત્રિ ગોરક્ષે ! અને પુત્રિ ભારતભૂમિકે !

શાર્દૂલવિક્રીડિત.

જેણે આજ કર્યું સમસ્ત જગમાં નિષ્કંટ આ રાજ્યને,
મારી શત્રુ સમસ્તને ખુશી કર્યા ગોવિપ્ર ને સંતને ;
ગોરક્ષાપર આજ આદર ધરે સર્વે દયા છે ઘણી,
તે પામો જગમાં સદા વિજયને ગોપાલચિંતામણિ.

માટે સર્વે પોતપોતાનું જે ઇચ્છિત હોય તે માગીલ્યો.

કુતવિલંબિત.

ગોરક્ષા— પ્રણતપાળ કૃપાળુશિરોમણિ,
સ્થિતિ કરો અતિ નિર્ભય હુંતણી ;
નહિ બનું ફરી જ્યાં જગના પિતા,
પરમદુઃખવતી ખલપીડિતા.

શ્રીકૃષ્ણ—ગોરક્ષે ! આ સર્વ ભારતભૂમિ, તેમાં પણ તેના નિવાસી ચાર વર્ણનાં મનુષ્યોનાં હૃદય, તે ચારે વર્ણમાં પણ યદુવંશી અમારા વંશજોનાં હૃદય જ્યાંસુધી સૂર્ય ચંદ્ર રહે ત્યાંસુધી તારી નિ-

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

ભય નિવાસભૂમિ થશે. જેઓ " ગોબ્રાહ્મણપાલક " એવું અનન્ય સામાન્ય બિરૂદને ધારણ કરનારા છે તે તને કદી પણ પ્રાણનો નાશ થતાં પણ પોતાના હૃદયથી બાહાર કાઢશે નહિ.

ગોરક્ષા—પરમ અનુગ્રહ કર્યો. (ઐક્ય કહી પ્રણામ કરેછે.)

સરસ્વતી—વત્સે ભારતભૂમિકે ! તારૂં શું વધારે પ્રિય કરૂં ?

ભારતભૂમિ—માતાજી ! આથી વધારે મારૂં પ્રિય શું હોય ? કેમકે–

શાર્દૂલવિક્રીડિત.

ગોરક્ષા સુખમાં રહી મુજવિષે ગોપાલચિંતામણિ,
પામ્યા પૂર્ણ અહો મહોદય બની ગોભક્ત લોકોતણી ;
પામ્યા શત્રુ વિનાશ ગોદ્વિજતણા મુક્તિ મળી કંસને,
માતા તાતતણા મનોરથ થયા તેથી ખુશી છે મને.

તોપણ આ પ્રમાણે થાઓ.

રાજાઓ સુખમાં રહો જગતમાં ગોવિપ્રને પાળતા,
વિપ્ર ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર સુખમાં રેજો સ્વધર્મી થતા;
સદ્બોધપ્રદ કલ્પના સુકવિની થાજો પ્રસિદ્ધિ ઘણી,
રાખો સર્વ મનુષ્યના પર દયા ગોપાલચિંતામણિ.

(ઐક્ય કહી સર્વે નિકળી જાયછે.)

સંપૂર્ણ.

વસંતતિલકા.

માહેશભટ્ટ સુત, કેશવધર્મપુત્ર,
શ્રીચંદ્રચૂડચરણાંબુજલુબ્ધચિત્ત ;
થાજો કૃતિ મુજ જટાશિવ મિત્રની જે,
ગૌરી ગિરીશ ચરણે કુસુમાંજલી તે.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

આ મેં રચેલ કૃતિથી પ્રણતપ્રિય શ્રી–
શૈલાધિરાજતનયાપતિ તુષ્ટ થાજો ;
દૃષ્ટિ દયાની મુજનાપર તે હમેશ,
શ્રી કેશવેશ્વર અને કરજો મહેશ.

અનુષ્ટુપ્.

પંચાવનતણી સાલે, ચૈત્રના શુક્લપક્ષમાં ;
નવમી બુધનારે આ, પૂર્ણ સેા ગોગણીશમાં.

श्रीप्रेमान्वितशंकरस्य तनयः प्राणादिमः शंकरः ।
झंडुभट्ट इति प्रसिद्धभिषजः शिष्योहिछत्राद्विजः ॥
तेन श्रीगुरुशंभुलालसुकवेर्निर्मातुराज्ञाभृता ।
गोरक्षाभ्युदयाख्यनाटकवरस्याकारि भाषांतरम् ॥

आचार्य,
श्री रणछोडराज संस्कृत पाठशाला
गोरवी. (बरोडा)

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

चंद्रप्रभा चरित्र.

કિંમત માત્ર ૧ રૂપીયો. ટપાલખર્ચ બે આના.

ગુજરાતી ભાષામાં બાળકથી માંડીને વૃદ્ધોસુધી સ્ત્રીપુરૂષોને સુબોધ આપનારી એક સુંદર રસીલી કથા.

શાસ્ત્રીજી શીઘ્રકવિ શંકરલાલ ગાહેશ્વરના સંસ્કૃત પુસ્તક ઉપરથી.

આ ચોપડી રાજાથી માંડીને રંકલોકોપર્યંત સ્ત્રીપુરૂષોને બોધ લેવાયોગ્ય રચનાથી ભરેલી છે. પાર્વતીજી પોતાની સખીઓને બોધ આપતાં હોય એ ઢબમાં તે વાર્તા ગોઠવાયેલી છે અને ચંદ્રપ્રભા નામની એક પતિવ્રતા સુલક્ષણી રાજકન્યાનું તેમાં અદ્‌ભુત વૃત્તાંત છે. એ વૃત્તાંતની અંદર સઘળા વ્યાવહારિક સુધર્મો સાથે વિનય, વિવેક, નીતિ, ધૈર્ય અને સદ્વિદ્યાનું પ્રતિપાદન કર્યું છે. ખુશી થવા જેવું એ છે કે એમાં તજી દેવાના હેતુથી પણ કાળી બાજુનો લેશ પણ ભાગ લીધો નથી, જેથી અંતઃપુરમાં પણ બેધડક એ પુસ્તક શોભા આપનાર થઇ પડે એવું છે. ગમે તેવા ઉદાસ માણસ પણ પોતાની ઉદાસી દુર કરી તેમાં તલ્લીન થઇ જાય એવી તેની વસ્તુસંકલના છે, કે જે વાંચ્યાવિના જાણવામાં આવે તેમ નથી. વાતની ગોઠવણી એક મહાકવિની કથા જેવી છે પરંતુ રસમાં, અભિપ્રાયમાં, અને કારણમાં તે જુદી પડે છે. ન્યાય, નીતિ અને નમ્રતા વિગેરે સદ્‌ગુણો વિદ્યાની ઉન્નતીસાથે પદે પદે દેખાય છે. એટલામાટે લોકો તેનો લાભ લે એવી અમારી ઇચ્છા છે.

વેદધર્મ સભા.

ભુલેશ્વર—મુંબઇ.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

॥ श्रीः ॥

श्रीविद्यारण्यप्रणीत वेदान्तना अप्रतिम प्रकरण ग्रंथ

श्रीपंचदशी-

नुं शास्त्री हाथीभाइ कृत गुजराती भाषान्तर.

रोयल ८ पेजी १०० फार्म्सना पुस्तकनी किम्मत टपालखर्च सहित रू. ४

हवे नकलो बाकी थोडी रही छे माटें मुमुक्षुजनोनें भलामण करिए छइए के पुस्तक मेलववानी इच्छा होय तेमणे विलंवश थवुं नहिं.

पुस्तकनी उत्तमताविषे तो कइं विशेष कहेवानी जरूर नथी केमके समस्त गुजरातना अग्रगण्य महाशयवर्य मनःसुखराम सूर्यराम त्रिपाठी, तत्त्वज्ञवर्य मणिलाल नभुभाई द्विवेदी तथा गुजरात कोलेजना प्रोफेसर आनन्दशङ्कर बापूभाई ध्रुव एओए आ भाषान्तरनी एके अवाजें प्रशंसा करी छे. विशेषमां 'गुजराती' पत्रना अधिपति साक्षरवर्य इच्छाराम सूर्यराम देसाईजीए पण पोतानी पंचदशीनी प्रस्तावनामां आ भाषान्तरने उत्तम कथेलुं छे.

मेनेजर प्रीतमलाल वि. हाथीभाइ,

जामनगर मनोरंजक प्रीन्टिंग प्रेस.

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-O. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha

CC-0. Prof. Satya Vrat Shastri Collection. Digitized By Siddhanta eGangotri Gyaan Kosha